નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
‘ગુજરાત ટુડે’
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૫૧ |
| પાઉન્ડ | ૧૦૬.૧૯ |
| યુરો | ૮૯.૭૦ |
| સઉદી રિયાલ | ૨૨.૨૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૪,૬૧૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૧,૭૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૩૧૩ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

## NDAની નવી સરકારમાં કેબિનેટ સ્તરના હોદ્દા નહીં મળતાં મહારાષ્ટ્રના બંને પક્ષો ખફા

# મોદી કેબિનેટમાં મંત્રીપદ મામલે NCP પછી શિંદે સેના નારાજ



### શિંદે જૂથના દંડક શ્રીરંગ બર્નેએ ચિરાગ પાસવાન, જીતનરામ માંઝી, JDSના સાંસદોની સંખ્યા ઓછી હોવા છતાં મંત્રી પદ આપવા મામલે આક્રોશ ઠાલવ્યો, ઓછામાં ઓછો એક મંત્રીપદ માંગ્યો, મામલાને દબાવવા શિંદે જૂથે ખુલાસો કરવો પડ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
શિવસેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની નવી રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA) સરકારમાં કેબિનેટ-સ્તરના કોઈ હોદ્દા ન મળવા પર નિરાશા વ્યક્ત કરી છે. અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ પણ કેબિનેટ પદની માગણી કરી હતી અને તેના સાંસદોને રાજ્ય મંત્રીની ભૂમિકા આપવામાં આવી હોવા અંગે નિરાશા વ્યક્ત કરી હતી તેના એક દિવસ પછી શિંદે જૂથની શિવસેનાએ નારાજગી વ્યક્ત કરી છે. એકનાથ શિંદેની આગેવાની હેઠળની પાર્ટીના મુખ્ય દંડક શ્રીરંગ બર્નેએ નવા મંત્રી પરિષદમાં એનડીએના અન્ય સહયોગીઓની સંખ્યાને ટાંકીને જણાવ્યું હતું કે, ‘અમે કેબિનેટમાં સ્થાનની અપેક્ષા રાખતા હતા.’ તેમણે કહ્યું કે, ચિરાગ પાસવાનના પાંચ સાંસદો, જીતનરામ માંઝીના એક, જેડીએસને બે સાંસદો મળ્યા હોવા છતાં તેમને એક-એક કેબિનેટ પદ મળ્યું છે. જ્યારે લોકસભાની સાત બેઠકો હોવા છતાં શિવસેનાને માત્ર એક રાજ્યમંત્રી કેમ મળ્યો ? શિવસેના ભાજપનો જૂનો સાથી છે, તે માટે ઓછામાં ઓછું એક કેબિનેટ પદ મળવું જોઈએ.

દરમિયાન શિવસેનાએ પાછળથી એમપી બર્નેની ટિપ્પણીને નકારી કાઢવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે, પાર્ટીએ એનડીએ સરકારને બિનશરતી ટેકો જાહેર કર્યો છે. શિવસેના સંસદીય દળના નેતા શ્રીકાંત શિંદેએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, ‘સત્તા માટે કોઈ સોદાબાજી કે વાટાઘાટો નથી થઈ’ અને તેને ‘વૈચારિક ગઠબંધન’ ગણાવ્યું હતું. નિવેદનમાં કહેવાયું કે, ‘અમે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે, અમે સરકારને બિનશરતી સમર્થન આપી રહ્યા છીએ. આ દેશે વડાપ્રધાન મોદીના નેતૃત્વની માંગણી કરી છે અને તેની જરૂર છે. સત્તા માટે કોઈ સોદાબાજી કે વાટાઘાટો નથી થઈ. અમે એક વૈચારિક ગઠબંધનને બિનશરતી ટેકો આપ્યો છે.’ શ્રીકાંતે ઉમેર્યું, ‘અમે ઈચ્છીએ છીએ કે, વડાપ્રધાન મોદી રાષ્ટ્ર નિર્માણના ઉમદા કાર્યને આગળ ધપાવે. પાર્ટી, તમામ ધારાસભ્યો અને સાંસદો NDA માટે વફાદારીથી પ્રતિબદ્ધ છે. મહારાષ્ટ્રમાં એનડીએના અન્ય સહયોગી NCPએ પણ કેબિનેટ પદની માંગ કરી છે. ૯ જૂનના રોજ શપથ ગ્રહણ સમારોહ પહેલા નારાજગી વ્યક્ત કરતા એનસીપીએ રાજ્ય મંત્રીની ઓફરને નકારી કાઢી હતી અને પાર્ટીના વડા અજિત પવાર અને રાજ્યસભાના સાંસદ પ્રફુલ પટેલે તેને ‘ડિમોશન’ તરીકે ઉલ્લેખ કર્યો હતો. અજિત પવારે સમારોહ પહેલાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે ફરજ બજાવતા પ્રફુલ પટેલે કહ્યું છે કે, તેઓને સ્વતંત્ર હવાલા સાથે રાજ્યમંત્રીનું પદ સ્વીકારવું યોગ્ય નથી લાગતું. તેથી અમે ભાજપને કહ્યું કે, અમે થોડા દિવસો માટે રાહ જોવા તૈયાર છીએ. પરંતુ અમને કેબિનેટ પદ જોઈએ છે, અમે આજે શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવાના છીએ તેમ અજિત પવારે શપથ ગ્રહણ સમારોહ પહેલા કહ્યું હતું. તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં શિવસેનાએ મહારાષ્ટ્રમાં લડેલી ૧૫ બેઠકોમાંથી ૭ બેઠકો જીતી હતી જ્યારે અજિત પવારની એનસીપીએ કુલ ૪૮ બેઠકોમાંથી ચારમાં ચૂંટણી લડી હતી અને એક બેઠક જીતી હતી. રાજ્યમાં ભાજપે નવ બેઠકો જીતી હતી.

# મોદી ૩.૦ મંત્રીમંડળ : અમિત શાહ, રાજનાથ, નિર્મલા સીતારમણ, જયશંકરે ટોચના પ્રધાન પદ જાળવી રાખ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
કેન્દ્રીય પ્રધાનો અમિત શાહ અને રાજનાથસિંહે ગૃહ અને સંરક્ષણ વિભાગ જાળવી રાખ્યા છે જ્યારે મહારાષ્ટ્રના સાંસદ નીતિન ગડકરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રધાન પરિષદમાં ૭૨ સાંસદો અને નેતાઓના શપથ લીધાના એક દિવસ પછી રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય જાળવી રાખ્યું છે. પૂર્વ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ નવી રચાયેલી એનડીએ સરકારમાં માહિતી અને પ્રસારણ પ્રધાન તરીકે પાછા ફરશે, આ પદ અગાઉ હમીરપુરના સાંસદ અનુરાગસિંહ ઠાકુર પાસે હતું. દરમિયાન મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ નવા કૃષિ પ્રધાન હશે અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર હવે વીજ મંત્રાલયનું નેતૃત્વ કરશે. જનતા દળ (સેક્યુલર)ના નેતા અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામી સ્ટીલ મંત્રાલયનું નેતૃત્વ કરશે અને તેલુગુ દેશમ પાર્ટીના કિંજરાપુ રામ મોહન નાયડુ નવા નાગરિક ઉડ્ડયન પ્રધાન હશે જે પદ અગાઉ જ્યોતિરાદિત્ય સિંધિયા પાસે હતું.

ભાજપના વરિષ્ઠ નેતાઓ સી.આર. પાટીલ અને ધર્મેન્દ્ર પ્રધાન અનુક્રમે જલ શક્તિ અને શિક્ષણ મંત્રાલયનું નેતૃત્વ કરશે જ્યારે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા ચિરાગ પાસવાન યુવા બાબતો અને રમતગમતના નવા પ્રધાન બનવા માટે તૈયાર છે. પૂર્વ દિલ્હીના સાંસદ હર્ષ મલ્હોત્રા અને અલ્મોડાના સાંસદ અજય તમટા રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગના રાજ્યકક્ષાના પ્રધાનો બનવાના છે. ૭૨ સભ્યોની કેન્દ્રીય મંત્રી પરિષદ જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે શપથ લેવડાવ્યા હતા તેમાં ૩૦ કેબિનેટ મંત્રીઓ અને પાંચ રાજ્ય મંત્રીઓ (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય મંત્રીઓનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે સંપૂર્ણ કાર્યકાળ પછી ગઠબંધન સરકારના વડા તરીકે સતત ત્રીજી મુદત માટે શપથ લીધા જેમાં ભાજપે પોતાના દમ પર બહુમતીનો આનંદ માણ્યો હતો. નવા મંત્રી પરિષદ ૨૦૧૯ અને ૨૦૨૪ની વચ્ચે મોદી સરકારના મહત્તમ ૭૮ મંત્રીઓ કરતાં ૮૧ની મહત્તમ અનુમતિપાત્ર સંખ્યા કરતાં માત્ર નવ ઓછી છે અને છ ઓછી છે. દરમિયાન ૩૭ જેટલા પ્રધાનોને પડતા મૂકવામાં આવ્યા છે જેમાં સ્મૃતિ ઈરાની, અનુરાગ ઠાકુર અને નારાયણ રાણે મુખ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ત્રીજી સરકારમાં સામેલ ગુજરાતના સાંસદોની સંખ્યા બીજી ટર્મમાં સાતની સરખામણીમાં ઘટીને છ થઈ ગઈ છે. અમિત શાહ, મનસુખ માંડવિયા, એસ. જયશંકર, ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, પાર્ટી અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય જે.પી. નડ્ડા અને ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયાએ રવિવારે શપથ લીધા હતા. ઉત્તરપ્રદેશના દસ સભ્યોને કેન્દ્રીય મંત્રી પરિષદમાં સામેલ કરવામાં આવ્યા હતા જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત યુપીના અન્ય પછાત વર્ગ (ઓબીસી) સમુદાયના પાંચ સભ્યોનો સમાવેશ થાય છે. અન્યોમાં જયંત ચૌધરી (જાટ), પંકજ ચૌધરી (કુર્મી), અનુપ્રિયા પટેલ (કુર્મી) અને બીએલ વર્મા (લોધ) છે. દલિત સમુદાયમાંથી કમલેશ પાસવાન (પાસી) અને એસપી બઘેલ (ધનગર)ને પણ સરકારમાં સ્થાન આપવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના છ સાંસદોને મોદી ૩.૦ ગઠબંધન સરકારમાં સામેલ કરવામાં આવ્યા છે જેમાં ભાજપને ચાર અને સાથી પક્ષો શિવસેના અને આરપીઆઈ (એ)ને એક-એક બેઠક મળી છે. જ્યારે ભાજપના સાંસદો નીતિન ગડકરી અને પીયૂષ ગોયલને કેબિનેટ મંત્રી તરીકે યથાવત્ રાખવામાં આવ્યા હતા જ્યારે મહારાષ્ટ્રના ભાજપના એકમાત્ર મહિલા સાંસદ રક્ષા ખડસે અને પ્રથમ વખતના સાંસદ મુરલીધર મોહોલને રાજ્ય મંત્રી તરીકે શપથ લીધા હતા.

### કિરન રિજિજુને સંસદીય કાર્યમંત્રી અને લઘુમતી બાબતોના મંત્રી બનાવાયા

પીએમ મોદીના નવા કેબિનેટમાં પાછલી સરકારની જેમ નિરંતરતા દેખાય છે પરંતુ અનેક એવા નવા ચહેરાઓને મહત્ત્વની જવાબદારી સોંપાઈ છે જ્યારે કેટલાક મંત્રીઓના વિભાગો બદલાયા છે. તેમાં ખાસ કરીને જ્યોતિરાદિત્ય સિંધિયા અને કિરન રિજિજુનું નામ ટોચ પર છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રહેલા જ્યોતિરાદિત્ય સિંધિયાને આ વખતે સંચાર મંત્રાલય અને પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલયનો પ્રભાર સોંપાયો છે. કિરન રિજિજુ સંસદીય કાર્યમંત્રી અને લઘુમતી બાબતોના નવા કેન્દ્રીય મંત્રીનો પદ સંભાળશે. જો કે, મોદી સરકાર પહેલાં આ મંત્રાલય પહેલાં સૌથી મોટી વસ્તી ધરાવતા મુસ્લિમ સભ્યને જ મળતો હતો. પાછલી સરકારમાં કિરન રિજિજુ અર્થ સાયન્સ અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝનું મંત્રાલય જોતા હતા. સ્મૃતિ ઈરાનીનો અમેઠીમાંથી પરાજય થયા પછી લઘુમતી બાબતોનું મંત્રાલય કિરન રિજિજુના ફાળે આવ્યું છે.

# ઓછામાં ઓછા ૧૪ કરોડ લોકો રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાના લાભોથી વંચિત : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
કોંગ્રેસે સોમવારે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને ટૂંક સમયમાં જણાવવું પડશે કે અપડેટ કરેલી વસ્તીગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે અને માંગ કરી છે કે તેણે સામાજિક બંધારણમાં સમાવિષ્ટ ન્યાયને “સાચો અર્થ” આપવા માટે ઓબીસી તરીકે વર્ગીકૃત કરાયેલા સમુદાયોની વસ્તીનો ડેટા પણ પ્રદાન કરવો જોઈએ. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા દર ૧૦ વર્ષે સામાજિક-આર્થિક વિકાસ માટે જરૂરી એક વ્યાપક વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૨૧માં પૂર્ણ થવાની હતી. તેમણે કહ્યું કે, “પરંતુ મિસ્ટર મોદીએ તે પૂર્ણ કર્યું નહીં. ૨૦૨૧ની વસ્તી ગણતરી ન કરાવવાનું એક તાત્કાલિક પરિણામ એ છે કે ઓછામાં ઓછા ૧૪ કરોડ ભારતીયોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળના લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે જેને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના તરીકે ફરીથી નવું નામ આપવામાં આવ્યું છે.” કોંગ્રેસ જનરલ સેક્રેટરીએ કહ્યું, “એક તૃતીયાંશ’ વડાપ્રધાને દેશને ટૂંક સમયમાં જણાવવું પડશે કે અપડેટેડ વસ્તી ગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે.” તેમણે નોંધ્યું હતું કે ૧૯૫૧થી દસ વર્ષીય વસ્તી ગણતરીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીનો ડેટા પ્રદાન કર્યો છે.

અપડેટેડ સેન્સસમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) તરીકે વર્ગીકૃત કરાયેલા સમુદાયોની વસ્તીનો ડેટા પણ આપવો જોઈએ. તેમણે કહ્યું કે, “આ આપણા પ્રજાસત્તાકના બંધારણમાં સમાવિષ્ટ સામાજિક ન્યાયને સાચો અર્થ આપશે જેને મિસ્ટર મોદી તેમના ચીયરલીડર્સ અને ઢોલ બજાવનારા દ્વારા તેના પર થયેલા હુમલાથી લોકોએ હમણાં જ બચાવ્યા છે.” કોંગ્રેસે તેના લોકસભા ચૂંટણી ઢંઢેરામાં દેશવ્યાપી જાતિ સર્વેક્ષણ હાથ ધરવાનું વચન આપ્યું હતું.

# મોદી ૩.૦ : આઝાદી બાદ પ્રથમ વખત કેબિનેટમાં કોઈ મુસ્લિમ સાંસદ નથી

### ભાજપમાંથી કોઈ ખ્રિસ્તી (૨.૨૪ ટકા વસ્તી) કે શીખ (૧.૨૫ ટકા વસ્તી) ચૂંટાયા નથી છતાં તેમના એક-એક પ્રતિનિધિ મંત્રીમંડળમાં સમાવાયા, પરંતુ મુસ્લિમો પ્રત્યેનો પૂર્વગ્રહ આમાં પણ દેખાયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં દેશ માટે પ્રથમ વખત પ્રધાનમંડળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે શપથ લેનારામાં મુસ્લિમ લઘુમતી સમુદાયના એક પણ પ્રતિનિધિનો સમાવેશ થયો નથી. આ પહેલીવાર છે જ્યારે કોઈ મુસ્લિમ સાંસદે મોદી કેબિનેટમાં શપથ લીધા નથી. ૯ જૂનના રોજ સાંજે ૭:૧૫ વાગ્યે ભાજપના નેતા નરેન્દ્ર મોદીએ ભારતના ૧૫મા વડાપ્રધાન તરીકે શપથ લઈને ઈતિહાસ રચ્યો હતો અને તેમની સતત ત્રીજી ટર્મ શરૂ થઈ હતી. જવાહરલાલ નહેરૂ પછી તેઓ પ્રથમ વડાપ્રધાન છે જેમણે સતત ત્રણ વખત કેન્દ્ર સરકારનું નેતૃત્વ કર્યું છે. મોદી કેબિનેટમાં છેલ્લા મુસ્લિમ સાંસદ મુખ્તાર અબ્બાસ નકવી હતા જે કેન્દ્રીય લઘુમતી મંત્રી હતા. નકવી ૨૦૨૨માં રાજ્યસભામાં ફરીથી ચૂંટાયા ન હોવાથી આ બેઠક ખાલી પડી છે.

૨૦૧૪માં પ્રથમ મોદી સરકારમાં નજમા હેપતુલ્લાએ કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી તરીકે શપથ લીધા હતા. ૨૦૧૯માં નકવીએ શપથ લીધા હતા અને તેઓ પણ લઘુમતી બાબતોના પ્રધાન બન્યા હતા. ૧૯૯૯માં અટલ બિહારી વાજપેયીના કાર્યકાળ દરમિયાન બે મુસ્લિમ પ્રધાનો હતા જેમાં શાહનવાઝ હુસૈન અને ઓમર અબ્દુલ્લાનો સમાવેશ થાય છે. ૧૯૯૮માં વાજપેયીની આગેવાની હેઠળના મંત્રાલયમાં નકવી રાજ્ય મંત્રી હતા. આ વખતે પીએમ મોદી સિવાય શપથ લેનારા ૭૧માંથી ૩૦ કેબિનેટ મંત્રીઓ છે, પાંચ સ્વતંત્ર હવાલો સંભાળશે અને ૩૬ રાજ્ય મંત્રી બનવાના છે તેમાંથી એકપણ મુસ્લિમ સમુદાયમાંથી નથી. જો કે, ભારતીય સંસદમાં નોંધપાત્ર મુસ્લિમ પ્રતિનિધિઓ જોવા મળશે જે મોટાભાગે વિરોધ પક્ષમાં બેઠા છે. ૨૪ જેટલા મુસ્લિમ ઉમેદવારો સાંસદ તરીકે ચૂંટાયા છે જેમાં ૨૧ INDIA બ્લોકમાંથી, એક એઆઈએમઆઈએમ (અસદુદ્દીન ઓવૈસી) અને બે સ્વતંત્ર સાંસદો અબ્દુલ રાશીદ શેખ અથવા ‘એન્જિનિયર રાશિદ’ અને જમ્મુ-કાશ્મીરમાંથી મોહમ્મદ હનીફાનો સમાવેશ થાય છે. તેવી જ રીતે કોઈ ચૂંટાયેલા શીખ અથવા ખ્રિસ્તી સાંસદો નથી. જો કે, બિન-ચૂંટાયેલા શીખો અને ખ્રિસ્તી સાંસદોએ મોદીની કેબિનેટમાં રવનીત સિંહ બિટ્ટુ અને જ્યોર્જ કુરિયનમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે બિટ્ટુ પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિન્દર રાજા સિંહ વારિંગ સામે હારી ગયા, કુરિયન ત્રણ દાયકાથી વધુ સમયથી ભગવા પાર્ટી સાથે છે. બંનેને શપથ લેવડાવવામાં આવ્યા હતા અને તેમને મંત્રાલયની ઓફર કરવામાં આવી છે. નોંધનીય છે કે, બિટ્ટુ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંહના પૌત્ર છે જેની ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી. રવનીતસિંહ બિટ્ટુ અગાઉ કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા પરંતુ આ વર્ષે પક્ષ બદલીને ભાજપમાં આવી ગયા હતા.

# પીએમ મોદીની ત્રીજી ટર્મ શરૂ, ‘પીએમ કિસાન નિધિ’ યોજના ફંડ આપવા પર હસ્તાક્ષર

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦
સતત ત્રીજી વખત એનડીએ ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા માટે પીએમ તરીકે શપથ લીધાના એક દિવસ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દક્ષિણ ક્ષેત્રમાં PMO ખાતે તેમના કાર્યાલયમાં કામ કરવાની ખાતરી આપી હતી. પદ ભાર સંભાળ્યા પછી પીએણ મોદીએ પીએમ કિસાન નિધિના ૧૭મા હપ્તાની રજૂઆતને અધિકૃત કરતી તેમની પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, “અમારી સરકાર કિસાન કલ્યાણ માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. તેથી તે યોગ્ય છે કે ચાર્જ લેવા પર સહી કરેલી પ્રથમ ફાઈલ ખેડૂત કલ્યાણ સાથે સંબંધિત છે.” તેમણે વધુમાં કહ્યું કે તેમની સરકાર ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આવનાર સમયમાં વધુ કામ કરવાનું ચાલુ રાખવા માંગે છે.

પીએમ કિસાન નિધિ યોજનાથી ૯.૩ કરોડ ખેડૂતોને ફાયદો થશે અને લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ થશે. ઓફિસ પહોંચ્યા બાદ પીએમઓના સ્ટાફ અને અધિકારીઓએ તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું હતું. પીએમની સાથે પીએમઓ, એનએસએ અજીત ડોવાલ અને તેમના મુખ્ય સચિવ પણ હતા. આ નિર્ણય શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની ચૂંટણીમાં જીત બાદ ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જોકે ખાસ કરીને ગ્રામીણ ભારતના ભાગોમાં કેટલાક આંચકા સાથે તેની શરૂઆત થઈ હતી.

CELEBRATING EXCELLENCE
33 years
GT

**ક્યા બાત હૈ ?!**

સોનાના દાગીના પહેરવામાં આજકાલ જાનનું જોખમ હોઈ હું મારી કામવાળીને દાગીના પહેરાવીને સાથે રાખું છું !



- જામી

# ‘શ્વાસ રોકી દેનારો પાખંડ’ : જયરામ રમેશનો મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા મોદી પર કટાક્ષ

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે રવિવારે તેમના શપથ ગ્રહણ પહેલાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા બદલ વડપ્રધાન બનનારા નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. રમેશે એક્સ પર કહ્યું કે, “આપ ટ્રેક રેકોર્ડ દેખીયે, તેમના વૈચારિક ભાઈચારાથી દુશ્મનાવટ અને નફરતનું એવું ઝેરી વાતાવરણ ઊભું થયું કે તેનું પરિણામ ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ મહાત્માની ઠંડા કલેજે થયેલી હત્યામાં પરિણમ્યું.” કોંગ્રેસ નેતાએ કહ્યું કે, “તે (મોદી) તેમના સાથીદારોને ક્યારેય ખેંચતા નથી કે જેઓ નાથુરામ ગોડસેને કોઈ પ્રકારનો હીરો બનાવે છે, તેઓ સંસદ ભવનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને એક નહી પણ બે વાર વિસ્થાપિત કરે છે.” તેમણે વધુમાં કહ્યું કે, “તે ખોટો દાવો કરે છે કે તેમના પર ૧૯૮૨ની એટનબરો ફિલ્મ પહેલા મહાત્મા ગાંધી વિશ્વને જાણતું ન હતું. તેઓ વારાણસી, અમદાવાદ અને અન્ય સ્થળોએ ગાંધીવાદી સંસ્થાઓને તોડી નાખી છે અને નષ્ટ કરી છે. ભારોભાર દંભ!” મોદીએ સવારે રાજઘાટ, વાજપેયીના સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી જ્યારે સૈનિકોના સ્મારક રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર સન્માન કર્યું હતું.

# ભારત ‘નેબરહૂડ ફર્સ્ટ’ અને ‘સાગર વિઝન’ નીતિ માટે પ્રતિબદ્ધ છે : વડાપ્રધાન મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની ‘નેબરહૂડ ફર્સ્ટ’ નીતિ અને ‘સાગર વિઝન’ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટિ કરી છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે, તેમના ત્રીજા કાર્યકાળમાં ભારત આ દેશો સાથે ગાઢ ભાગીદારીમાં આ ક્ષેત્રની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવાનું ચાલુ રાખશે અને તે ૨૦૪૭ સુધીમાં ‘વિકસિત ભારત’ના તેના લક્ષ્યને અનુસરે છે.

મોદીએ ગઈકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપનારા ભારતના પડોશી વિસ્તારો અને હિંદ મહાસાગર ક્ષેત્રના નેતાઓ સાથેની બેઠકો દરમિયાન આ ટિપ્પણી કરી હતી. આ સમારોહમાં હાજરી આપનારા નેતાઓમાં શ્રીલંકાના પ્રમુખ રાનીલ વિક્રમસિંઘે; માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુ; સેશેલ્સના વાઈસ-પ્રેસિડેન્ટ અહેમદ અફીફ; બાંગ્લાદેશના વડાંપ્રધાન શેખ હસીના; મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદકુમાર જુગનાથ, નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ ‘પ્રચંડ’ અને ભૂતાનના વડાપ્રધાન શેરિંગ ટોબગેનો સમાવેશ થાય છે.



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રીજા કાર્યકાળમાં ‘નેબરહૂડ ફર્સ્ટ’ નીતિ અને ‘સાગર વિઝન’ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે**

મુલાકાતે આવેલા નેતાઓએ મોદીને ઐતિહાસિક અને સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ આ પ્રદેશમાં લોકો વચ્ચે ગાઢ સંબંધો અને જોડાણ માટે હાકલ કરી. તેમણે કહ્યું હતું કે, ભારત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગ્લોબલ સાઉથના મુદ્દાઓ ઊઠાવવાનું ચાલુ રાખશે. આ નેતાઓએ શપથ ગ્રહણ સમારોહ પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત ભોજન સમારંભમાં પણ હાજરી આપી હતી. રાષ્ટ્રપતિ મુર્મુએ તેમનું સ્વાગત કરતા અને રાષ્ટ્રની સેવા માટે મોદીને તેમની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, ભારતની લોકશાહી કવાયત્ માત્ર દેશના લોકો માટે જ ગર્વની ક્ષણ નથી, પરંતુ વિશ્વભરના લાખો લોકો માટે પ્રેરણા છે. વડાપ્રધાન અને મંત્રી પરિષદના શપથ ગ્રહણ સમારોહના મહત્ત્વપૂર્ણ અવસર પર ભારતના પડોશી અને હિંદ મહાસાગર ક્ષેત્રના નેતાઓની ભાગીદારી, આ ક્ષેત્ર સાથેના ભારતની મિત્રતા અને સહકારના ઊંડા મૂળના બંધનને દર્શાવે છે.

ડૉ.એસ. જયશંકર જેઓ અગાઉની મોદી સરકારમાં વિદેશમંત્રી હતા અને ફરી એકવાર નવી કેબિનેટમાં સ્થાન મેળવ્યું છે, તેમણે આજે સવારે મુલાકાતી વિદેશી નેતાઓની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધો અંગે ચર્ચા કરી હતી.

# મોદી ૩.૦ કેબિનેટમાં કોને શું જવાબદારી મળી

૧. રાજનાથસિંહ - સંરક્ષણ મંત્રી.
૨. અમિત શાહ - ગૃહમંત્રી અને સહકાર મંત્રી
૩. નીતિન જયરામ ગડકરી - રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી
૪. જે.પી. નડ્ડા - આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને રસાયણ અને ખાતર મંત્રી
૫. શિવરાજસિંહ ચૌહાણ - કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી અને ગ્રામીણ વિકાસ મંત્રી
૬. નિર્મલા સીતારમણ - નાણામંત્રી અને કોર્પોરેટ બાબતોના મંત્રી
૭. ડૉ.સુબ્રમણ્યમ જયશંકર - વિદેશમંત્રી
૮. મનોહર લાલ - આવાસ અને શહેરી બાબતોના મંત્રી અને પાવર મંત્રી
૯. એચ.ડી. કુમારસ્વામી - ભારે ઉદ્યોગ મંત્રી અને સ્ટીલ મંત્રી
૧૦. પીયૂષ ગોયલ - વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી
૧૧. ધર્મેન્દ્ર પ્રધાન - શિક્ષણ મંત્રી
૧૨. જીતનરામ માંઝી - સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી
૧૩. રાજીવ રંજનસિંહ ઉર્ફે લાલનસિંહ - પંચાયતી રાજ મંત્રી અને મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી
૧૪. સર્બાનંદ સોનોવાલ - બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી
૧૫. ડૉ.વીરેન્દ્રકુમાર - સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી
૧૬. કિંજરાપુ રામમોહન નાયડુ - નાગરિક ઉડ્ડયન મંત્રી
૧૭. પ્રહલાદ જોશી - ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી.
૧૮. જુઅલ ઓરામ - આદિજાતિ બાબતોના મંત્રી
૧૯. ગિરિરાજસિંહ - કાપડ મંત્રી
૨૦. અશ્વિની વૈષ્ણવ - રેલવે મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી
૨૧. જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા - સંચાર મંત્રી અને પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રી
૨૨. ભૂપેન્દ્ર યાદવ - પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી
૨૩. ગજેન્દ્રસિંહ શેખાવત - સંસ્કૃતિ મંત્રી અને પર્યટન મંત્રી
૨૪. અન્નપૂર્ણા દેવી - મહિલા અને બાળ વિકાસ મંત્રી
૨૫. કિરેન રિજિજુ - સંસદીય બાબતોના પ્રધાન અને લઘુમતી બાબતોના પ્રધાન
૨૬. હરદીપસિંહ પુરી - પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી
૨૭. ડૉ.મનસુખ માંડવિયા - શ્રમ અને રોજગાર મંત્રી અને યુવા બાબતો અને રમતગમત મંત્રી
૨૮. જી. કિશન રેડ્ડી - કોલસા મંત્રી અને ખાણ મંત્રી
૨૯. ચિરાગ પાસવાન - ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી
૩૦. સી.આર. પાટીલ - જલ શક્તિ મંત્રી

**રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર)ને મળ્યા આ વિભાગ**

૧. રાવ ઈન્દ્રજીતસિંહ - આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), આયોજન મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને સંસ્કૃતિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી.
૨. ડૉ.જિતેન્દ્રસિંહ - વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), પ્રધાનમંત્રી કાર્યાલયમાં રાજ્ય મંત્રી, રાજ્યમાં રાજ્યમંત્રી કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, ભારતમાં અણુ ઊર્જા વિભાગ અને અવકાશ વિભાગમાં રાજ્ય મંત્રી.
૩. અર્જુન રામ મેઘવાલ - કાયદા અને ન્યાય મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી.
૪. જાધવ પ્રતાપરાવ ગણપતરાવ - આયુષ મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી.
૫. જયંત ચૌધરી - કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી.

**રાજ્યમંત્રી**

૧. જિતિન પ્રસાદ - વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના રાજ્યમંત્રી
૨. શ્રીપદ નાઈક - ઊર્જા મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા ન્યૂ અને રિન્યુએબલ ઊર્જા મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩. પંકજ ચૌધરી- નાણા મંત્રાલયમાં રાજ્યમંત્રી
૪. કિશન પાલ ગુર્જર - સહકારિતા મંત્રાલયમાં રાજ્યમંત્રી
૫ રામદાસ આઠવલે - સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયમાં રાજ્યમંત્રી
૬. રામનાથ ઠાકુર - કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી
૭. નિત્યાનંદ રાય - ગૃહ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૮. અનુપ્રિયા પટેલ - સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા રસાયણ અને ફર્ટિલાઈઝર મંત્રાલયમાં રાજ્યમંત્રી
૯. વી. સોમન્ના - જળ શક્તિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા રેલવે મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૦. ડૉ.ચંદ્રશેખર પેમ્મસાની - ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા સંચાર મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૧. એસ.પી. સિંહ બઘેલ - મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા પંચાયત રાજ મંત્રાલયમાં રાજ્યમંત્રી.
૧૨. શોભા કરલંદાજે - સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા શ્રમ અને રોજગાર મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૩. કિર્તી વર્ધનસિંહ - પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા વિદેશ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૪. બી.એલ. વર્મા - ગ્રાહકો મામલા, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૫. શાંતનુ ઠાકુર - પોર્ટ, જહાજરાની અને જળમાર્ગ મંત્રાલયમાં રાજ્ય મંત્રી
૧૬. સુરેશ ગોપી - પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા પર્યટન મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૭. એલ. મુરૂગન - સૂચના અને પ્રસારણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા સંસદીય કાર્ય મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૮. અજય ટમ્ટા - રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૧૯. બંદી સંજયકુમાર - ગૃહ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૦. કમલેશ પાસવાન - ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૧. ભાગીરથ ચૌધરી - કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૨. સતીષચંદ્ર દુબે - કોલસા મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા ખાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૩. સંજય સેઠ - સંરક્ષણ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૪. રવનીતસિંહ બિટ્ટુ - ફૂડ પ્રોસિસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા રેલવે મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૫. દુર્ગાદાસ ઉઈકે - જનજાતીય મામલાઓના મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૬. રક્ષા ખડસે - યુવા મામલા અને ખેલ મંત્રાલયમાં રાજ્ય મંત્રી
૨૭. સુકાંતા મજૂમદાર - શિક્ષણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તથા પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૮. સાવિત્રી ઠાકુર - મહિલા અને બાળ વિકાસ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૨૯. તોખન સાહૂ - આવાસ અને શહેરી મામલાઓના મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૦. રાજભૂષણ ચૌધરી - જળ શક્તિ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૧. ભૂપતિ રાજૂ શ્રીનિવાસ વર્મા - ભારે ઉદ્યોગ મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા સ્ટીલ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૨. હર્ષ મલ્હોત્રા - કોર્પોરેટ મામલાઓના મંત્રાલયમાં રાજ્યમંત્રી તથા રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૩. નીમુબેન બાંભણિયા - ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૪. મુરલીધર મોહોલ - સહકારિતા મંત્રાલયમાં રાજ્યમંત્રી અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૫. જ્યોર્જ કુરિયન - અલ્પસંખ્યક મામલાઓના મંત્રાલયમાં રાજ્યમંત્રી અને મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયમાં રાજ્યમંત્રી
૩૬. પી. માર્ગારિટા - વિદેશ મંત્રાલયમાં રાજ્યમંત્રી અને વસ્ત્ર મંત્રાલયમાં રાજ્યમંત્રી.

## ટેલીગ્રામ પર યુવતી બનીને એક વ્યક્તિ પાસેથી ૧૨.૭ લાખ રૂપિયા પડાવવાના આરોપમાં દિલ્હી પોલીસે એક શખ્સની ધરપકડ કરી

(એજન્સી) તા.૧૦

દિલ્હી પોલીસે સોશિયલ મીડિયા પર છોકરી બનીને અનેક લોકોને છેતરવાના આરોપમાં એક વ્યકિતની ધરપકડ કરી છે. શખ્સે ઓનલાઈન સેવાઓ આપવાના નામે એક વ્યકિત પાસેથી લાખોની છેતરપિંડી કરી. શાહદરાના સાયબર પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૪૧૯/૪૨૦ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદકર્તાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું કે તેને ટેલીગ્રામ પર શ્રુતિ શર્માના નામથી એડલ્ટ ચેટિંગ અને ઓનલાઈન સેવાઓ વિશે મેસેજ મળ્યો ફરિયાદકર્તાએ શરૂઆતમાં સેવાઓ માટે રકમ ટ્રાન્સફર કરી દીધી, પરંતુ આરોપીઓ તેને ભાવનાત્મક રીતે ફોસલાવીને આરોપીના બેંક ખાતામાં કુલ ૧૨.૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા. મામલાને જોતા એક ટીમ રચવામાં આવી ટીમ દ્વારા ઘટના વિશે પ્રાસંગિક માહિતી એકઠી કરવામાં આવી. બેંક લેણદેણનું વિશ્લેષણ કર્યું અને આરોપીની ઓળખ કરવા માટે શંકાસ્પદના મોબાઈલની દેખરેખ કરી સાથે જ ટેકનિકલ પાસાઓ પર પણ કામ કર્યું. ટેકનિકલ દેખરેખના આધારે સેનીની ૭ જુને ધરપકડ કરવામાં આવી પૂછપરછમાં તેણે જણાવ્યું કે તે ફાર્મા કંપનીઓમાં કામ કરતો હતો અને બે વર્ષ પહેલા તેણે નોકરી છોડી દીધી હતી. બેરોજગાર હોવાના કારણે તે એક વયસ્ક ચેટિંગ અને જુગારનો ટેવાયેલો થઈ ગયો તેમજ ટેલીગ્રામ પર વયસ્ક સમૂહોમાં પણ સામેલ હતો. ફરિયાદકર્તા પણ ટેલીગ્રામ પર તે સમૂહનો સભ્ય હતો.

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ : ઉત્તરપ્રદેશમાં ઉચ્ચ જાતિના હિંદુઓએ ભાજપને મત આપ્યો જ્યારે OBC, મુસ્લિમો, દલિતોએ ઈન્ડિયા બ્લોકને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૧૦

સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ (CSDS) દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના સર્વે અનુસાર ઉત્તરપ્રદેશમાં મતદાનની પેટર્ન સામાજિક-રાજકીય વિભાજનને દર્શાવે છે. સર્વેક્ષણમાં સામે આવ્યું છે કે, બહુમતી ઉચ્ચ જાતિના હિંદુઓએ ભારતીય જનતા પાર્ટી (BJP)ને મત આપ્યો હતો, જ્યારે અન્ય પછાત વર્ગો (OBC), મુસ્લિમો અને દલિતોએ મોટાભાગે વિરોધ પક્ષોના ગઠબંધન, ઈન્ડિયા ગઠબંધનને સમર્થન આપ્યું હતું. ઉચ્ચ જાતિના મતદારોમાં આ વિસ્તાર ભાજપનો ગઢ છે અને હિંદુત્વ, આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓ ઉચ્ચ જાતિના હિંદુઓને આકર્ષે છે, જેઓ ભાજપને તેમના હિતો અને મૂલ્યોના રક્ષક તરીકે જુએ છે. આ વસ્તી વિષયકનું ભાજપ સાથે જોડાણ નવું નથી, કારણ કે, તેણે અગાઉની ચૂંટણીઓમાં સતત પક્ષને ટેકો આપ્યો છે. તેનાથી વિપરિત, સમાજવાદી પાર્ટી (SP) અને બહુજન સમાજ પાર્ટી (BSP) જેવા પક્ષો ધરાવતા ઈન્ડિયા જોડાણને OBC, મુસ્લિમો અને દલિતો વચ્ચે નોંધપાત્ર સમર્થન મળ્યું છે. આ જૂથોએ ઐતિહાસિક રીતે સામાજિક-આર્થિક પછાતતાનો સામનો કર્યો છે અને તેઓ માને છે કે, ભાજપની નીતિઓ તેમના પડકારોને વધારે છે. સામાજિક ન્યાય, સર્વસમાવેશકતા અને કલ્યાણ નીતિઓનું ઈન્ડિયા જોડાણનું વચન આ સમુદાયોને અસર કરે છે, જે તેમને પ્રતિનિધિત્વની ભાવના અને સુધારેલી સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની આશા આપે છે. આ સર્વેક્ષણના તારણો ઉત્તરપ્રદેશના ચૂંટણીમાં જાતિ અને ધાર્મિક ગતિશીલતાને પ્રકાશિત કરે છે. ઉચ્ચ જાતિના હિંદુઓમાં ભાજપનું વર્ચસ્વ અને OBC, મુસ્લિમો અને દલિતોમાં ઈન્ડિયા જોડાણની લોકપ્રિયતા ઓળખની રાજનીતિ અને ચૂંટણીની વ્યૂહરચનાઓના જટિલ આંતરપ્રક્રિયાને પ્રતિબિંબિત કરે છે. રાજકીય પક્ષો માટે આગામી ચૂંટણીઓમાં તેમની ઝુંબેશ અને નીતિની પ્રાથમિકતાઓને આકાર આપવામાં આ ગતિશીલતાને સમજવી નિર્ણાયક બનશે. આ સર્વે ઉત્તરપ્રદેશમાં રાજકીય નિષ્ઠા અંગે ડેટા પૂરો પાડે છે, જે તેના મતદારોની વિવિધ આકાંક્ષાઓ અને ચિંતાઓને સંબોધવા માટે સૂક્ષ્મ અભિગમની જરૂરિયાત પર ભાર મૂકે છે. CSDSના ડેટા એવા સમાવિષ્ટ શાસનના મહત્ત્વને દર્શાવે છે જે સામાજિક વિભાજનને દૂર કરે છે અને તમામ સમુદાયોમાં સમાન વિકાસને પ્રોત્સાહન આપે છે.

## ‘૨૦૦-૨૫૦ ભી મુશ્કિલ હો રહા...’ : આ શબ્દો છે અયોધ્યાના ઈ-રિક્ષા ડ્રાઈવરોના, તેમનો દાવો છે કે, લોકસભાના પરિણામો બાદ તેમના ધંધા પર નકારાત્મક અસર પડી છે

**ફૈઝાબાદ લોકસભા સીટ જેને અયોધ્યા તરીકે પણ ઓળખવામાં આવે છે, જ્યાં લોકસભા ચૂંટણીની જાહેરાતના એક મહિના પહેલાં પ્રખ્યાત રામ મંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું, તે ભાજપની કારમી હારનું સાક્ષી છે**

(એજન્સી) તા.૧૦

લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ભાજપે આંચકાનો સામનો કરતા ૩૩ બેઠકો જીતી હતી. ૨૦૧૯માં તે ૬૨ બેઠકો જીતવામાં સફળ રહી હતી. ઉત્તરપ્રદેશમાં જ્યાં પીએમ મોદીએ સંસદમાં ચૂંટાવા માટે ત્રીજી વખત ચૂંટણી લડવાનું પસંદ કર્યું હતું તેમાં ભાજપની વ્યાપક ચર્ચા થઈ રહી છે. ફૈઝાબાદ લોકસભા સીટ પર સપાના ઉમેદવાર અવધેશ પ્રસાદે ભાજપના લલ્લુસિંહ સામે ૫૪,૦૦૦થી વધુ મતોથી જીત મેળવી છે. ભાજપની હાર બાદ અયોધ્યામાં ઈ-રિક્ષા ચાલકોએ દાવો કર્યો હતો કે, ચૂંટણીના પરિણામોએ તેમના વ્યવસાય પર નકારાત્મક અસર કરી છે. ન્યૂઝ એજન્સી ANIએ સ્થાનિક ઈ-રિક્ષા ચાલકોમાંથી કેટલાકનો ઈન્ટરવ્યુ લીધો જેમણે વાતચીત દરમિયાન વી.આઈ.પી.ઓની અયોધ્યામાં મુલાકાત વખતે રસ્તાઓ બંધ થવા અને અયોધ્યાના વિકાસના કામ મંથર ગતિએ ચાલી રહ્યા હોવાની ફરિયાદ કરી હતી. એક ઈ-રિક્ષા ડ્રાઈવરે ANIને જણાવ્યું હતું કે, અયોધ્યાના સુંદર વિકાસના સાક્ષી બનીને અમે ૧૦ વર્ષથી અહીં રિક્ષા ચલાવીએ છીએ. જો કે, ભાજપ સરકાર હાલમાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, ભાજપના અહીં થયેલા પતનનું કારણ, સ્થાનિક ભાજપના ઉમેદવારે ન તો અમારા મુદ્દાઓ પર ધ્યાન આપ્યું અને ન તો અમારી સાથે ક્યારેય મુલાકાત કરી છે. મંત્રીઓ વારંવાર મુલાકાત લે છે પરંતુ સામાન્ય લોકો સાથે જોડાતા નથી; તેઓ રેલીઓ યોજે છે અને ગરીબ લોકો સાથે વાતચીત કર્યા વિના નીકળી જાય છે. જો આવી જ સ્થિતિ ચાલુ રહી તો અયોધ્યા અને અન્ય સ્થળોએ પણ તેમને આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડશે. અમારી આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. પહેલા અમે ૫૦૦-૮૦૦ રૂપિયા કમાતા હતા, હવે ૨૫૦ રૂપિયાની કમાણી કરવામાં પણ મુશ્કેલી પડે છે કારણ કે, ૪ તારીખે ચૂંટણીના પરિણામો જાહેરના બે દિવસ બાદ જ પરિસ્થિતિ બગડી હતી. તે પહેલા અહીં ઘણા લોકો આવતા હતા. તાજેતરના લોકસભા ચૂંટણીના પરિણામોએ તેમના એક વખતના સમૃદ્ધ વ્યવસાય પર નકારાત્મક અસર કરી છે. અયોધ્યા સ્થિત ફૈઝાબાદમાં બીજેપી ઉમેદવારની હાર થતાં શહેરનું વાતાવરણ બદલાઈ ગયું છે. ડ્રાઈવરોએ યાત્રાળુઓ અને પ્રવાસીઓની ઘટેલી સંખ્યા અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેઓએ સમજાવ્યું કે, ‘લોકો રામ મંદિર અને હનુમાનગઢી જેવા સ્થળોએ બેઠા છે, પરંતુ હાલમાં અહીં કોઈ તીર્થયાત્રીઓ નથી. ઓછા મુલાકાતીઓનો અર્થ એ છે કે, ઓછી સવારી, જેની સીધી અસર અમારી આવક પર પડે છે. પહેલાં વધુ યાત્રાળુઓ આવતા હતા; હવે ઓછા આવે છે. ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ અમારી આવકમાં ઘટાડો થયો છે.’

**જીત બાદ સપા સાંસદ અવધેશ પ્રસાદની પ્રતિક્રિયા :** ફૈઝાબાદ (અયોધ્યા)થી સમાજવાદી પાર્ટીના વિજેતા ઉમેદવાર અવધેશ પ્રસાદે ANIને જણાવ્યું, ‘ભાજપ સરકારના વિષયો, મંદિર, મસ્જિદ, હિંદુઓ, પાકિસ્તાન વિશે હતા. જ્યારે વાસ્તવિક વિષયો, દેશમાં મોંઘવારી અને બેરોજગારી છે. એ હકીકત છે કે, કરોડો યુવાનો બેરોજગાર છે. ૭ લાખ યુવાનોએ પોલીસ ફોર્સમાં જોડાવા નોંધણી કરાવીને અને સખત મહેનત કરી પણ પરીક્ષાનું પેપર લીક થઈ ગયું. તે સમય દૂર નથી જ્યારે સમગ્ર ભાજપનો દેશમાંથી સફાયો થઈ જશે.’

## પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી થયેલી હિંસા અંગે ભાજપના સુવેન્દુ અધિકારીએ કલકત્તા હાઈકોર્ટનું બારણું ખખડાવ્યું

(એજન્સી) તા.૧૦

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેંદુ અધિકારીએ સોમવારે કલકત્તા હાઈકોર્ટનું બારણું ખખડાવી દાવો કર્યો કે લોકસભા ચૂંટણી પછી રાજ્યમાં ચૂંટણી પછી હિંસાની અનેક ઘટનાઓ થઈ રહી છે. મુખ્ય ન્યાયાધીશ ટીએસ શિવગણનમની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યું કે અદાલત ભાજપ નેતાની અરજી પર બુધવારે સુનાવણી કરશે. અધિકારીના વકીલ બિલ્વાડલ ભટ્ટાચાર્યએ ન્યાયમૂર્તિ હિરણમય ભટ્ટાચાર્યની પીઠની સમક્ષ જણાવ્યું કે અરજીકર્તા પીડિતોની સુરક્ષા માટે આદેશોની માંગ કરી રહ્યા છે. અદાલતને જણાવ્યું કે પશ્ચિમ બંગાળમાં કથિત ચૂંટણી પછી હિંસાના મુદ્દા પર વકીલે પ્રિયંકા ટિબરેવાલની એક અન્ય અરજી પર બુધવારે સુનાવણી કરવામાં આવશે.

## મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહના સુરક્ષા કાફલા પર કાંગપોકપીમાં ઉગ્રવાદીઓનો હુમલો, બે સુરક્ષાકર્મી ઘવાયા



**પ્રાથમિક અહેવાલો અનુસાર બે સુરક્ષા કર્મી ઈજાગ્રસ્ત થયાની માહિતી**

(એજન્સી) તા.૧૦

હિંસાગ્રસ્ત મણિપુરથી ફરી એકવાર હિંસાના સમાચાર આવ્યા છે. અહીં મુખ્યમંત્રી એન. બિરેન સિંહના કાફલા પર ઉગ્રવાદીઓ દ્વારા હુમલો કરી દેવાયાની માહિતી છે. જો કે, સદભાગ્યે મુખ્યમંત્રી કાફલામાં સામેલ નહોતા. મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહની એડવાન્સ સિક્યોરિટી ટીમ પર ઓચિંતા હુમલામાં બે સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે. ઘટના સોમવારે સવારે બની હતી. મુખ્યમંત્રી વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા મંગળવારે કટોકટીગ્રસ્ત જીરીબામ જિલ્લાની મુલાકાત લેવાના હતા. ઘટના બાદ મણિપુર પોલીસ કમાન્ડો અને આસામ રાઈફલ્સે સંયુક્ત ટીમ બનાવી હતી અને ગુનેગારોને શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ઉલ્લેખનીય છે કે મંગળવારે સીએમ એન.બિરેન સિંહ હિંસાગ્રસ્ત જીરીબામની મુલાકાત લેવાના હતા. આ સંદર્ભે, મુખ્યમંત્રીની આગોતરી સુરક્ષા ટીમ પરિસ્થિતિનો તાગ મેળવવા જીરીબામ જઈ રહી હતી. આ દરમિયાન મણિપુર કમાન્ડોએ સિનમ પાસે ઓચિંતો હુમલો કર્યો. વિશ્વસનીય સૂત્રોએ સંકેત આપ્યો છે કે મુખ્યમંત્રી એન. બિરેન સિંહ આવતીકાલે જીરીબામની મુલાકાતે જવાના છે. એટલા માટે તૈયારીનું આકલન કરવા માટે આજે કાફલાને રવાના કરાયો હતો.

## ઉત્તરપ્રદેશમાં બે કાર સામસામે અથડાતાં ૪ યુટ્યુબરનાં મોત

**ચાર યુવકો જન્મદિવસની ઉજવણી કરીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવી રહેલી બોલેરો કાર સાથે તેમનું વાહન અથડાયું હતું**



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ઉત્તરપ્રદેશના અમરોહા જિલ્લામાં બે કાર વચ્ચે સામસામે અથડામણમાં ચાર યુટ્યુબરનાં મોત થયા હતા અને છ ઘાયલ થયા હતા. મૃતકોની ઓળખ લકી, સલમાન, શાહરૂખ અને શાહનવાઝ તરીકે થઈ છે. એવું નોંધવામાં આવ્યું છે કે, ચાર યુવકો યુટ્યુબ પર રાઉન્ડ-૨ વર્લ્ડ ચેનલ માટે કોમેડી વીડિયોના નિર્માણમાં સક્રિય રીતે વ્યસ્ત હતા. યુટ્યુબર્સ જન્મદિવસની ઉજવણી કરીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેમનું વાહન વિરુદ્ધ દિશામાંથી આવી રહેલી બોલેરો કાર સાથે અથડાયું હતું. અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને યુવકોને સીએચસી ગજરૌલા હોસ્પિટલમાં લઈ જવા માટે તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી હતી. જો કે, પ્રાથમિક સારવાર દરમિયાન તબીબોએ તેઓને મૃત જાહેર કર્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું કે, ‘ઘાયલોને સારવાર માટે અમરોહા જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને મૃતકોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.’ તેમણે ઉમેર્યું કે, ‘મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીઓ દ્વારા અકસ્માત સ્થળનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.’

**CMના નામ પર ટૂંક સમયમાં લેવામાં આવશે નિર્ણય**

## ભાજપે રાજનાથ સિંહ અને ભૂપેન્દ્ર યાદવને ઓડિશાના નિરીક્ષક બનાવ્યા

(એજન્સી) તા.૧૦

ઓડિશામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ૧૪૭ વિધાનસભા બેઠકો ધરાવતા રાજ્યમાં ભાજપે ૭૮ બેઠકો જીતી હતી. હવે રાજ્યના મુખ્યમંત્રી તરીકે કોણ શપથ લેશે તેની ચર્ચા ચાલી રહી છે. આ અંગે ભાજપે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ રાજનાથ સિંહ અને ભૂપેન્દ્ર યાદવને ઓડિશામાં નિરીક્ષક તરીકે મોકલ્યા છે. પાર્ટીએ એક નિવેદનમાં કહ્યું કે તેના સંસદીય બોર્ડે બેઠકની દેખરેખ માટે રાજ્યમાં વિધાનસભા ચૂંટણીમાં સક્રિય રીતે સામેલ રાજનાથ સિંહ અને યાદવની પસંદગી કરી છે.તમને જણાવી દઈએ કે શનિવારે ઓડિશા બીજેપી અધ્યક્ષ મનમોહન સામલે કહ્યું હતું કે મોદી સરકારના શપથ ગ્રહણ સમારોહ પછી ઓડિશાના મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવશે. સમલે કહ્યું કે તેઓ ઓડિશા ભાજપના અધ્યક્ષ તરીકે શપથ ગ્રહણ સમારોહની ગોઠવણમાં દરેક સાથે સંકલન કરી રહ્યા છે. બીજેપી નેતાએ દાવો કર્યો કે તેમની સંસદીય પાટીએ હજુ સુધી ઓડિશાના આગામી મુખ્યમંત્રીની પસંદગી કરી નથી. તેમણે કહ્યું કે હજુ બે દિવસ રાહ જુઓ અને તમને નવા મુખ્યમંત્રી અંગે પાટીના નિર્ણય વિશે જાણ કરવામાં આવશે.

## NEET વિવાદ : પ્રિયંકા ગાંધીએ સરકારને અનિયમિતતાઓને સુધારવાનો આગ્રહ કર્યો

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે નીટ-યુજી મેડિકલ પ્રવેશ વિવાદ અંગે કેન્દ્ર પર હુમલો કર્યો અને જણાવ્યું કે સરકારે પરીક્ષાઓમાં અનિયમિતતાઓને બરાબર કરવા માટે ગંભીર પગલા ભરવા કહ્યું. નીટ-યુજી મેડિકલ પ્રવેશ પરીક્ષામાં એક વધારીને આપવાના આરોપોની વચ્ચે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીએ શનિવારે જાહેરાત કરી કે શિક્ષણ મંત્રાલયે ૧૫૦૦થી વધુ ઉમેદવારોને આપવામાં આવેલા અનુગ્રહ અંકોની સમીક્ષા માટે ચાર સભ્ય પેનલની રચના કરી છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે લાખો બાળકો નીટ જેવી પરીક્ષાઓ માટે સખ્ત મહેનત કરે છે અને પોતાના જીવનની સૌથી કિંમતી ક્ષણ તેની તૈયારીમાં વિતાવે છે પુરો પરિવાર આ મહેનતમાં પોતાની આસ્થા અને તાકાત લગાવે છે. પરંતુ દર વર્ષે આ પરીક્ષાઓમાં પેપર લીક અને પરિણામોથી સંબંધીત ગરબડ સામે આવી રહી છે. તેમણે જણાવ્યું કે શું પરીક્ષા આયોગી કરનારી એજન્સીઓની જવાબદેહી નક્કી ના કરવી જોઈએ ?



## NEETને રદ કરો, તબીબી પ્રવેશ માટે પ્લસ ટુ માર્કસને, એકમાત્ર માપદંડ બનાવો : તમિલનાડુ સરકારની પેનલ

**ઉચ્ચ સ્તરીય સમિતિનું નેતૃત્વ કરનાર નિવૃત્ત ન્યાયાધીશે ભલામણ કરી છે કે, સરકારે સ્કોર્સનું સામાન્યકરણ અનુસરવું જોઈએ અને વિવિધ બોર્ડ ઓફ એજ્યુકેશનના વિદ્યાર્થીઓને સમાન તક સુનિશ્ચિત કરવી જોઈએ**

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૦

મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ એ.કે.રાજને તમિલનાડુ સરકારને કાનૂની અને અથવા કાયદાકીય પ્રક્રિયાઓ દ્વારા નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) નાબૂદ કરવા અને પ્રથમ વર્ષના તબીબી કાર્યક્રમો માટે ઉચ્ચ માધ્યમિક પરીક્ષાને પ્રવેશ માટે એકમાત્ર માપદંડ બનાવવા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.

NEET-આધારિત પ્રવેશ પ્રક્રિયાની અસરનો અભ્યાસ કરવા માટે ૨૦૨૧માં રાજ્યમાં DMK સત્તા પર આવ્યા પછી પેનલની રચના કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ, વાલીઓ અને જનતાના વ્યાપક ડેટા વિશ્લેષણ અને ઈનપુટ્સના આધારે સમિતિનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે અને ્રઈઈ્‌ના ગરીબ વિરોધી અને સામાજિક ન્યાય વિરોધી સ્વભાવને ઉજાગર કરવા માટે વિવિધ રાજ્ય સરકારો સાથે શેર કરવામાં આવ્યો છે. તમિલનાડુના મુખ્ય પ્રધાન અને ડીએમકે પ્રમુખ એમ.કે.સ્ટાલિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં તેમની સરકારને, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં જણાવ્યું હતું કે, "ઈડીએમકેએ સૌપ્રથમ ્રઈઈ્‌ના જોખમોની આગાહી કરીને તેની સામે મોટા પાયે અભિયાન હાથ ધર્યું હતું."

સમિતિએ તેની ભલામણોમાં, જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર જરૂરી કાયદાકીય અને/અથવા કાયદાકીય પ્રક્રિયાઓને અનુસરીને, તબીબી કાર્યક્રમોમાં પ્રવેશ માટે લાયકાતના માપદંડ તરીકે, NEET નાબૂદ કરવા માટે તાત્કાલિક પગલાં લઈ શકે છે. સરકાર એવું વલણ અપનાવી શકે છે કે, એન્ટ્રી ૨૫ યાદી IIIમાં મળેલા શબ્દો ‘યુનિવર્સિટી એજ્યુકેશન’ એ ‘સામાન્ય જોગવાઈ છે અને પ્રવેશ IIમાં ‘યુનિવર્સિટીઝનું નિયમન’ એ ‘વિશેષ’ જોગવાઈ છેઃ પ્રવેશ ૩૨ એ એક વિશિષ્ટ રાજ્ય વિષય છે, જેને અવગણી શકાય નહીં."

તેમણે જણાવ્યું હતું કે, તમિલનાડુની, ડૉ. એમ.જી.આર. મેડિકલ યુનિવર્સિટી હેઠળની સંલગ્ન કોલેજોમાં પ્રવેશ ૨૦૦૭ના અધિનિયમ ૩ દ્વારા સંચાલિત થાય છે અને તેથી તે બેઠકો પર પ્રવેશ તે કાયદાની જોગવાઈઓ અનુસાર ભરવામાં આવશે. આ સંદર્ભમાં, રાજ્ય કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓને સંતોષવા માટે જરૂરી પ્રક્રિયાઓનું પાલન કરી શકે છે.

વૈકલ્પિક રીતે, રાજ્ય સરકાર અધિનિયમ ૩/૨૦૦૭ જેવો, એક અધિનિયમ પસાર કરી શકે છે, જે તબીબી શિક્ષણના તમામ સ્તરે NEET નાબૂદ કરવાની જરૂરિયાત દર્શાવે, અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા અને તમામ સંવેદનશીલ વિદ્યાર્થી સમુદાયોને તબીબી શિક્ષણ કાર્યક્રમોમાં પ્રવેશમાં ભેદભાવથી, રક્ષણ કરવા માટે રાષ્ટ્રપતિની સંમતિ મેળવી શકે છે.

ઉચ્ચ માધ્યમિક સ્કોર્સ પ્રથમ ડિગ્રી તબીબી કાર્યક્રમોમાં પ્રવેશ માટે એકમાત્ર પ્રવેશ માપદંડ બનવો જોઈએ, અને વિવિધ શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને તકમાં સમાનતા સુનિશ્ચિત કરવા માટે સ્કોર્સના સામાન્યકરણને અનુસરવામાં આવે તેવી સમિતિએ ભલામણ કરી હતી.

સામાજિક, આર્થિક અને અન્ય વસ્તી વિષયક ‘પ્રતિકૂળતાઓ’ કે જે તમામ સંબંધિત વિદ્યાર્થીઓ, મુખ્યત્વે વંચિત અને વંચિત, તેમની એચએસસી પરીક્ષામાં નબળા પ્રદર્શનનું કારણ બને છે તે ઓળખવામાં આવશે અને પ્રતિકૂળતાઓની તીવ્રતા અનુસાર, સ્કોર્સનું પુનઃપ્રોફાઈલિંગ કરી શકાય છે. એડવર્સિટી સ્કોર’ના પૂર્વ-વિકસિત માળખાનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. તેમાં એચએસસી સુધીના શાળા શિક્ષણના સુધારા પર ભાર મૂકવામાં આવ્યો હતો જેથી કરીને ‘કોચિંગ’ના વિરોધમાં ’શિક્ષણ’ને પ્રોત્સાહન મળે અને અભ્યાસક્રમથી માંડીને અધ્યયન લર્નિંગ એસેસમેન્ટ (બોર્ડ એક્ઝામિનેશન) સુધી વિદ્યાર્થીઓને જ્ઞાન અને ઉચ્ચ કુશળ વિષય સાથે સક્ષમ અને સશક્તિકરણ તરફ વળાંક આપવામાં આવે. કોચિંગ તરફ દોરી જતા શીખવાની આકારણીના રોટે ફોર્મને નાબૂદ કરવામાં આવશે અને હસ્તગત જ્ઞાન અને કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, તે જણાવ્યું હતું.

તમિલનાડુએ જ્યાં સુધી ડીમ્ડ યુનિવર્સિટીઓનો સંબંધ છે, તમિલનાડુની તમામ ડીમ્ડ યુનિવર્સિટીઓને કાયદા હેઠળ તેના કાર્યક્ષેત્ર હેઠળ લાવવા માટે, વિધાનસભામાં ૩/૨૦૦૭ એક્ટ હેઠળ એક કાયદો પસાર કરવો પડશે અને રાષ્ટ્રપતિની સંમતિ મેળવવાની રહેશે.

સ્ટાલિને કહ્યું, "રિપોર્ટમાં ભલામણોના આધારે, NEETમાંથી મુક્તિની માંગ કરતું બિલ તમિલનાડુ વિધાનસભા દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતુ. તમિલનાડુના ગવર્નર તરફથી અવિશ્વસનીય વિલંબ પછી, તે હવે રાષ્ટ્રપતિની સંમતિની રાહ જોઈ રહ્યું છે.”

મુખ્યમંત્રીએ તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે, તાજેતરના મોટા પાયે વિસંગતતાઓને કારણે NEETનો દેશવ્યાપી વિરોધ વધ્યો હોવાથી, અમે જસ્ટિસ એ કે રાજન કમિટીના અહેવાલને અંગ્રેજી અને તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં શેર કરી રહ્યા છીએ જેથી દરેક વ્યક્તિ NEETની ખરાબ અસરોને વધુ સારી રીતે સમજી શકે."

## NEET UG 2024 પ્રવેશ પરીક્ષા રદ થશે ? વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની અપડેટ

**હવે સુપ્રીમ કોર્ટમાં એક નવી અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં SIT સમગ્ર પરિસ્થિતિની તપાસ કરે તેવી માંગનો સમાવેશ થાય છે**

(એજન્સી) તા.૧૦

NEET UG પરિણામોની આસપાસની ચર્ચા દૂર થતી જણાતી નથી. હવે સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં SIT સમગ્ર પરિસ્થિતિની તપાસ કરે તેવી માંગ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ૪ જૂને NEET UG પરિણામોની જાહેરાતના આધારે જે કાઉન્સેલિંગ શરૂ થવાનું હતું તે બંધ કરવું જોઈએ. વધુમાં પરીક્ષા મોકૂફ રાખવી જોઈએ અને પુનઃ નિર્ધારિત કરવી જોઈએ. તેલંગાણાના રહેવાસી અબ્દુલ્લા મોહમ્મદ ફૈઝ અને આંધ્રપ્રદેશના રહેવાસી ડૉ.શેખ રોશન મોહિદ્દીને આ અરજી દાખલ કરી છે. અરજદારોનો દાવો છે કે, NEET UG ગ્રેસ માર્ક્સ મનસ્વી રીતે આપવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓ માટે આ સંદર્ભે ૭૨૦માંથી ૭૧૮ અને ૭૧૯ સ્કોર મેળવવો આંકડાકીય રીતે અસંભવિત છે. પરીક્ષામાં વિલંબ માટે ગ્રેસ માર્ક્સ આપવા એ અમુક વિદ્યાર્થીઓને પાછલા દરવાજેથી પ્રવેશવા દેવા માટેની એક ઘૃણાસ્પદ યોજના છે. અરજદારોએ એક જ પરીક્ષા કેન્દ્રમાંથી તમામ ૭૨૦ સંભવિત પોઈન્ટ્સ મેળવનારા ૬૭ અરજદારોની માન્યતા પર પણ સવાલ ઉઠાવ્યા છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, NTAની કામચલાઉ આન્સર કી, જે ૨૯ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવી હતી, તેની સાથે ઘણા લોકોને ફરિયાદો હતી.

સુપ્રીમ કોર્ટની તાજેતરની અરજીમાં પાંચ મેની NEET UG પરીક્ષા દરમિયાન પેપર લીક થયાના અનેક અહેવાલોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટને પેપર લીકને કારણે પરીક્ષા રદ કરવાની માંગ કરતી બે અરજીઓ મળી ચૂકી છે. સુપ્રીમ કોર્ટે આમાંથી એક અરજી પર ૧૭ મેના રોજ નોટિસ મોકલી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે પરીક્ષાના પરિણામમાં વિલંબ કરવાનો ઈન્કાર કર્યો હતો.

શિક્ષણ મંત્રાલય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પંદરસોથી વધુ અરજદારોના પરિણામોની તપાસ કરવા માટે ચાર સભ્યોની બનેલી સમિતિની સ્થાપના કરી છે. મંત્રાલયે શનિવારે આ માહિતી જાહેર કરી. સમિતિ ગ્રેસ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓના પરિણામોની તપાસ કરશે.

# અજીત પવારના નેતૃત્વ હેઠળની NCPને મોદી કેબિનેટમાં સ્થાન ન મળવાની બાબત ચોંકાવનારી નથી : સુપ્રિયા સુલે

(એજન્સી) તા.૧૦

નરેન્દ્ર મોદીએ ગઈકાલે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા, જેની સાથે કેબિનેટમાં ઘણા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઘણા એવા મંત્રીઓ છે જેમને કેબિનેટમાંથી બહાર કરવામાં આવ્યા છે. અજિત પવારની આગેવાની હેઠળના NCPના કોઈપણ નેતાને કેબિનેટમાં સ્થાન મળ્યું નથી.



આ અંગે સાંસદ સુપ્રિયા સુલેએ ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું કે તેમને આશ્ચર્ય નથી કે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નવી કેબિનેટમાં કોઈ સ્થાન મળ્યું નથી. એનસીપીના ૨૫માં સ્થાપના દિવસ પર બોલતા, શરદ પવારની પુત્રી અને બારામતીના સાંસદે કહ્યું કે એનડીએ કેબિનેટની પ્રથમ બેઠક યોજાઈ રહી છે. આ સમયગાળા દરમિયાન, તેઓએ ખેડૂતોની સંપૂર્ણ લોન માફ કરવી જોઈએ. તેમણે વધુમાં કહ્યું, 'યુપીએ દરમિયાન એનસીપીએ મનમોહન સિંહ સરકારમાં સહયોગી તરીકે કામ કર્યું હતું. મનમોહનજીએ પવાર સાહેબ પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ દર્શાવ્યો અને પાર્ટી પાસે તે સમયે માત્ર આઠ કે નવ સાંસદો હોવા છતાં તેમને કેબિનેટ મંત્રી પદ મળ્યું. સુપ્રિયા સુલેએ વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસે સંખ્યા વિશે વિચાર્યું ન હતું અને પાર્ટીને તેના સાથી તરીકે માન આપ્યું હતું. મહા વિકાસ આઘાડી (MVA) સરકારમાં પણ દરેકે એકબીજા સાથે આદરપૂર્વક વર્તે છે. અમે કોઈપણ ફોર્મ્યુલાને વળગી રહ્યા નથી. અમારો સંબંધ પરસ્પર આદર અને યોગ્યતા પર આધારિત હતો. મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં કહ્યું હતું કે NCP મોદી સરકારમાં કેબિનેટ મંત્રી બનવા માંગે છે અને તેમણે સ્વતંત્ર પ્રભાર સાથે રાજ્યમંત્રીના ભાજપના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. આ પછી અજિત પવારે ભારપૂર્વક કહ્યું છે કે એનસીપી રાહ જોવા માટે તૈયાર હતી, પરંતુ તેને કેબિનેટમાં સ્થાન જોઈતું હતું.

# બસ ખીણમાં પડી ગયા પછી આતંકવાદીઓએ ગોળીબાર ચાલુ રાખતા રિયાસીમાં બચી ગયેલા લોકોએ મરી ગયા હોવાનો ડોળ કરી જીવ બચાવ્યો

## રિયાસી આતંકવાદી હુમલો : નવ લોકોનાં મોત અને ૩૩ ઘાયલ થયાની પુષ્ટિ થઈ છે

(એજન્સી) તા.૧૦

સોમવારે રિયાસી આતંકવાદી હુમલામાં બચી ગયેલા લોકોએ સત્તાવાળાઓ અને મીડિયાને જણાવ્યું હતું કે, તેમની બસ ઊંડી ખીણમાં પડી ગયા પછી પણ આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર ચાલુ રાખ્યો હતો, જેના કારણે તેમને મારી ગયા હોવાનો ઢોંગ કરવો પડ્યો હતો. તેમની કરૂણ અગ્નિપરીક્ષાનું વર્ણન કરતાં તેઓએ કહ્યું કે, આતંકવાદીઓ બસમાં સવાર દરેક વ્યક્તિને મારી નાખવા માંગતા હતા, જે જમ્મુ અને કાશ્મીરના શિવ ખોરીથી વૈષ્ણોદેવી તરફ જઈ રહેલા હિન્દુ શ્રદ્ધાળુઓથી ભરેલી હતી. નવ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે અને ૩૩ ઘાયલ થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આતંકવાદીઓએ બસ પર એકથી વધુ દિશામાંથી ગોળીબાર કર્યો હતો. વાહનચાલકને ગોળી વાગતાં બસ ખાડીમાં પડી હતી.

એક પ્રત્યક્ષદર્શીએ મીડિયાને જણાવ્યું હતું કે, બસ પર ગોળીબાર લગભગ ૨૦ મિનિટ સુધી ચાલ્યો હતો.

એક બચી ગયેલા વ્યક્તિએ મીડિયાને જણાવ્યું, 'માતા વૈષ્ણોદેવીમાં દર્શન કર્યા બાદ હું શિવ ખોરી ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે ૪-૫ કિ.મી. પછી અમારી બસ પર ગોળીઓ છોડવામાં આવી હતી. અમારી બસ ખાડામાં પડી ગયા પછી પણ ફાયરિંગ બંધ થયું ન હતું. ડ્રાઈવરને ગોળી વાગી અને પછી કેટલાક લોકો ગોળીબારમાં ઘાયલ પણ થયા હતા.' અન્ય એક બચી ગયેલા વ્યક્તિએ પુષ્ટિ કરી કે આતંકવાદીઓએ ગોળીબાર ચાલુ રાખ્યો હતો. તેમણે ઉમેર્યું કે, 'હું શિવ ખોરીના દર્શન માટે ગયો હતો. પરત ફરતી વખતે કેટલાક લોકોએ અમારી બસ પર



ગોળીબાર કર્યો હતો. બાદમાં બસ ખાડામાં પડી હતી. આ ઘટનામાં કેટલાય લોકો ઘાયલ થયા હતા. બસ પડી ગયા પછી પણ ફાયરિંગ બંધ થયું ન હતું. મને લાગે છે કે, ત્યાં ૨-૩ (આતંકવાદી) હતા, મારા પુત્રએ અમારી બસ પર પાછળથી ગોળીબાર થતો જોયો.'

એક પ્રત્યક્ષદર્શીએ ચેનલને જણાવ્યું હતું કે, ૬-૭ આતંકવાદીઓએ બસ પર હુમલો કર્યો હતો કારણ કે, રસ્તાની ચારે બાજુથી ગોળીઓ છોડવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શી ઉમેરે છે કે, જ્યારે બસ ખીણમાં પડી અને આતંકવાદીઓ ગોળીબાર કરતા રહ્યા, ત્યારે સવાર લોકોએ મૌન જાળવી રાખ્યું જેથી તેઓ મૃત છે એમ ત્રાસવાદીઓ માની લે. જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ ભયંકર હુમલામાં સામેલ આતંકવાદીઓને શોધવા માટે મોટાપાયે કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

# વિહિપ અને બજરંગ દળના ગુંડાઓએ હિમાચલમાં મુસ્લિમ ધંધાર્થી પર હુમલો કર્યો, પોલીસ FIR નોંધવામાં પણ નિષ્ફળ

## સોશિયલ મીડિયા પર મેરઠના રહેવાસી કુરેશીએ વીડિયો સ્ટેટમેન્ટમાં કહ્યું કે, ભાજપ, વિહિપ અને બજરંગ દળના કાર્યકરોએ તેની મુસ્લિમ ઓળખ હોવાને કારણે તેના પર હુમલો કર્યો

(એજન્સી) તા.૧૦

દેશમાં મુસ્લિમો સામે વધતી જતી અસહિષ્ણુતાને ઉજાગર કરતી વધુ એક ચિંતાજનક ઘટના સામે આવી છે. તાજેતરમાં હિમાચલપ્રદેશના બાણગંગામાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળના સભ્યોના ગુંડાઓ દ્વારા મુસ્લિમ સ્ટ્રીટ વેન્ડર ઉમર કુરેશી પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો.



મેરઠના રહેવાસી કુરેશી દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયો નિવેદનમાં તેણે ભારતીય જનતા પાર્ટી, VHP અને બજરંગ દળના સભ્યો પર તેની મુસ્લિમ ઓળખ માટે તેના પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો.

કુરેશીએ જણાવ્યું કે, હુમલાખોરોએ તેને અટકાવ્યો અને તેનું નામ પૂછ્યું. તે મુસ્લિમ હોવાની જાણ થતાં તેઓએ તેને અપમાનિત કરવાનું શરૂ કર્યું, તેને 'જય શ્રી રામ' બોલવા દબાણ કર્યું. જ્યારે કુરેશીએ તેમ કરવાનો ઈનકાર કર્યો, ત્યારે હુમલાખોરોએ તેને નિર્દયતાથી માર માર્યો અને તેનો હાથ ફ્રેકચર કરી નાખ્યો.

કુરેશીએ વધુમાં જણાવ્યું કે, હુમલાખોરોએ તેમને માર મારતાં કહ્યું, 'હવે અમારી સરકાર (ભારતીય જનતા પાર્ટી) સત્તામાં આવી ગઈ છે. મુસ્લિમોને હવે અસ્તિત્વમાં રહેવા દેવામાં આવશે નહીં.'

વીડિયોમાં કુરેશીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, પોલીસે સમગ્ર ઘટના સમજાવવા છતાં તેમની મદદ કરી નથી. ઘટના ગંભીર હોવા છતાં જ્યારે હું ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન ગયો, ત્યારે અધિકારીઓએ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (FIR) દાખલ કર્યો ન હતો એવો તેમણે આરોપ લગાવ્યો.

જો કે, આ ઘટના કોઈ અલગ કેસ નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં મુસ્લિમ વિક્રેતાઓ સામે હિંસા અને ભેદભાવના અનેક અહેવાલો આવ્યા છે.

# રિયાસી આતંકી હુમલા બાદ કોંગ્રેસે કેન્દ્રના J&K શાંતિ દાવા પર સવાલ ઊઠાવ્યા

## પવન ખેરાએ કહ્યું કે, અમે પૂછવા માંગીએ છીએ કે શું કાશ્મીરમાં શાંતિ માત્ર સસ્તી રાજકીય બયાનબાજી દ્વારા જ આવી શકે છે

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસે સોમવાર, ૧૦ જૂને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિના દાવાઓ મુદ્દે કેન્દ્ર પર સવાલ ઊઠાવ્યા હતા. જેમાં ૧૦ યાત્રાળુઓ માર્યા ગયા અને ૩૩ ઘાયલ થયા એવા જમ્મુમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે, 'અમને ઘમંડપૂર્વક કહેવામાં આવે છે કે, કાશ્મીરમાં શાંતિ છે. અમે પૂછવા માંગીએ છીએ કે શું કાશ્મીરમાં શાંતિ માત્ર સસ્તી રાજકીય બયાનબાજી દ્વારા જ આવી શકે છે?'



તેમણે વધુમાં કહ્યું હતું કે, 'રોજગારી માટે કોઈ શાંતિ નથી, કાશ્મીરી પંડિતો માટે કોઈ શાંતિ નથી, સ્થાનિક રહેવાસીઓ માટે કોઈ શાંતિ નથી, પ્રવાસીઓ માટે કોઈ શાંતિ નથી, સુરક્ષા દળો માટે કોઈ શાંતિ નથી, યાત્રાળુઓ માટે કોઈ શાંતિ નથી.'

અમને ઘમંડપૂર્વક કહેવામાં આવે છે કે, કાશ્મીરમાં શાંતિ છે. અમે પૂછવા માંગીએ છીએ કે શું કાશ્મીરમાં શાંતિ માત્ર સસ્તી રાજનીતિથી જ આવી શકે છે. ખેરાએ X પર પોસ્ટ કર્યું, એક બાજુ એનડીએ સરકારનો શપથ ગ્રહણ સમારોહ ચાલી રહ્યો હતો, બીજી બાજુ તીર્થયાત્રીઓ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો હતો જ્યારે ભારત-પાક ક્રિકેટ મેચ પણ ચાલી રહી હતી. અમે જાણવા માંગીએ છીએ કે, ક્રિકેટ અને આતંક એક સાથે ચાલે છે ? રવિવારે સાંજે આતંકવાદીઓએ J&Kના રિયાસી જિલ્લામાં એક બસ પર હુમલો કર્યો, જેમાં ૧૦ શ્રદ્ધાળુઓ માર્યા ગયા અને ૩૩ અન્ય ઘાયલ થયા.

બસ શિવ ખોરી મંદિરથી જમ્મુના કટરા શહેરમાં પરત ફરી રહી હતી ત્યારે આતંકવાદીઓએ તેના પર હુમલો કર્યો હતો. સુરક્ષા દળોએ આતંકીઓને પકડવા માટે મોટાપાયે અભિયાન શરૂ કર્યું છે.

# રિયાસી આતંકવાદી હુમલો : J&K એલ.જી. મનોજ સિન્હા દ્વારા મૃતક યાત્રાળુઓના પરિજનોને રૂા.૧૦ લાખ વળતરની જાહેરાત

(એજન્સી) જમ્મુ, તા.૧૦

J&K સરકારે સોમવારે રિયાસી આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા યાત્રાળુઓના નજીકના સંબંધીઓને ૧૦ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રાહત મંજૂર કરી છે.

એલ.જી. મનોજ સિન્હાએ X પર લખ્યું કે, 'રિયાસી આતંકવાદી હુમલામાં શહીદ થયેલા તીર્થયાત્રીઓના નજીકના સંબંધીઓને ૧૦ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા આપવામાં આવશે અને ઘાયલોને રૂા.૫૦,૦૦૦ આપવામાં આવશે. ઘાયલ તીર્થયાત્રીઓને જમ્મુની અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.'

# ચિત્તો કે બિલાડી ? PM મોદીના શપથ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ ભવનમાં જોવા મળ્યું રહસ્યમય પ્રાણી, વીડિયો વાયરલ

## વાયરલ ફૂટેજ ભાજપના સાંસદ દુર્ગા દાસ ઉઈકે શપથ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અભિવાદન કરી રહ્યા હતા તે સમયે રેકોર્ડ કરવામાં આવ્યું હતું, જેમાં બેકગ્રાઉન્ડમાં એક બિલાડી જેવું પ્રાણી ચાલતું જોવા મળે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય શપથ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ ભવન ખાતે એક રહસ્યમય અજાણ્યા પ્રાણી ચાલતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ કાર્યક્રમમાં વિદેશી રાજ્યના વડાઓ અને અન્ય મહાનુભાવો, ઉદ્યોગપતિઓ અને ફિલ્મ સ્ટાર્સ સહિત ૮૦૦૦ મહેમાનોએ હાજરી આપી હતી.

વાયરલ ફૂટેજ તે સમયે રેકોર્ડ કરવામાં આવ્યું હતું જ્યારે ભાજપના સાંસદ દુર્ગા દાસ ઉઈકે શપથ વિધિ પૂર્ણ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અભિવાદન કરી રહ્યા હતા, જેમાં એક બિલાડી જેવું પ્રાણી પૃષ્ઠભૂમિમાં ચાલતું જોવા મળે છે. કેટલાક સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ સૂચવ્યુ હતું કે, તે પ્રાણી ચિત્તો છે, જ્યારે અન્ય માને છે કે, તે સુરક્ષા માટેનો કૂતરો અથવા પાલતુ પ્રાણી છે. પ્રાણીની ઓળખ વિશેની વિવિધ ચર્ચાઓ સાથે વીડિયો ક્લિપ વ્યાપકપણે શેર કરવામાં આવી હતી.

એક વપરાશકર્તાએ લખ્યું કે, 'LMAO.. આ સંપાદિત છે કે, શું ? કેવી રીતે કોઈ વ્યક્તિએ આ નોંધ્યું નથી ? આ એક મોટી બિલાડી જેવો દેખાય છે.' અન્ય એક વપરાશકર્તાએ ટિપ્પણી કરી કે, 'પૂંછડી અને ચાલને લીધે ચિત્તા લાગે છે. લોકો ખરેખર ભાગ્યશાળી હતા કે તે પ્રાણી શાંતિપૂર્ણ રીતે પસાર થયું હતું.'

**મોદી શપથ ગ્રહણ સમારોહ :**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ૩૦ કેબિનેટ પ્રધાનો, પાંચ સ્વતંત્ર પ્રભાર ધરાવતા રાજ્ય પ્રધાનો અને ૩૬ રાજ્ય પ્રધાનોને ગુપ્તતા અને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. મોડી રાત સુધી નવા મંત્રીઓના પોર્ટફોલિયોની જાહેરાત થવાની બાકી હતી.



નરેન્દ્ર મોદીએ ત્રીજી મુદત માટે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા, જેમાં ૭૨ સભ્યોની કેન્દ્રીય મંત્રી પરિષદનું નેતૃત્વ કર્યું હતું. સમારોહમાં સાતત્ય, યુવા અને અનુભવ પર ભાર મૂકવામાં આવ્યો હતો જ્યારે ભાજપની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકારમાં ભાગીદારોને પુરસ્કાર પણ આપ્યો હતો. મોદીની સાથે રાજનાથસિંહ, અમિત શાહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર સહિતના વરિષ્ઠ ભાજપના નેતાઓ અને મોદી ૨.૦ના કેબિનેટના તમામ મંત્રીઓએ રાષ્ટ્રપતિ ભવનમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ૧૫૫ મિનિટ સુધી ચાલેલા શપથવિધિ સમારોહમાં બ્યુગલ્સ, ઔપચારિક રક્ષકો, ફૂલો અને ભવ્ય એવી તમામ સજાવટ હતી. સાંજે ૭:૧૫ કલાકે શરૂ થયેલા ભવ્ય કાર્યક્રમમાં જીવનના તમામ ક્ષેત્રના લગભગ ૯૦૦૦ લોકો હાજર રહેવાનો અંદાજો છે.

# રિયાસી આતંકવાદી હુમલો : પ્રત્યક્ષદર્શી દુઃખ ભરી દાસ્તાન યાદ કરતાં કહે છે, આતંકવાદીઓએ પહેલાં ડ્રાઈવરને તેના કપાળમાં ગોળી મારી પછી બસ ખાઈમાં પડી

## આ ભીષણ હુમલા બાદ ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે

(એજન્સી) રિયાસી, તા.૧૦

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં શિવખોરીમાં શ્રદ્ધાળુઓને લઈ જતી બસ પર રવિવારે (૯ જૂન) આતંકવાદી હુમલો થતાં લગભગ ૯ લોકોનાં મોત થયા અને ૩૩ અન્ય ઘાયલ થયાના એક દિવસ પછી દુઃખદ ઘટનાને યાદ કરતા એક પ્રત્યક્ષદર્શીનો વીડિયો સામે આવ્યો છે. X (અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું) પર @Indian_Analyzer દ્વારા વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, 'સૌથી પહેલાં આતંકવાદીઓએ ડ્રાઈવરને કપાળમાં ગોળી મારી, ત્યારપછી બસ ખાઈમાં પડી ગઈ. ત્યારપછી આતંકવાદીઓ લગભગ એક કલાક સુધી ગોળીબાર કરતા રહ્યા.'

આ દરમિયાન એસએસપી રિયાસી મોહિતા શર્માએ રિયાસી આતંકી હુમલા અંગે અપડેટ શેર કર્યું છે. તેમણે કહ્યું કે, આતંકવાદીઓએ ગઈકાલે બસ પર ગોળીબાર કર્યો હતો. ૯ લોકોના કથિત રીતે મૃત્યુ થયા હતા અને ૩૩ ઘાયલ થયા હતા અને વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બે (આતંકવાદી) ત્યાં હતા. વિસ્તારમાં કોમ્બિંગ ઓપરેશન ચાલુ છે. વિસ્તારમાં શોધખોળ માટે પાંચ ટીમો બનાવવામાં આવી છે.

મીડિયાના અહેવાલ મુજબ, 'શિવ ખોરીથી આવતી બસ પર થયેલા હુમલા બાદ ભારતીય સેનાએ સોમવારે (૧૦ જૂન) સવારે જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, જેમાં રવિવારે સાંજે દસ શ્રદ્ધાળુઓ માર્યા ગયા હતા. રાજ્ય આપત્તિ રિસ્પોન્સ ફોર્સ (SDRF) પણ રિયાસીમાં પહોંચી ગયું છે અને ઘટનાસ્થળ અને તેની આસપાસના ગાઢ જંગલ વિસ્તારોમાં સર્ચ ઓપરેશનમાં ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.'

આ બસ શિવ ખોરી મંદિરથી કટરા તરફ જઈ રહી હતી ત્યારે રવિવારે સાંજે લગભગ ૦૬:૧૦ વાગ્યે જ્યારે તે રાજૌરીની સરહદે આવેલા રિયાસી જિલ્લાના પૌની વિસ્તારમાં પહોંચી ત્યારે તેને આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવવામાં આવી હતી. આતંકવાદીઓએ ગોળીબાર કર્યો જેના કારણે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું અને બસ ખીણમાં ખાબકી.

# IIT-JEE ટોપર જેણે JEE મેઈન્સ ૨૦૨૪માં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યાં તે હવે IIT બોમ્બે અથવા IISc બેંગ્લુરૂમાં જોડાવાનું વિચારી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

IIT JEE (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી - સંયુક્ત પ્રવેશ પરીક્ષા) દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે અને તે વ્યૂહાત્મક આયોજન, સમર્પણ અને શિસ્તબદ્ધ અભિગમની માંગ કરે છે. JEE મેઈન્સ ૨૦૨૪ સત્ર ૨, અંડરગ્રેજ્યુએટ એન્જિનિયરિંગ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષાના પરિણામો NTA દ્વારા ૨૪ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવ્યા હતા. છોકરીઓમાં સાન્વી જૈન અખિલ ભારતીય ક્રમાંક ૩૪ સાથે ઓલ ઈન્ડિયા મહિલા ટોપર તરીકે ઉભરી આવી.



અન એકેડમી દ્વારા જેઈઈ નેક્સસ સાથેની એક મુલાકાતમાં, જૈને પરીક્ષાની તૈયારી કરતી વખતે જે પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે શેર કર્યો હતો. તેણે કહ્યું, મારી પાસે ચઢાવ-ઉતાર બંને હતા. કેટલીકવાર, હું સારો સ્કોર કરી શકતી ન હતી; પછી, મને ક્યાં ખોટું થઈ રહ્યું છે તે જોવું પડશે. કેટલીકવાર, મેં કાર્બનિક રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરતી વખતે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો કારણ કે તે માટે મને યાદ રાખવાની જરૂર હતી. મેં ઘણાં પડકારોનો સામનો કર્યો, પરંતુ હું સફળ થઈ. સાન્વી જૈન, જે બેંગલુરૂની છે, તેના પિતાના પગલે ચાલવા માંગે છે, જેઓ એક એન્જિનિયર છે. તેણે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું. મેં ધોરણ-૯થી મારી તૈયારી શરૂ કરી હતી પરંતુ તે સમયે હું માત્ર કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાર પાડવા માંગતી હતી. તે ધોરણ-૧૧માં હતી જ્યારે મેં ફક્ત JEE મેઈન્સની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું. આ સફર ખૂબ સરળ ન હતી, પરંતુ મારા પરિવાર અને શિક્ષકોના સમર્થનથી હું આગળ વધી.ઘણા વિદ્યાર્થીઓએ પરીક્ષામાં વિસંગતતાનો આક્ષેપ કર્યો હતો અને દાવો કર્યો હતો કે દર વર્ષે જેઈઈ મેઈન્સ માટે મુશ્કેલીનું સ્તર વધી રહ્યું છે. વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હોવાથી સ્પર્ધા વધી રહી છે. સાન્વી IIT બોમ્બે અથવા IISc બેંગ્લુરૂમાં સીટ મેળવવા માંગે છે પરંતુ તેણે હજુ સુધી એન્જિનિયરિંગ બ્રાન્ચને ફાઈનલ કરી નથી. લગભગ ૧૦,૬૭,૯૫૯ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને તેમાંથી ૨૫૦,૨૮૪ હવે JEE (એડવાન્સ્ડ) આપવા માટે લાયક છે.

# બિહારના ખેડૂતના પુત્રએ તેના ત્રીજા પ્રયત્નમાં NEET UG ૨૦૨૪ પાસ કરી

(એજન્સી) પટના, તા.૧૦

NEET UG ૨૦૨૪ના પરિણામો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા. હજારો વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરી છે. બધા જાણે છે કે બિહારમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ ખરાબ છે. ખેડૂતો તેમના જીવનને સુધારવા માટે સખત મહેનત કરે છે. જો તમારી પાસે મજબૂત ઈરાદા અને મજબૂત નિશ્ચય હશે, તો સફળતા તમને અનુસરશે. વૈશાલી જિલ્લાના બાંખોભી ગામના ખેડૂતના આશાસ્પદ પુત્ર મોહમ્મદ નાઝીશ નામના છોકરાએ અસાધારણ સફળતા હાંસલ કરી છે. તેણે ત્રીજા પ્રયત્ને NEET પરીક્ષા પાસ કરી. તેના પિતા ખેડૂત છે, ખેતરોમાં કામ કરે છે અને એક-એક રૂપિયાની બચત કરીને પરિવારની પ્રગતિ કરવાનો પ્રયાસ કરે છે.



મોહમ્મદ નાઝીશે જ્ઞાન સરોવરની ગામની એક નાની શાળામાં શિક્ષણની શરૂઆત કરી. તેણે જ્ઞાન સરોવરમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સુધી શાળાનો અભ્યાસ કર્યો અને પછી વધુ અભ્યાસ માટે રાજસ્થાનના કોટા ગયો. પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી પરંતુ પિતાએ હાર ન માની અને પુત્રને રાજસ્થાનના કોટા મોકલી દીધો. ૨૦૨૧માં મોહમ્મદ નાઝીશે પ્રથમ વખત NEET પરીક્ષા આપી હતી. પરંતુ તે નિષ્ફળ ગયો હતો. તેમ છતાં, નાઝીશે હાર ન માની અને ૨૦૨૩માં બીજી વખત NEET પરીક્ષા આપી પરંતુ તે પણ નિષ્ફળ ગયો. નાઝીશે તેની સખત મહેનત ચાલુ રાખી અને ત્રીજા પ્રયત્નમાં NEET પરીક્ષા પાસ કરી. જે બાદ ઘરમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

મોહમ્મદ નાઝીશે શેર કર્યું, મેં શરૂઆતથી જ ગામની એક ખાનગી જ્ઞાન સરોવર શાળામાં અભ્યાસ કર્યો હતો. આ સફળતામાં મારા માતા અને પિતાએ મને ખૂબ જ સહકાર આપ્યો. તેઓએ મારા અભ્યાસ દરમિયાન કોઈ સમસ્યા ઊભી થવા ન દીધી. મે ૨૦૨૧માં પહેલીવાર NEETની પરીક્ષા આપી હતી પરંતુ નિષ્ફળ ગયો હતો. તે પછી, મેં હાર ન માની અને ૨૦૨૪માં સફળ થયો. આ સફળતાનો ઋણી હું મારા માતા-પિતાનો છે. હું ભવિષ્યમાં ડોક્ટર બનીને લોકોની સેવા કરવા માંગુ છું. બિહારના મુઝફ્ફરપુરના આમગોલામાં રહેતી બીજી છોકરી ઈશા કુમારીએ NEET પરીક્ષામાં ૯૯.૧૩ ટકા મેળવ્યા છે. તેણે ઓબીસી કેટેગરીમાં ૧૯,૮૯૫ અને ૮,૭૬૯નો ઓલ ઈન્ડિયા રેંક મેળવ્યો હતો. લોકલ ૧૮ને આપેલા ઈન્ટરવ્યુમાં ઈશાએ કહ્યું કે, તે એક મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે. તેના પિતા કૃષ્ણ કુમાર કરિયાણાની દુકાન (કિરાના સ્ટોર) ચલાવે છે જ્યારે તેની માતા ગૃહિણી છે. ઈશાની માતા એક પ્રાઈવેટ સ્કૂલમાં ટીચર હતી. પરંતુ તેમણે તેમના બાળકો અને તેમના અભ્યાસની સંભાળ રાખવા માટે નોકરી છોડી દીધી.

### સુરતની સ્મીમેર કોલેજને શર્મસાર કરતી ઘટના

# રેસિડેન્ટ ડોક્ટરે રંગરેલિયા માટે થાઈ ગર્લને બોલાવી : પછી સાત સભ્યોની તપાસ કમિટી બનાવાઈ

**કોઈ કારણોસર ઝઘડો થતાં રેસિડેન્ટ ડોક્ટરે થાઈ ગર્લને તમાચો મારતા કેમ્પસમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો**

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સ્મીમેર હોસ્પિટલનો ઓર્થોપેડિક વિભાગ વિવાદોનો પર્યાય બની ગયો છે. એટલું જ નહીં આ વિભાગને વારંવાર વિવાદોમાં લાવનારા અન્ય કોઈ નહિ પરંતુ અહીંના કેટલાક રેસિડેન્ટ ડોક્ટરોની જ ભૂમિકાઓ રહે છે. ક્યારેક જુનિયર સાથે રેગિંગ કરવી તો ક્યારેક દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવું એટલું ઓછું હોય ત્યારે અમુક રેસિડેન્ટ સામે દારૂનું સેવન કરવાના પણ આક્ષેપો થયા છે. આટલા વિવાદો વચ્ચે હવે વધુ એક સંગીન અને ગંભીર પ્રકારના આક્ષેપો એક રેસિડેન્ટ ડોક્ટર સામે થયા છે. એક ડોક્ટર દ્વારા કથિત રીતે રંગરેલિયા મનાવવા માટે થાઈ ગર્લને બોલાવવામાં આવી હતી. આ મામલે હોસ્પિટલ દ્વારા પાંચથી સાત સભ્યોની એક તપાસ કમિટી બનાવવામાં આવી છે. કમિટીના સભ્યો તપાસ કરી બે- ત્રણ દિવસમાં રિપોર્ટ આપશે તેના આધારે આગળની કાર્યવાહી થશે.

સ્મીમેર હોસ્પિટલના કોલેજ કેમ્પસમાં આવેલા હોસ્ટેલમાં મોડી રાત્રે એક રેસિડેન્ટ ડોક્ટર દ્વારા કથિત રીતે રંગરેલિયા મનાવવા માટે થાઈ ગર્લને બોલાવવામાં આવી હતી. જોકે ત્યારે કોઈ કારણસર તેની સાથે ઝઘડો થતાં રેસિડેન્ટ ડોકટરે થાઈ ગર્લને તમાચો મારી દીધો હતો જેને પગલે કેમ્પસમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. થાઈ ગર્લએ ૧૦૦ નંબર ઉપર કોલ કરતાં પોલીસ ત્યાં આવી પહોંચી હતી. સમગ્ર મામલો વરાછા પોલીસ મથકે પહોંચ્યો હતો. જો કે અત્યાર સુધી આ મામલામાં કોઈ પોલીસ ફરિયાદ નથી થઇ. પરંતુ રેસિડેન્ટ ડોકટરના આ કૃત્યને પગલે આખી હોસ્પિટલ અને કોલેજ શર્મસાર થઈ ગઈ છે. કોલેજ તંત્ર દોડતું થઈ ગયું છે. આ આખા મામલા અંગે તપાસનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. બીજી તરફ સમગ્ર ઘટના અંગે વરાછા પોલીસ મથકના પીઆઈ ગાભાણી સાથે આ અંગે વાત કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે આ મેટર અમારા પોલીસ સ્ટેશનમાં આવી હતી. જોકે યુવતીએ કોઈ ફરિયાદ કરી ન હતી. તે ફરિયાદ કરવા માંગતી ન હતી. જેથી તેનું સ્ટેટમેન્ટ લઈને જવા દેવામાં આવી હતી. જોકે મામલાની ગંભીરતા જોતા ડો. રાજેન્દ્ર જોશી (ફિઝીયોલોજી વિભાગ) એ જણાવ્યું હતું કે ઓર્થોપેડિક વિભાગના રેસિડેન્ટ ડો.ઋત્વિક દરજી સામે બહારથી કોઈ છોકરીને હોસ્ટેલમાં બોલાવવાના આક્ષેપો થયો છે. જો કે આ સમગ્ર મામલો શું છે. તેની તપાસ કરવામાં માટે પાંચથી સાત સભ્યોની એક તપાસ કમિટી બનાવવામાં આવી છે. કમિટીના સભ્યો તપાસ કરી બે- ત્રણ દિવસમાં રિપોર્ટ આપશે તેના આધારે આગળની કાર્યવાહી થશે.

**તપાસ કમિટી બનાવવામાં આવી છે**

આ અંગે ડો.રાજેન્દ્ર જોશી (ફિઝીયોલોજી વિભાગ ) એ જણાવ્યું હતું કે ઓર્થોપેડિક વિભાગના રેસિડેન્ટ ડો.ઋત્વિક દરજી સામે બહારથી કોઈ છોકરીને હોસ્ટેલમાં બોલાવવાના આક્ષેપો થયા છે. જો કે આ સમગ્ર મામલો શું છે. તેની તપાસ કરવામાં માટે પાંચથી સાત સભ્યોની એક તપાસ કમિટી બનાવવામાં આવી છે. કમિટીના સભ્યો તપાસ કરી બે- ત્રણ દિવસમાં રિપોર્ટ આપશે તેના આધારે આગળની કાર્યવાહી થશે.

### રતનપુર પાટિયાથી આંતરોલી જવા

# રોડ ક્રોસ કરતા માતા બે સંતાનને બાઈકચાલકે અડફેટે લેતા ઈજા

નડિયાદ, તા.૧૦

ખેડા તાલુકાના રસીકપુરામાં રહેતી મહિલા લગ્ન પ્રસંગ પતાવી પરત પોતાના ઘરે જવા રોડ ક્રોસ કરી આગળ જતા હતા તે વખતે બાઈક ચાલકે આ ત્રણેયને અડફેટ લેતા ઈજા થઈ હોવાનું જાણવા મળે છે.

આ અંગે મળતી માહિતી મુજબ ખેડા તાલુકાના રસીકપુરામાં રહેતા ચંપાબેન રાજેશભાઈ સોઢા પરમાર પોતાના સંતાનોને લઈ સંધાણા ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા. લગ્ન પ્રસંગમાંથી પરત જવા રતનપુર પાટિયાથી આંતરોલી જવા રોડ ક્રોસ કરતા હતા. ત્યારે રધવાનજ તરફથી પુર ઝડપે આવેલ બાઈક ચાલકે અડફેટે લેતા ચંપાબેન રાજેશભાઈ, તેમની દીકરી નિયતિ તથા દેવરાજ રોડ પટકાયા હતા. આ અકસ્માતમાં ચંપાબેન તેમજ તેમની દીકરી નિયતિને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ચંપાબેન રાજેશભાઈ સોઢા પરમારની ફરિયાદ આધારે માતર પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડા હાઈવે નં.૪૮ લાલી નજીક રોડ ક્રોસ કરતા શ્રમિકનું વાહનની ટક્કરે મોત

નડિયાદ, તા.૧૦

નેશનલ હાઈવે નં.૪૮ લાલી ચિરીપલ કંપનીના ગેટ આગળ રોડ ક્રોસ કરતા શ્રમિકનું અજાણ્યા વાહને ટક્કર મારતા મોત નિપજ્યું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે નંબર ૪૮ લાલી ગામની સીમ નજીક ચિરીપાલ કંપની આવેલ છે.આ કંપનીમાં નોકરી કરતા બલવીરસિંહ બચ્ચનસિંહ કોઈ કામ અર્થે ખેડા ગયો હતો. આ શ્રમિક ખેડાથી રિક્ષામાં કંપનીના ગેટ આગળ ઉતરી રોડ ક્રોસ કરતો હતો આ દરમિયાન ખેડા તરફથી પુરઝડપે આવેલ અજાણ્યો વાહનચાલક ટક્કર મારી નાસી ગયો હતો. જેથી બલવીરસિંહ રામ બચ્ચન સિંહને માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થઈ હતી જેની જાણ થતાં કંપનીના માણસોએ ૧૦૮ મારફત બલવીરસિંહને સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન શ્રમિકનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે અમરજીત વિરેન્દ્રસિંહએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરતમાં પ્રિ-મોન્સૂન કામગીરી શરૂ, કોઝ-વે પર બંને બાજુ આડશ મૂકાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

મુંબઈ સુધી ચોમાસું પહોંચી ગયું છે. સુરત જિલ્લામાં પણ મેઘરાજાની ધીમ ધારે પધરામણી થઈ ચૂકી છે. ત્યારે ભારે વરસાદ પડે તે અગાઉ સુરત મહાનગરપાલિકા દ્વારા દરવર્ષની જેમ પ્રી-મોન્સૂન કામગીરીનો ધમધમાટ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામા આવ્યો છે. રાંદેર અને કતારગામને જોડતા કોઝ વે પર લોખંડની ગ્રીલ કાઢીને વાંસની આડશ બાંધવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. સુરત મહાનગર પાલિકા દ્વારા દર વષે ચોમાસા પહેલા પ્રી-મોન્સૂન કામગીરી કરે છે. આ વષે પણ તંત્ર દ્વારા શહેરમા પ્રી-મોન્સૂન કામગીરી ચાલી રહી છે. ખાસ કરીને કોઝ વે પર બન્ને બાજુ દર વર્ષે ચોમાસું શરૂ થાય તે અગાઉ લોખંડની ગ્રીડ કાઢી નાખવામાં આવે છે. વરસાદી પાણીમાં કોઝ વેની સપાટી ૬ મીટરથી ઉપર જતી રહે ત્યારે ધસમસતા પાણીમાં આ ગ્રીલ તણાઈ ન જાય તે માટે વાંસની આડશ લગાવવામાં આવતી હોય છે. જો કે ભારે પાણીના પ્રવાહમાં કંઈક મોટી વસ્તુ તણાઈ આવે ત્યારે વાંસની આડશ પણ ટક્કર ઝીલતી નથી. વાંસની આડશ બાંધવાનું સવારથી શરૂ કરી દેવામાં આવ્યું હતું. શ્રમિકો દ્વારા વાંસની આડશને કાથીની દોરીથી બાંધી દેવામાં આવી છે. જો કે, આ વર્ષે પણ સારૂં ચોમાસું હોવાની અટકળો વહેતી થઈ હોવાથી કોઝ વે આ વખતે પણ ઘણા દિવસો બંધ રહેશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સુરત : એપાર્ટમેન્ટમાં મેન્ટનન્સના નાણાને લઈ સી.એ. અને તેના પિતાને તમાચા માર્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

શહેરના પોશ વિસ્તાર કહેતા ઘોડદોડ રોડ કાકડીયા કોમ્પ્લેક્ષની બાજુના એપાર્ટમેન્ટમાં મેન્ટેનન્સના નાણાને લઈને થયેલી બોલાચાલીએ મોટુ સ્વરૂપ ધારણ કરી લેતા સોસાયટીના પ્રમુખ સહિત બે જણાએ સી.એ અને તેના પિતાને તમાચા માર્યા હતા. તેમજ સી.એ ને દાદર પરથી ધક્કો મારતા તેઓ ત્રણેક સીડી ઉતરી દિવાલ સાથે ભટકતા ગંભીર ઈજાઓ પહોચી હતી.

ઘોડદોડ રોડ કાકડીયા કોમ્પ્લેક્ષની પાસે સુખ સાગરમાં ફ્લેટ નં-૧૦૧માં રહેતા ૩૬ વષિય રોહિત દેવેન્દ્રભાઈ ગાદિય અડાજણમાં દીપા કોમ્પ્લેક્ષમાં આવેલ કાકડીયા એજયુકેશન સર્વીસ પ્રાઈવેટ લિમિટેડમાં બાર વર્ષથી સી.એ તરીકે નોકરી કરે છે. રોહીતના ઉપરના ફ્લેટમાં સોસાયટી પ્રમુખ રાજુ રમણીકલાલ શાહ રહે છે. તેમના ફ્લેટના ટોઈલેટનો કોક ખરાબ હોવાથી તેમાથી પાણી લીકેજ થઈ રોહીતના ફ્લેટના રસોડાના ભાગે આવે છે, પાણી ખુબજ દુર્ગંધ મારતુ હોવાથી રાજુ શાહને અવાર નવાર રિપેરીંગ કરવા માટે કહેવા છતાંયે તેઓ રિપેર કરાવતા ન હતા. આખરે રોહીતના પિતાએ જાતે પ્લમ્બર બોલાવી પ્રમુખ રાજુને રિપેરીંગનું કામ કરાવવાનું કહેતા રિપેરીંગના અડધો ખર્ચો માંગ્યો હતો. જો કે, જેતે સમયે રોહીતને ખુબજ તકલીફ હોવાથી રિપેરીંગના ૧૯૦૦ના ખર્ચાના અડધા ૯૫૦ આપ્યા હતા. ત્યારબાદ રોહીતે સોસાયટીના ફ્લેટ હોલ્ડરોને પુછતા તેઓએ રિપેરીંગ કામના કોઈ પૈસા આપવા થતા ન હોવાનું જાણવા મળ્યું હતું. ૭ જુનના રોજ રાત્રીના નવેક વાગ્યે રોહીતે સોસાયટીના મેઈન્ટેનન્સન માસીક ૧૫૦૦માંથી રિપેરીંગના ૯૫૦ બાદ કરી બાકીના ૫૫૦ આપતા પ્રમુખ રાજુ શાહ ગુસ્સે થઈ મેઈન્ટેનન્સના પુરેપુરા નાણા માંગી ઝઘડો કયો હતો. રાજુ શાહનો અવાજ સાંભળી રોહીતના માતા-પિતા અને પત્ની પણ દોડી આવ્યા હતા. રાજુ શાહ અને તેના દિકરા શ્રેયુલે પરિવારને ગાળાગાળી કરી રોહીત અને તેના પિતાને તમાચા ચોડી આપ્યા હતા. તેમજ રોહીતને ધક્કો મારતા તેઓ ત્રણેક સીડી ઉતરી દિવાલ સાથે ભટકાતા ડાબા હાથના ભાગે ફેક્ચર થયું હતુ. આ મામલો ઉમરા પોલીસે પહોંચ્યો હતો. પોલીસે રોહીત ગાદિયાની ફરિયાદ લઈ રાજુ શાહ અને તેના પુત્ર શ્રેયુલ શાહ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### ફાયર એનઓસી રદ કરવાની સાથે માર્કેટ વિરૂદ્ધ સીલિંગ કાર્યવાહી

# વેપારીઓના વિરોધની આશંકાને પગલે મિલેનિયમ માર્કેટ બહાર પોલીસ બંદોબસ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન હોનારત બાદ સફાળા જાગેલા સુરત મહાનગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ફાયર એનઓસીના અભાવે સંખ્યાબંધ માર્કેટો વિરૂદ્ધ સીલિંગની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન ભાઠેના ખાતે આવેલ મિલેનિયમ માર્કેટ - ૨માં છાશવારે આગ લાગવાની ઘટનાને કારણે ફાયર વિભાગની નોટિસને માર્કેટના સંચાલકો દ્વારા ઘોળીને પી જતાં શનિવારે રાત્રે આ માર્કેટ વિરૂદ્ધ પણ સીલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે, આજે સવારે માર્કેટના વેપારીઓ દ્વારા મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી શક્યતાને પગલે પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભાઠેના ખાતે આવેલ મિલેનિયમ માર્કેટ - ૨માં છેલ્લા દોઢ વર્ષમાં ત્રણ વખત આગ ઘટનાઓ બની હતી. ગત ૭મી જુનના રોજ પણ ૭ જેટલી દુકાનોમાં આગ લાગવાની ઘટનાને કારણે ફાયર વિભાગના જવાનો દ્વારા ભારે જહેમત વચ્ચે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. અલબત્ત, આ ઘટના બાદ ફાયર વિભાગ દ્વારા માર્કેટ વિરૂદ્ધ સિલીંગની કાર્યવાહી ન કરવામાં આવતાં ભારે ચર્ચા ઉઠવા પામી હતી. એક તરફ ફાયર વિભાગે જ આ માર્કેટના સંચાલકોને વેન્ટિલેશન અને ઈલેક્ટ્રીક સહિતના પ્રશ્નો બાબતે પાંચ જેટલી નોટિસ પાઠવી હતી. તેમ છતાં માર્કેટના સંચાલકો દ્વારા આ દિશામાં કોઈ હકારાત્મક અભિગમ ન દાખવતાં અંતે ફાયર વિભાગે માર્કેટનું એનઓસી રદ કરવાની સાથે જ શનિવારે મોડી રાત્રે માર્કેટ સીલ કરતાં વેપારીઓમાં પણ રોષ ફાટી નીકળ્યો હતો. જેને પગલે આજે સવારથી જ માર્કેટની બહાર પોલીસ દ્વારા વેપારીઓના વિરોધ પ્રદર્શનની આશંકાને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે.

# આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા કમિશન ગુજરાત પ્રદેશની લુણાવાડા ખાતે બેઠક યોજાઈ



ફતેપુરા, તા.૯

આંતરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા કમિશન ગુજરાત પ્રદેશ દ્વારા મહીસાગર જિલ્લાના લુણાવાડા વિશ્રામ ગૃહ ખાતે પ્રદેશના અધ્યક્ષ સ્થાને પ્રદેશ લેવલનાં અને જિલ્લા કક્ષાના તમામ હોદ્દેદારોની કાર્ય સમીક્ષાની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં ગુજરાત રાજ્યના પ્રમુખ પીરઝાદા ઝાકીર હુસેન અને ગુજરાત રાજયના મહિલા પ્રમુખ સંગીતાબેન માલીવાડ તથા ગુજરાત રાજયના ઉપપ્રમુખ રેખાબેન રોહિત, ગુજરાત રાજયના મહા સચિવ રાજેશભાઈ ચામઠા, મહિલા સચિવ મનિષાબેન શ્રીમાળી સહિત મહીસાગર, અરવલ્લી, ખેડા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના ગુજરાત રાજયના સંગઠન સચિવ આઝાદ એસ મન્સૂરી ફતેપુરા જિલ્લા દાહોદ સહિતના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને માનવ અધિકાર પ્રોટેક્શન કમિશનમા કઈ રીતે કામ કરવું અને જનતાને ન્યાય અપાવવા અને જનતાના વચ્ચે રહી જનતાના અધિકારો વિશે જરૂરી માર્ગદર્શન સાથે સૂચનો આપવામાં આવ્યો અને જન જન સુધી અમારી વાત પહોંચે અને અમે જનતાને વધુમાં વધુ મદદરૂપ થઈએ તે માટે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

# નડિયાદની શાળાઓમાં રાજકોટ અગ્નિકાંડ જેવી ઘટના ન બને તે માટે તાલીમ શિબિર યોજાઈ



(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

નડિયાદ, તા.૧૦

ગુજરાત રાજય શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા ગાંધીનગર ની સૂચના અનુસાર સમગ્ર શિક્ષા ખેડા દ્વારા આયોજિત જિલ્લાના તમામ તાલુકાના બીઆરસી અને સીઆરસી કો-ઓર્ડીનેટરની સક્ષમ શાળા અંગે બે દિવસીય તાલીમ નડિયાદ ખાતે સેન્ટ મેરી સ્કૂલમાં યોજવામાં આવી હતી. જેમાં રાજકોટની ઘટના જેવી ઘટના જિલ્લામાં શાળાઓમાં ના બને તે માટે શું તકેદારી રાખવી તે અને તેના જેવા અન્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં ગુજરાતમાં બનેલી ઘટનાની ભાગરૂપે વેકેશન ખુલતા રાજયની તમામ શાળાઓમાં સલામતી અને સાવચેતીના ભાગરૂપે ફાયર સેફટી તેમજ સક્ષમ શાળા અંગેની તાલીમમાં શાળાઓમાં સ્વચ્છતા, સલામતી, સ્થાયીકરણ જેવા જુદા જુદા વિષય ઉપર બાળકો માટે પાણી, શૌચાલય, આરોગ્ય રક્ષણ, હવા, જમીન, ઉર્જા, આબોહવા, જોખમ, સરક્ષણ, સંચાલન, વર્તન, સમાવેશ જેવા પેટા વિશે ઉપર તાલીમાર્થીઓ પ્રેક્ટિકલ, વિડિયો તેમજ કેસ સ્ટડી સાથે તાલીમ આપવામાં આવી હતી. ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પરેશભાઈ વાઘેલા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉમેશભાઈ માછીના માર્ગદર્શન હેઠળ મદદનીશ જિલ્લા પ્રોજેક્ટની કોર્ડીનેટર ડો.અમરીશભાઈ મકવાણા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજય કચેરી તરફથી ધર્મેશભાઈ રામાનુજ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં રૂા.૫૦૦ ન આપતા યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરાઈ

જૂનાગઢ, તા.૧૦

માત્ર રૂા.૫૦૦ જેવી નજીવી બાબતે જૂનાગઢ શહેરમાં સક્કરબાગ નજીક આવેલ રામદેવપરા વિસ્તારમાં ૨૯ વર્ષના યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ સંજય મકવાણા નામનો યુવાન તેના ઘરની બહાર હતો ત્યારે તેની પાડોશમાં રહેતા દેવા ચૌહાણ નામના શખ્સે તેની પાસેથી રૂા.૫૦૦ની માગણી કરી હતી, જે આપવાની સુજયે ના પાડતા દેવાએ સંજય ચૌહાણ ઉપર છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજા થતાં સંજય મકવાણા ઘટના સ્થળે જ ઢળી પડ્યો હતો. તેને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ ઉપરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આમ રૂા.૫૦૦ જેવી નજીવી બાબતે યુવાનની હત્યા થતાં ૪ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ બનાવની જાણ થતાં જૂનાગઢ પોલીસ ઘટનાસ્થળે ધસી ગઈ હતી. અને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૦૨ મુજબ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે મૃતક સંજય મકવાણાના ભાઈ અરવિંદ મકવાણાએ જણાવ્યું હતું કે તેમના ઘરની સામે રહેતા દેવા ચૌહાણ નામના શખ્સે તેના મોટા ભાઈ સંજય મકવાણાને રૂા.૫૦૦ નહીં આપવાની બાબતે છરીના ઘા ઝીંકી દીધા હતા અને તેની હત્યા કરી નાંખી હતી. હત્યા કર્યા બાદ દેવા ચૌહાણ નાસી છૂટ્યો હતો. જેનુ ઝડપી લેવા માટે પોલીસે ટીમો બનાવી કાર્યવાહી કરી રહી છે.

### રોગચાળો ફેલાવાની ભીતિ

# પાંડેસરાના ભેદવાડમાં પીવાનું ગંદુ પાણી આવતું હોવાની સ્થાનિકોની રાવ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સુરત શહેરના ઉધના ઝોનમાં છેલ્લા એક અઠવાડિયાથી પીવાના ગંદા પાણીની ફરિયાદો ઉઠવા પામી છે. લાંબા સમયથી ફરિયાદો હોવા છતાં સમસ્યાનો હલ ન આવતા આ વિસ્તારના લોકોના આરોગ્ય બગડે તેવી ભીતિ સેવાઇ રહી છે. પાંડેસરા ભેદવાડ વિસ્તારમાં દરગાહ નજીક છેલ્લા એક અઠવાડિયા થી પીવાનું પાણી ગંદુ આવી રહ્યો છે. સ્થાનિક લોકોએ પાલિકાને અનેક વાર આ અંગે રજૂઆત કરી છે. તેમ છતાં હજી સુધી ફરિયાદનો કોઈ નિકાલ આવ્યો નથી. પાલિકા તંત્રની બેદરકારીને કારણે છેલ્લા ઘણા સમયથી આ ફરિયાદનો નિકાલ થતો નથી પરિણામે લોકોને ગંદુ અને ગંધાતું પાણી પીવાની નોબત આવી છે. જો પાલિકા તંત્ર તાત્કાલિક આ ફરિયાદનો નિકાલ નહીં કરે તો આ વિસ્તારના લોકોનું આરોગ્ય બગડે તેવી શક્યતા નકારી શકાતી નથી. આમ સ્વચ્છતામા નંબર વન હોવા છતાં લોકોને હજુ પણ પ્રાથમિક જરૂઆતો મળી રહી નથી. ભેદવાડ વિસ્તારમાં ગંદા પાણી ફરિયાદો હોવા છતાં સુરત મહાનગર પાલિકાના ઉધના ઝોનના અધિકારીઓની આળસ ઉડી નથી. જો કોઇ રોગચાળો ફાટી નિકળે તો તેનો જવાબદાર કોણ ગણાશે ?

### જૂનાગઢ માંગનાથ રોડ ઉપર

# ૮થી વધુ વેપારીઓને બીયુ સર્ટિ મામલે બાંધકામ સીલ કરવાની નોટિસ અપાતા રોષ

જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢના માંગનાથ રોડ ઉપરના ૮થી વધુ વેપારીઓને બીયુ સર્ટિફિકેટ મામલે બાંધકામ સીલ કરવાની મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવતા વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે વેપારીઓએ જણાવ્યું હતું કે, માંગનાથ રોડ પરની અનેક બિલ્ડીંગો જૂની હતી જેને રિનોવેશન કરાવી ગોડાઉન તરીકે ઉપયોગ કરાય છે. ત્યારે બાંધકામ વપરાશ પ્રમાણપત્ર (બીયુ) વગર બિલ્ડીંગનો કોમર્શિયલ વપરાશ કરાતો હોય, અકસ્માત થાય તો અંદર જવા તેમજ બહાર આવવા માટેના યોગ્ય માર્ગની વ્યવસ્થા કરવામાં આવેલ ન હોય, કોમર્શિયલ વપરાશમાં અકસ્માત થાય તો તેના નિવારણ અર્થે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી ન હોવાનું જણાવી મહાનગરપાલિકાના સિનિયર ટાઉન પ્લાનરે આ બિલ્ડીંગોનો વપરાશ બંધ સીલ કરવામાં આવશે તેવી નોટિસ પાઠવી છે. અચાનક પાઠવેલી નોટિસથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ જણાવ્યું હતું કે આ બાંધકામોનો મોટા ભાગે ગોડાઉન તરીકે ઉપયોગ કરાય છે. આ બાંધકામો કોમર્શિયલમાં નથી, પરંતુ રેસીડેન્સમાં ગોડાઉન તરીકે ઉપયોગ કરાય છે. ત્યારે બીયુ સર્ટિ. મામલે સીલ મારવાની નોટિસથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, તેમને થતી કનડગત મામલે એક દબંગ ગણાતા નેતાને રજૂઆત કરી હતી. ત્યારે નેતાજીએ પણ જણાવ્યું હતું કે બહું બહું તો હું સીલ મારવાની મુદ્દતમાં થોડો વધારો કરાવી શકું. બાકી આ કમિશનર બહુ કડક છે, કોઈનું માનતા કે રાખતા નથી. તમે કમિશનરને રજૂઆત કરો. ત્યારે વેપારીઓએ કહ્યું હતું કે અમે તમને (કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદને) મત આપીએ છીએ, કમિશનરને નહીં માટે અમે તો તમને જ કહીએ ને ? હાલ લગ્નગાળાની સીઝન ખુલવાની છે ત્યારે જ ૮થી વધુ વેપારીઓને બીયુ મામલે મિલકત સીલ કરવાની નોટિસ અપાતા વેપારી આલમમાં રોષની લાગણી ફેલાઈ છે.

# પિકનિક પોઈન્ટ ગળતેશ્વર મહી નદીના પટમાં પાર્ક કરેલ બે કારમાંથી ચોરી

નડિયાદ, તા.૧૦

પિકનીક પોઈન્ટ તરીકે જાણીતા ગળતેશ્વરમાં મહી નદીના પટમાં પાર્ક કરેલી બે કારમાંથી તસ્કરો રૂપિયા ૧.૯ લાખની માતા ચોરી કરી ગયા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના કૃષ્ણનગર ખાતે રહેતા જયેશભાઈ રામાભાઈ પટેલ પોતાના પરિવારના સભ્યો અને અન્ય સગા સંબંધીઓ સાથે ઈકો કારમાં બેસી ગતરોજ ખેડા જિલ્લાના ગળતેશ્વર ખાતે આવ્યા હતા. મહી નદીના પટના પાર્કિંગમાં કાર પાર્ક કરી કારને લોક કરી આ તમામ લોકો મહી નદીના છીછરા પાણીમાં નાહવા ગયા હતા. દરમિયાન બપોરના સુમારે જયેશભાઈ અને અન્ય પરીજનો ઉપરોક્ત ઠેકાણે પાર્ક કરેલી કાર પાસે પહોંચતા કારનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલ્લો હતો. કોઈ અજાણ્યા ઈસમે કાચ તોડી કારમાં મુકેલ મોબાઈલ ફોન, રોકડ રૂપિયા સહિત અગત્યના ડોક્યુમેન્ટ લઈ ફરાર થઈ ગયા હતા.

જયેશભાઈ આ બાબતે આસપાસ તપાસ કરતા હતા ત્યાં તેમની કારને અડીને આવેલ અન્ય કારના પણ ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. આ ગાડીનો ડ્રાઈવર સાઈડે પાછળના ભાગે કાચ તોડી ચોરી કરેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. તેમાં પણ રોકડ રૂપિયા અને મહિલાના મંગળસુત્ર, બુટ્ટી જેવા દાગીના હતા તે તમામની ચોરી કરી તસ્કરો પલાયન થયા હોવાની વિગતો જાણવા મળી હતી. આમ બંને કારમાંથી અજાણ્યા તસ્કરોએ કુલ રૂપિયા ૧.૦૯ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થયા હતા. આ બનાવ મામલે જયેશભાઈ પટેલે ઉપરોક્ત અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ સેવાલીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સચિન જીઆઈડીસીમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૦

સચિન જીઆઈડીસી પોલીસને બાતમી મળી હતી કે સચિન તલંગપુર રોડ પર આવેલ કૌશલ પાર્ક સોસાયટી વિભાગ એક પ્લોટ નંબર ૧૪, ૧૫માં આવેલ ચાલીમાં પહેલા માળે રૂમ નંબર ૧૩માં ગાંજાનો જથ્થો છુપાવી રાખવામાં આવ્યો છે. જે બાતમીના આધારે સચિન જીઆઈડીસી પોલીસે દરોડા પાડી ઘરની તલાસી લેતા રૂમમાંથી રૂપિયા ૫૮,૭૦૦ની કિંમતનો પાંચ કિલો ૮૭૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ ગાંજાનો જથ્થો ઓરિસ્સાનો વતની વિકાસ કિશોર ગૌન્ડા ઓરિસ્સા ખાતેથી લાવ્યો હતો. વિકાસ ગૌડ ઓરિસ્સાથી ગાંજાનો જથ્થો લાવી મિત્રના રૂમ પર સંતાડી રાખ્યો હતો. હાલ તો પોલીસે ૫૮,૭૦૦ની કિંમતનો ગાંજો તથા એક મોબાઈલ સહિત કુલ રૂપિયા ૬૩,૭૦૦ના મુદ્દામાલ જ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો ઈસમ ઝડપાયો

ડીસા, તા.૧૦

ડીસા શહેર દક્ષિણ પોલીસે જાહેરમાં મોબાઈલ પર ઓનલાઇન ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે યુવકની અટકાયત કરી સટ્ટાની આઇડી આપનારની તપાસ હાથ ઘરી છે. ડીસા શહેર દક્ષિણ પોલીસ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે સમયે ડીસા શાકમાર્કેટની બાજુમાં જાહેરમાં એક શખ્સ મોબાઈલ પર આઇ.ડી.વડે સટ્ટો રમતો હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમ તરત જ ત્યાં પહોંચી હતી અને શંકાસ્પદ યુવકને પકડી તેના મોબાઈલની તપાસ કરતા તે મોબાઈલ પર આઇ.ડી. વડે સટ્ટો રમતો હોવાનું જણાયું હતુ જેથી પોલીસે તેની અટકાયત કરી હતી. ઝડપાયેલ શખ્સ કાંતિલાલ ટેકચંદ ઠક્કર (રહે, ઉમિયા નગર, ડીસા)નો મોબાઈલ જપ્ત કરી તેમાં અંદર રહેલી આઇડી લિંકની તપાસ કરી આઈડી આપનારની પણ તપાસ હાથ ધરી છે.

### બહેરામપુરા-દાણીલીમડાની ૭૦૦થી વધુ ફેક્ટરીઓએ ધારાધોરણ ન જાળવ્યું

# ૧૧૨ કરોડના ખર્ચે તૈયાર CETP પ્લાન્ટ વધારે ક્ષમતાથી ગંદુ પાણી છોડતા બંધ કરાયો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટે સાબરમતી નદીમાં ફેક્ટરીઓ દ્વારા કેમિકલયુક્ત અને પ્રદૂષિત પાણી છોડવા મામલે કરેલી ગંભીર ટકોર બાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં આવેલી ૭૦૦થી વધુ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગની ફેક્ટરીઓ બંધ થઈ ગઈ હતી. જેને ચાલુ કરવા માટે ૧૧૨ કરોડના ખર્ચે CETP પ્લાન્ટ બનાવડાવ્યો હતો. જે પ્લાન્ટ માત્ર ૧૦ મહિનામાં જ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(GPCB) દ્વારા બંધ કરાવી દેવામાં આવ્યો છે. GPCB દ્વારા છેલ્લા બે મહિનામાં ચાર વખત CETP પ્લાન્ટ ખાતે તપાસ કરી અને વિવિધ નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જેમાં ૬૦૦થી વધુ ફેક્ટરીઓ દ્વારા વધુ પ્રમાણમાં ગંદુ પાણી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં છોડવામાં આવતું હતું. પ્લાન્ટના ઓપરેશનની કોઈ લોગબુક મેન્ટેન કરવામાં આવી નહોતી. ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ હતો અને મોટા પ્રમાણમાં ખુલ્લા પ્લોટમાં કચરો જોવા મળ્યો હતો. જેને લઈને GPCB દ્વારા પ્લાન્ટને બંધ કરાવી દીધો છે અને એક પણ ફેક્ટરીને પ્લાન્ટમાં પાણી ન છોડવા સ્પષ્ટ સૂચના આપી દીધી છે. કોઈપણ ફેક્ટરી દ્વારા પ્લાન્ટમાં પાણી ન છોડવામાં આવે તેનું સતત ધ્યાન રાખવા કહ્યું છે. CETP પ્લાન્ટમાં આઉટલેટમાં ધારાધોરણ મુજબ પાણી છોડાય તે રીતનું જણાવવામાં આવ્યું છે.

દાણીલીમડા-બહેરામપુરા આસપાસ આવેલી ૭૦૦થી વધુ ફેક્ટરીઓ જેને હાઈકોર્ટ દ્વારા સાબરમતી નદીમાં પ્રદૂષણ મામલે બંધ કરાવી દીધી હતી, તેને ચાલુ કરાવવા માટે બે વર્ષ પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના પ્રભારી અને અન્ય એક નેતા દ્વારા રાજ્ય સરકારની ૩૦ ટકા અને કેન્દ્ર સરકારની ૫૦ ટકા ગ્રાન્ટ અને અમદાવાદ હેન્ડ્સ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિએશનના ૨૦ ટકા મળી રૂ.૧૧૨ કરોડના ખર્ચે નવો ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩માં આ પ્લાન્ટ શરૂ તો કરાવ્યો પરંતુ, ફેક્ટરીના માલિકો દ્વારા વધારે ક્ષમતાથી ગંદુ પાણી છોડવામાં આવતા ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવાની ફરજ પડી છે.

અમદાવાદ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિએશનના પ્રમુખે માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા CETP પ્લાન્ટ બંધ કરવા અંગેની નોટિસ આપી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અમને જે ધારા ધોરણ અને નિયમો મુજબ ગુણવત્તા જાળવવાનું કહ્યું છે તે અમે થોડા દિવસોમાં પૂર્ણ કરીશું. COD અને BODનું પ્રમાણ વધુ આવી રહ્યું છે. જેને લઈને અમે પણ તપાસ કરી રહ્યા છીએ. TSSનો પ્રોબ્લેમ છે, જેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્લાન્ટની નોડલ એજન્સી છે. જો કે, હવે તમામ બાબતોને અમે હાથ પર લેવા માંગીએ છીએ. આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અધિકારીઓ સાથે બેઠક કરવાના છીએ. છેલ્લા બે મહિના દરમિયાન જીપીસીબી દ્વારા જે ધારા ધોરણ મુજબ અને નિયમો મુજબ પ્લાન્ટમાં પાણી છોડવા અને અન્ય સૂચના આપી હતી છતાં તેને કેમ પૂર્ણ ન કરવામાં આવી તે અંગે અમને તેઓએ જવાબ આપ્યો ન હતો.

### બાળકોના જીવ સાથે રમત

# શહેરમાં રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર ધમધમે છે પાંચ હજારથી વધુ પ્રિ-સ્કૂલ

અમદાવાદ, તા.૧૦

રાજકોટ અગ્નિકાંડ બાદ સફાળા જાગેલા તંત્ર અને સરકારે જ્યારે ફાયર NOC અને BU પરમિશન મામલે કામગીરી આરંભી તો પોતાની જ પોલ પોતે ખોલતા હોય તેવી સ્થિતિ સામે આવી છે.

અમદાવાદ શહેરમાં મંજૂરી વગરની અને ફાયર NOC ન ધરાવનાર મિલકતો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરમાં શાળા-કોલેજો સિવાય ગેરકાયદે પ્રિ-સ્કૂલો પણ ધમધમી રહી છે. મોટા ભાગની પ્રિ-સ્કૂલો સોસાયટીઓમાં આવેલાં મકાનો અને પતરાંના શેડ ઊભા કરીને શરૂ કરી દેવામાં આવે છે. જ્યારે કેટલાક સોસાયટીઓના બંગલા કે મકાનોમાં ચાલે છે. કોમર્શિયલ પ્રવૃત્તિ હોવાથી જે બાંધકામ હોય એનું કોમર્શિયલ તરીકે બીયુ સર્ટિફિકેટ લેવાનું હોય અને ટેક્સ પણ કોમર્શિયલ ભરવાનો હોય છે. જો કે, મોટા ભાગની પ્રિ-સ્કૂલો કોમર્શિયલ કરાવતી નથી. અમદાવાદ શહેરમાં દરેક વિસ્તારમાં પ્રિ-સ્કૂલો આવેલી છે. પ્રિ-સ્કૂલો માટેનું રજિસ્ટ્રેશન ચાલુ વર્ષથી શરૂ થયું છે.

**નથી BU પરમિશન કેન થી ફાયર NOC**

આજદિન સુધી કોઈપણ પ્રકારના રજિસ્ટ્રેશન વિના આ સ્કૂલો ચાલતી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રિ-સ્કૂલો આવેલી છે, જેમાં મોટા ભાગની કોઈપણ સોસાયટી કે બંગલામાં આવેલાં મકાનોમાં શરૂ કરી દેવામાં આવે છે. રહેણાંક વિસ્તારમાં પતરાંના શેડ લગાવી દેવામાં આવે છે, આગળ નાનું ગાર્ડન જેવું બનાવી દેવામાં આવે છે અને પ્રિ-સ્કૂલો શરૂ કરી દેવામાં આવી છે.

શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્નેહ પ્લાઝા રોડ ઉપર અને ડીકેબિન વિસ્તારમાં ટ્રી હાઉસ, શાહીબાગ ગિરધરનગર વિસ્તારમાં ધ રેઈનબો ફિશ સહિતની પ્રિ-સ્કૂલો આવેલી છે, જે સોસાયટીઓમાં આવેલાં મકાનોમાં ચાલે છે. એમાં કેટલીક પ્રિ-સ્કૂલો પાસે બીયુ પરમિશન નથી, જ્યારે કેટલીક સ્કૂલોએ ઈમ્પેક્ટમાં પણ અરજીઓ કરેલી છે. આમાંની અમૂક પ્રી-સ્કૂલોમાં જ ફાયર NOC અને ફાયર સેફ્ટીનાં સાધનો લગાવેલાં છે.

અમદાવાદ શહેરમાં અંદાજે પાંચ હજારથી વધુ પ્રિ-સ્કૂલો આવેલી છે, જેમાં મોટા ભાગની સ્કૂલોમાં GDCRના નિયમ પ્રમાણે જે કોમર્શિયલ બીયુ સર્ટિફિકેટ લેવાનું હોય છે એ લેવામાં આવતું નથી. રહેણાંક તરીકેનું બીયુ સર્ટિફિકેટ હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેતુ બદલાવ કરી અને કોમર્શિયલ કરાવવું પડે છે, એનો ટેક્સ પણ કોમર્શિયલ ભરવાનો હોય છે, પરંતુ માત્ર સોસાયટીના મકાનમાં બાંધકામ ઊભું કરીને સ્કૂલો શરૂ કરી દેવામાં આવે છે. ૯ મીટરથી નીચેની ઈમારતમાં કોઈ ફાયર NOC ન લેવાનો નિયમ હોવાથી NOC લેવામાં આવતું નથી, પરંતુ સુરક્ષાને લઈને ફાયર સેફ્ટીનાં સાધનો લગાવવાનાં હોય છે. જો કે, મોટા ભાગની સ્કૂલોમાં સાધનો પણ હોતાં નથી. જો કોઈ ઘટના બને તો નાનાં બાળકોને બહાર કાઢવા માટે માત્ર એક જ દરવાજો હોય છે. આવા મકાનમાં જો કોઈ ઘટના બની જાય તો એના માટે જવાબદાર કોણ ?

### ગરમી અને બફારો બન્યો બીમારીનું કારણ

# શહેરમાં અનેક લોકો ઝાડા-ઉલ્ટી અને ટાઈફોઈડની ઝપટમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

શહેરમાં ગરમીના કારણે લોકોમાં બીમાર પડવાની સ્થિતિ યથાવત્ રહેવા પામી છે. અમદાવાદમાં ગરમીના કારણે પેટમાં દુખાવો, ઝાડા ઉલટી, માથાનો દુખાવો, ચક્કર આવવા, ભારે તાવ જેવા ગરમીને લગતા કેસોમાં વધારો થતો હોય છે. છેલ્લા સાત દિવસમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલો અને અર્બન હેલ્થ સેન્ટરમાં કુલ ૧૧૯ લોકોએ ગરમીને લઈને સારવાર લીધી હતી. જેમાં સૌથી વધારે શહેરના પૂર્વ વિસ્તારમાં ૪૨થી વધુ લોકોએ સારવાર લીધી હતી. નરોડા

**એક અઠવાડિયામાં ૧૧૯ લોકોને અસર**

અને વટવા વિસ્તારમાં સૌથી વધારે લોકોને ગરમીની અસર થઈ હતી. અમદાવાદ શહેરમાં ઉનાળામાં સિઝનમાં રોગચાળો બેકાબુ બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. પ્રદૂષિત પાણી અને ગરમીમાં બહારનું ખાવાના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. શહેરમાં રોજના ૫૦થી વધુ ઝાડા ઉલટીના કેસ નોંધાઈ રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં સૌથી વધુ રોગચાળો ફેલાઈ રહ્યો છે. અમરાઈવાડી, વટવા, લાંભા, દાણીલીમડા, ગોમતીપુર, ઈન્દ્રપુરી, નરોડા વિસ્તારમાં કોલેરાના કેસો પણ નોંધાયા છે. શહેરમાં જૂન મહિનામાં ૦૯ દિવસમાં ૨૯ પાણીના સેમ્પલો ફેઈલ આવ્યા છે. જેથી ઝાડા ઉલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડાએ જણાવ્યું હતું કે, ચાલુ જૂન મહિનામાં ૦૯ દિવસમાં ઝાડા-ઉલટીના ૪૬૮, કમળાના ૭૩, ટાઈફોઈડના ૧૫૬ અને કોલેરાના ૧૯ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરિયાના ૦૯ અને ડેન્ગ્યુના ૦૮ કેસ નોંધાયા છે. શહેરમાં ૦૯ દિવસમાં ૧૪૧૫ પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી ૨૯ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે.

# વિધાનસભા પેટાચૂંટણીના વિજેતા પાંચ ધારાસભ્યો આજે પદના શપથ લેશે

### અર્જુન મોઢવાડિયા, સી.જે. ચાવડાના નામ મંત્રી પદની રેસમાં

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

લોકસભાની ચૂંટણી સાથે ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી પણ યોજાઈ હતી. માણાવદર, પોરબંદર, વિજાપુર, વાઘોડિયા અને ખંભાત બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પાંચેય બેઠકો પર ભાજપે જીત મેળવી છે. ત્યારે આ પાંચેય ચૂંટાયેલા સભ્યો આવતીકાલે ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કરશે. આ પાંચ ચૂંટાયેલા સભ્યો માથી ચાર કોંગ્રેસ માથી રાજીનામું આપીને આવ્યા છે.

પોરબંદર બેઠક પરથી અર્જુન મોઢવાડિયા, વિજાપુરમાં સી.જે. ચાવડા, વાઘોડિયામાં ધર્મેન્દ્રસિંહ વાઘેલા, માણાવદરમાં અરવિંદ લાડાણી તથા ખંભાતમાં ચિરાગ પટેલ વિજયી થતાં તેઓ હવે આવતીકાલે શપથ લેશે. આ તમામ વિજેતા ઉમેદવારો આવતીકાલે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી સમક્ષ ધારાસભ્ય પદના સોગંદ લેશે હજુ સુધી સત્તાવાર સમયની જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ મહદ અંશે ૧૨:૩૯ મિનિટે શપથ ગ્રહણ કરે તેવી શક્યતા છે.

### પૂર્વ કલેક્ટરના હુકમને અવગણીને ગણોતિયાના નામ દાખલ કરી સરકારી જમીન પધરાવી દેવાનું કૌભાંડ

# સુરતની બે હજાર કરોડની સરકારી જમીનના કૌભાંડમાં વલસાડના કલેક્ટર ઓક સસ્પેન્ડ

### કોંગી નેતાની ફરિયાદ બાદ તપાસ હાથ ધરાઈ હતી; મોટા માથાની સંડોવણી બહાર આવવી જોઈએ : ચૌધરી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

સુરતના ડુમસ વિસ્તારમાં સરકારી જમીન ખોટી રીતે ખાનગી વ્યક્તિઓના નામે ચડાવી બે હજાર કરોડનું જમીન કૌભાંડ આચરવા મામલે IAS અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સુરત કલેક્ટરની ફરજ દરમિયાન સરકારી જમીન વેચી મહેસૂલ વિભાગને નુકસાન પહોંચાડવા મામલે રાજ્ય સરકાર દ્વારા વલસાડના કલેક્ટર આયુષ ઓકને સસ્પેન્ડ કર્યા છે. લાંબા સમયથી આ જમીન કૌભાંડ મામલે ઝીણવટ ભરી તપાસ ચાલી રહી હતી. જો કે, તપાસના અંતે કલેક્ટર કક્ષાના અધિકારીને સસ્પેન્ડ કરાતા ચર્ચા વ્યાપી છે.

ડુમસ જમીન કૌભાંડ મામલે અગાઉ રજૂઆત કરનાર કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ એક ખુબ મોટું બે હજાર કરોડ રૂપિયાની જમીનનું કૌભાંડ હતું. જેમાં ૨૦ જેટલા નામ કલેક્ટર દ્વારા ખોટી રીતે સરકારી જમીનમાં ચડાવવામાં



આવ્યા હતા. પરંતુ આ લડાઈ અહીં પૂરી નથી થતી. જેમ રાજકોટમાં અગ્નિકાંડ થયા પછી પણ રાજકીય માથાઓના નામ ઉજાગર થયા નથી કે પ્રકાશમાં આવ્યા નથી. તો આ કેસમાં પણ એવું જ છે કે કોઈને કોઈ રાજકીય વ્યક્તિ કે નેતાનું દબાણ હોય તો જ કલેક્ટરે આ નિર્ણય લીધો હોય. એટલે આની હજુ પણ તપાસ થવી જોઈએ. તો જ આ લડાઈનો અંત આવશે. કલેક્ટરની સહી હતી એટલે તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને ઢાંક પીછોડો કરવામાં આવ્યો હોવાનું લાગે છે. કોનાના દબાણથી કલેક્ટરે આ કર્યું હોય તે પણ બહાર આવવું જોઈએ એ પણ અમારી માંગણી છે. આ મામલે ૧૦૦ ટકા કોઈને કોઈ જમીન માફિયાની સંડોવણી હોઈ શકે છે. ભાજપના આગેવાનની પણ સંડોવણી હોઈ શકે છે.

વલસાડ જિલ્લાના કલેક્ટર આયુષ ઓકને સુરત ડુમસ રોડ ઉપર આવેલી જમીન કૌભાંડ કેસમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ત્યારે તેમની જગ્યાએ વલસાડના ADM અનસૂયા જહાંને કલેક્ટર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીએ જમીન કૌભાંડ અંગે કરેલી ફરિયાદ બાદ રાજ્ય સરકારે તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં વલસાડ જિલ્લા કલેક્ટર તરીકે આયુષ ઓક સેવા આપી રહ્યા છે. તેમને સાંજે અચાનક સસ્પેન્ડનો ઓડર કરાતા ચર્ચાનો વિષય બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતના ડુમસ વિસ્તારમાં સરકારી જમીન કલેક્ટર દ્વારા ખોટી રીતે આદેશ કરીને ગણોતિયાના નામે ચડાવી દેવાના આક્ષેપો વિપક્ષ દ્વારા કરવામાં આવ્યા હતા. જેને લઈને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સુધી હવે આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો હતો. ત્યારે કોના ઈશારે ગણોતિયાનું નામ દાખલ કરવામાં આવ્યું અને આની પાછળ કયા રાજનેતાનો ખેલ છે તે મામલે SITની રચના કરી તપાસ કરવાની માગ કોંગ્રેસ નેતા દ્વારા કરવામાં આવી હતી. જો કે, કાયદાકીય રીતે પૂર્વ કલેક્ટર દ્વારા જે જમીન સરકારી હોવાનું કહેવામાં આવ્યું હતું તે જમીનમાં રાતોરાત ગણોતિયાનું નામ દાખલ કરીને કેવી રીતે ખેલ પાડી દેવામાં આવ્યો તેને લઈને અનેક શંકાઓ ઉભી થઈ હતી.

ડુમસ વિસ્તારની ૨.૧૭ લાખ ચોરસ મીટર જમીન ગણોતિયાનું નામ દાખલ કરાવીને બે હજાર કરોડ રૂપિયાનો ખેલ પાડી દેવાનો આક્ષેપ કોંગ્રેસ નેતા તુષાર ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો. પોતાના અંગત બિલ્ડરને લાભ કરાવવા માટે રાજકીય દબાણ હેઠળ જમીનમાં ગણોતિયાનું નામ દાખલ કરાવી દેવામાં આવ્યું છે કે કેમ? તેને લઈને મોટો પ્રશ્ન સર્જાયો હતો. રાજ્ય સરકાર સુધી આ સમગ્ર મામલો પહોંચ્યો હતો. જેથી ત્યાંથી પણ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, જે જમીનમાં વર્ષોથી ગણોતિયા ન હતા તે જમીનમાં એકાએક આ ગણોતિયા ઉભા કરવામાં આવ્યા છે. એથી પણ વધુ ગંભીર બાબત એ છે કે, સુરતના પૂર્વ કલેકટર રાજેન્દ્રકુમાર દ્વારા આ જમીન સરકારી હોવાનું સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. તેમ છતાં આ સરકારી જમીન તે સમયે સુરતના કલેક્ટર રહેલા આયુષ ઓક દ્વારા પોતાની બદલી થવાના એક દિવસ પહેલાં ગણોતિયાનું નામ દાખલ કરવા માટેનો આદેશ કેવી રીતે અપાયો.

### લોકસભાની ચૂંટણી દરમિયાન કરાયેલી અરજીઓ

# અમદાવાદ પો. કમિશનરના જાહેરનામાને પડકારતી અરજીઓ હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

લોકસભાની ચૂંટણી દરમિયાન ગાંધીનગરથી રાજપૂત અગ્રણીએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરના ૧૬ એપ્રિલના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર્યું હતું. તે અરજી સિંગલ જજે ફગાવી દીધી હતી. ત્યારે એડવોકેટ દ્વારા પણ પાર્ટી ઈન પર્સન તરીકે આ જાહેરનામા સામે જાહેર હિતની અરજી કરીને હાઈકોર્ટમાં પડકાર આપ્યો હતો. આજે આ અરજી ઉપર ચીફ જજની બેન્ચ સમક્ષ સુનવણી હતી. જેમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું ૦૭ મે ના રોજ સમાપ્ત થઈ ચૂક્યું છે. સિંગલ જજે રાજપૂત સમાજની અરજી ફગાવી દિધી હતી. ત્યારે હવે આ અરજીનો કોઈ મતલબ રહેતો નથી. આથી હાઈકોર્ટે આજે આ અરજી પણ નકારી નાખી હતી.

અગાઉ કોર્ટે કહ્યું હતું કે Crpc 144 ની બાબતમાં કોર્ટ શા માટે હસ્તક્ષેપ કરે ? અરજદારે જણાવ્યું હતું કે આ બાબતે કોર્ટ સંજ્ઞાન લે કારણ કે આ જાહેરનામું લોકશાહી ઉપર મોટો હુમલો છે. કોર્ટે કહ્યું હતું કે Crpc 144 અંતર્ગતનું જાહેરનામું કોઈની સ્વતંત્રતા છીનવી લેતું નથી. ફક્ત કાયદો અને વ્યવસ્થા જાળવવા તેનો ઉપયોગ કરાયો છે. આ મેટર બોર્ડ ઉપર આવશે ત્યારે તેને સાંભળવામાં આવશે. અગાઉ એડવોકેટે ચીફ જજની બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ૧૬ એપ્રિલના રોજ Crpc ૧૪૪ અંતર્ગત બહાર પડાયેલ જાહેરનામાને પડકાર્યું છે. આ બાબત લોકશાહી, ચૂંટણી અને વાણી સ્વતંત્રના અધિકારને લગતી છે. આ સંદર્ભે તેમને હાઈકોર્ટમાં ૨૬ એપ્રિલે જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેની ઉપર તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવે. ત્યારે કોર્ટે કહ્યું હતું કે પોલીસ કમિશ્નરના જાહેરનામાંથી લોકોના ફરવાના, વોટ આપવાના કે અન્ય કોઈ હકો છીનવાઈ જતા નથી. કોર્ટમાં ભાષણ આપવું જોઈએ નહીં. કોર્ટે કટાક્ષમાં કહ્યું હતું કે કોર્ટ લોકસભાની ચૂંટણી રોકી શકે નહીં.

રાજપૂત સમાજ વતી હાઈકોર્ટમાં થયેલ અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે અરજદારના બંધારણીય હક્કોનો ભંગ થઈ રહ્યો છે, બંધારણના આર્ટિકલ ૧૯ અને ૨૧નો ભંગ થઈ રહ્યો છે. અરજદારે અમદાવાદ શહેર પોલીસ કમિશનરનાં ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર્યું છે. પોલીસ કમિશનરે વિરોધ કરતા રોકવા, કાળા વાવટા ફરકાવતા, સૂત્રોચ્ચાર રોકવા આચાર સંહિતાના અમલના ઓથા હેઠળ અમદાવાદ શહેર માટે ક્રૉર્જિ ૧૪૪ અંતર્ગત જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ ભેગા મળીને વિરોધ અને બેનર બતાવવા ઉપર પ્રતિબંધ છે. શહેર પોલીસ કમિશનરના જાહેરનામા અનુસાર શાંતિપૂર્વક દેખાવો થઈ શકતા નથી.

### ગાંધીનગર સચિવાલયના ૧૦૦થી વધુ તાલીમાર્થી જોડાયા

# અધિકારી-કર્મીઓની અર્બન હોર્ટિકલ્ચર અને કિચન ગાર્ડન અંગે તાલીમ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં અર્બન હોર્ટીકલ્ચર અને કિચન ગાર્ડનને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ સચિવાલયના અધિકારી-કર્મચારીઓ માટે બાગાયત નિયામકની કચેરી દ્વારા બે દિવસીય અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે ૧૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ અર્બન હોર્ટીકલ્ચર, પ્લગ નર્સરીજહોમ અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી હતી.

આ બે દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને અર્બન હોર્ટીકલ્ચરના મહત્વ અને અગત્યતા, નવા સચિવાલય ઈકો ક્લબ, આદર્શ કિચન ગાર્ડન આયોજન અને વ્યવસ્થાપન, હાઈડ્રોપોનીક્સ પરિચય અને વ્યવસ્થાપન, માઈક્રોગ્રીન્સ નિદર્શન અને મહત્વ તેમજ ટેરરીયમના વિવિધ આયામો અંગે વિષય નિષ્ણાતો દ્વારા સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલીમાર્થીઓને વિવિધ સાધનોના ઉપયોગ, કમ્પોસ્ટ બનાવવાની રીત, કુંડા ભરવા ઋતુવાર પાક પસંદગી અને તેની વાવેતર પદ્ધતિ તેમજ રોગ અને જીવાત નિયંત્રણ અંગે પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. બે દિવસીય તાલીમના અંતે તાલીમાર્થીઓને બાગાયત નિયામકની કચેરી દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.

### શહેરમાં વ્હાઈટ ટોપિંગ રોડ ચોમાસામાં બનશે માથાનો દુઃખાવો

# ૫૦૦ કરોડથી વધુના ખર્ચે બનેલા રોડ ઊંચા બનતા સોસાયટીઓમાં ભરાશે વરસાદી પાણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં ચોમાસામાં વ્હાઈટ ટોપિંગ રોડ મુશ્કેલી બનશે. આ રોડ ઊંચા બનતા સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાવવાની શક્યાતાઓ રહેલી છે. શહેરમાં જે સ્થળો પર વરસાદી પાણી ભરાતા હોય એવા સ્થળો પર RCC જેવો વ્હાઈટ ટોપિંગ રોડ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવી રહ્યા છે. શહેરમાં ૧૮ સ્થળે વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવામાં આવ્યા છે. વ્હાઈટ ટોપિંગ રોડ પર અને આસપાસના વિસ્તારોમાં નવી કેચપીટો બનાવવામાં આવી છે, પરંતુ મોટાભાગના વિસ્તારમાં સોસાયટીથી ઊંચો રોડ હોવાને કારણે પાણી સોસાયટીઓમાં ઘૂસી જાય તેવી સ્થિતિ સર્જાઇ છે. જેટલા પણ સ્થળોએ વ્હાઈટ ટોપિંગ રોડ બનવાના છે એવા તમામ સ્થળો પર ચોમાસામાં નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં રોડ પર વરસાદી પાણી ન ભરાય તેની સમસ્યાને દૂર કરવા માટે બે વર્ષ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો અને ઈજનેર વિભાગના અધિકારીઓએ બેંગ્લોર શહેરમાં બનેલા વ્હાઈટ ટોપિંગ રોડ જેવા રોડ અમદાવાદમાં બનાવવાનો નિર્ણય લીધો હતો, જેના ૫૦૦ કરોડથી વધુની ટેન્ડર પ્રક્રિયા કરી ૧૩ કિ.મી. લંબાઈના ૧૮ જેટલા વ્હાઈટ ટોપિંગ રોડ બનાવ્યા છે. જેમાં અગાઉની ૫૫૪ જેટલી હયાત કેચપીટ યથાવત્ રાખવામાં આવી હતી. જ્યારે તંત્ર દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે, નવી ૭૧૫ જેટલી કેચપીટ બનાવવામાં આવી છે. વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવા માટે જે હયાત રોડ હતો તેના કરતાં ત્રણથી ચાર ઈંચ જેટલો રોડ ઊંચો બનાવવામાં આવ્યો છે. રોડ બનાવવા ૭૫ મી.મી.નું મિલિંગ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. જો કે, તે બાદ તેના પર ૧૫૦થી ૨૦૦ મી.મી.ની જાડાઈનો કોંક્રિટનો થર લગાવવામાં આવે છે. ત્યારે તે હયાત રસ્તા કરતા પણ ૩થી ૪ ઈંચ જેટલો રસ્તો ઉંચો થઈ જાય છે. તેને પરિણામે અનેક વિસ્તારમાં સોસાયટીઓ નીચી થઇ ગઇ છે. સોસાયટીઓનું પાણી રોડ પર જવાની જગ્યાએ સોસાયટીઓમાં જ ભરાઈ રહેશે. વ્હાઈટ ટોપિંગ રોડ પર પાણી નહીં ભરાય પરંતુ, પાણી આસપાસની સોસાયટીઓમાં જાય એવી પૂરી શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

# આબુના સૌંદર્યમાં વધારો : એક સાથે પાંચ રીંછ દેખાતા સહેલાણીઓ ખુશ

### ભોજન અને પાણીની તંગીના લીધે રીંછની માનવવસ્તીમાં આવવાની ઘટનાઓ વધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

આબુ ખાતે રીંછના વીડિયો-ફોટો અવારનવાર સામે આવતા હોય છે. ત્યારે ફરી એક સાથે પાંચ રીંછ લટાર મારતા નજરે પડયા હતા.

થોડા દિવસો પહેલાં સૌપ્રથમવાર માઉન્ટ આબુ ખાતે એકસાથે ૬ રીંછ લટાર મારતાં જોવા મળ્યાં હતાં, ત્યાર બાદ ફરી એકવાર એકસાથે ૫ રીંછ લટાર મારતાં નજરે પડ્યાં હતાં, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ વિસ્તારમાં બે-ત્રણ દિવસે રીંછ નજરે પડતાં હોય છે. ત્યારે એકસાથે ૫ રીંછ ભાગ્યે જ જોવા મળે છે. માઉન્ટ આબુ અરાવલ્લી પર્વતમાળાની વચ્ચે આવેલું છે. વર્ષે અહી કરોડો સહેલાણીઓ ફરવા આવતા હોય છે, પણ ઘણાં ઓછા લોકોને ખબર હશે કે માઉન્ટ આબુમાં ૩૫૦ કરતાં વધુ રીંછ અભયારણ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. આબુના અલગ અલગ વિસ્તારોમાં રીંછ અભયારણ્યથી માનવ વસતિમાં આવવાની ઘટનાઓ વધવા પામી છે, જેનું મુખ્ય કારણ ભોજન અને પાણીની તંગીના લીધે જંગલી જાનવરો માનવ વસતિમાં આવી રહ્યા છે. માઉન્ટ આબુમાં હરવાફરવા માટે ઘણાં બધાં સ્થળો આવેલાં છે, જેમાં અરાવલી પર્વતમાળાની વચ્ચે પહાડો પાસે પ્રાચીન અને પૌરાણિક મંદિર ગુફાઓની વચ્ચે આવેલું છે. આ પહાડની આસપાસ પણ મોટી સંખ્યામાં રીંછ વસવાટ કરે છે અને અહીં દર્શન કરવા આવતા લોકો ઘણીવાર વીડિયો પણ બનાવતા હોય છે. ત્યારે થોડા સમય પહેલા એકસાથે ૬ રીંછનો વીડિયો સામે આવ્યો હતો. ત્યારે હાલ પણ અર્બુદા દેવી મંદિરે દર્શનાર્થે આવેલા લોકોએ ફરી એકવાર ૫ રીંછનો વીડિયો ઉતાર્યો હતો અને સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સૌનો સાથ,
સૌનો વિકાસ...



ગુજરાતના
પનોતાપુત્ર અને
દેશની ધુરા સતત ત્રીજી વખત
સંભાળનાર **માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
અને તેમના મંત્રીમંડળને
શુભેચ્છાઓ...

**સફળ નેતૃત્વ, અવિરત વિકાસ**

"માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
દ્રષ્ટિવંત નેતૃત્વમાં **મોદી સરકાર ૩.૦** માં વિકસિત ગુજરાતથી
વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે"

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**, માનનીય મુખ્યમંત્રી



વિકસિત ભારત માટે
**વિકસિત ગુજરાત**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# NDAની ગઠબંધન સરકાર પાસેથી અપેક્ષાઓ અને તેની સામેના પડકારો

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગઠબંધન NDAની નવી સરકારે શપથ લીધા છે ત્યારે તેની પાસેથી અનેક નવી અપેક્ષાઓ છે અને તેની સામે પડકારો પણ અસંખ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લી બે સરકારોમાં ભાજપ પાસે સ્વતંત્ર બહુમતી હતી. આ વખતે જ્યારે એનડીએ સતત ત્રીજી વખત સત્તામાં આવ્યું છે, ત્યારે ભાજપ તેના ઘટક પક્ષો પર નિર્ભર છે અને તેમની સાથે સંકલન જાળવી રાખવાનો પડકાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રીજા કાર્યકાળની શરૂઆત સમાધાનકારી જનાદેશ સાથે કરી છે. પરિણામે, મોદીની ૭૨ સભ્યોની નવી કેબિનેટમાં ભાજપના સાથી પક્ષોના ૧૧ મંત્રીઓ છે. આ સાથે દેશને જોરદાર અને મજબૂત વિરોધ પક્ષ પણ મળ્યો છે. એટલે સરકારે નીતિઓ લાગુ કરતી વખતે વિપક્ષને પણ સાથે લેવો પડશે. વિરોધ પક્ષ મજબૂત છે. તેથી આનાથી વિપક્ષ અને અસંમત અવાજો ઉઠાવનાર લોકોને પણ રાહત મળશે. સરકાર અને વિપક્ષ બંને માટે આગળનો સમયે તકવાદી ચાલાકીનું રાજકારણ ન બનવો જોઈએ, પરંતુ સામાન્ય લોકોની આશાઓ અને સંઘર્ષોમાં રહેલું રાજકારણ હોવું જોઈએ. આ સ્થિતિએ સંયમિત વહીવટની આશા જગાવી છે.

રાજ્યોમાં પ્રભુત્વ ધરાવતા પક્ષો સાથે સત્તાની વહેંચણીમાં સોદાબાજીનો અવકાશ વધારે હોય છે. પરંતુ મોદીનો મૂળ સ્વભાવ દેશની સામે દેખાઈ રહ્યો છે, અને તેમના નિર્ણયોમાં દૃઢ એકહથ્થુતા દેખાય છે એટલે ગઠબંધન ધર્મ મુજબ તેઓએ તેમની પ્રકૃતિ અંગે વિશ્લેષણ કરવું પડશે. જો ગઠબંધનના ભાગીદારોના રાજ્ય સ્તરના રાજકારણના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો ઓછામાં ઓછું વિધાનસભા ચૂંટણીના આગામી તબક્કા સુધી ચિત્ર મોદીની તરફેણમાં છે. તેલુગુ દેશમ પાર્ટી પોતાના રાજ્યમાં છે. જેડી(યુ)ને આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી સુધી સત્તામાં રહેવા માટે ભાજપની જરૂર છે. એલજેપીના ચિરાગ પાસવાન અને ફરી ઉભરી રહેલી આરજેડી તરફથી પણ પડકાર છે. મહારાષ્ટ્રમાં ભાજપની તાકાત પર એકનાથ શિંદે મુખ્યપ્રધાન બન્યા છે. જેડી(એસ), આરએલડી અને એનસીપી જેવા અન્ય ગઠબંધન ભાગીદારો તેમના પોતાના ફાયદા માટે મોટી સોદાબાજી કરી શકે એમ નથી કારણ કે તેમની સંખ્યા લોકસભામાં ઓછી છે.

દેશમાં છેલ્લા ત્રણ દાયકાના આર્થિક ઉદારીકરણ દરમિયાન લોકોની આકાંક્ષાઓ વધી છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારના કાર્યક્રમોએ આ વાસ્તવિકતાને સ્વીકારી છે અને વાસ્તવિકતા એ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, નવી નોકરીઓનું સર્જન, કૌશલ્ય વિકાસ અને લોકોનું જીવનધોરણ સુધારવાનું કામ હમણાં જ શરૂ થયું છે. હજુ ઘણા મોરચે નીતિઓ નક્કી કરવાની બાકી છે.

આ ઉપરાંત, સામાજિક અને આર્થિક પડકારો પણ વિશાળ છે. સરકારે મોટા ભાગની મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ કરતાં ભારતીય અર્થતંત્ર વધુ ઝડપથી વૃદ્ધિ પામવાનું અનુમાન લગાવ્યું છે. આનું બીજું એક ચિંતાજનક પાસું એ છે કે ગ્રામીણ અર્થવ્યવસ્થા અન્ય ક્ષેત્રોમાં વિકાસ સાથે ગતિ જાળવી રહી નથી. મનરેગા યોજનાઓ પર નિર્ભરતા પણ વધી છે. ગ્રામીણ અર્થતંત્ર પુનઃસ્થાપિત થવું જોઈએ અને પાયાના સ્તરે ઘણું કામ કરવાની જરૂર છે. જે મતદારો જનપ્રતિનિધિઓને ચૂંટીને સંસદમાં મોકલે છે તેઓ અપેક્ષા રાખશે કે લોકશાહી માળખામાં દરેક વ્યક્તિ તિરસ્કાર, ભય કે પૂર્વગ્રહ વિના પોતાની જવાબદારી સારી રીતે નિભાવશે.

ભાગ-૧

# શું નફરતભર્યા ભાષણે ભાજપને જીત અપાવી ? મતવિસ્તાર મુજબનું વિશ્લેષણ

**ભાજપના સ્ટાર પ્રચારકો બરાડા પાડવામાં અને નફરતભર્યા ભાષણમાં સામેલ થવા માટે કુખ્યાત છે. શું આ વખતે તેણે કામ કર્યું ? સબરંગ ઈન્ડિયાનું વિશ્લેષણ દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં ૮થી વધુ બેઠકો, યુપીમાં ૪, રાજસ્થાનમાં ૨ અને અન્ય ઘણી બેઠકો કે જેમાં ભાજપના મોટા નામો દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો તે ચૂંટણીમાં વિજયમાં પરિણમવામાં નિષ્ફળ ગયા હતા. ભાજપ લગભગ ૧૭ બેઠકો પર હારી ગયું હતું જ્યાં તેણે આ મોટા અભિયાનો જોયા હતા જે સાંપ્રદાયિક ભાષણો પર આધારિત હતા.**

રાજસ્થાનના બાંસવાડાએ પ્રથમ બે રાઉન્ડના પરિણામ શાસનના માર્ગે ન ગયા પછી સ્પષ્ટપણે ચૂંટણીના ત્રીજા રાઉન્ડની શરૂઆત કરતા હાઈ વોલ્ટેજ ઝુંબેશના સાક્ષી બન્યા. રવિવાર, ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, મોદીએ એક ભાષણ આપ્યું જે તેમના પોતાના નિર્ધારિત સૌથી ખરાબ ધોરણો કરતાં પણ ખરાબ હતું અને મુસ્લિમોને કલંકિત અને અપમાનિત કર્યા. રાષ્ટ્રવ્યાપી આક્રોશ - કાયદાના ઉલ્લંઘન માટે ભારતના ચૂંટણી પંચને ૨૦,૦૦૦ ફરિયાદો સહિત - ઝેરના ઉછાળાને રોકી શક્યો નહીં જે તેમણે ઝુંબેશ દ્વારા ઉચ્ચારવાનું ચાલુ રાખ્યું.

૨૨ એપ્રિલના ભાષણમાં, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)ના બહુચર્ચિત ઢંઢેરા પર એક સ્વાઈપમાં મોદીએ કહ્યું, 'તેઓ' મહિલાઓના મંગળસૂત્રો છીનવી લેશે. તેમના પ્રચારમાં પીએમ મોદી મતદારોને સંદેશ આપતા જણાય છે કે ભૂતકાળમાં કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારોએ મુસ્લિમોને પ્રાથમિકતા આપી છે. તેમણે કથિત રીતે મુસ્લિમ સમુદાયને "વધુ બાળકો" ધરાવતા લોકો તરીકે અપમાનજનક રીતે ઉલ્લેખ કરતા કહ્યું, "અગાઉ, જ્યારે તેમની (કોંગ્રેસ) સરકાર સત્તામાં હતી, ત્યારે તેઓએ કહ્યું હતું કે દેશની સંપત્તિ પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે. મતલબ કે આ મિલકત કોને વહેંચવામાં આવશે ? જેની પાસે વધુ બાળકો છે તેઓમાં તેનું વિતરણ કરવામાં આવશે. તે ઘૂસણખોરોને વહેંચવામાં આવશે. શું તમારી મહેનતની કમાણી ઘૂસણખોરો પાસે જવી જોઈએ ? શું તમને આ મંજૂર છે ?" જો કે, એવું લાગે છે કે બાંસવાડાના મતદારો આ ઝેરી ભાષણથી બિલકુલ પ્રભાવિત થયા નથી. બાંસવાડામાં નવી અને ઉભરતી ભારતીય આદિવાસી પાર્ટીના રાજકુમાર રોતને ભાજપના મહેન્દ્રજીતસિંહ માલવિયા પર ૮૨૦૮૩૧ મતોના માર્જિન સાથે ખાતરીપૂર્વકની જીત સાથે ભાજપને હારનો સામનો કરવો પડ્યો. BAPના રાજકુમાર રોતે રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને બાંસવાડાથી ભાજપના વર્તમાન ઉમેદવાર કનક લાલ કટારાને હરાવ્યા હતા.

દ્વેષથી ભરેલા ભાષણમાં ૨૨ એપ્રિલના ભાષણના દિવસોમાં સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP) દ્વારા ભારતના ચૂંટણી પંચમાં દાખલ કરાયેલી વિગતવાર ફરિયાદ પણ જોવા મળી હતી.

તેની ફરિયાદમાં, CJPએ જણાવ્યું હતું કે મોદીના ભાષણમાં મુસ્લિમ સમુદાય વિરુદ્ધ લક્ષિત અને સાંપ્રદાયિક અપશબ્દો હતા, જેના કારણે મતદાનનું વાતાવરણ ધ્રુવીત થયું હતું. ફરિયાદમાં આદર્શ આચારસંહિતા, લોકોનું પ્રતિનિધિત્વ અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ECIને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા અને મુસ્લિમ સમુદાય સામે નફરત ફેલાવવાનું બંધ કરવા કડક પગલાં લેવા વિનંતી કરી છે. થોડા દિવસો પછી, ECI દ્વારા ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાને નોટિસ મોકલવામાં આવી હતી અને ખાસ કરીને નરેન્દ્ર મોદીને તેમના ભાષણ માટે નહીં.

ઉપરાંત, સબરંગ ઈન્ડિયા છેલ્લા એક દાયકામાં દેશભરમાં ભાજપના નેતાઓ અને આનુષંગિકો દ્વારા દ્વેષપૂર્ણ ભાષણોનું દસ્તાવેજીકરણ કરી રહ્યું છે કે પક્ષે બહુમતી પ્રાપ્ત કરી છે. ભાજપે ભારતભરમાં એક અસાધારણ સ્ટાર ઝુંબેશ શરૂ કરી, જેમાં પીએમ મોદી, યોગી આદિત્યનાથ, હિમંતા બિસ્વા સરમા જેવા મુખ્ય પ્રધાનો, પ્રભાવકો, આયોજકો અને આ બહુમતીવાદી સંગઠનની સમય-પરીક્ષણ યુક્તિ સહિત તેના મોટા નેતાઓને ઉતારી પાડ્યા, મતદારોએ તેને પસંદ કર્યું નહીં. ભાજપને જીત અપાવી નહીં. દ્વેષપૂર્ણ ભાષણોથી લક્ષ્ય પ્રાપ્ત થયું હોય તેવું લાગતું ન હતું.

અમારા વિશ્લેષણમાં અમે નોંધ્યું છે કે ૨૦૧૯ પછી બીજેપીની કેન્દ્રમાં બીજી ટર્મ ૨૦૧૯ પછીથી દ્વેષપૂર્ણ ભાષણોમાં તીવ્ર વધારો થયો છે. ધાર્મિક અલ્પસંખ્યકોને નિશાન બનાવતા આ દ્વેષપૂર્ણ ભાષણો ભાજપ તરફથી વાતાવરણનું ધ્રુવીકરણ કરીને મત મેળવવાનું એક માધ્યમ છે. ૧૮મી લોકસભાની ચૂંટણીમાં ૨૦૨૪માં ભાજપ માટે આ રણનીતિ કેવી રીતે કામ આવી ? ભાજપ સૌથી વધુ બેઠકો મેળવ્યા હોવા છતાં સરકાર બનાવવા માટે સંઘર્ષ




**૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, વડાપ્રધાન મોદીએ ભારતના મુસ્લિમોને "ઘૂસણખોર" તરીકે ઓળખાવ્યા. ૪ જૂને બીજેપી તે મતદારક્ષેત્ર હારી ગઈ જ્યાં તેણે આ શબ્દો કહ્યા હતા. બાંસવાડાના લોકોએ લોકોની રાજનીતિમાં તાજગીપૂર્ણ વાપસીનો સંકેત આપતા અન્ય નેતાને પસંદ કર્યો, વિજેતા ભારતીય આદિવાસી પાર્ટીના આદિવાસી નેતા હતા જેમણે ૮૦,૦૦૦થી વધુ મતોથી બેઠક જીતી હતી !**

## વિશ્લેષણ

કરી રહી હોય તેવું લાગી રહ્યું છે, તેમણે ઘણી નોંધપાત્ર બેઠકો પર નોંધપાત્ર સમર્થન ગુમાવ્યું છે.

સબરંગ ઈન્ડિયા દ્વેષપૂર્ણ ભાષણ કામ કરે છે કે નિષ્ફળ ગયું તે તપાસવા માટે નીચે આ વિકાસને વધુ ટ્રેક કરે છે.

મહારાષ્ટ્રમાં, ઓછામાં ઓછી ૮ બેઠકો જ્યાં દ્વેષપૂર્ણ ભાષણ આપવામાં આવ્યું હતું, ત્યાં ભાજપને જબરદસ્ત નુકસાન થયું હતું. યુપીમાં પણ આવી ચાર બેઠકો પર નુકસાન જોવા મળ્યું હતું, અને રાજસ્થાન, ઝારખંડ, બિહારમાં એવી બેઠકો જોવા મળી હતી જેણે સાંપ્રદાયિક ભાષણનો પ્રતિસાદ આપ્યો ન હતો.

**રાજસ્થાન**

બાંસવાડા ઉપરાંત, રાજ્યના વધુ એક જિલ્લામાં ભારે હાર જોવા મળી હતી જ્યાં સ્ટાર પ્રચારકો સામેલ હતા. બાડમેરમાં INCના ઉમેદા રામ બેનીવાલ ભાજપના કૈલાશ ચૌધરી સામે ૪૧૭,૯૪૩ મતોના નોંધપાત્ર માર્જિનથી જીત્યા. બાડમેરમાં ધર્મ ઉપદેશક ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી અને 'અખંડ ભારત'ના આહ્વાનના સમર્થકે 'લવ જેહાદ'નો મુદ્દો ઉઠાવીને ભાષણ આપ્યું હતું. તેમણે હિંદુ ભાઈઓને ધર્માંતરણના પ્રયાસો સામે 'સતર્ક' રહેવા વિનંતી કરી હતી અને 'લવ જેહાદ' કરનારા લોકો અંગે હિન્દુ બહેનોને સતર્ક રહેવા જણાવ્યું હતું. શાસ્ત્રી, જેની ઉપર દલિત વ્યક્તિ પર હુમલો કરવાનો આરોપ છે. તેણે કાશી અને મથુરામાં મસ્જિદો તોડી પાડવાની પણ હાકલ કરી હતી.

**ઉત્તર પ્રદેશ**

બલિયામાં પણ, પરિણામોએ વિભાજનકારી રેટરિકનો સમાન અસ્વીકાર દર્શાવ્યો હતો કારણ કે સમાજવાદી પાર્ટીના સનાતન પાંડેએ ભાજપના નીરજ શેખરને ૪૩,૩૮૪ મતોથી હરાવ્યા હતા. યુપીના જિલ્લામાં સાંપ્રદાયિક ભાષણો જોવા મળ્યા હતા, જેમાં જિલ્લાના ભાજપના ધારાસભ્ય સુરેન્દ્ર નારાયણ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ વંદે માતરમ ગાવાનો ઈનકાર કરે છે તેમને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી અને તેમને પાકિસ્તાન મોકલવા જોઈએ.

"વંદે માતરમનો જાપ કરવો એ લાગણી હોઈ શકે છે. પરંતુ જો તમે ભારતમાં રહેતા હોવ તો વંદે માતરમ આવશ્યક છે. તે સંસ્કૃતમાં છે અને તેનો ઉર્દૂમાં પણ અનુવાદ થઈ શકે છે. જેઓ હૃદયથી તેનો જાપ કરવા માંગતા નથી તેમને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી. જો તે મારા પર હોય તો હું આવા લોકોને તેમના પાસપોર્ટ બનાવીને એક અઠવાડિયામાં પાકિસ્તાન મોકલી દઈશ.

ઉત્તર પ્રદેશના સંભલમાં પણ રાજ્યના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા ઝેરી ઝુંબેશ જોવા મળી હતી, જેમણે એમ કહીને મતદારોની ભાવનાઓને જગાડવાનો પ્રયાસ કર્યો હતો કે કોંગ્રેસ તેમની સંપત્તિ વહેંચશે અને 'બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો'ને આપશે અને કોંગ્રેસ મુસ્લિમોને ગૌહત્યાની મંજૂરી આપશે.

સંભલે મુસ્લિમ સમુદાયના લોકો સામે મતદારોના દમનની ભયાનક કથાઓના કિસ્સાઓ પણ જોયા હતા. જો કે, પરિણામોએ ભાજપ માટે આપત્તિની જોડણી કરી જેના ઉમેદવાર સમાજવાદી પાર્ટીના ઝિયા ઉર રહેમાન સામે ૧૨૧૪૯૪ મતોથી હારી ગયા. જૌનપુર અને બારાબંકીમાં પણ નરેન્દ્ર મોદી દ્વારા બંને સ્થળોએ આરોપિત ભાષણ જોવા મળ્યું હતું, જો કે બંનેએ ભાજપની હાર જોઈ કારણ કે સમાજવાદી પાર્ટી અને આઈએનસી આ સંબંધિત મતવિસ્તારોમાં જીતી ગઈ હતી.

**મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રમાં આઠ જિલ્લાઓમાં જોરદાર ઝુંબેશ જોવા મળી હતી જેમાં સાંપ્રદાયિક આરોપ વક્તવ્ય હતું જે ચૂંટણી પરિણામોમાં ભાજપના પતનનો સાક્ષી હતો.

મહારાષ્ટ્રના નાંદેડમાં, જૂનમાં દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા ચિહ્નિત થયેલ ઝુંબેશ છતાં, INC ઉમેદવાર ચવ્હાણ બસંતરાવ વલવાને ભાજપના ચિખલીકર પ્રતાપરાવ ગોવિંદરાવને ૫૯,૪૪૨ મતોથી હરાવ્યા હતા. નાંદેડમાં સીરીયલ નફરત અપરાધી કાજલ હિન્દુસ્તાની દ્વારા આરોપિત સાંપ્રદાયિક ભાષણ જોયું હતું, જે તેણીના સાંપ્રદાયિક ભાષણ માટે કુખ્યાત અને લોકપ્રિય સોશિયલ મીડિયા પ્રભાવક હતી, તેણીની સામે અગાઉ દાખલ કરાયેલા વિવિધ કેસ છે. ૪ મેના રોજ, તેણી એક રેલીમાં જોડાઈ હતી જ્યાં તેણીએ હિંદુ સમુદાયને 'લવ અને લેન્ડ જેહાદ' કરવા પ્રોત્સાહિત કરતા બિનસાંપ્રદાયિકતા વિરુદ્ધ વાત કરી હતી.

ધર્મનિરપેક્ષતાના નામે તમારી સાથે તમને રમાડવામાં આવે છે. તમારો ભાઈ કસાઈની જેમ બેઠો છે અને તમને કાપી રહ્યો છે. નવ રાજ્યોમાં અને ઘણા જિલ્લાઓમાં હિંદુઓ લઘુમતી બની ગયા છે. રેલવે અને સંરક્ષણ બાદ સૌથી વધુ જમીન મુસ્લિમો પાસે છે. આપણી મહિલાઓ, મંદિરો, જમીન અને ગૌમાતા સુરક્ષિત નથી. આ દેશમાં હિન્દુઓ પણ સુરક્ષિત નથી. તમારી પાસે એક જ રાષ્ટ્ર છે. અન્ય હિન્દુઓ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી ભારત દોડી રહ્યા છે. ભારત સરકારે તેમને નાગરિકતા આપવાનું વચન આપ્યું છે. પણ તમે ક્યાં જશો? હિંદુ અહીંથી, આસામ, બંગાળ વગેરેથી દોડે છે, ક્યાં સુધી દોડશો? તમે કેટલું દોડશો? અમારા જેહાદી ભાઈ, તે ગઝવા એ હિંદનું સપનું જોઈ રહ્યો છે. ગઝવા એ હિંદ શું છે? ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવું. તેઓ આતંકવાદી, તાલિબાની વિચારધારા અનુસાર કામ કરી રહ્યા છે. આપણે શું કરી રહ્યા છીએ? અમે માત્ર સૂત્રોચ્ચાર કરી રહ્યા છીએ. તમારી બહેનને 'લવ-જેહાદ' દ્વારા ટાર્ગેટ થતી જોઈને તમે ક્યાં સુધી આમ જ રહેશો? તમે તૈયાર થાઓ, તમે પણ 'લવ-લેન્ડ જેહાદ' કરો, ધર્મ પરિવર્તન કરો.

**(ક્રમશઃ)**

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# ગળતેશ્વરના બળેવિયામાં બાળક પાસે દારૂ વેચાવવામાં આવતો હોવાનો વીડિયો વાયરલ

નડિયાદ, તા.૧૦

ગળતેશ્વર તાલુકાના બળેવીયા ગામનો એક બાળક રૂપિયા લઈને દારૂ વેચતો હોવાના થયેલા વાયરલ વીડિયોને લઈને ચકચાર મચી છે જે સ્થળનો વીડિયો છે તે સ્થળ નજીક એક સ્થાનિક બુટલેગર રહેતો હોય આ સ્થાનિક બુટલેગર બાળકોને દારૂ વેચવાના વેપલામાં સામેલ કર્યો હોવાની ચર્ચા પણ ચાલે છે ત્યારે બીજી બાજુ સેવાલિયા પોલીસ આ વીડિયોની ખરાઈ કરવાની કામગીરીમાં લાગી છે ખેડા જિલ્લાના સેવાલિયા ગણતેશ્વર પંથકમાં છેલ્લા ઘણા સમયથી બે રોકટોક વિદેશી દારૂનો વેપલો થતો હોવાની ચર્ચા આમ બની છે એમાંય વળી આજે વાયરલ થયેલા એક વીડિયોએ આ ચર્ચાને સમર્થન આપ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે કારણ કે એક બાળક પૈસા લઈને દારૂ વેચતો હોય તેવો વીડિયો વાયરલ થયો છે ઘણા લોકો આ વીડિયો ગળતેશ્વર તાલુકાના બળેવીયા ગામનો હોવાની વાત કરી રહ્યા છે મહત્વનું એ છે કે આ બાળક જે સ્થળે પૈસા લઈને દારૂ વેચી રહ્યો છે તે દ્રશ્ય વીડિયોમાં દેખાય છે તેને નજીક એ સ્થાનિક બુટલેગરનું મકાન પણ આવેલ છે ઘણા લોકો એવી ચર્ચા કરે છે કે આ સ્થાને બુટલેગર બાળકો પાસે દારૂ વેચવાનો ધંધો કરાવતો હોય તેવું લાગી રહ્યું છે આ બુટલેગર સામે અગાઉ પણ કેટલાક કેસ થયા છે જેથી આ બુટલેગર દારૂના વેપલામાં સામેલ હોવાની વાત પોલીસ ચોપડે નોંધાયેલા ગુનાઓ પરથી સાબિત થાય છે બાળકો પાસે નશીલા પદાર્થો એટલે કે વિદેશી દારૂ વેચવા માટે આ બુટલેગર બાળકોને કામે રાખતો હોય આ બાબતે પણ આ બુટલેગર સામે તપાસ થવી જોઈએ તેવું લોકો કહે છે આ બાબતે સેવાલિયા પોલીસ મદદના પી.એસ.આઈ પૂછતા તેમણે જણાવ્યું હતું કે આ વીડિયોની કરાઈ માટે અમારી ટીમ કામે લાગી છે આવી પ્રવૃતિ હશે તો જવાબદાર સામે કડક પગલાં ભરવામાં આવશે.

## ધાર્મિક કાર્યક્રમ

### આણંદની મસ્જિદે સરવરિયા ખાતે ગ્યારવી શરીફ અને છઠ્ઠી મુબારકની ઉજવણી કરાશે

આણંદ શહેરમાં ખાનકાહ શરીફ યોગી સ્વામી સોસાયટીના ઉપક્રમે તેમજ હઝરત શેરે ચરોતર શૈખુલકુર્રા પીરે તરીકત શબ્બીરહુશેન કાદરી સરવરી દરિયાઈ અશરફી,ખલીફએ સરવરશાહ વ ખલીફએ કમરૂદ્દીન પીરઝાદા દરિયાઈ અશરફી વ ખલીફએ શૈખુલ ઈસ્લામ બાવા સાહેબની ખાનકાહ દ્વારા આગામી તા.૧૮-૦૬-૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન મસ્જિદે સરવરી બગદાદ નગર આણંદ ખાતે જશ્નએ ગ્યારવી શરીફ તેમજ ખ્વાજા ગરીબ નવાઝ (રહે.)ની છઠ્ઠી મુબારક મનાવવામાં આવશે. આ પ્રસંગે શૈખુલકુર્રા પીરે તરીકત શબ્બીરહુશૈન કાદરી બાવાસાહેબ હલ્કએ ઝીક્ર તેમજ મિલાદ અને તકરીર ફરમાવશે. ફાતેહાખ્વાની તેમજ સીજરાશરીફ પઢવામાં આવશે તેમ હજરત કારી બાપુએ જણાવ્યું છે.

# ઝઘડિયાની ગુલબ્રાન્ડસન કંપની દ્વારા ફુલવાડી ગામે હેલ્મેટનું વિતરણ કરાયું



**(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)**

અંકલેશ્વર, તા.૧૦ : ઝઘડીયાની ગુલબ્રાન્ડસન કંપની દ્વારા ફુલવાડી ગામે હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અવારનવાર થતી અકસ્માતની ઘટનાઓમાં બાઈક ચાલકોને થતી ઈજાઓ ઘટાડવાના આશય સાથે બાઈક સવારોને હેલ્મેટ વિતરણ કરાયા હતા. આ અંગે મળતી વિગતો મુજબ ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ ગુલબ્રાન્ડસન કંપની દ્વારા ઝઘડિયા તાલુકાના ગામોમાં નાગરિકો માટે શિક્ષણ આરોગ્ય તેમજ સુરક્ષાને લગતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટનું કામ કંપનીના સીએસઆર ફંડની એક્ટિવિટી હેઠળ કરવામાં આવે છે, વાહનોની વધેલી સંખ્યાને લઈને હાલમાં અકસ્માતના બનાવ વધુ બને છે અને તે પૈકી ઘણા અકસ્માત જીવલેણ પણ બને છે. જેથી માનવજીવનમાં રોજિંદા વ્યવહારમાં પોતાની બાઈક સાથે હેલ્મેટ હોવું અત્યંત જરૂરી છે, અને આ વાતને ધ્યાનમાં રાખીને ફુલવાડીના સામાજિક આગેવાન નરેન્દ્ર પટેલ દ્વારા કંપનીમાં રજૂઆત કરવામાં આવી હતી, જેના પગલે કંપની દ્વારા ઝઘડિયા તાલુકાના ફૂલવાડી ગામમાં હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુલબ્રાન્ડસન કંપનીના સંજયસિંહ, માતંગ પારેખ, ટીના યુગાલે, જીતેન્દ્ર રાણા, જીતેન્દ્ર કછહાવા, સુદીપ ગોસ્વામી, ગૌરવ પટેલ, રૂષિત પ્રજાપતિ તેમજ સ્થાનિક સામાજિક આગેવાન નરેન્દ્ર પટેલ, ફૂલવાડીના સરપંચ રામુભાઈ વસાવા, ઉપસરપંચ સંદીપ પટેલ, અશ્વિન વસાવા, કુણાલ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ બાઈક ચાલકોને સલામતીપૂર્વક પોતાનું વાહન ચલાવવા સહિતનું માર્ગદર્શન આપ્યું હતું. હેલ્મેટ વિતરણ કરવા બદલ ફુલવાડીના ગ્રામજનોએ ગુલબ્રાન્ડસન કંપની તેમજ સ્થાનિક અગ્રણીઓનો આભાર માન્યો હતો.

### સુરેન્દ્રનગરના સરદારસિંહ રાણા પુલ ઉપર

# નશાની હાલતમાં પૂરઝડપે રિક્ષા ચલાવતાં પલટી ખાઈગઈ : ચાલકને લોકોએ બહાર કાઢ્યો

સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગર શહેરમાં નશાખોરો બેફામ બન્યા છે અને નશાની હાલતમાં પણ વાહનો ચલાવે રહે છે લીબડી કોર્ટમાં નશો કરી અને જજની સામે રજૂ થયો હોવાને સમાચારની શાહી સુકાઈ નથી ત્યાં સુરેન્દ્રનગર શહેરના સરદારસિંહ રાણા પુલ ઉપર નશાની હાલતમાં રિક્ષા ચલાવતા રીક્ષા ઉપરનો કાબુ ગુમાવતા રીક્ષા પલટી મારી ગઈ હતી અને પોતે પણ રીક્ષા નીચે દબાઈ ગયો હતો તાત્કાલિક લોકોએ રિક્ષાને ઉભી કરી અને તેમાંથી તેને બહાર કાઢ્યો હતો ત્યાં થોડીવાર નશાની હાલતમાં જમીન ઉપર પડ્યા રહ્યા બાદ



ફરીવાર રિક્ષા શરૂ કરી ચાલતો થયો હતો આ પુલ ઉપર બંને બાજુએ પોલીસ ચોકી નજીકમાં હોવા છતાં ટ્રાફિકજામ થવા છતાં પણ એક પણ પોલીસ ઘટના સ્થળ ઉપર આવી નહોતી કારણ કે તેમણે આગળથી જાણી લીધું હતું કે નશાની હાલતમાં ડ્રાઈવર રીક્ષા ચલાવતો હતો અને જેના કારણે પલટી મારી ગઈ જેના કારણે પોલીસ ફરકી પણ નહીં અને નશા ચાલક પોતાની રીક્ષા શરૂ કરી ચાલતો થયો હતો લોકો પણ અચંબામાં પડી ગયા હતા.

# ભાવનગર એરપોર્ટની પાછળના ભાગે જુગાર રમતા ૧૪ જુગારીઓની ધરપકડ

ભાવનગર, તા.૧૦

ભાવનગરમાં એરપોર્ટ પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧૫ ઈસમોને ડી.વાય.એસ.પી. સ્ક્વોડે ઝડપી લઈ રોકડ રકમ, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરના નાયબ પોલીસ અધિક્ષકને મળેલી બાતમીના આધારે ગઈકાલે મોડી સાંજે ડી.વાય.એસીપી. સ્કવોડ દ્વારા શહેરના એરપોર્ટની પાછળના ભાગે બાપુનગર નજીક ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા ૧૪ ઈસમો વિજય જેન્તીભાઈ મકવાણા, સાગર મનસુખભાઈ કંટારીયા, નિલેશ કરશનભાઈ પરમાર, માનસુર કાળુભાઈ ચુડાસમા, હરપાલસિંહ મનુભા રાણા, શૈલેષ મંગાભાઈ બારૈયા, સુરેશ ભુપતભાઈ રાઠોડ, ભાવેશ રવજીભાઈ મકવાણા, કલ્પેશ ગણેશભાઈ બાંભણિયા, ગોવિંદ ભગવાનભાઈ બારૈયા, અનિલ જીવરાજભાઈ મકવાણા, રાજેશ અંબાશંકરભાઈ જોશી, હિરેન દિનેશભાઈ કંસારા અને ભરત શાંતિલાલ ચૌહાણને ઝડપી લીધા હતા. ડી.વાય.એસ.પી. સ્કવોડે પટમાંથી રૂા.૪૫,૯૪૦/- રોકડા, ૦૨ મોબાઈલ ફોન, કિં. રૂા.૧૧,૨૦૦/- જુગારનું સાહિત્ય મળી કુલ રૂા.૫૭,૧૪૦/- નો મુદ્દામાલ કબજે કરી જુગાર રમતા ઝડપાયેલા તમામ ઈસમો વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# NDAની ગઠબંધન સરકાર પાસેથી અપેક્ષાઓ અને તેની સામેના પડકારો

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગઠબંધન NDAની નવી સરકારે શપથ લીધા છે ત્યારે તેની પાસેથી અનેક નવી અપેક્ષાઓ છે અને તેની સામે પડકારો પણ અસંખ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લી બે સરકારોમાં ભાજપ પાસે સ્વતંત્ર બહુમતી હતી. આ વખતે જ્યારે એનડીએ સતત ત્રીજી વખત સત્તામાં આવ્યું છે, ત્યારે ભાજપ તેના ઘટક પક્ષો પર નિર્ભર છે અને તેમની સાથે સંકલન જાળવી રાખવાનો પડકાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રીજા કાર્યકાળની શરૂઆત સમાધાનકારી જનાદેશ સાથે કરી છે. પરિણામે, મોદીની ૭૨ સભ્યોની નવી કેબિનેટમાં ભાજપના સાથી પક્ષોના ૧૧ મંત્રીઓ છે. આ સાથે દેશને જોરદાર અને મજબૂત વિરોધ પક્ષ પણ મળ્યો છે. એટલે સરકારે નીતિઓ લાગુ કરતી વખતે વિપક્ષને પણ સાથે લેવો પડશે. વિરોધ પક્ષ મજબૂત છે. તેથી આનાથી વિપક્ષ અને અસંમત અવાજો ઉઠાવનાર લોકોને પણ રાહત મળશે. સરકાર અને વિપક્ષ બંને માટે આગળનો સમયે તકવાદી ચાલાકીનું રાજકારણ ન બનવો જોઈએ, પરંતુ સામાન્ય લોકોની આશાઓ અને સંઘર્ષોમાં રહેલું રાજકારણ હોવું જોઈએ. આ સ્થિતિએ સંયમિત વહીવટની આશા જગાવી છે.

રાજ્યોમાં પ્રભુત્વ ધરાવતા પક્ષો સાથે સત્તાની વહેંચણીમાં સોદાબાજીનો અવકાશ વધારે હોય છે. પરંતુ મોદીનો મૂળ સ્વભાવ દેશની સામે દેખાઈ રહ્યો છે, અને તેમના નિર્ણયોમાં દઢ એકહથ્થુતા દેખાય છે એટલે ગઠબંધન ધર્મ મુજબ તેઓએ તેમની પ્રકૃતિ અંગે વિશ્લેષણ કરવું પડશે. જો ગઠબંધનના ભાગીદારોના રાજ્ય સ્તરના રાજકારણના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો ઓછામાં ઓછું વિધાનસભા ચૂંટણીના આગામી તબક્કા સુધી ચિત્ર મોદીની તરફેણમાં છે. તેલુગુ દેશમ પાર્ટી પોતાના રાજ્યમાં છે. જેડી(યુ)ને આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી સુધી સત્તામાં રહેવા માટે ભાજપની જરૂર છે. એલજેપીના ચિરાગ પાસવાન અને ફરી ઉભરી રહેલી આરજેડી તરફથી પણ પડકાર છે. મહારાષ્ટ્રમાં ભાજપની તાકાત પર એકનાથ શિંદે મુખ્યપ્રધાન બન્યા છે. જેડી(એસ), આરએલડી અને એનસીપી જેવા અન્ય ગઠબંધન ભાગીદારો તેમના પોતાના ફાયદા માટે મોટી સોદાબાજી કરી શકે એમ નથી કારણ કે તેમની સંખ્યા લોકસભામાં ઓછી છે.

દેશમાં છેલ્લા ત્રણ દાયકાના આર્થિક ઉદારીકરણ દરમિયાન લોકોની આકાંક્ષાઓ વધી છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારના કાર્યક્રમોએ આ વાસ્તવિકતાને સ્વીકારી છે અને વાસ્તવિકતા એ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ, નવી નોકરીઓનું સર્જન, કૌશલ્ય વિકાસ અને લોકોનું જીવનધોરણ સુધારવાનું કામ હમણાં જ શરૂ થયું છે. હજુ ઘણા મોરચે નીતિઓ નક્કી કરવાની બાકી છે.

આ ઉપરાંત, સામાજિક અને આર્થિક પડકારો પણ વિશાળ છે. સરકારે મોટા ભાગની મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ કરતાં ભારતીય અર્થતંત્ર વધુ ઝડપથી વૃદ્ધિ પામવાનું અનુમાન લગાવ્યું છે. આનું બીજું એક ચિંતાજનક પાસું એ છે કે ગ્રામીણ અર્થવ્યવસ્થા અન્ય ક્ષેત્રોમાં વિકાસ સાથે ગતિ જાળવી રહી નથી. મનરેગા યોજનાઓ પર નિર્ભરતા પણ વધી છે. ગ્રામીણ અર્થતંત્ર પુનઃસ્થાપિત થવું જોઈએ અને પાયાના સ્તરે ઘણું કામ કરવાની જરૂર છે. જે મતદારો જનપ્રતિનિધિઓને ચૂંટીને સંસદમાં મોકલે છે તેઓ અપેક્ષા રાખશે કે લોકશાહી માળખામાં દરેક વ્યક્તિ તિરસ્કાર, ભય કે પૂર્વગ્રહ વિના પોતાની જવાબદારી સારી રીતે નિભાવશે.

ભાગ-૧

# શું નફરતભર્યા ભાષણે ભાજપને જીત અપાવી ? મતવિસ્તાર મુજબનું વિશ્લેષણ

**ભાજપના સ્ટાર પ્રચારકો બરાડા પાડવામાં અને નફરતભર્યા ભાષણમાં સામેલ થવા માટે કુખ્યાત છે. શું આ વખતે તેણે કામ કર્યું ? સબરંગ ઈન્ડિયાનું વિશ્લેષણ દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં ૮થી વધુ બેઠકો, યુપીમાં ૪, રાજસ્થાનમાં ૨ અને અન્ય ઘણી બેઠકો કે જેમાં ભાજપના મોટા નામો દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો તે ચૂંટણીમાં વિજયમાં પરિણમવામાં નિષ્ફળ ગયા હતા. ભાજપ લગભગ ૧૭ બેઠકો પર હારી ગયું હતું જ્યાં તેણે આ મોટા અભિયાનો જોયા હતા જે સાંપ્રદાયિક ભાષણો પર આધારિત હતા.**

રાજસ્થાનના બાંસવાડાએ પ્રથમ બે રાઉન્ડના પરિણામ શાસનના માર્ગે ન ગયા પછી સ્પષ્ટપણે ચૂંટણીના ત્રીજા રાઉન્ડની શરૂઆત કરતા હાઈ વોલ્ટેજ ઝુંબેશના સાક્ષી બન્યા. રવિવાર, ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, મોદીએ એક ભાષણ આપ્યું જે તેમના પોતાના નિર્ધારિત સૌથી ખરાબ ધોરણો કરતાં પણ ખરાબ હતું અને મુસ્લિમોને કલંકિત અને અપમાનિત કર્યા. રાષ્ટ્રવ્યાપી આક્રોશ - કાયદાના ઉલ્લંઘન માટે ભારતના ચૂંટણી પંચને ૨૦,૦૦૦ ફરિયાદો સહિત - ઝેરના ઉછાળાને રોકી શક્યો નહીં જે તેમણે ઝુંબેશ દ્વારા ઉચ્ચારવાનું ચાલુ રાખ્યું.

૨૨ એપ્રિલના ભાષણમાં, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)ના બહુચર્ચિત ઢંઢેરા પર એક સ્વાઈપમાં મોદીએ કહ્યું, 'તેઓ' મહિલાઓના મંગળસૂત્રો છીનવી લેશે. તેમના પ્રચારમાં પીએમ મોદી મતદારોને સંદેશ આપતા જણાય છે કે ભૂતકાળમાં કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારોએ મુસ્લિમોને પ્રાથમિકતા આપી છે. તેમણે કથિત રીતે મુસ્લિમ સમુદાયને "વધુ બાળકો" ધરાવતા લોકો તરીકે અપમાનજનક રીતે ઉલ્લેખ કરતા કહ્યું, "અગાઉ, જ્યારે તેમની (કોંગ્રેસ) સરકાર સત્તામાં હતી, ત્યારે તેઓએ કહ્યું હતું કે દેશની સંપત્તિ પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે. મતલબ કે આ મિલકત કોને વહેંચવામાં આવશે ? જેની પાસે વધુ બાળકો છે તેઓમાં તેનું વિતરણ કરવામાં આવશે. તે ઘૂસણખોરોને વહેંચવામાં આવશે. શું તમારી મહેનતની કમાણી ઘૂસણખોરો પાસે જવી જોઈએ ? શું તમને આ મંજૂર છે ?" જો કે, એવું લાગે છે કે બાંસવાડાના મતદારો આ ઝેરી ભાષણથી બિલકુલ પ્રભાવિત થયા નથી. બાંસવાડામાં નવી અને ઉભરતી ભારતીય આદિવાસી પાર્ટીના રાજકુમાર રોતને ભાજપના મહેન્દ્રજીતસિંહ માલવિયા પર ૮૨૦૮૩૧ મતોના માર્જિન સાથે ખાતરીપૂર્વકની જીત સાથે ભાજપને હારનો સામનો કરવો પડ્યો. BAPના રાજકુમાર રોતે રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને બાંસવાડાથી ભાજપના વર્તમાન ઉમેદવાર કનક લાલ કટારાને હરાવ્યા હતા.

દ્વેષથી ભરેલા ભાષણમાં ૨૨ એપ્રિલના ભાષણના દિવસોમાં સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP) દ્વારા ભારતના ચૂંટણી પંચમાં દાખલ કરાયેલી વિગતવાર ફરિયાદ પણ જોવા મળી હતી.

તેની ફરિયાદમાં, CJPએ જણાવ્યું હતું કે મોદીના ભાષણમાં મુસ્લિમ સમુદાય વિરુદ્ધ લક્ષિત અને સાંપ્રદાયિક અપશબ્દો હતા, જેના કારણે મતદાનનું વાતાવરણ ધ્રુવીત થયું હતું. ફરિયાદમાં આદર્શ આચારસંહિતા, લોકોનું પ્રતિનિધિત્વ અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ECIને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા અને મુસ્લિમ સમુદાય સામે નફરત ફેલાવવાનું બંધ કરવા કડક પગલાં લેવા વિનંતી કરી છે. થોડા દિવસો પછી, ECI દ્વારા ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાને નોટિસ મોકલવામાં આવી હતી અને ખાસ કરીને નરેન્દ્ર મોદીને તેમના ભાષણ માટે નહીં.

ઉપરાંત, સબરંગ ઈન્ડિયા છેલ્લા એક દાયકામાં દેશભરમાં ભાજપના નેતાઓ અને આનુષંગિકો દ્વારા દ્વેષપૂર્ણ ભાષણોનું દસ્તાવેજીકરણ કરી રહ્યું છે કે પક્ષે બહુમતી પ્રાપ્ત કરી છે. ભાજપે ભારતભરમાં એક અસાધારણ સ્ટાર ઝુંબેશ શરૂ કરી, જેમાં પીએમ મોદી, યોગી આદિત્યનાથ, હિમંતા બિસ્વા સરમા જેવા મુખ્ય પ્રધાનો, પ્રભાવકો, આયોજકો અને આ બહુમતીવાદી સંગઠનની સમય-પરીક્ષણ યુક્તિ સહિત તેના મોટા નેતાઓને ઉતારી પાડ્યા, મતદારોએ તેને પસંદ કર્યું નહીં. ભાજપને જીત અપાવી નહીં. દ્વેષપૂર્ણ ભાષણોથી લક્ષ્ય પ્રાપ્ત થયું હોય તેવું લાગતું ન હતું.

અમારા વિશ્લેષણમાં અમે નોંધ્યું છે કે ૨૦૧૯ પછી બીજેપીની કેન્દ્રમાં બીજી ટર્મ ૨૦૧૯ પછીથી દ્વેષપૂર્ણ ભાષણોમાં તીવ્ર વધારો થયો છે. ધાર્મિક અલ્પસંખ્યકોને નિશાન બનાવતા આ દ્વેષપૂર્ણ ભાષણો ભાજપ તરફથી વાતાવરણનું ધ્રુવીકરણ કરીને મત મેળવવાનું એક માધ્યમ છે. ૧૮મી લોકસભાની ચૂંટણીમાં ૨૦૨૪માં ભાજપ માટે આ રણનીતિ કેવી રીતે કામ આવી ? ભાજપ સૌથી વધુ બેઠકો મેળવ્યા હોવા છતાં સરકાર બનાવવા માટે સંઘર્ષ કરી રહી હોય તેવું લાગી રહ્યું છે, તેમણે ઘણી નોંધપાત્ર બેઠકો પર નોંધપાત્ર સમર્થન ગુમાવ્યું છે.

સબરંગ ઈન્ડિયા દ્વેષપૂર્ણ ભાષણ કામ કરે છે કે નિષ્ફળ ગયું તે તપાસવા માટે નીચે આ વિકાસને વધુ ટ્રેક કરે છે.




**૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, વડાપ્રધાન મોદીએ ભારતના મુસ્લિમોને "ઘૂસણખોર" તરીકે ઓળખાવ્યા. ૪ જૂને બીજેપી તે મતદારક્ષેત્ર હારી ગઈ જ્યાં તેણે આ શબ્દો કહ્યા હતા. બાંસવાડાના લોકોએ લોકોની રાજનીતિમાં તાજગીપૂર્ણ વાપસીનો સંકેત આપતા અન્ય નેતાને પસંદ કર્યો, વિજેતા ભારતીય આદિવાસી પાર્ટીના આદિવાસી નેતા હતા જેમણે ૮૦,૦૦૦થી વધુ મતોથી બેઠક જીતી હતી !**

## વિશ્લેષણ

મહારાષ્ટ્રમાં, ઓછામાં ઓછી ૮ બેઠકો જ્યાં દ્વેષપૂર્ણ ભાષણ આપવામાં આવ્યું હતું, ત્યાં ભાજપને જબરદસ્ત નુકસાન થયું હતું. યુપીમાં પણ આવી ચાર બેઠકો પર નુકસાન જોવા મળ્યું હતું, અને રાજસ્થાન, ઝારખંડ, બિહારમાં એવી બેઠકો જોવા મળી હતી જેણે સાંપ્રદાયિક ભાષણનો પ્રતિસાદ આપ્યો ન હતો.

### રાજસ્થાન

બાંસવાડા ઉપરાંત, રાજ્યના વધુ એક જિલ્લામાં ભારે હાર જોવા મળી હતી જ્યાં સ્ટાર પ્રચારકો સામેલ હતા. બાડમેરમાં INCના ઉમેદા રામ બેનીવાલ ભાજપના કૈલાશ ચૌધરી સામે ૪૧૭,૯૪૩ મતોના નોંધપાત્ર માર્જિનથી જીત્યા. બાડમેરમાં ધર્મ ઉપદેશક ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી અને 'અખંડ ભારત'ના આહ્વાનના સમર્થકે 'લવ જેહાદ'નો મુદ્દો ઉઠાવીને ભાષણ આપ્યું હતું. તેમણે હિંદુ ભાઈઓને ધર્માંતરણના પ્રયાસો સામે 'સતર્ક' રહેવા વિનંતી કરી હતી અને 'લવ જેહાદ' કરનારા લોકો અંગે હિન્દુ બહેનોને સતર્ક રહેવા જણાવ્યું હતું. શાસ્ત્રી, જેની ઉપર દલિત વ્યક્તિ પર હુમલો કરવાનો આરોપ છે. તેણે કાશી અને મથુરામાં મસ્જિદો તોડી પાડવાની પણ હાકલ કરી હતી.

### ઉત્તર પ્રદેશ

બલિયામાં પણ, પરિણામોએ વિભાજનકારી રેટરિકનો સમાન અસ્વીકાર દર્શાવ્યો હતો કારણ કે સમાજવાદી પાર્ટીના સનાતન પાંડેએ ભાજપના નીરજ શેખરને ૪૩,૩૮૪ મતોથી હરાવ્યા હતા. યુપીના જિલ્લામાં સાંપ્રદાયિક ભાષણો જોવા મળ્યા હતા, જેમાં જિલ્લાના ભાજપના ધારાસભ્ય સુરેન્દ્ર નારાયણ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ વંદે માતરમ ગાવાનો ઈનકાર કરે છે તેમને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી અને તેમને પાકિસ્તાન મોકલવા જોઈએ.

"વંદે માતરમનો જાપ કરવો એ લાગણી હોઈ શકે છે. પરંતુ જો તમે ભારતમાં રહેતા હોવ તો વંદે માતરમ આવશ્યક છે. તે સંસ્કૃતમાં છે અને તેનો ઉર્દૂમાં પણ અનુવાદ થઈ શકે છે. જેઓ હૃદયથી તેનો જાપ કરવા માંગતા નથી તેમને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી. જો તે મારા પર હોય તો હું આવા લોકોને તેમના પાસપોર્ટ બનાવીને એક અઠવાડિયામાં પાકિસ્તાન મોકલી દઈશ.

ઉત્તર પ્રદેશના સંભલમાં પણ રાજ્યના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા ઝેરી ઝુંબેશ જોવા મળી હતી, જેમણે એમ કહીને મતદારોની ભાવનાઓને જગાડવાનો પ્રયાસ કર્યો હતો કે કોંગ્રેસ તેમની સંપત્તિ વહેંચશે અને 'બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો'ને આપશે અને કોંગ્રેસ મુસ્લિમોને ગૌહત્યાની મંજૂરી આપશે. સંભલે મુસ્લિમ સમુદાયના લોકો સામે મતદારોના દમનની ભયાનક કથાઓના કિસ્સાઓ પણ જોયા હતા. જો કે, પરિણામોએ ભાજપ માટે આપત્તિની જોડણી કરી જેના ઉમેદવાર સમાજવાદી પાર્ટીના ઝિયા ઉર રહેમાન સામે ૧૨૧૪૯૪ મતોથી હારી ગયા. જૌનપુર અને બારાબંકીમાં પણ નરેન્દ્ર મોદી દ્વારા બંને સ્થળોએ આરોપિત ભાષણ જોવા મળ્યું હતું, જો કે બંનેએ ભાજપની હાર જોઈ કારણ કે સમાજવાદી પાર્ટી અને આઈએનસી આ સંબંધિત મતવિસ્તારોમાં જીતી ગઈ હતી.

### મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રમાં આઠ જિલ્લાઓમાં જોરદાર ઝુંબેશ જોવા મળી હતી જેમાં સાંપ્રદાયિક આરોપ વક્તવ્ય હતું જે ચૂંટણી પરિણામોમાં ભાજપના પતનનો સાક્ષી હતો.

મહારાષ્ટ્રના નાંદેડમાં, જૂનમાં દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા ચિહ્નિત થયેલ ઝુંબેશ છતાં, INC ઉમેદવાર ચવ્હાણ બસંતરાવ વલવાને ભાજપના ચિખલીકર પ્રતાપરાવ ગોવિંદરાવને ૫૯,૪૪૨ મતોથી હરાવ્યા હતા. નાંદેડમાં સીરીયલ નફરત અપરાધી કાજલ હિન્દુસ્તાની દ્વારા આરોપિત સાંપ્રદાયિક ભાષણ જોયું હતું, જે તેણીના સાંપ્રદાયિક ભાષણ માટે કુખ્યાત અને લોકપ્રિય સોશિયલ મીડિયા પ્રભાવક હતી, તેણીની સામે અગાઉ દાખલ કરાયેલા વિવિધ કેસ છે. ૪ મેના રોજ, તેણી એક રેલીમાં જોડાઈ હતી જ્યાં તેણીએ હિંદુ સમુદાયને 'લવ અને લેન્ડ જેહાદ' કરવા પ્રોત્સાહિત કરતા બિનસાંપ્રદાયિકતા વિરુદ્ધ વાત કરી હતી. ધર્મનિરપેક્ષતાના નામે તમારી સાથે તમને રમાડવામાં આવે છે. તમારો ભાઈ કસાઈની જેમ બેઠો છે અને તમને કાપી રહ્યો છે. નવ રાજ્યોમાં અને ઘણા જિલ્લાઓમાં હિંદુઓ લઘુમતી બની ગયા છે. રેલવે અને સંરક્ષણ બાદ સૌથી વધુ જમીન મુસ્લિમો પાસે છે. આપણી મહિલાઓ, મંદિરો, જમીન અને ગૌમાતા સુરક્ષિત નથી. આ દેશમાં હિન્દુઓ પણ સુરક્ષિત નથી. તમારી પાસે એક જ રાષ્ટ્ર છે. અન્ય હિન્દુઓ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી ભારત દોડી રહ્યા છે. ભારત સરકારે તેમને નાગરિકતા આપવાનું વચન આપ્યું છે. પણ તમે ક્યાં જશો? હિંદુ અહીંથી, આસામ, બંગાળ વગેરેથી દોડે છે, ક્યાં સુધી દોડશો? તમે કેટલું દોડશો? અમારા જેહાદી ભાઈ, તે ગઝવા એ હિંદનું સપનું જોઈ રહ્યો છે. ગઝવા એ હિંદ શું છે? ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવું. તેઓ આતંકવાદી, તાલિબાની વિચારધારા અનુસાર કામ કરી રહ્યા છે. આપણે શું કરી રહ્યા છીએ? અમે માત્ર સૂત્રોચ્ચાર કરી રહ્યા છીએ. તમારી બહેનને 'લવ-જેહાદ' દ્વારા ટાર્ગેટ થતી જોઈને તમે ક્યાં સુધી આમ જ રહેશો? તમે તૈયાર થાઓ, તમે પણ 'લવ-લેન્ડ જેહાદ' કરો, ધર્મ પરિવર્તન કરો.

**(ક્રમશઃ)**

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# કેનેડામાં ભારતીય મૂળની હત્યામાં 'ટાર્ગેટેડ કિલિંગ' હોવાની આશંકા

(એજન્સી) ઓટ્ટાવા, તા.૧૦

કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રદેશમાં ૨૮ વર્ષીય ભારતીય મૂળના એક વ્યક્તિની શંકાસ્પદ 'ટાર્ગેટેડ કિલિંગ'માં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર તેમણે આ કેસના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરી છે અને તેમની સામે ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂક્યો છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના હોમિસાઈડ યુનિટે એક નિવેદનમાં જણાવ્યું કે, મૃતકની ઓળખ યુવરાજ ગોયલ તરીકે થઈ છે અને તે શુક્રવારે સવારે સરેમાં ગોળીબાર પછી પોલીસને મૃત હાલતમાં મળી આવ્યો હતો. અહેવાલ મુજબ યુવરાજ સરેમાં કાર ડીલરશીપમાં કામ કરતો હતો. યુવરાજની બહેન ચારૂ સિંઘલા કહ્યું કે, તેની હત્યા શા માટે કરવામાં આવી તે અંગે પરિવારને કોઈ જાણ નથી અને તેમની પાસે કોઈ સંકેત નથી કે તે સંગઠિત અપરાધ સાથે કોઈ સંબંધ ધરાવે છે. ગોયલના સાળા, બાવનદીપે જણાવ્યું હતું કે, પીડિતને ગોળી મારવામાં આવી તે પહેલાં તેની માતા સાથે ફોન પર હતો, જે ભારતમાં રહે છે. બાવનદીપે કહ્યું કે, 'તેની દિનચર્યા મુજબ તે તેના જીમમાંથી પાછો આવ્યો હતો અને કારમાંથી બહાર નીકળ્યો ત્યારે તેને ગોળી વાગી હતી.' પોલીસે ગોળીબારના થોડા સમય બાદ ચાર શકમંદોની ધરપકડ કરી હતી, જેમાં સરેના ૨૩ વર્ષીય મનવીર બસરામ, સરેના ૨૦ વર્ષીય સાહિબ બસરા, સરેના ૨૩ વર્ષીય હરકીરત ઝુટ્ટી અને ઓન્ટારિયોના ૨૦ વર્ષીય કીલોન ફ્રાન્કોઈસનો સમાવેશ થાય છે. તેમની સામે ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂકવામાં આવ્યો છે. હોમિસાઈડ યુનિટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અધિકારીઓને ગોળીબારના થોડા સમય બાદ વાહનમાં આગ લાગવા અંગે ચેતવણી આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, જ્યારે પ્રારંભિક પુરાવા સૂચવે છે કે, તે 'લક્ષિત ગોળીબાર' હતું. હોમિસાઈડ યુનિટે બધા વિનંતી કરી છે કે, જે કોઈને માહિતી હોય અથવા વિસ્તારમાં વાહન ચલાવતી ડેશ-કેમેરા ફૂટેજ હોય તો તેઓ પોલીસનો સંપર્ક કરે.

# દિલ્હી કોર્ટે સાંસદ તરીકે શપથ લેવા માટે એન્જિનિયર રશીદની વચગાળાની જામીન અરજીની સુનાવણી માટે ૧૮ જૂનની તારીખ નક્કી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

તાજેતરમાં પૂર્ણ થયેલી સામાન્ય ચૂંટણીઓ બાદ સાંસદ તરીકે શપથ લેવા માટે વચગાળાના જામીન મેળવવા માટે ૨૦૧૬માં જમ્મુ અને કાશ્મીરના ટેરર ફંડિંગ કેસમાં ધરપકડ કરાયેલ એન્જિનિયર રશીદ દ્વારા દાખલ કરાયેલી અરજી પર દિલ્હીની અદાલતે દલીલો સાંભળવા માટે ૧૮ જૂનની તારીખ નક્કી કરી છે. શેખ અબ્દુલ રશીદ જેઓ એન્જિનિયર રશીદ તરીકે જાણીતા છે, તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બારામુલા મતવિસ્તારમાંથી જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. રશીદે નેશનલ કોન્ફરન્સ (NC)ના ઉપાધ્યક્ષને હરાવવા માટે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. તેઓ કેન્દ્રશાસિત પ્રદેશના પૂર્વ ધારાસભ્ય પણ છે. NIAએ દ્વારા રશીદની અરજીનો જવાબ દાખલ કરવા માટે સમય માંગ્યા બાદ એડિશનલ સેશન્સના જજ ચંદરજીતસિંહે આ મામલાની સુનાવણી માટે ૧૮ જૂનની તારીખ નક્કી કરી છે. ન્યાયાધીશે મામલો મુલતવી રાખ્યો અને ઉમેર્યું કે, જો સમારંભ માટેની સૂચના આગામી તારીખ પહેલાં આવે તો આરોપી આ મામલાને ઝડપી બનાવવાની અરજી સાથે કોર્ટમાં જઈ શકે છે. રશીદે શપથ લેવા અને સંસદીય કાર્યો કરવા માટે વચગાળાના જામીન અથવા વૈકલ્પિક રીતે કસ્ટડી પેરોલની માગણી કરીને કોર્ટમાં અરજી કરી હતી. ટેરર ફંડિંગ કેસમાં NIA દ્વારા ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ), ૧૯૬૭ના એક્ટ (UAPA) હેઠળ આરોપ મૂકવામાં આવ્યા પછી રશીદની ૨૦૧૯થી જેલમાં છે. તેઓ હાલ તિહાર જેલમાં બંધ છે. પૂર્વ ધારાસભ્યનું નામ કાશ્મીરી ઉદ્યોગપતિ ઝહૂર વટાલીની તપાસ દરમિયાન સામે આવ્યું હતું, જેમની NIAએ ખીણમાં આતંકવાદી જૂથો અને અલગતાવાદીઓને ભંડોળ પૂરૂં પાડવા બદલ ધરપકડ કરી હતી. NIAએ આ કેસમાં કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિક, લશ્કર-એ-તૈયબાના સંસ્થાપક હાફિઝ સઈદ અને હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીન સહિત અનેક વ્યક્તિઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. યાસીન મલિકને આરોપો માટે દોષી ઠેરવ્યા પછી ૨૦૨૨માં ટ્રાયલ કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.

# કેરળથી ભાજપના પહેલાં સાંસદ સુરેશ ગોપીને રાજ્યકક્ષાના ટુરિઝમ અને પેટ્રોલિયમ મંત્રી બનાવાયા

(એજન્સી) તા.૧૦

સાઉથ અભિનેતા સુરેશ ગોપીએ ૯ જૂન, ૨૦૨૪ના રોજ મંત્રી તરીકે શપથ લીધા. મોદી સરકારે અભિનેતાને પ્રવાસન મંત્રાલય અને પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલયના રાજ્યમંત્રી પદની જવાબદારી સોંપી છે.

તમને જણાવી દઈએ કે સુરેશ ગોપી કેરળના પહેલાં બીજેપી સાંસદ છે જે કેન્દ્રીય મંત્રી બન્યા છે. તેમણે આ વર્ષની લોકસભા ચૂંટણીમાં CPM ઉમેદવાર વી.એસ. સુનિલકુમારને ૭૪,૬૮૬ મતોથી હરાવ્યા હતા.

ચૂંટણી પ્રચાર દરમિયાન જ ભાજપે ત્રિશૂર માટે 'એક કેન્દ્રીય મંત્રી, મોદીની ગેરંટી'નું સૂત્ર આપ્યું હતું. હવે પાર્ટીએ સુરેશ ગોપીને આ મંત્રાલય સોંપીને પોતાનું વચન પૂરૂં કર્યું છે. એપ્રિલ ૨૦૧૬માં રાષ્ટ્રપતિએ તેમને પ્રોમિનેંટ પર્સનાલિટીની શ્રેણી હેઠળ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટ્યા. અભિનેતા આ વર્ષે ઓક્ટોબરમાં ભાજપમાં જોડાયા હતા.

સુરેશ ગોપીના શપથ લીધા બાદ એવા સમાચાર આવ્યા હતા કે, તેઓ મંત્રી પદ પરથી રાજીનામું આપી શકે છે. જો કે, તેણે તેને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પોસ્ટ કરી અને તેને અફવા ગણાવી હતી.

સુરેશ ગોપીએ ૨૦૧૯માં થ્રિસુર લોકસભા ચૂંટણી પણ લડી હતી. જો કે, તે હારી ગયા અને ત્રીજા સ્થાને રહ્યા હતા. આ ચૂંટણીમાં તેમણે ખ્રિસ્તી સમુદાય સુધી પહોંચ બનાવી અને તેમનો વિશ્વાસ સ્થાપિત કર્યો. આ સિવાય અભિનેતાએ સીપીએમના સહકારી બેંક ફંડ કૌભાંડ સામે પાયાના સ્તરે વિરોધ કર્યો અને મતદારોને પોતાના બનાવ્યા.

સુરેશ ગોપી મલયાલમ સિનેમાનું મોટું નામ છે. તેણે અત્યાર સુધીમાં લગભગ ૨૫૦ ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે 'કવલ', 'મૈં હું મુસા', 'લેલમ' અને 'કમિશનર' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું.

તમને જણાવી દઈએ કે સુરેશ ગોપી સિવાય બીજી ઘણી ફિલ્મી હસ્તીઓ પણ ભાજપની ટિકિટ પર લોકસભા ચૂંટણી જીતી ચૂકી છે. આ યાદીમાં કંગના રણૌત, હેમા માલિની, રવિ કિશન, મનોજ તિવારી અને અરૂણ ગોવિલ પણ સામેલ છે. જો કે, કેબિનેટમાં માત્ર સુરેશ ગોપીને જ સ્થાન મળ્યું છે.

# છત્તીસગઢમાં હિંસક બન્યું વિરોધ પ્રદર્શન, સેંકડો વાહનોને આગ ચંપાઈ

(એજન્સી) તા.૧૦

સોમવારે મોટી સંખ્યામાં સતનામી સમુદાયના લોકો છત્તીસગઢ (Baloda Bazar Protest)ના બાલોદા બજારમાં પહોંચ્યા, જ્યાં તેઓએ કલેક્ટરનો ઘેરાવ કર્યો અને ઊગ્ર વિરોધ કર્યો હતો. દશેરા ગ્રાઉન્ડ પર લોકો એકસાથે વિરોધ કરી રહ્યા હતા અને થોડી જ વારમાં વિરોધે હિંસક વળાંક લઈ લીધો હતો. જો કે, પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં પોલીસ દળ સ્થળ (Baloda Bazar Protest) પર તહેનાત કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ, કે આ પ્રદર્શન તાજેતરમાં ધાર્મિક પ્રતીક અમર ગુફાની તોડફોડ અને જેતખામ તોડવાના વિરોધમાં કરવામાં આવી રહ્યું છે. છત્તીસગઢ (Baloda Bazar Protest)ના નાયબ મુખ્યપ્રધાન વિજય શર્માએ જણાવ્યું હતું કે, "૧૫-૧૬ માર્ચની વચ્ચેની રાત્રે પવિત્ર અમર ગુફામાં આદરણીય જૈત ખામને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈની સૂચના મુજબ સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડનાર આ ઘટનાની ન્યાયિક તપાસ કરવામાં આવશે." વાસ્તવમાં, સતનામી સમુદાયના મંદિર અને જેતખામને તોડી પાડવાની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી રહ્યા હતા. પરંતુ હજુ સુધી કોઈ તપાસ સમિતિની રચના ન થતા આજે તેઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને મોટી સંખ્યામાં લોકો કલેક્ટર કચેરીમાં ઘૂસી ગયા હતા. વાસ્તવમાં, સતનામી લોકો સમુદાય માટે ધાર્મિક પ્રતીક અમર ગુફાને તોડી પાડવાનો વિરોધ કરી રહ્યા છે. તેઓ બલોડા બજારમાં બેરીકેટ્સ તોડીને કલેક્ટર કચેરીમાં ઘૂસીને વિરોધ શરૂ કર્યો હતો. ત્યાં આસપાસના અનેક વાહનોને સળગાવી દેવામાં આવ્યા હતા. બલોદા માર્કેટમાં આવેલી બિલ્ડિંગમાં આગ લાગી છે. બિલ્ડિંગ આગ લાગવાને કારણે ઉપરના માળે આગ લાગી હતી. તેમણે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કહેવાય છે કે, ૧૫-૧૬ મેની રાત્રે ગીરોડપુરી ધામની પવિત્ર અમર ગુફા પાસે કેટલાક અસામાજિક તત્વોએ જેતખંભને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી હતી. બીજી તરફ સમાજનું કહેવું છે કે આ કેસમાં પડદા પાછળ હજુ પણ ઘણા આરોપીઓ છે, જેમની ધરપકડ થવી જોઈએ. સમાજની માંગ પર રાજ્ય સરકારે પણ ન્યાયિક તપાસ કરવાની જાહેરાત કરી છે. ૨૫૦થી વધુ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. અનેક ફોર વ્હીલર્સને આગ ચાંપી દેવામાં આવી હતી. ફાયર એન્જિનમાં પણ આગ લાગી હતી. રોષે ભરાયેલા ટોળાએ કલેક્ટર કચેરી પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે કોઈક રીતે ટોળાને વિખેરી નાખ્યું હતું. સ્થળ પર હાજર કલેક્ટર અને એસ.પી. પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બાલોડાબજાર કલેક્ટર કચેરી ખાતે ચોક્કસ સમુદાયના હિંસક પ્રદર્શનનો સામનો કરવા માટે રાયપુરથી વધારાની પોલીસ દળ રવાના કરવામાં આવી છે. રમખાણ નિયંત્રણ ટીમ સાથે ટીયર ગેસની ટીમ પણ રવાના કરવામાં આવી છે. પોલીસ પ્રદર્શનકારીઓને કાબૂમાં લેવામાં નિષ્ફળ રહી છે.

# મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટે તૈયાર રહો, રાજ્યની સત્તા તમારા હાથમાં રહેશે : NCP (SP) કાર્યકરોને શરદ પવાર

**૨૫મા સ્થાપના દિવસની ઉજવણી કરતાં પવારે તેમની પુત્રી અને બારામતી NCP (SP) સાંસદ સુપ્રિયા સુલે તથા અન્ય નેતાઓ અને કાર્યકરોની હાજરીમાં પૂણેમાં તેમની પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો હતો**

(એજન્સી) પૂણે, તા.૧૦

NCP (SP)ના વડા શરદ પવારે સોમવારે તેમના પક્ષના કાર્યકરોને આ વર્ષના અંતમાં થનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે તૈયાર રહેવાનું આહ્વાન કર્યું હતું અને દાવો કર્યો હતો કે, ચૂંટણી પછી રાજ્યની સત્તા તેમના હાથમાં હશે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધનના ભાગરૂપે મહારાષ્ટ્રમાંથી ચૂંટણી લડ્યાના ૧૦ લોકસભા બેઠકોમાંથી ૮ બેઠકો જીત્યાના દિવસો પછી તેમણે તેમના કાર્યકરોની સાથે ૨૫મા સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. એનસીપીના સ્થાપકે કહ્યું, 'છેલ્લા ૨૫ વર્ષોમાં આપણે પાર્ટીની વિચારધારાને ફેલાવવા કામ કર્યું છે અને હવે તેને વધુ આગળ લઈ જવા માટે સાથે મળીને વધુ કામ કરવાનું છે. આગામી ત્રણ મહિનામાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે અને તે માટે કામ કરવાની આપણી સામૂહિક જવાબદારી છે કેમ કે ચૂંટણી પછી રાજ્યની સત્તા તમારા હાથમાં હશે.' પવારે ૧૯૯૯માં કોંગ્રેસથી અલગ થઈને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ની રચના કરી હતી. અજિત પવાર અને અન્ય કેટલાક ધારાસભ્યો રાજ્યમાં શિવસેના અને ભાજપ સરકારમાં જોડાયા બાદ ગયા વર્ષે જુલાઈમાં NCPમાં વિભાજન થયું હતું. આ વર્ષે ફેબ્રુઆરીમાં ચૂંટણી પંચે અજિત પવાર જૂથને વાસ્તવિક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તરીકે જાહેર કર્યું અને જૂથને NCP પ્રતીક 'ઘડિયાળ' ફાળવ્યું હતું. શરદ પવારની NCP (SP)ને પછીથી ચૂંટણી લડવા માટે 'મેન બ્લોઈંગ તુર્હા' (પરંપરાગત ટ્રમ્પેટ)નું પ્રતીક ફાળવવામાં આવ્યું હતું.

# ફ્રાન્સના રાષ્ટ્રપતિએ અચાનક જ સંસદ ભંગ કરવાનો લીધો નિર્ણય, ૩૦ જૂને ચૂંટણી યોજવાની જાહેરાત કરી

(એજન્સી) તા.૧૦

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોને રવિવારે અચાનક જ સંસદ ભંગ કરવાની જાહેરાત કરી સૌને ચોંકાવી દીધા હતા. રાષ્ટ્રને સંબોધતાં તેમણે જણાવ્યું કે, દેશના નીચલા ગૃહ નેશનલ એસેમ્બલી માટેની ચૂંટણીનો પ્રથમ રાઉન્ડ હવે આગામી ૩૦ જૂને યોજાશે, જ્યારે ચૂંટણીનો બીજો રાઉન્ડ ૭ જુલાઈએ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, યુરોપિયન યુનિયનની ચૂંટણીમાં દક્ષિણપંથી પક્ષોએ મેક્રોનના મધ્યમાર્ગી ગઠબંધનને હરાવી દીધું છે. જેના બાદ મેક્રોને અચાનક સંસદ ભંગ કરવાનો નિર્ણય લીધો છે. મેક્રોને એ પણ સ્વીકાર્યું કે યુરોપનો બચાવ કરવા માંગતા પક્ષો માટે યુરોપિયન યુનિયનની ચૂંટણીના પરિણામ સારા નથી. રાષ્ટ્રને સંબોધતાં મેક્રોને જણાવ્યું હતું કે, યુરોપિયન યુનિયનની ચૂંટણીમાં ટોપ સ્કોરિંગ નેશનલ રેલી (RN) સહિત નાના-નાના પક્ષો લગભગ ૪૦ ટકા મત મેળવવામાં સફળ થયા છે. દક્ષિણપંથી પાર્ટીઓનુંર વર્ચસ્વ વધતું જઈ રહ્યું છે. હું આ પરિસ્થિતિ સાથે પોતાને ન જોડી શકું. તેથી મેં તમને એક વિકલ્પ આપવાનું નક્કી કર્યું છે. હું નેશનલ એસેમ્બલીનું વિસર્જન કરી રહ્યો છું. આ દરમિયાન તેમણે ફ્રેન્ચ લોકોની શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવાની ક્ષમતા પર વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. મેક્રોને ગયા ગુરૂવારે ચેતવણી આપી હતી કે, આ સપ્તાહની ચૂંટણી બાદ યુરોપિયન સંસદમાં વધતી જમણેરીઓની હાજરી દ્વારા યુરોપિયન યુનિયન સામે અવરોધો પેદા થવાનું જોખમ છે.

**હદીસ બોધ**

સારામાં સારી વ્યક્તિ એ છે કે જે થોડું ખાય, થોડું હસે અને શરમની જગ્યા ઢંકાય તેવા કપડાંથી રાજી થાય.

-હદીસ બોધ

**બોધ વચન**

જે વર્તમાનની ઉપેક્ષા કરે છે તે બધું જ ખોઈ દે છે. -શિબર

**આજની આરસી**

૧૧ જૂન મંગળવાર ૨૦૨૪
૪ ઝિલહજ હિજરી ૧૪૪૫
જેઠ સુદ પાંચમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૧
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

### ભારત સામેના પરાજયથી PCBના અધ્યક્ષ અકળાયા

# પાકિસ્તાન ટીમમાં ધરમૂળથી ફેરફાર કરવા પડશે : નકવી

## બાબર આઝમની કેપ્ટનશીપ ફરીથી છીનવાઈ શકે છે

## અમુક ખેલાડીઓ બાબર આઝમથી ખુશ નથી, વિશ્વકપ બાદ ખૂલીને વાત કરીશ : શાહીદ આફ્રિદી

ન્યૂયોર્ક, તા.૧૦

પૂર્વ કપ્તાન શાહીદ આફ્રિદીનો લાગે છે કે, પાકિસ્તાન ટીમમાં બધું બરાબર ચાલી રહ્યું નથી તથા અમુક ખેલાડીઓ કપ્તાન બાબર આઝમથી ખુશ નથી. આ નિવેદન પાકિસ્તાનની ભારત સામે ટી-૨૦ વિશ્વકપમાં હાર બાદ આવ્યું છે. આફ્રિદીએ કહ્યું કે, એક કપ્તાન બધાને સાથે લઈ ચાલે છે તે ટીમને સારી બનાવી દે છે અથવા ટીમને બરબાદ કરે છે. વિશ્વકપ સમાપ્ત થયા બાદ હું ખૂલીને વાત કરીશ. તેણે કહ્યું કે, શાહીન આફ્રિદી સાથે



મારો એવો સંબંધ છે કે, જો હું તેના વિશે વાત કરીશ તો લોકો કહેશે કે હું પોતાના જમાઈની તરફેણ કરી રહ્યો છું. આફ્રિદીની પુત્રીના લગ્ન ઝડપી બોલર શાહીન સાથે થયા છે જેને વિશ્વકપ પહેલાં કપ્તાનપદેથી હટાવી દેવાયો હતો. તેના કપ્તાન રહેતા પાકિસ્તાને ફક્ત ન્યુઝીલેન્ડ વિરુદ્ધ એક સિરીઝ રમી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધ્યક્ષ મોહસીન નકવીએ ભારત વિરુદ્ધ વિશ્વકપમાં હાર બાદ આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું કે, બાબરના નેતૃત્વવાળી ટીમમાં ફેરફાર કરવાની જરૂર છે. પાકિસ્તાની મીડિયા અનુસાર નકવીએ ન્યૂયોર્કમાં કહ્યું કે, મને લાગે છે કે, મેચ જીતવા માટે ટીમમાં અમુક ફેરફાર કરવાની જરૂર છે પણ હવે લાગે છે કે, ટીમમાં ધરમૂળથી ફેરફાર કરવા પડશે. શાહીનને હટાવી ફરીથી બાબર આઝમને કપ્તાન બનાવવાથી શાહીદ આફ્રિદી નારાજ હતો. તેણે તે સમયે કહ્યું હતું કે, જો કોઈને કપ્તાન બનાવ્યો છે તો વિશ્વાસ કરો તેને સમય આપો ફક્ત એક સિરીઝ બાદ હટાવવાનો હતો તો કપ્તાન બનાવવો જ ના જોઈએ. નકવીએ આ સાથે જ કહ્યું કે, હવે તે ખેલાડીઓ ઉપર પણ ધ્યાન આપવાની જરૂર છે જે છેલ્લા કેટલાક સમયથી ટીમની બહાર છે. તેમણે કહ્યું કે, અમે જે રીતે અમેરિકા અને ભારત સામે મેચ ગુમાવી તે ખૂબ જ નિરાશાજનક છે. હવે અમારે તે ખેલાડીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જે હાલ ટીમમાં નથી નકવીએ કહ્યું કે, દરેક જણ અમને પૂછી રહ્યા છે કે, ટીમ સારૂં પ્રદર્શન કેમ કરતી નથી. હાલ વિશ્વકપ ચાલી રહ્યો છે પણ ચોક્કસ રીતે અમારે દરેક વસ્તુ પર ધ્યાન આપવાની જરૂર છે. પાકિસ્તાનને સુપર આઠમાં સ્થાન મેળવવા માટે કેનેડા અને આયરલેન્ડ વિરુદ્ધ આગામી બે મેચ મોટા માર્જિનથી જીતવી પડશે અને અન્ય ટીમોના પરિણામ તેના અનુકૂળ રહે તેવી આશા કરવી પડશે.

# ફેક્ટ ચેક : રાજસ્થાનમાં મારપીટથી દલિતના મૃત્યુને સોશિયલ મીડિયા પર સાંપ્રદાયિક રંગ આપવામાં આવ્યો

(એજન્સી) જયપુર, તા.૧૦

વીડિયોની શરૂઆતમાં, એક વ્યક્તિ વારંવાર એક વ્યક્તિને લાકડી વડે મારતો જોવા મળે છે જ્યારે તે જમીન પર મોઢું રાખીને સૂતો હોય છે. અન્ય બે માણસો આ વ્યક્તિના હાથ-પગ પકડી રાખે છે જેથી તે પોતાને બચાવી ન શકે. આ પછી, બીજી ક્લિપ આવે છે જેમાં બે લોકો એક જ માણસના પગને લાકડીઓ વડે બાંધીને ઉપર પકડી રહ્યા છે અને ત્રીજો માણસ નિર્દયતાથી માણસના તળિયા પર લાકડી વડે મારી રહ્યો છે. આ પછી વીડિયોમાં કેટલાક લોકો પોલીસ કસ્ટડીમાં જોવા મળી રહ્યા છે અને કેટલાક ઘરો પર બુલડોઝર ચાલતા જોવા મળે છે.




વીડિયો સાથે કેપ્શનમાં લખ્યું છે કે, ચુસ્લીમો એ એક દલિત યુવકને ખુલ્લેઆમ માર માર્યો અને તેની હત્યા કરી. આ વીડિયો ફેસબુક અને ટ્વિટર પર સમાન કેપ્શન સાથે શેર કરવામાં આવી રહ્યો છે. આજ તક ફેક્ટ ચેકમાં જાણવા મળ્યું કે આ ઘટના તાજેતરમાં રાજસ્થાનમાં બની હતી જેમાં કેટલાક લોકોએ એક દલિત યુવકને એટલો માર માર્યો હતો કે તે મૃત્યુ પામ્યો હતો. આ કેસમાં એક પણ આરોપી મુસ્લિમ નથી. બલ્કે મુખ્ય આરોપી પણ દલિત છે.

વીડિયો સર્ચ કરતાં અમને આ બાબતે પ્રકાશિત થયેલા ઘણા સમાચાર મળ્યા. ૨૨ મે ૨૦૨૪ના અમર ઉજાલાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ ઘટના ૧૪ મેના રોજ ઝુનઝુનુના સૂરજગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના બલોદા ગામમાં બની હતી. સમાચાર અનુસાર, ગામમાં દારૂ માફિયાઓએ રામેશ્વર વાલ્મીકી નામના યુવકનું અપહરણ કર્યું અને તેને નિર્દયતાથી માર્યો. જેના કારણે તેનું મોત થયું હતું. થોડાં દિવસો પછી, આ હુમલાનો વીડિયો સામે આવ્યો. દારૂ માફિયાઓ દ્વારા રામેશ્વરનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને હવેલીમાં લઈ ગયા હતા જ્યાં તેની નિર્દયતાથી મારપીટ કરવામાં આવી હતી. આ કેસમાં હિસ્ટ્રીશીટર દિપેન્દ્ર ઉર્ફે ચિન્ટુ રાજપૂત, પ્રવીણ ઉર્ફે પીકે મેઘવાલ, પ્રવીણ ઉર્ફે બાબા મેઘવાલ, સુભાષ ઉર્ફે ચિન્ટુ મેઘવાલ અને સતીષ ઉર્ફે સુખા મેઘવાલની ધરપકડ કરવામાં આવી હતી. પ્રશાસને આરોપીઓના ઠેકાણા પર બુલડોઝર પણ ચલાવ્યું હતું. ન્યૂઝ ૧૮ અહેવાલ આપે છે કે, દારૂ માફિયાઓએ રામેશ્વરને તેમની દુકાનમાંથી મોંઘો દારૂ ન ખરીદવા બદલ માર માર્યો હતો. યુવક બેભાન થઈ ગયા બાદ આરોપી તેને હોસ્પિટલ લઈ ગયો જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો. દારૂ માફિયાઓએ મૃતકને તેના ઘર આગળ ફેંકી દીધો અને ચાલ્યો ગયો. દારૂ માફિયાએ જ મારપીટની આ ઘટનાનો વીડિયો બનાવ્યો હતો. અમે આ બાબતે ઝુંઝુનુના પોલીસ અધિક્ષક રાજર્ષિ રાજ વર્મા સાથે પણ વાત કરી હતી. તેમણે અમને કહ્યું કે, આ કેસમાં કોઈ સાંપ્રદાયિક દ્રષ્ટિકોણ નથી. વર્માના જણાવ્યા અનુસાર, આ કેસમાં નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમાંથી મુખ્ય આરોપી દલિત છે. કોઈ આરોપી મુસ્લિમ નથી. ઝુંઝુનુ પોલીસે વાયરલ ટ્વિટ પર ટિપ્પણી કરતા આરોપીઓના નામ પણ આપ્યા છે.

### પાક. બેટ્સમેન ૫૯ બોલ પર રન જ બનાવી શક્યા નહીં

# પાકિસ્તાનના બેટ્સમેન ૧૫ ઓવર બાદ રણનીતિથી ભટકી ગયા : કોચ કર્સ્ટન

ન્યૂયોર્ક, તા.૧૦

પાકિસ્તાનના નવા મુખ્ય કોચ ગૈરી કર્સ્ટને કહ્યું કે, ભારત વિરુદ્ધ ટી-૨૦ વિશ્વકપમાં તેમના બેટ્સમેન ૧૫ ઓવર બાદ રણનીતિ અનુસાર રમી શક્યા નહીં અને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નહીં કરવાના કારણે દબાણમાં આવી ગયા. અમેરિકા અને ભારત સામેના પરાજય બાદ પાકિસ્તાન પર ગ્રુપ રાઉન્ડમાંથી બહાર થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. ભારત વિરુદ્ધ રવિવારે રમાયેલી મેચમાં ૧૨૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ૧૫મી ઓવરમાં તેનો સ્કોર ચાર વિકેટે ૮૪ રન હતો પણ અંતમાં તેમની ટીમ ૭ વિકેટે ૧૧૩ રન જ બનાવી શકી. કર્સ્ટને મેચ બાદ પત્રકારોને કહ્યું કે, મારૂં માનવું છે કે, આવી પિચ પર સ્ટ્રાઈક રોટેટ કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. એટલા માટે હું તમારી સાથે સહમત છું કે, ક્યારેય આવી મેચ જોવી મજેદાર હોય છે, જેમાં ફક્ત બાઉન્ડ્રી જ મહત્ત્વ રાખતી નથી પણ તમારે ૧૨૦ બોલનો વાસ્તવમાં સારી રીતે ઉપયોગ કરવાનો હોય છે. અમે પહેલી ૧૫ ઓવર સુધી આવું કર્યું પણ ત્યારબાદ પોતાની રણનીતિથી ભટકી ગયા. અમે ઘણી વધારે વિકેટ ગુમાવી બેટિંગ લાઇનઅપના રૂપમાં તમારે વધારે વિકેટ ગુમાવવાથી બચવું જોઈએ પણ અમે એવું કરી શક્યા નહીં. જ્યારે આવી પરિસ્થિતિ આવે છે તો ખેલાડીઓએ જવાબદારી લેવી જોઈએ. પાકિસ્તાનના બેટ્સમેન ૫૯ બોલમાં રન જ



બનાવી શક્યા નહીં. તેને બુમરાહે સૌથી વધારે નુકસાન પહોંચાડ્યું. તેણે ચાર ઓવરમાં ૧૪ રન આપી ત્રણ વિકેટ ઝડપી પાકિસ્તાન માટે હવે આગળની મેચ કરો યા મરો જેવી બની ગઈ છે. ભારતની ૨૦૧૧ની વન-ડે વિશ્વ વિજેતા ટીમના કોચ રહેલા કર્સ્ટને કહ્યું કે, આ બધા આંતરરાષ્ટ્રીય ખેલાડી છે અને જાણે છે કે, જ્યારે તે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતા નથી તો તેમના ઉપર દબાણ આવી જશે.

# ભારત ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની બધી મેચો લાહોરમાં રમે : PCB

લાહોર, તા.૧૦

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ ભારત માટે સર્વશ્રેષ્ઠ સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની ચળવળમાં સૂચન આપ્યું છે કે પાડોશી દેશ આગામી વર્ષની આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી દરમ્યાન લાહોરમાં પોતાની બધી મેચ રમે. પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ કહ્યું કે આઈસીસીને મોકલેલા ટુર્નામેન્ટના ડ્રાફ્ટ કાર્યક્રમમાં આ સૂચન આપવામાં આવ્યું છે. સૂત્રએ કહ્યું કે હા ભારતીય ટીમનો પ્રવાસ ઓછો કરવા અને સર્વશ્રેષ્ઠ સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે તેમની બધી મેચો લાહોમાં રમાડવાનું સૂચન કરવામાં આવ્યું છે. ભારતે ગત વર્ષે સુરક્ષા ચિંતાઓના કારણે એશિયા કપ માટે પાકિસ્તાનમાં રમવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ બધી મેચ શ્રીલંકામાં રમાઈ હતી. પાકિસ્તાનને આગામી વર્ષ ૧૯ ફેબ્રુઆરીથી નવ માર્ચ દરમ્યાન આઈસીસીની આ ૫૦ ઓવરની ટુર્નામેન્ટની યજમાની કરવાની છે. પાકિસ્તાન ૧૯૯૬ બાદ પહેલીવાર કોઈ મોટી આઈસીસી ટુર્નામેન્ટની યજમાની કરશે.

# મધ્યપ્રદેશના મુરેનામાં દલિત સરપંચને ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો; એક વ્યક્તિની ધરપકડ

(એજન્સી) તા.૧૦

મધ્યપ્રદેશના મોરેના જિલ્લામાં એક દલિત સરપંચને કથિત રીતે ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો અને તેને ગામ છોડવા માટે દબાણ કરવામાં આવ્યું. ફરિયાદ બાદ પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કૌથરકલન પંચાયતના સરપંચે ગરૂવારે પોરસા પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગુંડાઓ તેમને છેલ્લા બે વર્ષથી હેરાન કરી રહ્યા છે અને બદમાશો ઈચ્છે છે કે તેઓ તેમના પદ પરથી રાજીનામું આપી દે તેમને 'ડોંગલ' જેમાં તેમનો 'ડિજિટલ સિગ્નેચર પાસવર્ડ' છે. જ્યારે તેમણે તેમની માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કર્યો, ત્યારે તેમને ૩ મેના રોજ કૌથર કલાનની બહાર લઈ જવામાં આવ્યા, એક ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો. સરપંચની ફરિયાદના આધારે, દિવાકર સિંહ તોમર અને તેના ભાઈ પિંકુ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બાદમાં દિવાકરની ધરપકડ કરવામાં આવી છે. કેસની તપાસ ચાલી રહી છે.''

# દલિતોની વફાદારી : યુપીની અનામત બેઠકો પર ભાજપને ફટકો

લખનૌ, તા.૧૦

ઉત્તરપ્રદેશમાં અનુસૂચિત જાતિ માટે અનામત લોકસભા બેઠકો પર લાંબા સમયથી પ્રભુત્વ ધરાવતા ભાજપને તાજેતરની ચૂંટણીમાં ભારે નુકસાન થયું છે. ૮૦માંથી ૧૭ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત છે અને આ વખતે ભાજપ માત્ર આઠ બેઠકો જીતી શક્યું છે.

વિપક્ષી પાર્ટીઓ સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને આઝાદ સમાજ પાર્ટીએ બાકીની નવ બેઠકો જીતી હતી. રાજકીય વિશ્લેષકો આ ફેરફાર પાછળના મુખ્ય કારણો, નોકરીઓ, બેરોજગારી ભથ્થું અને બંધારણના રક્ષણ જેવા આશાસ્પદ લાભો તરીકે ઈન્ડિયા ગઠબંધન દ્વારા અસરકારક પ્રચાર તરફ ઈશારો કરી રહ્યા છે. તેનાથી વિપરીત, ૨૦૧૪ની ચૂંટણીમાં, ભાજપે આ બેઠકો એકતરફી જીતી હતી. જો કે, તેનું વર્ચસ્વ ૨૦૧૯માં ઘટવા લાગ્યું અને તાજેતરના પરિણામોએ આ નિર્ણાયક બેઠકોના સંચાલનમાં તેની વ્યૂહરચના પર વધુ પ્રશ્નો ઉભા કર્યા છે. ઈન્ડિયા ગઠબંધન પ્રદર્શન વધતા રાજકીય પ્રભાવને પ્રતિબિંબિત કરે છે, જે દલિત સમુદાયની નિષ્ઠામાં પરિવર્તન સૂચવે છે.તાત્કાલિક લાભો અને સુરક્ષા વચનો પર તેના ધ્યાને મતદારોમાં આકર્ષણ મેળવ્યું છે.

આ ચૂંટણી પરિણામોએ ભાજપને ખળભળાટ મચાવી દીધો છે, પાર્ટીના આંતરિક સૂત્રોએ સ્વીકાર્યું છે કે, દલિત મતો વિશેની તેમની ધારણા ખોટી હતી. પાર્ટી હવે ભવિષ્યની ચૂંટણીઓ તરફ આગળ વધી રહી છે ત્યારે આ મહત્વપૂર્ણ વોટ બેંકને ફરીથી મેળવવાના પડકારનો સામનો કરી રહી છે.

### બુમરાહે ટીકાકારોની ઝાટકણી કાઢી

# વર્ષ પહેલાં કારકિર્દી સમાપ્ત થવાની વાતો કરનારા હવે સર્વશ્રેષ્ઠ કહે છે : બુમરાહ

ન્યૂયોર્ક, તા.૧૦

વિશ્વના સર્વશ્રેષ્ઠ ઝડપી બોલરોમાંથી એક જસપ્રીત બુમરાહને લાગે છે કે, તેને એ વાત ખૂબ જ હાસ્યાસ્પદ લાગે છે કે, એક વર્ષ પહેલાં સુધી લોકો તેની કારકિર્દી સમાપ્ત થવાની વાતો કરી રહ્યા હતા અને હવે તેને સર્વશ્રેષ્ઠ કહે છે. બુમરાહે ૨૦૨૨માં પીઠના નીચલા હિસ્સામાં સ્ટ્રેસ ફ્રેક્ચર માટે સર્જરી કરાવી હતી. જેના કારણે તે ઓસ્ટ્રેલિયામાં ટી-૨૦ વિશ્વકપમાં રમી શક્યો ન હતો પણ બુમરાહે છેલ્લા એક વર્ષમાં ત્રણેય ફોર્મેટમાં મળીને કુલ ૬૭ વિકેટ ઝડપી



ટીકાકારોનું મોં બંધ કરી દીધું છે. જેમાં રવિવારે પાકિસ્તાન વિરુદ્ધ લો સ્કોરિંગ ટી-૨૦ વિશ્વકપ મુકાબલામાં ૧૪ રનમાં ત્રણ વિકેટ ઝડપનાર મેચ વિનિંગ પ્રદર્શન પણ સામેલ છે. બુમરાહે પુનરાગમન કરવાની તેની કાબેલિયત પર શક કરનારા લોકોની ઝાટકણી કાઢતા કહ્યું કે, એક વર્ષ પહેલાં સુધી આ જ લોકો કહી રહ્યા હતા કે હું કદાચ ફરીવાર રમી નહીં શકું અને મારી કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે પણ હવે આ સવાલ બદલાઈ ગયો છે. ભારતે ફક્ત ૧૧૯ રનમાં સમેટાયા બાદ બુમરાહના શાનદાર પ્રદર્શનની મદદથી પાકિસ્તાનને સાત વિકેટે ૧૧૩ રનના સ્કોરે અટકાવી દીધું. બુમરાહ ટીકાકારોની 'અદલુ બદલુ' પ્રકૃતિને સારી રીતે સમજે છે અને જાણે છે કે, તેના માટે સર્વશ્રેષ્ઠ એ જ છે કે, તે પોતાના નિયંત્રણવાળી વસ્તુઓ ઉપર કામ કરે. બુમરાહે કહ્યું કે, હું શોટ ફટકારવાનું મુશ્કેલ બનાવી દઉં છું. મારા માટે સર્વશ્રેષ્ઠ વિકલ્પ શું છે આ રીતે હું વર્તમાનમાં રહેવાનો પ્રયાસ કરૂં છું અને મારે શું કરવાનું છે તેના ઉપર ફોકસ કરૂં છું. આ રીતના ભાવનાઓથી ભરેલા મુકાબલામાં બહારનો હોબાળો દબાણ બની શકે છે પણ બુમરાહ આ બધાની અવગણના કરી તેનો સામનો કરવામાં સફળ રહે છે. તેણે કહ્યું કે, હું બહારની વસ્તુઓ જોઈશ તો દબાણ અને ભાવનાઓ હાવી થઈ જશે પછી મારા માટે વસ્તુઓ કામ કરશે નહીં.

# ટ્રેક્ટર વેચી મેચ જોવા પહોંચેલો પાકિસ્તાની પ્રશંસક હારથી નિરાશ

નવી દિલ્હી, તા.૧૦

ભારતે ન્યૂયોર્કમાં એક રોમાંચક મુકાબલામાં પાકિસ્તાન સામે પોતાની સાતમી ટી-૨૦ વિશ્વકપ જીત મેળવી આ જીતથી ભારતીય પ્રશંસકોમાં ખુશીનો માહોલ છે. જ્યારે પાકિસ્તાની પ્રશંસકો શોકમાં ગરકાવ છે. ભારત-પાક. મેચ જોવા માટે ટ્રેક્ટર વેચીને આવેલો એક પાકિસ્તાની પ્રશંસક હારથી ઘણો નિરાશ થઈ ગયો. પાકિસ્તાની સમર્થકે ત્રણ હજાર ડૉલરની ટિકિટ ખરીદવા માટે પોતાનું ટ્રેક્ટર વેચી દીધું હતું. તેણે પોતાની નિરાશા શેર કરતા કહ્યું કે, મેં ત્રણ હજાર અમેરિકન ડૉલરની ટિકિટ ખરીદવા માટે પોતાનું ટ્રેક્ટર વેચી દીધું છે. જ્યારે અમે ભારતનો સ્કોર જોયો તો અમે વિચાર્યું ન હતું કે, અમે આ મેચ હારવાના છે. અમે વિચાર્યું કે, આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય છે. મેચ અમારા હાથમાં હતી પણ બાબર આઝમના આઉટ થયા બાદ લોકો નિરાશ થઈ ગયા. હું બધા ભારતીય પ્રશંસકોને શુભેચ્છા પાઠવું છું. ભારતની જીતનો હીરો રહેલા જસપ્રીત બુમરાહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. આ રોમાંચક મુકાબલો જીત્યા બાદ ભારત બે મેચોમાં બે જીત અને ચાર પોઈન્ટ સાથે ગ્રુપ-એમાં ટોચના સ્થાને છે. પાકિસ્તાન ચોથા સ્થાને છે. જેણે પોતાની બંને મેચ અમેરિકા અને ભારત સામે ગુમાવી છે. તેની નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની સંભાવના નહિવત છે.

# પૂજા તોમરે ઈતિહાસ રચ્યો, UFCમાં જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની

લુઇસવિલે, તા.૮

મિક્સ માર્શલ આર્ટ એથ્લેટ પૂજા ''ધ સાયક્લોન'' તોમરે UFCમાં ભારતની પ્રથમ મહિલા ફાઈટર તરીકે UFCમાં પદાર્પણ કરતાંની સાથે જ UFC ઓક્ટાગોનની અંદર જીત નોંધાવનાર પ્રથમ ભારતીય ફાઈટર બનીને ઈતિહાસ રચ્યો છે. ઉત્તરપ્રદેશની તોમરે કાર્ડના પહેલા જ મુકાબલામાં સ્ટ્રોવેટમાં રાયન ડોસ સેન્ટોસનો સામનો કર્યો હતો. તેણી અને ડોસ સાન્તોસે ત્રણેય રાઉન્ડ પૂરા કર્યા હતા ૧૫ મિનિટ સુધી બંને વચ્ચે આકરો મુકાબલો થયો હતો. ઐતિહાસિક જીત બાદ પૂજાએ કહ્યું કે, ''હું વિશ્વને બતાવવા માંગુ છું કે ભારતીય ફાઈટર્સ હારેલા નથી. અમે બધી રીતે ઉપર જઈ રહ્યા છીએ ! અમે અટકવાના નથી ! અમે ટૂંક સમયમાં યુએફસી ચેમ્પિયન બનીશું ! આ જીત મારી નથી, આ જીત તમામ



ભારતીય ચાહકો અને તમામ ભારતીય ફાઈટર્સની છે. હું ભારતીય ધ્વજ સાથે મારા ભારતીય રાષ્ટ્રગીત માટે બહાર ગઈ હતી અને મને ખૂબ ગર્વની લાગણી થઈ રહી છે. તેણે કહ્યું કે, ''ઓક્ટાગોનની અંદર ત્યાં કોઈ દબાણ નહોતું, મેં ફક્ત વિચાર્યું કે, 'મારે જીતવું છે'. મેં બે કે ત્રણ મુક્કા માર્યા, પણ હું ઠીક હતી. હું મારી જાતને સુધારવા જઈ રહી છું અને હું બધી રીતે ઉપર જઈ રહી છું.'' સાન્તોસે તેની ઊંચાઈનો ફાયદો અને તકનીકનો ઉપયોગ કરીને લડી હતી પરંતુ તોમર લાત મારતા અને અંતિમ સમય સુધી ફાઈટ આપી જેના કારણે થાકી ગઇ હતી. જ્યારે સ્કોરકાર્ડ્સ બહાર આવ્યા ત્યારે તોમરે (૩૦-૨૭, ૨૭-૩૦, ૨૯-૨૮)ના વિભાજનના નિર્ણયથી જીત મેળવી હતી. યુએફસી એશિયાના પ્રમુખ તથા સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ કેવિન ચાંગે કહ્યું કે, 'પૂજા તોમર ભારતમાં મહિલા MMA માટે અગ્રણી છે અને તેણીની જીતે ઈતિહાસ રચ્યો છે. ભારતમાં લડાયક રમતોમાં ઉત્કૃષ્ટ મહિલાઓની લાંબા સમયથી પરંપરા છે અને UFC ૨૦૧૩થી મહિલાઓ માટે ચમકવા માટેનું પ્લેટફોર્મ છે, તેથી પૂજાનું પદાર્પણ બતાવે છે કે UFC રમત તરીકે કેટલી આગળ છે. અમે આતુર છીએ કે પૂજા અદ્ભૂત પ્રદર્શન કરવાનું ચાલુ રાખે કારણ કે તે ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.'

### જાણો કોણ છે તે શોભા કરંદલાજે ફરીથી રાજ્યકક્ષાના મંત્રી બન્યા

# યેદિયુરપ્પાના નજીકના નેતા, ત્રણ વખત સાંસદ ચૂંટાયા...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ત્રીજી વખત લોકસભા સાંસદ બનેલા શોભા કરંદલાજેને ફરી મોદી કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા છે. રવિવારે તેમણે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. શોભા કરંદલાજે મોદી સરકાર ૨.૦ માં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી હતા. ૫૭ વર્ષની શોભા કરંદલાજેએ સોશિયલ વર્કમાં ગ્રેજ્યુએશન કર્યું છે અને સમાજશાસ્ત્રમાં એમએ કર્યું છે.૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં શોભા કરંદલાજે બેંગલુરુ ઉત્તર બેઠક પરથી જીતી છે. અહીંથી તેમણે કોંગ્રેસના પ્રોફેસર એમવી રાજીવ ગૌડાને ૨,૫૯,૪૭૬ મતોથી હરાવ્યા. શોભા કરંદલાજેને ૯,૮૬,૦૪૯ વોટ મળ્યા જ્યારે રાજીવ ગૌડાને ૭,૨૬,૫૭૩ વોટ મળ્યા.તમને જણાવી દઈએ કે આ વખતે શોભા કરંદલાજેની લોકસભા સીટ પર ફેરફાર થયો છે. છેલ્લી વાર એટલે કે ૨૦૧૯ માં, તે ઉડુપી ચિકમગલુર લોકસભા સીટથી સાંસદ હતી.સાંસદ હોવાની સાથે શોભા કરંદલાજે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષની ભૂમિકા પણ નિભાવી ચૂકી છે. કર્ણાટક રાજ્યમાં, તેણીને પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા તરીકે ઓળખવામાં આવે છે.શોભા કરંદલાજેની ગણતરી કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાના નજીકના લોકોમાં થાય છે. ભાજપ સાથે તેમનું જોડાણ લગભગ ૨૫ વર્ષ જૂનું છે. ૧૯૯૭ માં, તેણીને ઉડુપી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીની મહિલા મોરચા પ્રમુખ બનાવવામાં આવી હતી. આ પછી, જ્યારે બીએસ યેદિયુરપ્પાએ ૧૯૯૯માં રાજ્યમાં સંકલ્પ રથયાત્રા કાઢી ત્યારે શોભા કરંદલાજેએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ તે ભાજપના રાજ્ય એકમના ધ્યાન પર આવી.ત્યારબાદ વર્ષ ૨૦૦૦માં તેમને કર્ણાટક રાજ્યમાં બીજેપીના સચિવ બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૦૪માં તે એમએલસી તરીકે ચૂંટાઈ આવી. આ પછી, ૨૦૦૮ માં તેણીએ યશવંતપુર વિધાનસભાથી ચૂંટણી લડી અને જીત પણ મેળવી.૨૦૧૪ પહેલા યેદિયુરપ્પાએ ભાજપથી અલગ થઈને કર્ણાટક જનતા પાર્ટી બનાવી હતી. ત્યારબાદ શોભા પણ ભાજપ છોડીને કેજેપીમાં જોડાઈ ગઈ. પરંતુ લોકસભા ચૂંટણી ૨૦૧૪ પહેલા કેજેપી ભાજપમાં ભળી ગઈ અને શોભા પણ યેદિયુરપ્પાની સાથે પરત ફર્યા.મોદી સરકાર ૩.૦માં કુલ ૭૨ મંત્રીઓએ શપથ લીધા છે. પીએમ મોદી ઉપરાંત તેમાં ૩૦ કેબિનેટ મંત્રીઓ, ૫ રાજ્ય મંત્રીઓ (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય મંત્રીઓ સામેલ છે. તમને જણાવી દઈએ કે આ વખતે કેબિનેટમાં કુલ ૭ મહિલાઓને સ્થાન મળ્યું છે.

### AAP નેતાએ 'માથું મુંડાવવાના વચન પર યુ-ટર્ન લીધો

# 'વડાપ્રધાન મોદી પોતાના દમ પર જીત્યા નથી...'

### સોમનાથ ભારતીએ કહ્યું કે હું મારા શબ્દો પર અડગ છું, પરંતુ તે પોતાના દમ પર જીત્યા નથી, આ તેમની જીત નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

આમ આદમી પાર્ટીના નેતા સોમનાથ ભારતીએ જો નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બનશે તો માથું મુંડન કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી, પરંતુ હવે તેમણે પોતાનું વચન પૂરું કરવાનો ઈન્કાર કરી દીધો છે. સોમનાથ ભારતીએ કહ્યું કે નરેન્દ્ર મોદીનો ત્રીજો કાર્યકાળ તેમનો એકલાનો નથી, પરંતુ એનડીએના સહયોગીઓના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, તેણે કહ્યું કે મેં કહ્યું હતું કે જો તે ત્રીજી ટર્મ માટે ચૂંટાઈ જશે તો હું માથું મુંડાવીશ. પરંતુ પીએમ મોદી પોતાના દમ પર ન જીત્યા, તેમણે પોતાના ગઠબંધનના સમર્થનથી ચૂંટણી જીતી.સોમનાથ ભારતીએ કહ્યું કે હું મારા શબ્દો પર અડગ છું, પરંતુ તે પોતાના દમ પર જીત્યા નથી તેથી તે તેમની જીત નથી. તેથી, જેમ મેં કહ્યું તેમ જો તેઓ મુક્તપણે જીવતા નથી, તો હું માથું મુંડાવીશ.તમને જણાવી દઈએ કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પરિણામની જાહેરાત પહેલા સોમનાથ ભારતીએ કહ્યું હતું કે જો નરેન્દ્ર મોદી ત્રીજી વખત પીએમ બનશે તો હું માથું મુંડાવીશ.આટલું જ નહીં માથું કપાવવાની પોસ્ટને લઈને તેમણે કહ્યું હતું કે ચૂંટણી પ્રચાર દરમિયાન જે રીતે ખોટી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દર્શાવે છે કે ભાજપે આત્મવિશ્વાસ ગુમાવ્યો છે અને તેઓ જીતી રહ્યા નથી.

# બંગાળમાં ભાજપનો ધબડકો : તૃણમૂલના ચક્રવ્યૂહમાં ફસાયેલા ભાજપ નેતૃત્વની નિષ્ફળતા તેમજ લઘુમતી સમુદાયનું એક થઈ જવું

## ૨૦૨૪ની પશ્ચિમ બંગાળની લોકસભા ચૂંટણીમાં ભાજપની હાર કેન્દ્રીય ભંડોળ અને મુસ્લિમ વિરોધી નિવેદનો પર TMCના નિવેદનનો સામનો કરવામાં તેની નિષ્ફળતા દર્શાવે છે. જેના પરિણામે લોકોનું સમર્થન બદલાયું હતું. TMCએ ૪૨ લોકસભા બેઠકોમાંથી ૨૯ બેઠકો જીતીને નોંધપાત્ર વિજય મેળવ્યો હતો



(એજન્સી) તા.૧૦

પશ્ચિમ બંગાળ ચૂંટણી પરિણામો દર્શાવે છે કે, મમતાના જાદુએ બંગાળમાં મોદી લહેરનો નાશ કર્યો છે. ૨૦૨૪ની પશ્ચિમ બંગાળ લોકસભા ચૂંટણીમાં ભાજપની હાર કેન્દ્રીય ભંડોળ સંબંધિત ટીએમસીના નિવેદનનો સામનો કરવામાં અસમર્થતા, કેન્દ્રીય નેતૃત્વ પરની નિર્ભરતા, મુસ્લિમ વિરોધી નીડનો પરની ટીકા અને નાગરિકતા સુધારા કાયદાની નિષ્ફળતાને કારણે તેની સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. પરિણામે લોકો ટીએમસી તરફ સ્થળાંતર થયા હતા. મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ રાજ્યની ૪૨ લોકસભા બેઠકોમાંથી ૨૯ બેઠકો પર કબજો મેળવીને જબરદસ્ત વિજય મેળવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૯માં જીતેલી ૧૮ બેઠકોમાંથી ૧૨ પર આવી ગઈ અને તેને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપ માટે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યમાં લગભગ ૧૯ રેલીઓ કરી છતાં, ઘણા પરિબળો તેમની તરફેણમાં કામ કરી શક્યા ન હતા. રાજકીય વિશ્લેષકો અને પક્ષના આંતરિક સૂત્રોએ ભાજપના પતન અંગે બંગાળને નકારવામાં આવેલા ભંડોળ અંગે મમતા બેનરજીના નિવેદનનો સામનો કરવામાં તેની નિષ્ફળતાને દોષિત ગણે છે.

રાજ્યના એક વરિષ્ઠ ભાજપના નેતાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ભંડોળ રોકવું અમને ખૂબ મોંઘું પડ્યું કારણ કે ટીએમસીએ પ્રચાર કર્યો કે અમે મનરેગાના લાભાર્થીઓને નકારીએ છીએ. અમે તેનો સામનો કરવામાં નિષ્ફળ ગયા. રાજકીય નિરીક્ષકો કહે છે કે પશ્ચિમ બંગાળમાં ભાજપે ૩૫ લોકસભા બેઠકો મેળવવાનું મહત્ત્વાકાંક્ષી ધ્યેય નક્કી કર્યું હતું, સંભવિત ગેમ-ચેન્જર તરીકે તેઓએ CAAના અમલીકરણ પર આધાર રાખ્યો હતો અને હિન્દુ ધ્રુવીકરણનો લાભ લીધો હતો, અને આ મુદ્દાઓ નિષ્ફળ ગયા હતા. રાજકીય વિશ્લેષક મૈદુલ ઈસ્લામે જણાવ્યું હતું કે, આંતરિક વિભાજન, સંગઠનાત્મક નબળાઈઓ અને ડાબેરી-કોંગ્રેસ ગઠબંધનની અસરે ટીએમસી વિરોધી મતો મેળવવામાં ભાજપની નિષ્ફળતા હતી. રાજકીય વિશ્લેષક વિશ્વનાથ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે TMC અને ડાબેરી-કોંગ્રેસ ગઠબંધન પાછળ મુસ્લિમ મતોનું એકત્રીકરણ ભાજપ માટે મુશ્કેલી સાબિત થયું છે. ભાજપને આશા હતી કે ડાબેરી-કોંગ્રેસ ગઠબંધન લઘુમતી મતોનું વિભાજન કરશે, અને ઉત્તર બંગાળની કેટલીક બેઠકો પર ભાજપને જીતવામાં મદદ કરી. પરંતુ દક્ષિણ બંગાળમાં, લઘુમતીઓ TMCની સાથે રહ્યા હતા. વધુમાં, ટીએમસી વિરોધી મતોના વિભાજનથી પણ ભાજપની તકો ઓછી થઈ ગઈ હતી.

તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૪૫.૭૭ ટકા વોટ શેર નોંધાવ્યો હતો, જે તેને ૨૦૧૯માં મળેલા ૪૩.૭ ટકા વોટથી બે ટકાથી વધુ છે. બીજી તરફ, ભાજપે આ વખતે રાજ્યમાં ૩૮.૭૩ ટકા વોટ શેર નોંધાવ્યો હતો, જે તેને પાંચ વર્ષ પહેલા મળેલા ૪૦.૬ ટકા વોટની સરખામણીમાં બે ટકાથી વધુ ઓછો હતો.

રાજ્યના ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય નેતૃત્વ, ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ પર પક્ષની વધુ પડતી નિર્ભરતા, નોંધપાત્ર ખામી સાબિત થઈ, જેના કારણે બંગાળના મતદારોના એક ભાગને અલગ કરી દીધો. વિશ્વસનીય સ્થાનિક નેતૃત્વની ગેરહાજરી મહત્વપૂર્ણ છે. હિન્દુત્વ પર અવલંબન અને "મોદી કી ગેરંટી" પર કેન્દ્રિત ઝુંબેશ તેના ચૂંટણી પડકારોને વધારે છે, કારણ કે તે બંગાળના વૈવિધ્યસભર મતદારોને પોતાની સાથે જોડવામાં નિષ્ફળ રહી છે. હવે ભાજપ આત્મવિશ્વાસ અને આત્મનિરીક્ષણની આવશ્યક જરૂરિયાત છે. પાર્ટી તેની હારમાંથી મેળવેલા બોધપાઠ પર વિચાર કરી રહી છે અને સાથે સાથે આંતરિક વિખવાદનો સામનો કરી રહી છે. બીજેપીના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે જોકે કહ્યું હતું કે પાર્ટી હાર પાછળના કારણોનું આત્મનિરીક્ષણ કરશે અને ખામીઓ દૂર કરશે. આંતરિક પડકારોએ પણ ભાજપને મુશ્કેલીમાં મૂકી છે જેમાં ટિકિટની વહેંચણીને લઈને કાર્યકરોમાં અસંતોષનો સમાવેશ થાય છે, જેના કારણે જંગલમહાલ અને ઉત્તર બંગાળમાં સંભવિત નુકસાન થયુ છે. વિશ્વનાથ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે "મોદી લહેર"નો અભાવ અને ભાજપની સંગઠનાત્મક નબળાઈઓ તેના નબળા પ્રદર્શન માટે નિર્ણાયક પરિબળો છે. **(સૌ.: ઈન્ડિયાટાઈમ્સ.કોમ)**




# નાયડુ અને નીતિશે ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે સહન કરી છે એ પીડાને અવગણીને મોદીને સમર્થન આપ્યું છે

(એજન્સી) તા.૧૦

દેશના સૌથી મોટા લઘુમતી જૂથને "ઘૂસણખોરો" તરીકે વર્ણવ્યા પછી ફરી એકવાર વડાપ્રધાનની ભૂમિકામાં આવવાની તૈયારી કરતા મોદીને ચંદ્રબાબુ નાયડુ અને નીતિશ કુમાર સમર્થન આપી રહ્યા છે તે આશ્ચર્યજનક છે. મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં મુસ્લિમ વિરોધી નિવેદનો સાથે વડાપ્રધાન બન્યા હતા. ૨૦૨૪માં તેમનો આંશિક પરાજય થયો હતો. જો કે તેમણે આ વખતે પણ સાંપ્રદાયિક પ્રચાર કર્યો હતો અને તેમ છતાં નાયડુ અને કુમાર માને છે કે તેઓ તેમની સાથે જોડાણ કરીને લોકશાહીની સેવા કરી રહ્યા છે.

આપણી રાજકીય સફરના તબક્કામાં આ ખરેખર એક અસાધારણ ઘટના છે જ્યારે વિવિધ વિચારધારાના લોકો, પક્ષો અને સામાજિક સંગઠનો, તેમના વૈચારિક મતભેદોને દૂર કરીને અને પરસ્પર રાજકીય અસ્વસ્થતાને પણ નજરઅંદાજ કરીને, દેશની સરમુખત્યારશાહી તરફના વલણને પડકારવા માટે ઈન્ડિયા જૂથ હેઠળ એકઠા થયા હતા.

છેલ્લા કેટલાક સમયથી, કુમાર અહંકાર, મહત્વાકાંક્ષા, ચોક્કસ મતવિસ્તારો સુધી મર્યાદિત રાજકીય સત્તાની છાપ સાથે છેલ્લા છ મહિનાથી તેઓ ભૂતકાળના અપમાનને ગળીને મોદીની સાથે રહ્યા છે. કુમારે કહ્યું કે મોદીએ દસ વર્ષ સુધી અદ્‌ભુત રીતે દેશ ચલાવ્યો છે અને તેઓ જે આયોજન કરી રહ્યા છે તેમાં તેમને સમર્થન મળવું જોઈએ. જનતા દળ (યુનાઈટેડ) (જેડી(યુ))ના આ



નેતા, મોદી રાજમાં મણિપુરની પીડા, ભારતીય પ્રદેશ પર ચીનનો કબજો, મજૂરો અને ખેડૂતોની વધતી જતી તકલીફ, કલ્યાણના દરેક સૂચકાંકના પતન વિશે ભૂલી ગયા છે. સરકારી આંકડાઓ, ભારતની મેડલ વિજેતા મહિલા કુસ્તીબાજોના કેસ દ્વારા દેશની મહિલાઓનું અપમાન, આપણા કરોડો યુવાનોની વેદના જેમની પાસે ડિગ્રીઓ પછી પણ નોકરીઓ નથી અને આ દેશની બરબાદી અને લોકતાંત્રિક સંસ્થાઓની આઝાદીમાં કાપ અને મંદીના સમયગાળાને તેઓ ભૂલી ગયા છે. શુક્રવારે જૂની સંસદ ભવન ખાતે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના સાંસદો ભેગા થયા તે એક શરમજનક તમાશો હતો જેમાં મોદી સર્વસંમતિથી NDAના નેતા તરીકે ચૂંટાયા હતા. બિહારના મુખ્યમંત્રીના રાજ્યમાં એવી નાજુક રાજકીય સ્થિતિ છે કે અમિત શાહ જ્યારે પણ યોગ્ય લાગે ત્યારે તેમના ધારાસભ્યોને છીનવી શકે છે. હવે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા નાયડુ વિશે વાત કરીએ. એક સમયે તે એક પ્રચંડ રાજકીય નેતા હતા, જેમણે પોતાનો સ્વભાવ ગુમાવ્યો હતો પરંતુ તે ગર્જના કરીને પાછા ફર્યા છે ? નાયડુને મોદી પ્રત્યેની વફાદારી સાબિત કરવાની જરૂર નથી. તેમણે આંધ્રપ્રદેશની વિધાનસભા ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપ સાથે જોડાણ કરીને ફાયદો ઉઠાવ્યો છે. પરંતુ મોદીને પણ આ સહયોગથી ફાયદો થયો છે. નાયડુએ પણ મોદી સાથે જવાનું પસંદ કર્યું છે. અલબત્ત, મોદીએ ૭ જૂને એનડીએના સાંસદો સમક્ષ સંતુલિત ભાષણ આપ્યું છે. નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મુખ્યમથકે દેખીતી રીતે વધુ ભૂમિકા ભજવી હાથ છે. ભાજપની વૈચારિક સંસ્થાએ ચૂંટણી પ્રચાર દરમિયાન તેમને સ્પષ્ટ સમર્થન ન આપવાનું પસંદ કર્યું એવા અહેવાલ છે. એવું કહેવાય છે કે તેના અગ્રણી નેતાઓએ આ પ્રશ્ન પર ગંભીર વિચાર કર્યો હતો કે શું પરાજય પામેલા ભાજપના નેતા તેના સભ્યોના સમર્થનને લાયક છે કે કેમ. અને છેવટે, એવું લાગે છે કે હિન્દુત્વના આ નેતાઓએ ઓછું બોલવાનું પસંદ કર્યું છે. કદાચ તેઓ ઈચ્છતા હશે કે મોદી પોતાના જ વિરોધાભાસમાં ફસાઈ જશે.

# કર્ણાટકમાં મસ્જિદની સામે ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવા બદલ ભાજપના બે કાર્યકરોને છરી મારવામાં આવી, એકને માર માર્યો

## પોલીસે જણાવ્યું કે, કાર્યકરોમાંથી એક ખતરાની બહાર છે, જ્યારે બીજાની કે.એસ. હેગડે હોસ્પિટલમાં સર્જરી ચાલી રહી છે

(એજન્સી) મેંગ્લુરૂ, તા.૧૦

કોનાજે સીમામાં બોલાર ખાતેની મસ્જિદની સામે સૂત્રોચ્ચાર કરતા ભાજપના બે કાર્યકરોને છરા મારવામાં આવ્યા હતા અને અન્ય એકને માર મારવામાં આવ્યો હતો.

મેંગ્લુરૂ શહેરના પોલીસ કમિશનર અનુપમ અગ્રવાલે જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણની ઉજવણી માટેના વિજય સરઘસ દરમિયાન ભાજપના ત્રણ કાર્યકરોએ ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યા હતા. આનાથી ૨૦-૨૫ યુવાનોના જૂથને ઉશ્કેરવામાં આવ્યા હતા, જેઓ તેમની બાઈક પર તેમની પાછળ ગયા હોવાનું જાણવા મળ્યુ હતું.

મસ્જિદથી લગભગ બે કિલોમીટર દૂર બીજેપી કાર્યકર્તાઓ એક બારની સામે



રોકાઈ ગયા જ્યાં ઝઘડો થયો હતો. ઝઘડામાં ભાજપના ત્રણ અનુયાયીઓને માર મારવામાં આવ્યો હતો અને તેમાંથી બેને છરો મારવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું કે, તેમાંથી એક ખતરાની બહાર છે, જ્યારે બીજાની કે.એસ. હેગડે હોસ્પિટલમાં સર્જરી ચાલી રહી છે.

છરીનો ભોગ બનેલા લોકોની ઓળખ મુતપ્પા પૂજારીના પુત્ર હરીશ (૪૧) અને કોટિયપ્પાના પુત્ર નંદકુમાર (૨૪) તરીકે થઈ છે.

અન્ય પીડિતની ઓળખ કોટિયપ્પા પૂજારીના પુત્ર કૃષ્ણકુમાર તરીકે થઈ છે. ત્રણેય કાર્યકર્તાઓ ઈનોલીના રહેવાસી છે.

# કૈરાનાથી કુશીનગર : ઉત્તરપ્રદેશમાં તમામ પ્રદેશોમાં ભાજપે તેનું લોકપ્રિય સમર્થન ગુમાવ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભાજપની આગેવાની હેઠળના એનડીએએ ૨૦૨૪ની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ૨૦૧૯ અને ૨૦૧૪ની સરખામણીમાં ૨૮ બેઠકો અને ૩૭ બેઠકો ગુમાવી છે. ભગવા પક્ષ માટે આ ચિંતાનું કારણ છે. મધ્ય, દક્ષિણ અને પૂર્વીય પ્રદેશોમાં વોટ શેરોમાં ચિંતાજનક ઘટાડા સાથે પાર્ટીએ રાજ્યમાં લોકપ્રિય સમર્થન ગુમાવ્યું છે. કુલ ૮૦ બેઠકોમાંથી માત્ર એક જ મતવિસ્તાર ગૌતમ બુદ્ધ નગરમાં ૨૦૧૯ની સરખામણીમાં ભાજપ અને તેના સહયોગીઓનો વોટ શેર ઓછો થયો ન હતો. આનો અર્થ એ થયો કે સમગ્ર રાજ્યમાં ભાજપનું પતન થયું છે.

યુપીમાં ૭૫ જિલ્લાઓ છે, જે ૧૮ વહીવટી વિભાગોમાં ફેલાયેલા છે. વિશ્લેષણ માટે રાજ્યને પાંચ ઝોનમાં વિભાજિત કરતાં : આ ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકે ૪૩ બેઠકો જીતી હતી-સમાજવાદી પાર્ટીએ ૩૭ અને કોંગ્રેસને છ મળી છે. એનડીએ જેણે ૨૦૧૯માં ૬૪ બેઠકો જીતી હતી, તે માત્ર ૩૬ બેઠકો પર આવી ગઈ છે - ૩૩ ભાજપ, બે રાષ્ટ્રીય લોક દળ અને એક અપના દળ (સોનીલાલ). બહુજન સમાજ પાર્ટી, જેણે એકલા ચૂંટણી લડી હતી, તેને કોઈ સીટ મળી નથી.

૨૦૧૯માં એનડીએનો સામૂહિક મત હિસ્સો લગભગ ૫૧.૪% હતો, ૨૦૨૪માં પશ્ચિમ યુપીના ૧૬ મતવિસ્તારોમાં એનડીએનો સરેરાશ વોટ શેર ૪૭.૬૬% હતો. આ ૨૦૧૯ની સરખામણીમાં ૬.૨%નો ઘટાડો છે. રોહિલખંડમાં ૧૦ સીટો પર એનડીએનો વોટ શેર ૪૩.૧૨ હતો. આ ૨૦૧૯ની સરખામણીમાં ૪.૬%નો ઘટાડો હતો. બુંદેલખંડ-કાનપુરની ૧૧ સીટો પર, NDAનો વોટ શેર ૪૩.૫૫% હતો. અહીં આ ઘટાડો ૯.૬૫% છે. અવધ-મધ્યમાં ૧૧ બેઠકો પર, એનડીએએ ૪૨.૦૨નો વોટ શેર મેળવ્યો, જે તેની રાજ્યની સરેરાશ કરતા ઓછો છે. આ ક્ષેત્રમાં ઘટાડો પણ નોંધપાત્ર હતો



(-૮.૨૮%) અને છેલ્લે દક્ષિણ અને ઉત્તર પૂર્વાંચલ (પૂર્વ યુપી)ની ૩૨ સીટો પર, એનડીએનો વોટ શેર ૪૨.૧૨% હતો. અહીં જાહેર સમર્થનમાં સૌથી વધુ ઘટાડો -(૯.૯૬%) છે.

ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર ચૂંટણી લડી હતી, જેમણે હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે ઉચ્ચ સ્તરીય કોમી ઝુંબેશ ચલાવી હતી અને વિરોધ પક્ષોને રામ વિરોધી અને હિંદુ વિરોધી તરીકે રજૂ કર્યા હતા. આટલી મજબૂત લાઈન-અપ હોવા છતાં ભાજપ રાજ્યમાં શરમજનક રાજકીય અને ચૂંટણી હારથી પોતાને બચાવી શક્યું નથી. બંને ગઠબંધન દ્વારા જીતેલી બેઠકોના તબક્કાવાર વિભાજન દર્શાવે છે કે, ભાજપને વધુ નુકસાન થયું છે.

પ્રથમ બે તબક્કામાં NDAએ ૧૦ બેઠકો જીતી હતી, જ્યારે બીજા તબક્કામાં કુલ પાંચ બેઠકો સુધી મર્યાદિત અને ત્રણ અને ચાર તબક્કામાં એનડીએ ૧૨ અને વિપક્ષે ૧૧ જીતી હતી. છેલ્લા ત્રણ તબક્કામાં ભાજપ સંપૂર્ણપણે પરાજય પામ્યો હતો. પાંચ અને છ તબક્કામાં એનડીએ ૨૮ સીટોમાંથી માત્ર સાત સીટો જીતી શકી હતી.

સૌથી મજબૂત સંભવિત વિપક્ષી ગઠબંધનનો સામનો કરવા છતાં ૨૦૧૯માં NDAએ ૮૦માંથી ૪૧ મતવિસ્તારોમાં ૫૦% મતનો આંકડો પાર કર્યો હતો. આ વખતે મોદીની આગેવાની હેઠળનું શાસક ગઠબંધન માત્ર ૧૫ બેઠકો પર ૫૦% વોટ શેરથી આગળ વધી શક્યું છે. નોંધનીય છે કે, બે બેઠકો- રાયબરેલી અને ઘોસીમાં એનડીએનો વોટ શેર ૩૦%થી પણ નીચે સરકી ગયો. અન્ય પાંચ બેઠકો પર, એનડીએનો વોટ શેર ૩૦-૩૫% રેન્જમાં હતો, જ્યારે ૧૬ બેઠકો પર, ભગવા ગઠબંધન માત્ર ૩૫થી ૪૦% વચ્ચેનો વોટ શેર મેળવી શક્યું હતું.

**મોદીના વોટ શેરમાં ઘટાડો :**

મોદીનો વોટ શેર ૨૦૧૯માં ૬૩.૬થી ઘટીને ૫૪.૨૪ થયો. બુંદેલખંડમાં એનડીએનો વોટ શેર ૧૪.૦૬% ઘટીને ૩૨.૧૨% થયો. અમેઠીની બેઠક પર, કોંગ્રેસના કેએલ શર્માએ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને હરાવ્યા હતા, તેણીએ ૧૧.૭૫% વોટ ગુમાવ્યા છે. ભાજપના સ્ટાર પ્રચારક અને વારાણસીમાં ઉમેદવાર મોદી, વારાણસી ડિવિઝનમાં પાંચ મતવિસ્તારોમાં પાર્ટીને જીત અપાવી શક્યા નથી. રામ મંદિર કાર્ડ રમવા છતાં અયોધ્યા વિભાગમાં ફૈઝાબાદ અને અન્ય ચાર મતવિસ્તારોમાં ભાજપનો મત હિસ્સો સરેરાશ ૩૮.૮૫% હતો. ભાજપે અહીં તમામ પાંચ બેઠકો ગુમાવી હતી. આના કરતાં પણ ખરાબ પ્રદર્શન આઝમગઢ ડિવિઝનમાં હતું, જ્યાં તેણે ચારેય બેઠકો ગુમાવી હતી અને ૩૪.૨૩%ના સરેરાશ વોટ શેર સાથે તેમાં ઘટાડો થયો હતો. **(સૌ.: ધ વાયર.ઈન)**

### ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુ. સોસાયટીના પ્રમુખ અને

# સિનિયર એડવોકેટ ડૉ. નસીમ કાદરીને પ્લેટીનમ લીડરશીપ એવોર્ડ એનાયત

સુરત, તા.૧૦

સુરતની પ્રતિષ્ઠિત અને પ્રખ્યાત ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી (એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ)ના પ્રમુખ અને સિનિયર એડવોકેટ ડૉ.નસીમ કાદરીને ઈન્ટરનેશનલ એક્સેલન્સ એવોર્ડ હેઠળ ભારત સરકાર યુનો દ્વારા માન્યતા પ્રાપ્ત તામિલનાડુના ડીકે ઈન્ટરનેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા પ્લેટિનમ લીડરશીપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આમ બહુમુખી પ્રતિભા ધરાવતા એડવોકેટ ડૉ.નસીમ કાદરીના છોગામાં વધુ એક પીછું ઉમેરાયું છો. પ્લેટિનમ લીડરશીપ એવોર્ડ હેઠળ વિશેષ માન્યતા આપવામાં આવે છે. આ એવોર્ડ સંશોધનાત્મક કાર્યોમાં નિપૂણતા હાંસલ કરનારા સામાજિક આગેવાનોને



આપવામાં આવે છે. એડવોકેટ ડૉ.નસીમ કાદરીને આ એવોર્ડ ૨૦૨૪ માટે શિક્ષણ અને સામાજિક ક્ષેત્રમાં કરવામાં આવેલા ઉમદા અને ઉત્કૃષ્ટ કાર્યના અનુસંધાને આપવામાં આવ્યો છે. ડૉ.નસીમ કાદરી દ્વારા પાછલા ત્રણ દાયકાથી સામાજિક સેવા પ્રદાન કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ તેમને અમેરિકાના કેલિફોર્નિયાની યુનિવર્સિટી દ્વારા પીએચડીની માનદ પદવી એનાયત કરવામાં આવી હતી. તેમને જમીન સંપાદન માટે વકીલાતના ક્ષેત્રમાં કરેલી સીમાચિહ્નરૂપ કામગીરીના અનુસંધાને ડોક્ટરેટની પદવી આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રતિષ્ઠિત પ્લેટિનિયમ મેમ્બરશીપ પણ આપવામાં આવી છે. તમિલનાડુના ડીકે ફાઉન્ડેશનને ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત છે. આ ઉપરાંત ડીકે ફાઉન્ડેશનને નીતિ આયોગ, MSME મંત્રાલય, સંયુક્ત રાષ્ટ્રીય સંગઠન (યુએનઆઈ) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલું છે. ડીકે ફાઉન્ડેશનના ડૉ. એમ. કથીરાવન દ્વારા એડવોકેટ ડૉ.નસીમ કાદરીને એવોર્ડની પ્રમાણિત નકલ પણ સુપ્રત કરવામાં આવી છે.

### વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપ પર

# પાણી મિશ્રિત પેટ્રોલ ભરી આપ્યું હોવાનો વાહનચાલકોનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

તરસાલીના પેટ્રોલ પંપ પર ગ્રાહકને પેટ્રોલને બદલે પાણી ભરી આપ્યું હોવાના આક્ષેપ સાથે ગ્રાહકોએ ભારે હોબાળો મચાવતા વાત પોલીસ મથકે પહોંચી હતી. વડોદરા શહેરમાં ગત રાત્રિના વરસાદ પડ્યો હતો. અનેક જગ્યાએ પાણી ભરાતા લોકો અટવાયા હતા. પરંતુ વડોદરા શહેરના તરસાલી વિસ્તારના એસ્સાર પેટ્રોલ પંપ પર કઈક અલગ જ જોવા મળ્યું હતું. વરસાદ પડે અને પાણી ભરાય એ વાત તો સમજાય છે. પણ વરસાદના કારણે પેટ્રોલ પંપની અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણી ભરાય એ શક્ય નથી. વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા પહોંચેલા ગ્રાહકોની ગાડીમાં પેટ્રોલના બદલે પાણી પૂરી આપવામાં આવ્યું હતું. પેટ્રોલના રૂપિયા લઈ પાણી મિશ્રિત પેટ્રોલ આપતા હોબાળો થયો હતો. લગભગ ત્રણસોથી વધારે બાઈક અને રિક્ષાઓને પાણી મિશ્રિત પેટ્રોલ પુરાવવાથી ગાડીઓને નુકશાન થયું હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. વડોદરા તરસાલી એસ્સાર પેટ્રોલ પંપ પર પાણી મિશ્રિત પેટ્રોલનું વેચાણ કરતા ગ્રાહકોએ પેટ્રોલ પંપના કર્મચારીઓ સાથે બોલાચાલી થઈ હતી ત્યારે પોલીસ પણ ત્યાં આવી હતી અને જે ગાડીઓમાં પેટ્રોલ પુર્યુ હતું તે પ્લાસ્ટિકની બોટલ અને ડોલમાં કાઢતા પાણી મિશ્રિત પેટ્રોલ જણાયું હતું. પોલીસે પેટ્રોલ પંપના કર્મચારીઓને પંપના માલિક વિશે પૂછતા માલીક હાજર ના હોવાની વાત કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરામાં પ્રિ-સ્કૂલના સંચાલકોની રજૂઆત

# ફાયર સેફટીના સાધનો લગાવ્યા, BU પરમિશન માટે સમય આપો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

રાજકોટની ઘટના બાદ વડોદરા શહેરમાં આવેલી પ્રિ-સ્કૂલો પાસે ફાયર એનઓસી અને બિલ્ડીંગ યુઝ સર્ટિફિકેટ નહીં હોવાથી ૪૦૦થી વધુ પ્રિ-સ્કૂલોને સીલ મારવામાં આવ્યા હતા જે અંગે આજે પ્રિ -સ્કૂલના સંચાલકોએ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ BU પરવાનગી માટે સમય આપવામાં આવે એવી માંગણી કરી હતી પરંતુ કમિશનરએ મેં પરવાનગી મેળવ્યા બાદ જ પ્રિ-સ્કૂલ શરૂ કરી શકાશે તેવી સ્પષ્ટ વાત કરી હોવાનું જાણવા મળે છે.

વડોદરા શહેરમાં બહુમાળી ઈમારતો, રેસ્ટોરન્ટ, સ્કૂલો, હોસ્પિટલો, પ્રિ-સ્કૂલો સહિત વિવિધ વ્યવસાયના વ્યાપારીઓ સામે ફાયર એનઓસી અને બિલ્ડીંગ યુઝ પરવાનગી સાથે ચેન્જ ઓફ યુઝ પાર્કિંગ વગેરે મુદ્દે ૧૪ ટીમ બનાવી વિવિધ વિસ્તારોમાં સીલીંગની કાર્યવાહી ચાલી રહી છે જેમાં છેલ્લા દસ દિવસ દરમિયાનમાં વડોદરા શહેરમાં આવેલી નાની નાની પ્રિ-સ્કુલોને પણ સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૪૦૦થી વધુ પ્રિ-સ્કૂલોને સીલ મારવામાં આવ્યા હતા.

પ્રિ-સ્કૂલના સંચાલકો મ્યુન્સીપલ કમિશનર દિલીપ રાણાને મળવા આવ્યા હતા જ્યાં તેઓએ રજૂઆત કરી હતી કે યુઝ પરવાનગી અને ચેંજ ઓફ યુઝની પ્રક્રિયા બાકી છે તો તેમાં થોડો સમય છૂટછાટ આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે ૪૦૦ સ્કૂલનો એક સાથે બીયુ પરવાનગી મળી શકે તેમ નથી જેથી નાના બાળકો અને નોકરી કરનારા પરિવારજનોને મુશ્કેલી પડે નહીં તેને ધ્યાનમાં રાખી વધુ સમય આપવામાં આવે તે જરૂરી છે.

આ સામે મ્યુનિસિપલ કમિશનરે સંચાલકના અગ્રણીઓને ખાતરી આપી હતી કે સંપૂર્ણપણે સાત સહકાર આપવામાં આવશે અને તમે બિલ્ડીંગ યુઝ પરવાનગી કે પછી ચેંજ ઓફ યુઝને લગતી જે કાર્યવાહી કરવાની છે તેમની અરજી કરવામાં આવે અને કોર્પોરેશન વહેલામાં વહેલી તકે જરૂરી સર્ટિફિકેટ આપશે.

# અંકલેશ્વરના સરથાણ ગામે અશ્વદોડની સ્પર્ધા યોજાઈ

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર તાલુકાના સરથાણ ગામ ખાતે અશ્વદોડની પ્રતિયોગિતાનું આયોજન એચપી હોર્ષ ગ્રુપ સરથાણ દ્વારા આયોજન કરાયું હતું, જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી અશ્વ પ્રેમીઓ મોટી સંખ્યા પધાર્યા હતા અને પ્રતિયોગિતાનો આનંદ લીધો હતો. જેમાં ૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલનાર ઘોડાની સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવનાર ટીપું કયામ હાંસોટ, ઈમરાન નાના કઠોર, ૩૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડનાર ઘોડાની પ્રતિયોગિતામાં ઈકબાલભાઈ હાટિયાના ઘોડાનો વિજય થયો હતો. જ્યારે ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડનાર ઘોડાની પ્રતિયોગિતામાં ઈકબાલ ગુલ્લુનો તૈમુર ઘોડો વિજયી થયો હતો, બીજા પર સતીશ ભિખા, ત્રીજા પર અબુબકર ટર્કી વિજેતા થયા



(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

હતા. આ પ્રતિયોગિતાને સફળ બનાવવા માટે આયોજકો પૈકી સરથાણ ગામના સરપંચ અને અમજદ ખાન હુસેન ખાન પઠાણ, યુવાનોમાં પ્રખર પકડ ધરાવનાર અને લોકપ્રિય ઈમરાન ખાન હુસેન ખાન પઠાણ, ઈકબાલભાઈ હાટિયા, મુસ્તાકભાઈ મલેક તથા યુવાનોએ ભારે જહેમત કરી પ્રોગામને સફળ બનાવ્યું હતું. આ પ્રોગ્રામમાં અંકલેશ્વર ખેતીવાડી ઉત્પન્ન સમિતિના ચેરમેન મુકેશભાઈ કરશનભાઈ પટેલ, ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસના મહામંત્રી વસીમ ફડવાલા, માજી સરપંચ દિલાવરખાન પઠાણ, માજી સરપંચ નાસીરખાન પઠાણ, સતીશભાઈ પટેલ, ભાગાભાઈ પટેલ, અમ્બુભાઈ દરબાર, અબુબકર ટર્કી, હુસેન ઘડિયાળી, ઈમ્તિયાઝ લુહાર, નીખિલભાઈ પટેલ, હનીફ હાટિયા, તેમજ મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા ઘોડાઓના માલિકોનું ટ્રોફી આપી સન્માન કરી ઉત્સાહ વધાર્યું હતું.

# મફલીપુરની સીમમાં સરકારી જમીન પરથી પશુઓને બાંધવાના વાડાઓ દૂર કરાયા

ધોળકા, તા.૧૦

ધોળકા ખાતે મફલીપુરની સીમમાં સરકારી જમીન ઉપર અમુક પશુપાલકો દ્વારા પશુઓને રાખવા માટેના ગેરકાયદેસર વાડાઓ બાંધવામાં આવેલ હતા. આ ગેરકાયદેસર દબાણ દૂર કરવાની સંયુક્ત કામગીરી ધોળકા મામલતદાર કચેરી અને ધોળકા નગરપાલિકા દ્વારા તા. ૧૦ જૂન સોમવારે બપોરે ૩થી ૬ વાગ્યા દરમિયાન હાથ ધરવામાં આવી હતી. આ દબાણ હટાવો કામગીરી વેળા નાયબ મામલતદાર ઘનશ્યામભાઈ પટેલ, ધોળકા નગરપાલિકાના ચીફ ઓફિસર જતીનભાઈ મહેતા, ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ પ્રવીણભાઈ ખરાડી અને દબાણ ખાતાના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ડીસામાં નાયબ પોલીસ અધિક્ષકની કચેરીનું જિલ્લા પોલીસવડાના હસ્તે લોકાર્પણ



ડીસા મામલતદાર કચેરી કમ્પાઉન્ડની બાજુમાં નાયબ પોલીસ અધિક્ષકની નવીન કચેરીનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાના હસ્તે નવીન કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીસા ઉત્તર દક્ષિણ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહીને જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાનું સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ નવીન કચેરી તૈયાર કરવા બદલ ડીસા વિભાગીય ડીવાયએસપી સી એલ. સોલંકી સહિત પોલીસ સ્ટાફને શુભેચ્છા પાઠવી હતી. સાથે ડીવાયએસપી કચેરીમાં આવતાં અરજદારો માટે પણ વેઈટીગ વ્યવસ્થા ઊભી કરવા માટે ભલામણ કરી હતી. આ સાથે જિલ્લા પોલીસવડાએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. **(તસવીર : જમીલ મેમણ, ડીસા)**

# વલણ હાઈસ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજોયો



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પાલેજ નજીક વલણ હાઈસ્કૂલ ખાતે એલ એન્ડ ટી કંપનીનાં સહયોગથી વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાનાં બાળકો સમક્ષ કંપનીનાં અધિકારી પાઠકે વૃક્ષોનું માનવ જીવનમાં મહત્ત્વ વિશે માહિતી પ્રદાન કરી હતી તેમજ કેટલાક પ્રશ્નો પૂછ્યા હતાં. જેમાં ખરા ઉતરનાર વિદ્યાર્થીઓને સરપ્રાઈઝ ઈનામો વિતરણ કરી વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું.

# વેરાવળમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

વેરાવળ, તા.૧૦

વેરાવળ ખાતે રફીકભાઈ મૌલાના (F.M)ની અધ્યક્ષતામા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ખારાકુવા ફીશ એસોસિયેશન દ્વારા વેરાવળ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રવિવારના રોજ ફાઇનલ મુકાબલો ખારાકુવા ઈલેવન ૪ ઉમ્મીદ ઈલેવન વચ્ચે રમાયેલ હતો જેમાં ખારાકુવા ઈલેવન એ ફાઈનલ મેચ વિજેતા જાહેર કરવામાં આવેલ હતી ત્યારબાદ ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા જેમાં મેન ઓફ ધ મેચ, રનર્સ ટીમ, વિજેતા ટીમને ટ્રોફી તેમજ પુરસ્કાર અર્પણ નવનિયુક્ત ખારાકુવા ફિશ એસોસિયેશન પ્રમુખ રફીકભાઈના હસ્તે કરવામાં આવ્યા હતાં.

# પાટણ : આજે કોલેજમાં પ્રવેશ માટે અરજી કરનારા વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ અપલોડ કરાશે

પાટણ,તા.૧૦

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૫ જિલ્લાની ૫૦૦થી વધુ કોલેજોની વિવિધ શાખાઓમાં જીકાસ પોર્ટલ દ્વારા ઓનલાઈન સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી દ્વારા જે તે કોલેજની વેબસાઈટ ઉપર તા.૧૧-૬-૨૦૨૪ને મંગળવારે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ બે દિવસ માટે અપલોડ કરશે. ૬૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા હોય કોઈ વિદ્યાર્થીઓને કોઈ વાંધો કે સુધારો હોય તો કોલેજને જાણ કરવાની રહેશે. ત્યાર બાદ તા.૧૬મી જૂનના રોજ ફાયનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે અને પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓને તા.૧૮થી ૨૫ જૂન સુધીમાં જે તે કોલેજમાં ફી ભરવાની રહેશે.

# ડીસા મુખ્ય હાઈવે પર ખાનગી વાહનોનું આડેધડ પાર્કિંગ



ડીસા હાઈવે ઉપર આવેલા ગાયત્રી મંદિર સર્કલથી રાજમંદિર સર્કલ સુધી મુખ્ય હાઈવે ઉપર ખાનગી વાહનો આડેધડ પાર્કિંગ થયેલા જોવા મળી રહ્યા છે. જેના કારણે મુખ્ય હાઈવે પર અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. હાઈવે પર અનેક દવાખાનાઓ આવેલા છે અને દવાખાને આવતા દર્દીઓ, શહેરમાં આવતા અન્ય લોકો હાઈવે ઉપર જ વાહન પાર્કિંગ કરી જતા હોય છે. જેના કારણે હાઈવેની બંને સાઈડ ઉપર ખાનગી વાહનોનો જમાવડો જોવા મળી રહ્યો છે. હાઈવે ઓથોરિટી વિભાગ દ્વારા ગાયત્રી મંદિર સહિત અનેક વિસ્તારોમાં વાહન પાર્કિંગ માટેની પણ સુવિધા કરી છે, ત્યાં સટલિયા વાહનચાલકોએ અડ્ડો જમાવી લીધો છે, ત્યારે કામ અર્થે આવતા વાહનચાલકો પોતાનું વાહનોને હાઈવે ઉપર જ મૂકીને જતા રહે છે. જેથી ટ્રાફિકની પણ સમસ્યા સર્જાઈ રહી છે.

# અમરેલી શાંતાબા મેડિકલ કોલેજના ઈન્ટર્ન ડૉક્ટરોનું આંદોલન પાંચમા દિવસે યથાવત્

### આંદોલનને તોડી પાડવાના પ્રયાસો કરાતા હોવાનો આક્ષેપ : મેનેજમેન્ટ સામે ગંભીર આરોપો લગાવ્યા

અમરેલી, તા.૧૦

અમરેલી શાંતાબા મેડિકલ કોલેજના ૧૨૧ જેટલા ઈન્ટર્ન ડૉક્ટરો દ્વારા સ્ટાઈપેન્ડ મુદ્દે ચાલી રહેલ ધરણા આંદોલનના પાંચમા દિવસે ઈન્ટર્ન ડોક્ટરોએ શાંતાબા ગજેરા મેડિકલ મેનેજમેન્ટ સામે ગંભીર સવાલો ઊઠાવ્યા છે, ઈન્ટર્ન ડોક્ટરો દ્વારા જણાવ્યું કે, આંદોલનને તોડી પાડવા તેમને ધમકાવવા અને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અમરેલી શાંતાબા ગજેરા મેડિકલ કોલેજના ૧૨૧ ઈન્ટર્ન ડોક્ટરોને પોતાને માત્ર ૧૦ હજાર સ્ટાઈપેન્ડ મળતું હોય, જ્યારે અન્ય મેડિકલ કોલેજમાં ૧૮,૫૦૦ સ્ટાઈપેન્ડ મળતું હોય, જેથી તેમની સાથે અન્યાય થઈ રહ્યો હોય તેથી છેલ્લા પાંચ દિવસથી મેનેજમેન્ટ સામે હોસ્પિટલ કેમ્પસમાં ધરણા અને આંદોલન શરૂ કરેલ છે. જેમાં આ બાબતે મેનેજમેન્ટ દ્વારા હજુ સુધી કોઈ નિરાકરણ નહીં લાવતા આંદોલન વેગવંતુ બન્યું છે અને મેનેજમેન્ટ સામે ઈન્ટર્નલ ડોક્ટરો ખુલીને સામે આવ્યા છે. આજે શાંતાબા મેડિકલ કોલેજના અનેક ભાંડા ઈન્ટર્ન ડોકટરોએ જાહેર કર્યા છે. જેમાં ઈન્ટર્ન ડોક્ટરોએ જણાવ્યું હતું કે, અમારા આંદોલનને મેનેજમેન્ટ દ્વારા યેનકેન પ્રકારે તોડી પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, જ્યારે અમે બોલીએ છીએ તો અમને દબાવવા



(તસવીર :- માજીદખાન પઠાણ, અમરેલી)

અને ધમકાવવાનો પ્રયાસ થઈ રહ્યા છે, જ્યારે મેનેજમેન્ટ દ્વારા મેડિકલ કોલેજમાં પૂરતું શિક્ષણ મળે તે માટે પ્રોફેસરો રાખવામાં આવેલ નથી. વિષય વાર એક પણ પ્રોફેસરની ભરતી નથી કરતા જ્યારે ઈન્સ્પેક્શન આવે છે. ત્યારે બહારથી ભાડૂતી ડોક્ટરો લાવી તેમને ઈન્સ્પેક્શન સામે બતાવી દેવામાં આવે છે. ૧૫ લાખ ફી લેવામાં આવે છે. પરંતુ તેની સામે અમને માત્ર ૧૦ હજાર રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. મેનેજમેન્ટ જ્યાં સુધી અમારી ૧૮,૫૦૦ની માગણી નહીં સંતોષે ત્યાં સુધી અમે વિરોધ ધરણા આંદોલન ચાલુ રાખીશું તેમ ઈન્ટર્ન ડોક્ટરોએ જણાવ્યું હતું.

**સરકારી તંત્ર કે રાજકીય આગેવાનોએ અમારા આંદોલનમાં હજુ સુધી કોઈ હસ્તક્ષેપ કરી ન્યાય આપવા આવેલ નથી**

અમરેલી શાંતાબા મેડિકલ કોલેજના ઈન્ટર્ન ડોક્ટર દ્વારા છેલ્લા પાંચ દિવસથી સ્ટાઈપેન્ડ મુદ્દે ચાલી રહેલ ધરણા આંદોલન દરમિયાન તેમને ન્યાયની કોઈ આશા ના દેખાતી હોય તેમ આજે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અમરેલીના એકપણ રાજકીય આગેવાનો કે સરકારી તંત્ર એ હજુ સુધી અમારી મુલાકાત લઈ અમને સાંભળેલ નથી અને અમારા આંદોલનમાં રાજકીય લોકોએ અમારી મુલાકાત લઈ અમારી વ્યથાને સાંભળવામાં આવ્યા નથી. અમારી મદદે એકપણ પક્ષના રાજકીય લોકો આવ્યા નથી અમે ન્યાયની આશા સાથે ધરણા આંદોલન શરૂ રાખીશું તેમ મીડિયાને જણાવ્યું હતું.

### પ્રાથમિક સુવિધાઓ મુદ્દે

# સુરેન્દ્રનગર પાલિકા કચેરી ખાતે મહિલાઓનો પ્રચંડ વિરોધ

સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગર નગરપાલિકા ખાતે સ્થાનિક મહિલાઆ રણચંડી બની પાણી સહિત પ્રાથમિક સુવિધાઓના મામલે હલ્લાબોલ મચાવ્યો હતો. જેમાં પાલિકા કચેરી ખાતે પીવાના પાણી, ગટર અને પ્રાથમિક સુવિધા માટે ઉગ્ર રજૂઆત કરી હતી. પાલિકા કચેરીએ ધસી આવીને આખી ઓફિસ માથે લેતા કર્મચારીઓ પણ ડઘાઈ ગયા હતા. રોષે ભરાયેલી આ વિસ્તારની મહિલાઓએ ગટર અને પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓના પ્રશ્ને થાળી અને વેલણ વગાડી પાલિકા કચેરીએ હલ્લાબોલ કર્યો હતો. સુરેન્દ્રનગર શહેરના સુડવેલ



(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

સોસાયટી, બજરંગ સોસાયટી તેમજ વોર્ડ નં. ૧ જંકશન વિસ્તારના સ્થાનિક લોકો દ્વારા ટોળા સાથે પાલિકા કચેરીએ ધસી જઈને પાણી મામલે કરી ઉગ્ર રજૂઆત કરી હતી. જેમાં તંત્ર દ્વારા આ બાબતે તાકીદે તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની હૈયાધારણા આપવામાં આવી હતી.

### અંકલેશ્વર પોલીસે યુવકની પૂછપરછ કરી

# શેરબજારમાં પાયમાલ થયેલા યુવકે નર્મદા નદીમાં ઝંપલાવ્યું, માછીમારોએ બચાવ્યો

અંકલેશ્વર, તા.૧૦

ઓરિસ્સાના એક યુવક શેર માર્કેટમાં પાયમાલ થઈ ગયા બાદ રહેવા માટે ઘર અને ખાવામાં માટે રૂપિયા પણ નહીં હોય નર્મદા નદીમાં છલાંગ લગાવી હતી. જોકે નજીક ઉભેલા નાવિકોએ તાત્કાલિક દોડી આવી યુવકનો જીવ બચાવી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડયો હતો.

આજરોજ યુવકે ભરૂચની નર્મદા નદીમાં છલાંગ લગાવી હતી.જોકે આ સમયે ત્યાં નજીક રહેલા માછીમારોએ નાવડી લઈને તેની પાસે પહોંચી નદીમાંથી ખેંચી બહાર કાઢી ૧૦૮ માટે સારવાર અર્થે મોકલી આપી તેનો જીવ બચાવ્યો હતો. આ મામલે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સિવિલ હોસ્પિટલમાં પહોંચી યુવકના જવાબ લીધા છે. આ બાબત સિવિલ હોસ્પિટલમાં પહોંચી છલાંગ લગાવનાર યુવક સાથે વાતચીત કરતા તેણે જણાવ્યું હતું કે, શેર માર્કેટની આદતના કારણે તેના પરિવારજનોએ પણ તેને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. જેથી ગુજરાત આવી અહીંયા નોકરી કરી એક મકાનમાં પી જી તરીકે રહેતો હતો. પરંતુ શેર બજારની આદતે તેને નિરાધાર બનાવી દીધો છે. આ યુવક શેરબજારમાં લાખો રૂપિયા હારી ગયો છે કંપનીનો ૩૨ હજાર પગાર પણ ઉઠાવી શેરબજારમાં લગાવતા તે પણ હારી ગયો હતો. જેના કારણે મકાન અને કંપની છોડી અંકલેશ્વરમાં આવેલી બીજી કંપનીમાં નોકરી પર હાજર થવાનો હતો. પરંતુ તેની પાસે ત્યાં જવા માટે ભાડું નહિ હોય લાગી આવતા નર્મદા નદીમાં કુદવા પહોંચ્યો હતો.પરંતુ માછીમારોએ તેને બચાવી લીધો હતો.

## ભરૂચ જિલ્લા ભાજપ કાર્યાલયમાં આગ લાગી, સામાન બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૦

ભરૂચ જિલ્લાના ભાજપાના જિલ્લા કાર્યાલયમાં આજે સવારે એકા એક શોર્ટ સર્કિટથી આગ લાગી જતા કાર્યાલયનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાની જાણ થઈ છે. ભરૂચ જિલ્લાના ભાજપાના કાર્યાલયમાં આજરોજ સવારે ૧૦થી ૧૧ વાગ્યાના સુમારે કોઈક અગમ્ય કારણો સર કાર્યાલય માંથી ધુમાડા નીકળતા લોકોએ જોતાં બુમાંબમ કરી મૂકી હતી જો કે, આ દરમિયાન આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. અને આ દરમ્યાન કાર્યાલયમાં મુકેલ બેનર સહિતની સામગ્રી સહિતનો સામાન આગની લપેટમાં આવી ગયો હતો. જોકે આગની જાણ ભરૂચ ફાયર બ્રિગેડને કરવામાં આવતા તેઓ દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

**Change of Name**

I have Changed my old name from **Patel Raxit Shaileshbhai** to new name **Patel Rakshit Shaileshkumar** and I will be known as my new name which Please be noted.

**Add :- Banti Faliya, At Jambusar, Dist : Bharuch (392150)**

**CHANGE OF NAME-SURNAME SPELLING**

I HAVE CHANGED MY OLD NAME-SURNAME SPELLING FROM **UGRADAR ASIF IKBAL** TO NEW NAME-SURNAME SPELLING **UGHARADAR ASHIF IQBAL** & I WILL BE KNOWN AS NEW NAME-SURNAME SPELLING WHICH PLEASE NOTE.

**ADD:- 24, BHAGUBHAI NI KHADAKI. PO.SAROD TA.JAMBUSAR DIST.BHARUCH, PIN.392180 GUJARAT.**

**જાહેર આભાર**

**ધોળકા ખાતે જુના બસ સ્ટેન્ડ પાસે આવેલ સૂફી સંત અને કોમી એકતાના પ્રતિક પીર સૈયદ હઝરત ખ્વાજા હસન ખતીબ ચિસ્તી ઉર્ફે હઝરતશાહ બાવા (ર.અ.)ના તા.25/05/2024થી તા.29/05/2024 સુધી યોજાયેલા ૬૮૧માં વાર્ષિક ઉર્ષ-મેળા નિમિત્તે સાથ-સહકાર આપનાર ધોળકાના પ્રાંત અધિકારી સાહેબ, મામલતદાર સાહેબ, Dysp સાહેબ, ધોળકા ટાઉન પીઆઈ સાહેબ અને સમગ્ર પોલીસ સ્ટાફ, ઉત્તર ગુજરાત વીજ કંપની ધોળકા ટાઉન કચેરીના ડેપ્યુટી એન્જીનીયર સાહેબ, ધોળકા એસટી ડેપો મેનેજર સાહેબ, ધોળકા નગરપાલિકાના પ્રમુખ સાહેબ, કાઉન્સિલરો અને ચીફ ઓફિસર સાહેબ સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત આ ઉર્ષ- મેળામાં સાથ - સહકાર આપનાર તમામ લોકોનો જાહેર આભાર માનીએ છીએ.**

**લિ.**

**પીર હઝરતશાહ ઉર્ફે વિલાયતશાહ (ર.અ.) દરગાહ ટ્રસ્ટ, ધોળકાના પ્રમુખ સાહેબ અને ટ્રસ્ટી સાહેબો**

### રાજ્ય સરકારે સાંજે કુલ પાંચ અધિકારીઓના બદલીના કર્યા આદેશ

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને લાંબા સમય બાદ ત્રણ ડે.કમિશનર સહિત ચાર અધિકારી મળ્યા

### ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટીની પણ નિમણૂક : રાજકોટમાં કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ મૂકાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૦

લોકસભા ચૂંટણીને લઈને લાગુ કરવામાં આવેલ ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થતાની સાથે જ અટકળો લગાવવામાં આવી રહી હતી કે રાજયમાં ટૂંકા સમયમાં મોટી બદલીઓ કરવામાં આવી શકે છે. આ તમામ અટકળો વચ્ચે સરકાર દ્વારા આજે બદલીઓ કરવાના હુકમો જારી કરાયા હતા. જેમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને



નવા ડેપ્યુટી કમિશનર આપવામાં આવ્યા છે. આજે ગુજરાતના ચાર આઈએએસ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અમદાવાદ મહાનગરપાલિકાને નવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મળ્યા છે. સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલ આદેશ મુજબ રાજયમાં ફરી એકવાર આઈએએસ અધિકારીઓની બદલીનો પવન ફુંકાયો છે. જેમાં રિદ્ધેશ રાવલની અમદાવાદ મહાનગરપાલિકામાં ડે.કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. તો સાથે સાથે એ.કે. ઔરંગાબાદકરની પણ અમદાવાદ ડે. કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. એ જ રીતે જયેશ ઉપાધ્યાયની અમદાવાદ ડે. મનપા કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. તેમજ બી.સી. પરમારની સચિવ પંચાયત સેવા પસંદગી મંડળમાંથી બદલી કરવામાં આવી છે. વધુમાં બી.સી. પરમારની અમદાવાદ મનપા ઓએસડી તરીકે બદલી કરવામાં આવી છે. જયારે મહેશ જાનીને રિજિયોનલ મ્યુનિ. કમિશનર રાજકોટ તરીકે બદલી કરવામાં આવી છે. એટલે કે અમદાવાદમાં ત્રણ ડે. મ્યુનિ. કમિશનર તેમજ એક ઓફિસર ઓન સ્પેશિયલ ડયુટી તરીકે અધિકારી મુકવામાં આવ્યા છે. રાજકોટ અગ્નિકાંડ બાદ સરકારના કડક પગલાઓ વચ્ચે મ્યુનિ. તંત્રની રજૂઆતોને પગલે સરકાર દ્વારા આ એક સાથે નિમણૂક કરાઈ હોય તેમ જણાય છે. સરકારના આ આદેશોથી અમદાવાદ મ્યુનિ. તંત્રમાં ઘણા સમયથી ખાલી રહેલ આ જગ્યાઓ ભરાઈ જતા કામગીરી વેગ પકડશે.

### ૧ ૩મી જૂને ઉનાળું વેકેશન થશે પૂર્ણ

# શાળાઓ શરૂ થવાની હોઈ બજારોમાં સ્ટેશનરી સહિતની ખરીદી માટે ભીડ ઉમટી પડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શાળા દ્વારા પુસ્તકો, સ્કૂલ ડ્રેસ કે અન્ય સામગ્રીનું વેચાણ કરી શકાય નહીં, તેમ છતાં અમદાવાદ શહેરની કેટલીક સ્કૂલો દ્વારા આ રીતનું વેચાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે NSUI દ્વારા DEO કચેરી ખાતે દેખાવો યોજી આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સ્કૂલો દ્વારા પુસ્તકોનું વેચાણ કરવામાં આવતું હોવા ઉપરાંત ચોક્કસ જગ્યાએથી સ્કૂલ ડ્રેસ ખરીદવા તેમજ સ્કૂલ વાહનોનો ઉપયોગ કરવા માટે દબાણ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભારત સરકાર દ્વારા દેશના ગરીબ બાળકો પણ સારૂ શિક્ષણ મેળવ શકે તે માટે મફત અને ફરજીયાત શિક્ષણ માટે RTE એક્ટ બનાવવામાં આવ્યુ હતું. જેના નિયમો અંતર્ગત શાળાની અનિયમિતતાઓ સામે આવતા શાળાને દંડ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં સ્કૂલો દ્વારા બાળકોના પ્રવેશ માટે ઈન્ટરવ્યુ લઈ શકાય નહી. ઉપરાંત ડોનેશન લેવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવેલો છે. આ મુદ્દે NSUI અમદાવાદના પુર્વ પ્રમુખ આસીફ પવારે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે જઈને રજૂઆત કરી હતી. જેમાં સંત કબીર, સેન્ટ ઝેવિયર્સ, સોમ લલીત, માઉન્ટ કાર્મેલ, લીટલ સ્ટાર જેવી કેટલીક સ્કૂલો દ્વારા સરકારના નિયમોનું પાલન કર્યા વગર સ્કૂલમાંથી જ પુસ્તકોની ખરીદી કરવા માટે દબાણ કરતા હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત શાળાએ નક્કી કરેલા વાહનોથી જ બાળકોને શાળામાં આવવા જવાની વ્યવસ્થા કરવી, શાળા દ્વારા નક્કી કરવામાં આવેલી ચોક્કસ જગ્યાએથી જ સ્કૂલ યુનિફોર્મની ખરીદી કરવા માટે પણ દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત કરી છે. સરકારે જાહેર કરેલા જાહેરનામા હેઠળ આવી તમામ શાળાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી NSUI દ્વારા માંગણી કરવામાં આવી છે. જો આવનારા સમયમાં આ બાબતે યોગ્ય પગલા લેવામાં નહી આવે તો જનઆંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

### વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં

# મુસ્લિમ પરિવાર રહેવા આવતા આવાસમાં રહેતા લોકોને ચૂંક આવી : એકઠા થઈ વિરોધ કર્યો

### મુસ્લિમ પરિવારને પાંચ વર્ષ પહેલાં મકાન ફાળવાયું હતું : આજે પરિવાર રહેવા આવતા આવાસના ૪૬૧ લોકોએ ભેગા થઈ મનપા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

રાજયમાં ભાજપ સરકારનું શાસન આવ્યા બાદ કટ્ટરવાદી તત્ત્વો બેફામ અને બેલગામ બન્યા છે. મુસ્લિમો સામે નફરતનો માહોલ બનાવી દેવાયો છે. મુસ્લિમોને ભાંડવા, ધાર્મિક લાગણી દુભાવવી, ધર્મ વિશે અભદ્ર ટિપ્પણી કરવી, કોઈના કોઈ બહાને મુસ્લિમોને હેરાન કરવા, હિંદુ વસ્તીમાં રહેવા આવતા મુસ્લિમોનો ખુલ્લેઆમ વિરોધ, મુસ્લિમોને મકાનો ભાડે કે વેચાણ આપવા સામે પણ વિરોધ કરાઈ રહ્યો છે. મુખ્યમંત્રી આવાસ યોજનામાં મુસ્લિમોને મળતા આવાસો સામે પણ કટ્ટરવાદીઓને ચૂંક આવી છે. મુખ્યમંત્રી આવાસ યોજના તમામ ધર્મના લોકો માટે હોય છે, જેનો લોકો લાભ લેતા હોય છે. કટ્ટરવાદીઓએ વડોદરામાં મુખ્યમંત્રી આવાસ







યોજનામાં એક માત્ર મુસ્લિમ પરિવારને મકાન ફાળવતા જે પરિવાર આજે રહેવા આવતા આવાસના તમામ હિંદુ પરિવારોએ એકઠા થઈ મનપા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

વડોદરા શહેરના સમા હરણી રીંગ રોડ પર મુખ્યમંત્રી આવાસ યોજનાનાની મોટનાથ રેસીડેન્સીના ૪૬૨ મકાનોના રહેવાસીઓ આજરોજ એકઠા થયા હતા અને ૪૬૨ મકાનો પૈકી પાચ વર્ષ પહેલા એક મકાન લઘુમતી કોમના પરિવારને ફાળવતા તે પરિવાર આજરોજ મોટનાથ રેસીડેન્સીમાં રહેવા આવ્યું હતું જેથી ૪૬૨ પૈકી ૪૬૧ મકાનના સ્થાનિકોએ એકઠા થઈ પાલિકા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. મુખ્યમંત્રી આવાસ યોજનાના કુલ ૪૬૨ મકાનોમાંથી ૪૬૧ મકાનો હિન્દુઓને ફાળવાયા છે અને માત્ર એક મકાન મુસ્લિમ પરિવારને ફાળવતા સ્થાનિકોના પેટમાં ચૂંક આવી હતી. સ્થાનિકોનું કેહવુ છે કે, આ એરિયા અશાંત ધારામાં આવેલ છે અને એનો અમલ થવો જોઈએ, અમે કલેકટર, સાંસદ, મામલતદાર, ગાંધીનગર દરેક જગ્યાએ અમે ફરિયાદ કરી છે છતાં કોઈ ધ્યાન આપતું નથી. અમારો વિરોધ મુસ્લિમ પરિવાર સાથે નથી. પરંતુ ૪૬૧ મકાન હિન્દુને ફાળવવામાં આવ્યા છે ત્યારે એક મકાન મુસ્લિમ પરિવારને કેમ ફાળવવામાં આવ્યું ? હિન્દુ રહેણાક વિસ્તારમાં મુસલમાન પરિવારને મકાન ના ફાળવવું જોઈએ. મુસ્લિમ પરિવારને એના એરિયામાં મકાન ફાળવવામાં આવે અને મોટનાંથ રેસીડેન્સીમાં હિન્દુ પરિવારને મકાન ફાળવવામાં આવે એવી અમારી માંગ છે.

### વડોદરામાં હિટ એન્ડ રનની ઘટનાનો બેફામ ડ્રાઈવિંગનો વીડિયો વાયરલ

# સ્કોર્પિયો કારચાલકે ચાલવા નીકળેલ દંપતીને અડફેટે લેતા પત્નીનું મોત : પતિને ઈજા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ગઈકાલે (નવમી જૂન) મોડી રાત્રે સ્કોર્પિયો કારચાલકે ચાલવા નીકળેલા દંપતીને અડફેટે લીધું હતું. આ ઘટનામાં પત્નીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું. જ્યારે પતિને હાથ, પગ અને પાંસળીઓના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સમા પોલીસ દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. જો કે, સ્કોર્પિયો કાર અકસ્માત બાદ પલટી ગઈ હતી. મળતી માહિતી અનુસાર શહેરના સમા રોડ પર આવેલ ભવિતા પાર્ક સોસાયટીમાં રહેતા બિપીન જેરામભાઈ પ્રજાપતીએ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 'ગતરાત્રે હું મારા ઘરે હાજર હતો, ત્યારે મારા એક મિત્રનો મોબાઈલ ઉપર ફોન આવ્યો હતો કે, તમે તાત્કાલીક પ્રિત પાર્ટી પ્લોટની બાજુમા આવી જાઓ, તમારા સાળા વિપુલભાઈ અને તેમના પત્ની શિલ્પાબેનને અકસ્માત થયો છે, જેથી હું તથા મારી નજીકમાં રહેતા મારા સાઢુ રોહિત સવાણી અમારી ગાડી લઈને પ્રિત પાર્ટી પ્લોટ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં મારા સાળા વિપુલ અને તેમની પત્ની શિલ્પાને સ્કોર્પિયો કારે ટક્કર મારી હતી અને કારચાલક અકસ્માત સર્જીને ત્યાંથી ભાગી ગયા હતા. આ શિલ્પાબેનનું મોત થયું હતું અને તેમના પતિ વિપુલભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા સમા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી કારચાલકની શોધખોળ શરૂ કરી છે. અકસ્માત બાદ સ્થળ પર લોકોના ટોળેટોળે એકત્ર થઈ ગયા હતા. કાર ખૂબ જ પૂરપાટ ઝડપે જઈ રહી હતી, જેથી અકસ્માત બાદ કાર હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ઘૂસી ગઈ હતી.

# ગુજરાત લોકહિત સેવા ટ્રસ્ટ બયતુલમાલ દ્વારા પુસ્તકો અને સ્કૂલબેગનું વિતરણ કરાયું



અમદાવાદ,તા.૧૦

સરખેજ રોડ સ્થિત ગુજરાત લોકહીત સેવા ટ્રસ્ટ બયતુલમાલ તરફથી તા.૨-૬-૨૪ તથા તા.૯-૬-૨૪ના રોજ સરખેજ વિસ્તારની વિવિધ શાળામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટબુકો કપાસ, પેન તથા સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ વિસ્તરણ પ્રસંગે રીટાયર્ડ જજ શબ્બીરભાઈ ટીમ્બલીયા, રફીકભાઈ કોઠારીયા (પ્રિ રિબ્લિક સ્કુલ) હબીબભાઈ મોદન, હબીબખાન પઠાણ, ડો. ગનીભાઈ મનસુરી, અનીશભાઈ દેસાઈ, બાબુભાઈ અજમેરી, ઈસ્માઈલભાઈ દેસાઈ, યુસુફભાઈ મનસુરી તથા ફતેસિંગ રાણા તથા બશીરભાઈ શેખે હાજર રહી વિતરણનો પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો. આ પ્રોગ્રામનું સંચાલી પ્રમુખ ડો. એ.એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે

# અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે પ્રિ-મોનસૂન એક્ટિવીટી શરૂ થઈ ગઈ છે. જેને પરિણામે રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે સોમવારે મોડી સાંજે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પવન સાથે ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ વરસ્યો હતો.



વરસાદને પગલે અસહ્ય ગરમી અને બફારા વચ્ચે ઠંડક પ્રસરી જતાં લોકોના ચહેરા પર આનંદની લહેર દોડી ગઈ હતી. અમદાવાદ શહેર અને ગ્રામ્ય પંથકના વાતાવરણમાં સાંજના સમયે પલટો આવ્યો હતો અને પવન તેમજ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસવાનો શરૂ થયો હતો. જેતપુર તાલુકાના ખીરસરા, જાંબુડી, પ્રેમગઢ, મેવાસા, હરીપર સહિત ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. મેવાસા ગામે ધોધમાર વરસાદ વરસતા રોડ ઉપર પાણી વહેતા થયાં હતા. આ વખતે પડેલી ભારે ગરમી અને ઉકળાટ બફારા વચ્ચે પવન સાથે વરસાદનું આગમન થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તે સિવાય આજે મધ્ય ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદની આગાહી કરી હતી. જેના પગલે રાત્રે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. શહેરનાં ઘુમા, દાણીલીમડા, બહેરામપુરા, શાહેઆલમ, પાલડી તેમજ બોપલ, સિંધુભવન રોડ, ભાડજ, આંબલી, ઈસ્કોન, જગતપુર, ગોતા, ન્યુ ગોતા, રાણીપ, ચાંદખેડા, વૈષ્ણોદેવી સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ગુજરાત હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ એટલે કે, ૧૦ જૂનથી લઈને ૧૬ જૂન સુધી ગાજવીજ સાથે ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ૧૭ કરોડના કૌભાંડનો મામલો

# લખતરિયાને ખુલાસો કરવા ગુજરાત યુનિ.એ વધુ પાંચ દિવસની મુદત આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ખાનગી કોર્સમાંથી આવેલી રકમમાંથી ૧૭ કરોડની ઉચાપત કરનાર ગુજરાત યુનિ.ના એનિમેશન ડિપાર્ટમેન્ટના પૂર્વ કો-ઓર્ડિનેટરે આ મામલે ખુલાસો કરવા મુદ્દત માંગી હતી. જ્યારે યુનિ.એ દિવસની મુદ્દત આપી છે.

એનિમેશન ડિપાર્ટમેન્ટમાં કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવી રહેલા પ્રોફેસર કમલજીત લખતરિયાએ પોતાના કાર્યકાળ દરમિયાન ખાનગી એજન્સીઓ સાથે મળીને ૧૭ કરોડનું કૌભાંડ કર્યુ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિવૃત્ત જજની અધ્યક્ષતામાં તપાસ કમિટી બનાવવામાં આવી હતી. આ તપાસ કમિટી દ્વારા તપાસ કરીને રિપોર્ટ ગુજરાત યુનિવર્સિટીને સોંપવામાં આવ્યો હતો. જેમાં કમલજીત લખતરિયાએ ૧૭ કરોડનું કૌભાંડ કર્યું હોવાનું સાબિત થયું છે. ત્યારે હવે આ અંગે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કમલજીત લખતરિયાને શો-કોઝ નોટિસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો હતો.

૧૦ દિવસમાં ખુલાસો આપવાનો હતો, પરંતુ કમલજીત લખતરિયાએ પાંચ દિવસની મુદ્દત માંગી હતી. જેથી યુનિવર્સિટીએ ખુલાસો આપવા માટે પાંચ દિવસની મુદ્દત વધારી આપી હતી. જે મુદ્દત બાદ અન્ય પાંચ દિવસની પણ મદદ માંગી છે. યુનિવર્સિટી દ્વારા અન્ય પાંચ દિવસની પણ મુદ્દત વધારવામાં આવી છે. આમ કુલ ૧૦ દિવસની મુદ્દત વધારવામાં આવી છે.

### કેન્દ્ર સરકારને કૃષિ ભાવો અંગેની દરખાસ્ત મોકલાઈ

# રવિ પાકોના ટેકાના ભાવ હવે આ વખતે આઠથી ૮.૫ ટકા જેટલા વધી શકે છે

### રાજ્ય કૃષિ ભાવ પંચની બેઠકમાં ચર્ચાને અંતે ભાવોની ભલામણ કરવાનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં હવે ચોમાસાની શરૂઆત થવાની છે. એટલે કે ખેડૂતો માટે રવિ પાકની સીઝન શરૂ થવાની છે. ખેડૂતોની કમાણી માટે રવિ પાક ખુબ મહત્વનો હોય છે. રવિ પાકની ખરીદી ટેકાના ભાવે થઈ શકે તે માટે ગાંધીનગરમાં રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં મળી હતી. જેમાં રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલો કરાઈ છે. ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક ઉન્નતી તરફ આગળ વધે તેવા હેતુસર ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને પાકોની ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈ યોગ્ય પાકોનું વાવેતર કરી શકે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોને સર્વોત્તમ ભાવ મળી રહે તે માટે વર્ષ ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂ. ૪૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા માટે રૂ. ૭૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, રાયડા માટે રૂ. ૭૨૦૦ પ્રતિ ક્વિન્ટલ અને શેરડી માટે રૂ. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની ભારત સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું. રાજ્ય કૃષિ ભાવ પંચની બેઠકમાં પાકવાર ખેતી ખર્ચ, કૃષિ ઈનપુટના ભાવો બાબતે ખેડૂત પ્રતિનિધિઓ અને કૃષિ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. પુખ્ત વિચારણાને અંગે અને નિષ્ણાતો દ્વારા નક્કી કરાયેલા ભાવોને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઘઉં, ચણા, રાયડો અને શેરડી પાકના રાજ્ય કૃષિ ભાવ પંચ દ્વારા ભાલામણ કરવાના થતા ભાવ ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવ પંચને મોકલી આપવામાં આવશે.

### જમીનના કબજા મામલે

# ગોરલ ગામના ડેપ્યુટી સરપંચે દિવ્યાંગ દંપતીને ઢોરમાર માર્યો હોવાની ફરિયાદ

ઈડર, તા.૧૦

ગોરલ ગામના ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચે ગામમાં દાદાગીરી કરી દિવ્યાંગ પતિ-પત્નીને ઢોરમાર માર્યો હોવાની ફરિયાદ કરાઈ છે. બનાવની વિગત એમ છે કે, ભગવાનદાસ લક્ષ્મણભાઈ સોલંકીએ તેમના મકાનની બાજુમાં આવેલ સરકારી જમીન ઉપર ૧૫ વર્ષથી કબ્જો કરેલ છે અને આવા કબજાવાળી જગ્યાની માગણી ગોરલ ગ્રામ પંચાયત તથા કલેકટરમાં કરી હતી. જે અંગેની ધમકી આપવા ગોરલ ગામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ બેચરભાઈ પટેલ તથા હીરાજી ચંપાજી રબારી અને રાણાજી ચંપાજી રબારી, ધનરાજસિંહ ચૌહાણ ઘર આગળ આવેલી દુકાન આગળ આવી ગાળો બોલી હતી અને હીરાજી ચંપાજી રબારી તથા રાણાજી ચંપાજી રબારી કહ્યું કે, આ પ્લોટ ખાલી કરી દે નહીં તો તને જાનથી મારી નાખીશું. ચારેય જણાએ જણાવેલું હતું કે, તું બાંધકામ કરતો નહીં ગામ છોડી જતો રહે નહીં તો તને જાનથી મારી નાખીશું અને આ દિવ્યાંગ પતિ-પત્ની ભગવાનદાસ લક્ષ્મણદાસ સોલંકી અને તેમની પત્ની સુમિત્રાબેનને માર માર્યો હતો. જેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે કડિયાદરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે ચારેય આરોપી વિરૂદ્ધ ઇડર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેમની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

# એસીબીની ટ્રેપની ગંધ આવી જતા ફરાર થયેલ પીઆઈની ધરપકડ

### સટ્ટાના કેસમાં ચાર્જશીટ ઝડપથી કરવા ૧૦ લાખની લાંચ માંગી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ક્રિકેટ સટ્ટાના લાંચના કેસમાં ફરાર પીઆઈ બાબુ પટેલની એસીબીએ ધરપકડ કરી લીધી છે. અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરજ બજાવતા PI ૧૦ લાખની લાંચ માગવાના પ્રકરણમાં વોન્ટેડ હતો. જે સંદર્ભે ACBની ટીમ તેમને શોધી રહી હતી. મળતી માહિતી અનુસાર અનેક રાજકીય પ્રયાસો કર્યા બાદ બાબુ પટેલ અનેક જગ્યાએ છુપાતો રહ્યો હતો. વિવિધ વાતોની વચ્ચે આજે બાબુ પટેલની ધરપકડ થતા અનેક અટકળોનો અંત આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ક્રિકેટ સટ્ટાના કેસમાં ચાર્જશીટ ઝડપથી કરવા માટે સાયબર ક્રાઈમના PI, ASI અને હેડ કોન્સ્ટેબલે આરોપી પાસેથી ૧૦ લાખની લાંચ માગી હતી. આ લાંચની રકમ લેતા સાયબર ક્રાઈમના હેડ કોન્સ્ટેબલ અને ASI રંગે હાથ ઝડપાયો હતો. આરોપીઓએ સિંધુભવન રોડ પર જાહેરમાં ૧૦ લાખ લીધા હતા. આ મામલે મુખ્ય આરોપી PI ફરાર થઈ ગયો હતો. અમદાવાદ સાયબર ક્રાઈમમાં ક્રિકેટના સટ્ટાનો કેસ કરવામાં આવ્યો હતો. આ સટ્ટાનો કેસમાં આરોપીઓને સાઈબર ક્રાઈમના PI બી.એમ પટેલ અને હેડ કોન્સ્ટેબલ અમથા પટેલ રૂબરૂ મળ્યા હતા. આ કેસમાં ચાર્જશીટ ઝડપથી કરવા માટે સટ્ટાના કેસના આરોપીઓ પાસેથી PI અને કોન્સ્ટેબલે પૈસાની માગ કરી હતી. જે રકઝકના અંતે ૧૦ લાખ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સટ્ટા કેસનો આરોપી ૧૦ લાખની લાંચ આપવા ઈચ્છતો ન હોવાથી તેણે ACBનો સંપર્ક કર્યો હતો. ACB દ્વારા સમગ્ર મામલે ટ્રેપ ગોઠવવામાં આવી હતી જેમાં સિંધુભવન હોલની બાજુમાં જાહેર રોડ ઉપર હેડ કોન્સ્ટેબલ અમથા પટેલ અને સાઈબર ક્રાઈમના જ એસ.આઈ ગૌરવ ગામેતી ૧૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જયારે મુખ્ય આરોપી બી એમ પટેલ ફરાર થઈ ગયો હતો.

### ખેડામાં દેશના પ્રથમ એએસી વોલ પ્લાન્ટનું કોમર્શિયલ પ્રોડક્શન શરૂ

અમદાવાદ,તા.૧૦

ગુજરાત સ્થિત બિગબ્લોક કન્સ્ટ્રકશન લિમિટેડ અને થાઈલેન્ડની એસસીજી ઈન્ટરનેશનલ કોર્પોરેશન કંપની લિમિટેડ વચ્ચેના સંયુકત સાહસ સિઆમ સિમેન્ટ બિગબ્લોક કન્સ્ટ્રકશન ટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ ગુજરાતના ખેડામાં તેના પહેલા પ્લાન્ટનો કોમર્શિયલ પ્રોડકશન સાથે તેની ભારતની કામગીરીનો પ્રારંભ કર્યો છે. ભારતીય બજાર માટે આગામી પેઢીના વોલિંગ સોલ્યુશન્સ લોન્ચ કરવાના વિઝન સાથે આ સંયુકત સાહસે અમદાવાદ નજીક ખેડા જિલ્લામાં ભારતના પ્રથમ એએસી વોલ પ્લાન્ટ સહિત વાર્ષિક ૨.૫ લાખ કયુબીક મીટરની ક્ષમતાનો પ્રોજેકટ ઉભો કરવા માટે લગભગ રૂા.૬૫ કરોડનું રોકાણ કર્યું છે.

# રાહુલ ગાંધીની બે યાત્રાઓને કારણે કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોક સાથીઓએ ૪૧ બેઠકો મેળવી : અહેવાલ

## ભારત જોડો યાત્રા ૭૧ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થઈ હતી જેમાં કોંગ્રેસે ૫૬ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૨૩ બેઠકો જીતી હતી, ભારત જોડો ન્યાયયાત્રામાં કુલ ૮૨ બેઠકો આવરી લેવામાં આવી હતી જેમાંથી કોંગ્રેસે ૪૯ પર ચૂંટણી લડી હતી અને ૧૭ પર જીત મેળવી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦



કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી દ્વારા તેમની ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાયયાત્રા દરમિયાન જે માર્ગમાંથી પસાર થયા ત્યાં કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનને ૪૧ બેઠકો મળી હતી.

ઉત્તર-દક્ષિણ ભારત જોડો યાત્રા ઓક્ટોબર ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન હતી, ત્યારે ગાંધીએ કન્યાકુમારીથી કાશ્મીર સુધીની હતી, જેમાં બીજેપીની વિભાજનકારી રાજનીતિ સામે "જોડો" અથવા એકતાનો સંદેશો અને "મોહબ્બત" અથવા પ્રેમનો ઉપદેશ આપ્યો હતો. ભારત જોડો ન્યાયયાત્રા મોટાભાગે બસ દ્વારા હતી અને ૬૩ દિવસની પૂર્વ-પશ્ચિમ યાત્રા ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જાન્યુઆરીથી માર્ચ દરમિયાન કરવામાં આવી હતી. ધ ઈન્ડિયન એક્સપ્રેસના વિશ્લેષણ મુજબ, ભારત જોડો યાત્રા ૭૧ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થઈ હતી, જેમાં કોંગ્રેસે ૫૬ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૨૩ બેઠકો જીતી હતી. તેની સરખામણીમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે આમાંથી ૬૫ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૫ પર જીત મેળવી હતી. બીજી તરફ કોંગ્રેસના ઈન્ડિયા બ્લોક સાથીઓએ આમાંથી ૧૪ બેઠકો પર ચૂંટણી લડી હતી અને આ ચૂંટણીમાં ૬ બેઠકો જીત્યા હતા, જ્યારે ૨૦૧૯ માં તેઓ ચાર બેઠકો પર લડ્યા હતા અને બે જીત્યા હતા.

ભારત જોડો ન્યાયયાત્રામાં કુલ ૮૨ લોકસભા મતવિસ્તારો આવરી લેવામાં આવ્યા હતા, જેમાંથી કોંગ્રેસે ૪૯ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૭ પર જીત મેળવી હતી. તેની સરખામણીમાં, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, તેણે ૭૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૬ જીતી હતી. તેના ઈન્ડિયા જૂથના સાથીઓએ ૩૩ બેઠકો પર ચૂંટણી લડી હતી. અને આમાંથી ૧૮ મતવિસ્તારો જીત્યા છે. ૨૦૧૯માં આ સાથીઓએ ૧૦ પર ચૂંટણી લડી હતી પરંતુ એકપણ જીત મેળવી ન હતી. કોંગ્રેસ અને તેના સહયોગીઓએ યાત્રા દ્વારા મહારાષ્ટ્રમાં વધુ ફાયદો મેળવ્યો હતો. પ્રથમમાં આવરી લેવામાં આવેલી છ બેઠકોમાંથી, ૨૦૨૪માં જૂથે ચાર બેઠકો જીતી હતી, અને બીજી યાત્રામાં આવરી લેવામાં આવેલી આઠ બેઠકોમાંથી, ગઠબંધનને પાંચ બેઠકો મળી હતી. હરિયાણામાં પ્રથમ યાત્રામાં પાંચ બેઠકો આવરી લેવામાં આવી હતી, જેમાંથી તેણે ૨૦૨૪માં એક બેઠક જીતી હતી. જમ્મુ અને કાશ્મીરમાં ભારત જોડો યાત્રાએ ચાર બેઠકો આવરી લીધી હતી. ૨૦૨૪ની ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકે બે બેઠકો જીતી હતી. કર્ણાટકમાં, ભારત જોડો યાત્રાએ સાત બેઠકો આવરી લીધી હતી, જેમાંથી કોંગ્રેસે ૨૦૨૪માં ત્રણ બેઠકો જીતી હતી. કેરળમાં, ભારત જોડો યાત્રાએ ૧૧ મતવિસ્તારો માંથી પસાર થઈ જ્યાં કોંગ્રેસે ૭ અને તેના સાથી પક્ષોએ બે બેઠકો જીતી છે. પંજાબમાં, ભારત જોડો યાત્રા છ મતક્ષેત્રોમાંથી પસાર થઈ અને પાંચમાં તેણે જીત મેળવી જ્યારે AAPએ એકમાં જીત મેળવી. જોકે કોંગ્રેસ અને AAP ભારત ગઠબંધનનો ભાગ હતા અને દિલ્હીમાં સાથે ચૂંટણી લડ્યા હતા, અને બંને પંજાબમાં અલગથી લડ્યા હતા. રાજસ્થાનમાં, ભારત જોડો યાત્રાએ પાંચ મતક્ષેત્રોમાં ગઈ અને ૨૦૨૪માં ત્રણમાં જીત મેળવી. ભારત જોડો ન્યાયયાત્રામાં બે મતવિસ્તારો આવરી લેવામાં આવ્યા અને કોંગ્રેસે એકમાં જીત મેળવી, જ્યારે તેના સાથી પક્ષે અન્ય એકમાં જીત મેળવી. તમિલનાડુમાં, ભારત જોડો યાત્રાની બે બેઠકોમાંથી એક કોંગ્રેસે જીતી હતી અને બીજી તેના સાથી ડીએમકેએ જીતી હતી. ઉત્તર પ્રદેશમાં, ભારત જોડો યાત્રાએ ત્રણ બેઠકો આવરી લીધી હતી જેમાંથી એક ૨૦૨૪માં ઈન્ડિયા બ્લોક (સમાજવાદી પાર્ટી) દ્વારા જીતવામાં આવી હતી. ભારત જોડો ન્યાયયાત્રાએ ૨૦ મતવિસ્તારોને આવરી લીધા હતા, જેમાંથી કોંગ્રેસે ૩ અને SPએ પાંચ બેઠકો જીતી હતી. બિહારમાં ભારત જોડો ન્યાયયાત્રાએ સાત મતવિસ્તારોને આવરી લીધા હતા, જેમાંથી કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી હતી અને તેના સાથી પક્ષોએ બે બેઠકો જીતી હતી. પશ્ચિમ બંગાળમાં, ભારત જોડો ન્યાયયાત્રામાં નવ બેઠકો આવરી લેવામાં આવી હતી જેમાંથી ટીએમસીએ પાંચ અને કોંગ્રેસે એક બેઠક જીતી હતી, જોકે અહીં રાજ્ય-સ્તરનું બ્લોક જોડાણ ન હતું. આસામમાં ભારત જોડો ન્યાયયાત્રાએ છ બેઠકો પૈકી કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી. ઉત્તર પૂર્વમાં, ભારત જોડો ન્યાયયાત્રાએ મેઘાલય, અરુણાચલ પ્રદેશ, મણિપુર અને નાગાલેન્ડમાં પાંચ મતક્ષેત્રો પાર કર્યા અને ત્રણમાં જીત મેળવી. આ જ યાત્રામાં ઝારખંડની સાત બેઠકો પણ આવરી લેવામાં આવી હતી જેમાંથી કોંગ્રેસે એક બેઠક જીતી હતી અને તેના સાથી પક્ષોએ એક બેઠક જીતી હતી. આ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આંધ્ર પ્રદેશમાં ભારત જોડો યાત્રા પસાર થઈ હતી, ત્યાં કોંગ્રેસે કોઈ બેઠકો જીતી ન હતી. તેવી જ રીતે દિલ્હીમાં પણ કોંગ્રેસ અને તેના સાથી પક્ષો (આમઆદમી પાર્ટી) ૨૦૧૯ની જેમ ૨૦૨૪માં એકપણ સીટ જીતી શક્યા નથી. હિમાચલ પ્રદેશમાં અને ગુજરાતમાં ભારત જોડો ન્યાયયાત્રાએ પાંચ મતવિસ્તારોને આવરી લીધા હતા પરંતુ ચૂંટણીમાં તેની કોઈ અસર થઈ ન હતી. ઓડિશામાં ભારત જોડો ન્યાયયાત્રાએ બે બેઠકો આવરી લીધી હતી પરંતુ કોંગ્રેસ માટે ચૂંટણીમાં તેની કોઈ અસર થઈ ન હતી. છત્તીસગઢમાં ચાર સીટો પૈકી કોંગ્રેસે ૨૦૧૯ની જેમ એક સીટ જીતી હતી. **(સૌ.: ધ વાયર.ઈન)**

# પીએમ નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન મમતા બેનરજી લાઈટ બંધ કરી અને અંધારામાં બેસી રહ્યાં : TMC સાંસદ સાગરિકા ઘોષ

(એજન્સી) કોલકાતા, તા.૧૦



તૃણમૂલ કોંગ્રેસ (TMC) રાજ્યસભાના સાંસદ સાગરિકા ઘોસે ફરી એકવાર ટ્વિટર તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહની તેમની ટીકાને મજબૂત બનાવ્યું.

તેમણે તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારતના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી @MamataOfficialનો સંદેશ, @narendramodiના શપથગ્રહણની ઉજવણી કરતા તમામ લોકો માટે. તેમણે પોતાની બધી લાઈટ બંધ કરી દીધી અને સમગ્ર સમારંભ દરમિયાન અંધારામાં બેસી ગયા. એક વડાપ્રધાન કે જેમણે જનાદેશ ગુમાવ્યો છે અને લોકો દ્વારા નકારી કાઢવામાં આવ્યો છે : લગભગ વારાણસીમાં હારી ગયા, અયોધ્યામાં હારી ગયા, સંપૂર્ણ રીતે પોતાના પર કેન્દ્રિત પ્રચાર કરવા છતાં બહુમતી મેળવી શક્યા નહીં. મોદીને બદલવા જોઈએ. @BJP4Indiaએ નવો નેતા પસંદ કરવો જોઈએ.

સાગરિકા ઘોસે રવિવારે કહ્યું હતું કે, તે રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે નહીં તેના એક દિવસ પછી આ આવ્યું છે. ટ્વિટર પર પત્રકારમાંથી રાજકારણી બનેલાએ કહ્યું હતું કે,

વિપક્ષ મોદીને વડાપ્રધાન તરીકે શપથ લેવાની નૈતિક કાયદેસરતા સ્વીકારતો નથી.

૮ જૂને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ આ સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ પીએમ નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે, તો મમતા બેનર્જીએ કહ્યું, મને (આમંત્રણ) મળ્યું નથી, અને હું જઈશ નહીં.

સાગરિકા ઘોષની પોસ્ટે નેટીઝન્સ તરફથી ઘણી પ્રતિક્રિયાઓ મેળવી છે. જ્યારે કેટલાકે તેમના નિવેદનને સમર્થન આપ્યું હતું, જ્યારે અન્યોએ મજબૂત વળતી દલીલ પોસ્ટ કરી હતી. @RigidDemocracyએ કહ્યું, મમતા બેનર્જી તેમના પ્રતિસ્પર્ધી શુભેન્દુ અધિકારી પાસેથી વિધાનસભા બેઠક હારી ગયા, છતાં તેઓ પાછલા બારણેથી મુખ્યમંત્રી બન્યા. શું તેઓ પોતાની હાર પર લાઈટ બંધ કરીને અંધકારમાં બેસી ગયા. સાગરિકા જી, તમારા તથ્યો સ્પષ્ટ કરો. મોદીએ એકલાએ ૨૪૦ બેઠકો જીતી છે, બહુમતી કરતાં માત્ર ૩૨ ઓછી. @AparnaShamanthએ કહ્યું, ઉપરાંત તેઓ પ્રી-પોલ એલાયન્સ સાથે સરકાર બનાવી રહ્યા છે જે તમામ અર્થમાં નૈતિક અને કાયદેસર છે.

# TMC નેતા સાગરિકા ઘોષે કહ્યું : ભાજપે PM મોદીને બદલવા જોઈએ, નવો નેતા પસંદ કરવો જોઈએ

(એજન્સી) કોલકાતા, તા.૧૦



તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે સોમવારના રોજ કહ્યું હતું કે, ભાજપે નવા નેતાની પસંદગી કરવી જોઈએ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બદલવું જોઈએ. કારણ કે, તેમના પર કેન્દ્રિત પ્રચાર હોવા છતાં તેઓ લોકસભા ચૂંટણીમાં બહુમતી મેળવી શક્યા નથી.

રાજ્યસભાના સાંસદ ઘોષે ટ્વિટર પર ટ્વિટ કર્યું કે TMC વડા મમતા બેનરજીએ પોતાના ઘરની તમામ લાઈટો બંધ કરી દીધી અને એવા વડાપ્રધાન માટે સમગ્ર સમારંભ દરમિયાન અંધારામાં બેસી ગયા, જેમણે આદેશ ગુમાવ્યો છે અને તેમને સરકાર દ્વારા નકારી કાઢવામાં આવ્યો છે. લોકોએ નકારી કાઢ્યું છે.

નરેન્દ્ર મોદીએ રવિવારના દિવસે ત્રીજી મુદત માટે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા, કેબિનેટનું નેતૃત્વ કર્યું હતું, જેણે સાતત્ય અને અનુભવ પર ભાર મૂક્યો હતો. જ્યારે ભાજપની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારમાં ભાગીદારોને પુરસ્કાર પણ આપ્યા હતા.

# મોદીના નેતૃત્વમાં નવી NDA સરકાર એક વર્ષમાં જ પડી જશે : સંજય સિંહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

આમ આદમી પાર્ટી (AAP)ના વરિષ્ઠ નેતા સંજય સિંહે ૯ જૂન રવિવારના રોજ દાવો કર્યો હતો કે,વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની નવી સરકાર એક વર્ષમાં પડી જશે કારણ કે તેઓ NDAના ઘટકોની અપેક્ષાઓ પૂરી કરવામાં નિષ્ફળ જશે તેવી અપેક્ષા છે.

મોદીએ રવિવારના રોજ વિક્રમ સમાન ત્રીજી મુદત માટે વડા પ્રધાન તરીકે શપથ લીધા હતા, જેમાં ૭૨ સભ્યોની કેન્દ્રીય મંત્રી પરિષદનું નેતૃત્વ કર્યું હતું જે સાતત્ય, યુવા અને અનુભવ પર ભાર મૂકે છે, જ્યારે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)માં ભાગીદારોને પુરસ્કાર પણ આપ્યા હતા. સિંહે પ્રયાગરાજમાં સર્કિટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, ''

આ નવી (કેન્દ્રીય) સરકાર કે જે બનવા જઈ રહી છે તેનું આયુષ્ય છ મહિનાથી એક વર્ષનું છે. તે આનાથી વધુ સમય સુધી નહીં ચાલે. AAP નેતાએ એવા દાખલાઓ આપ્યા કે જ્યાં એક NDA સરકાર માત્ર ૧૩ દિવસ ચાલી અને બીજી ૧૩ મહિનાની અંદર પડી ભાંગી અને ઉમેર્યું કે, કેન્દ્રમાં નવી સરકાર સમાન ભાવિ જોશે. મોદી તરફના સ્પષ્ટ સંદર્ભમાં, સિંહે કહ્યું, તેઓ તેમની પાસેથી (NDA)ના ઘટકોની અપેક્ષા મુજબ કામ કરવા જઈ રહ્યા નથી. તેઓ રાજકીય પક્ષોને તોડવાનું તેમનું વલણ ચાલુ રાખશે.

સિંહે ઉમેર્યું, હું ટીડીપી અને જેડીયુને કહેવા માંગુ છું કે તમારે તમારા પોતાના પ્રવક્તા બનાવવા જોઈએ, અન્યથા તમારી




પાર્ટીના કેટલા સાંસદો તેમની સાથે ભાગ લેશે અને તેમની સાથે જોડાશે તેની કોઈ ખાતરી નથી.

મોદીની સાથે, રાજનાથ સિંહ, અમિત શાહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારમણ અને એસ જયશંકર સહિતના વરિષ્ઠ ભાજપના નેતાઓ, મોદી ૨.૦ કેબિનેટના તમામ મંત્રીઓએ રાષ્ટ્રપતિ ભવનમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા.

# મુંબઈમાં 1-BHKના રૂા.૫૦-૭૦ હજારના ઉચ્ચ ભાડા અંગે વકીલની પોસ્ટ વાયરલ : તમારા મમ્મી-પપ્પા સાથે સારા સંબંધો રાખો, સ્વતંત્ર થવા માટે તમારે ઘરની બહાર જવાની જરૂર નથી

(એજન્સી) તા.૧૦

મુંબઈ સ્થિત એક વકીલે મુંબઈમાં રિયલ એસ્ટેટના દરો પ્રતિબિંબિત કરતી X પર એક પોસ્ટ કરી હતી. તેણીએ શહેરના ટોચના સ્થળોએ ભાડે મળતા ફ્લેટની ઊંચી કિંમતો પર ધ્યાન દોર્યું અને લોકોને કૌટુંબિક લક્ષ્યો પર પુનર્વિચાર કરવા કહ્યું હતું. તેણીએ લખ્યું કે, અંધેરી, બાંદ્રા અને મોટા ભાગના કાર્યસ્થળો ધરાવતા અન્ય વિસ્તારોમાં એક મહિનાનું ભાડું રૂા.૫૦,૦૦૦થી ૭૦,૦૦૦ની વચ્ચે હોઈ શકે છે.




Xની આ પોસ્ટ લોકોને કૌટુંબિક લક્ષ્યો ધ્યાનમાં લેવાનું કહે છે. તેણીની આ પોસ્ટમાં, વિટાએ લોકોને તેમના પરિવાર સાથે રહેવા કહ્યું અને સ્વતંત્ર જીવનનો આનંદ માણવા માટે અલગ ફ્લેટમાં જવાનું ટાળવા કહ્યું છે. તેણીએ નોંધ્યું હતું કે મુંબઈમાં ફ્લેટ ભાડે રાખવા માટે મોટી રકમ જાય છે અને તે ખર્ચાળ છે.

તેણીએ હિન્દીમાં લખ્યું અને ૧-BHKના રૂા.૫૦-૭૦ હજાર જેવા ઉચ્ચ ભાડા પર ધ્યાન દોરતા તેણીએ કહ્યું કે, તમારા મમ્મી-પપ્પા સાથે સારા સંબંધો રાખો, સ્વતંત્ર થવા માટે તમારા ઘરની બહાર દોડવાની જરૂર નથી. મુંબઈમાં ભાડાના ફ્લેટની ઊંચી કિંમતો પ્રતિબિંબિત કરતા, આ એક્સ યુઝરે મુંબઈકરોના પગાર સાથે સરખામણી કરી. તેણીનું માનવું હતું કે લોકો તેમના પગાર સાથે આવા મોંઘા રૂમ ભાગ્યે જ પરવડી શકે છે.

મુંબઈમાં ફ્લેટના ઊંચા દરો પર ટિપ્પણી કરતી તેણીની ટ્વીટ્સ સામે આવ્યા પછી, લોકોએ તેણીને સસ્તા અને પોસાય તેવા રોકાણો શોધવા માટે સમગ્ર શહેરમાં વિકલ્પો અંગે કહ્યું અને તેઓએ એવા કેટલાક વિસ્તારો દર્શાવ્યા જ્યાં ફ્લેટ ઓછા ભાવે ઉપલબ્ધ હોવાનું કહેવાય છે. એક ઠ યુઝરે તેના ટ્વીટનો જવાબ આપ્યો અને કહ્યું કે જો તેણી કોઈ અલગ વિસ્તારમાં જાય તો તે આ ભાડા કરતાં અડધા ભાડામાં પોતાનું ઘર મેળવી શકે છે. જો કે, વિટાને કોઈ પણ વૈકલ્પિક સોદામાં રસ ન હતો અને તે સ્થાન સાથે સમાધાન કરવા ઈચ્છતી નથી. તેણીએ ઉલ્લેખ કર્યો કે તેણી મુસાફરી ટાળવા માંગે છે અને તેથી તેણીની ઓફિસની નજીકની જગ્યામાં સ્થાયી થવા માટે ઉત્સુક છે. તેણીને સ્થાન બદલવાની સલાહ આપવા માટે લોકો તેની પોસ્ટ પર ટિપ્પણી કરતા હતા ત્યારે તેણીએ કહ્યું કે, કૃપા કરીને મને 'જ્ઞાન' અને સ્થાનની સલાહ આપશો નહીં. હું અહીં ૬ વર્ષથી રહું છું. મુંબઈ સ્થિત આ મહિલા વકીલની પોસ્ટ ૮ જૂને અપલોડ કરવામાં આવી હતી તે હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહી છે. તે ઠ પર એક લાખથી વધુ લોકો સુધી પહોંચી ગઈ છે.

# સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટની જમીન પર બનેલી ઓફિસ ખાલી કરવા માટે AAPને આપેલો સમય ૧૦ ઓગસ્ટ સુધી લંબાવ્યો

(એજન્સી) તા.૧૦

આમ આદમી પાર્ટી (AAP)ને સુપ્રીમ કોર્ટ તરફથી એક મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે રાઉજ એવેન્યુ સ્થિત પાર્ટી ઓફિસને ખાલી કરવાની નક્કી તારીખને વધારી દીધી છે. AAPને હવે લગભગ ૨ મહિનાનો વધારાનો સમય મળી ગયો છે. સુપ્રીમ કોર્ટે ઓફિસ ખાલી કરવા માટે ૧૦ ઑગસ્ટની સમય સીમા નક્કી કરી દીધી છે. સાથે જ એ પણ સ્પષ્ટ કરી દીધું કે આ છેલ્લો ચાંસ છે. સુપ્રીમ કોર્ટે AAPને આ રાહત તેની એ અરજી પર સુનાવણી બાદ આપી, જેમાં પાર્ટીએ પૂર્વ નિર્ધારિત સમયસીમામાં વૃદ્ધિની માગ કરી હતી.




૪ માર્ચે કોર્ટે ૧૫ જૂન સુધી ઓફિસ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે AAPને કહ્યું કે, આ છેલ્લો ચાંસ આપવામાં આવી રહ્યો છે અને એ શપથ પત્ર આપવામાં આવે કે સંપત્તિને ૧૦ ઑગસ્ટ સુધી હેન્ડઓવર કરી દેવામાં આવશે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મેહતાની વેકેશન બેન્ચે AAP તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીની દલીલોને સ્વીકારી લીધી અને સમય સીમા ૧૦ ઑગસ્ટ સુધી વધારવાનો આદેશ આપ્યો.

બેન્ચે અરજી સ્વીકારતા કહ્યું કે, તથ્યો અને પરિસ્થિતિઓ પર વિચાર કરતા છેલ્લા ચાન્સના રૂપમાં અમે ૪ માર્ચના આદેશમાં આપેલા સમયને વિસ્તાર આપી રહ્યા છીએ. કોર્ટે કહ્યું કે, અરજીકર્તા (AAP)એ એક અઠવાડિયાની અંદર કોર્ટની રજીસ્ટ્રીને લખીને આપવાનું છે કે ૧૦ ઑગસ્ટ સુધી શાંતિપૂર્વક જમીન હેન્ડઓવર કરી દેશે. ઉલ્લેખનીય છે કે પરિસર દિલ્હી હાઈકોર્ટને ફાળવવામાં આવ્યું છે, જ્યાં દિલ્હી કોર્ટો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવાનું પ્રસ્તાવિત છે.

કોર્ટને જમીન વર્ષ ૨૦૨૦માં ફાળવવામાં આવી હતી. વરિષ્ઠ એડવોકેટ અભિષેક મનુ સિંધવીએ કહ્યું કે, ૧૦ ઑગસ્ટ સુધી મુદત માગવામાં આવી રહી છે કેમ કે દિલ્હી હાઈ કોર્ટે હાલમાં જ કેન્દ્ર સરકારને AAPની અપીલ પર વૈકલ્પિક ઓફિસ માટે ૬ અઠવાડિયામાં જગ્યા આપવામાં કહ્યું છે. બેન્ચે એમ પણ કહ્યું કે, પરિસર ૨૦૨૦માં દિલ્હી હાઈકોર્ટને ફાળવવામાં આવ્યું હતું અને અરજીકર્તાના કબજાના કારણે ઈમરતાનો નિર્માણ ખર્ચ વધી ગયો છે.

દિલ્હી હાઈકોર્ટ તરફથી રજૂ થયેલા વકીલ કે. પરમેશ્વરે કહ્યું કે, ૪ વર્ષ બાદ પણ હાઈકોર્ટને કબજો મળ્યો નથી. અરજીકર્તા અને કેન્દ્ર વચ્ચે ખેચતાણ ચાલતી રહેશે કેમ કે તેમણે રાજધાનીના કેન્દ્રીય વિસ્તારમાં જમીન માગી છે. અમે નથી ઈચ્છતા કે આ કારણે મોડું થાય. અમે કોર્ટ રૂમ્સની કમીના કારણે ગંભીર સંકટમાં છીએ. અમે ન્યાયિક અધિકારીઓ માટે જગ્યા ભાડા પર લેવા મજબૂર છીએ.

# ટ્વિંકલ ખન્નાએ તેની પુત્રીના ચામડીના રંગ પર ટિપ્પણી કરનાર સંબંધીને 'મૂર્ખ' કહેતા પોતાની દીકરીને પુસ્તકો દ્વારા પ્રોત્સાહન આપ્યું

## ટ્વિંકલ ખન્ના યાદ કરતા કહે છે કે અક્ષયકુમારની પુત્રી નિતારા એટલી નિરાશ થઈ ગઈ હતી કે તેણીની ચામડીના રંગ વિશેની ટિપ્પણી પછી તેણે સ્વિમિંગ લગભગ છોડી દીધું હતું

(એજન્સી) તા.૧૦

અક્ષયકુમાર અને ટ્વિંકલ ખન્નાના લગ્ન બે દાયકાથી વધુ સમય પહેલા થયા હતા અને તેઓને બે બાળકો પુત્ર આરવ અને પુત્રી નિતારા છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા માટે તેની નવી કોલમમાં, ટ્વિંકલે કહ્યું કે, પુસ્તક વાંચવાથી બાળકોને કેવી રીતે મદદ મળી શકે તે વિશે વાત કરી હતી. તેણીએ એક ઘટના વર્ણવી, જેમાં એક પુસ્તકે તેણીની પુત્રીને મદદ કરી હતી. એક સમયે એક સંબંધી દ્વારા તેના ચામડીના રંગ વિશે કરવામાં આવેલી ટિપ્પણીને કારણે તેણીએ સ્વિમિંગ કરવાનું લગભગ છોડી દીધું હતું. આ સંબંધી નિતારાની ચામડીના રંગની તુલના તેના ભાઈ આરવ સાથે કરી હતી. પુસ્તક 'જીવનના આ અભિયાનમાં માર્ગદર્શન આપવા માટે એક નેવિગેશનલ ટૂલ તરીકે કામ કરે છે' તે સમજાવતા, ટ્વિંકલે યાદ કર્યું કે, એક સમય એવો હતો કે જ્યારે મારી નાની દીકરી નિતારા સ્વિમિંગ બંધ કરવા માંગતી હતી. તે કહેતી હતી કે, મને મારા ભાઈ જેવો જ ચામડીનો રંગ જોઈએ છે. તેના એક મૂર્ખ સંબંધીએ તેણીને જોઈને ટિપ્પણી કરી હતી કે 'તે ખૂબ જ સુંદર છે, પરંતુ તેના ભાઈ જેટલી સુંદર નથી!'



ટ્વિંકલે કહ્યું કે મેં નિતારાને ફ્રિડા કાહલોનું જીવનચરિત્ર વાંચવા આપ્યું. તેણીએ કહ્યું કે, 'સફેદ રંગ આછો હોય છે, તેથી તે મારી ટી-શર્ટની જેમ ઝડપથી ગંદો થઈ જાય છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, અભિનેતા અક્ષય કુમારે ૫૦ વર્ષની ઉંમરે પીએચડી કરવા બદલ ટ્વિંકલની પ્રશંસા કરી હતી તેણે કહ્યું કે, હું કામ પર જાઉં છું અને તેણે મારા બાળકો (દીકરો આરવ અને પુત્રી નિતારા)ની આટલી કાળજી લીધી છે. મને આશ્ચર્ય થાય છે કે મારી પત્ની આજે પણ જીવનને કેવી રીતે સરસ રીતે જુએ છે. તેણી હવે ૫૦ વર્ષની છે અને હજુ પણ અભ્યાસ કરવા જાય છે. તેણીએ માસ્ટર્સ પૂર્ણ કર્યું છે અને હવે તેણી પીએચડી કરી રહી છે.

### વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં

# મુસ્લિમ પરિવાર રહેવા આવતા આવાસમાં રહેતા લોકોને ચૂંક આવી : એકઠા થઈ વિરોધ કર્યો

## મુસ્લિમ પરિવારને પાંચ વર્ષ પહેલાં મકાન ફાળવાયું હતું : આજે પરિવાર રહેવા આવતા આવાસના ૪૬૧ લોકોએ ભેગા થઈ મનપા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

રાજ્યમાં ભાજપ સરકારનું શાસન આવ્યા બાદ કટ્ટરવાદી તત્ત્વો બેફામ અને બેલગામ બન્યા છે. મુસ્લિમો સામે નફરતનો માહોલ બનાવી દેવાયો છે. મુસ્લિમોને ભાંડવા, ધાર્મિક લાગણી દુભાવવી, ધર્મ વિશે અભદ્ર ટિપ્પણી કરવી, કોઈના કોઈ બહાને મુસ્લિમોને હેરાન કરવા, હિંદુ વસ્તીમાં રહેવા આવતા મુસ્લિમોનો ખુલ્લેઆમ વિરોધ, મુસ્લિમોને મકાનો ભાડે કે વેચાણ આપવા સામે પણ વિરોધ કરાઈ રહ્યો છે. મુખ્યમંત્રી આવાસ યોજનામાં મુસ્લિમોને મળતા આવાસો સામે પણ કટ્ટરવાદીઓને ચૂંક આવી છે. મુખ્યમંત્રી આવાસ યોજના તમામ ધર્મના લોકો માટે હોય છે, જેનો લોકો લાભ લેતા હોય છે. કટ્ટરવાદીઓએ વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં




એક માત્ર મુસ્લિમ પરિવારને મકાન ફાળવતા જે પરિવાર આજે રહેવા આવતા આવાસના તમામ હિંદુ પરિવારોએ એકઠા થઈ મનપા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

વડોદરા શહેરના સમા હરણી રીંગ રોડ પર મુખ્યમંત્રી આવાસ યોજનાનાની મોટનાથ રેસીડેન્સીના ૪૬૨ મકાનોના રહેવાસીઓ આજરોજ એકઠા થયા હતા અને ૪૬૨ મકાનો પૈકી પાચ વર્ષ પહેલા એક મકાન લઘુમતી કોમના પરિવારને ફાળવતા તે પરિવાર આજરોજ મોટનાથ રેસીડેન્સીમાં રહેવા આવ્યું હતું જેથી ૪૬૨ પૈકી ૪૬૧ મકાનના સ્થાનિકોએ એકઠા થઈ પાલિકા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મુખ્યમંત્રી આવાસ યોજનાના કુલ ૪૬૨ મકાનોમાંથી ૪૬૧ મકાનો હિન્દુઓને ફાળવાયા છે અને માત્ર એક મકાન મુસ્લિમ પરિવારને ફાળવતા સ્થાનિકોના પેટમાં ચૂંક આવી હતી. સ્થાનિકોનું કેહવુ છે કે, આ એરિયા અશાંત ધારામાં આવેલ છે અને એનો અમલ થવો જોઈએ, અમે કલેકટર, સાંસદ, મામલતદાર, ગાંધીનગર દરેક જગ્યાએ અમે ફરિયાદ કરી છે છતાં કોઈ ધ્યાન આપતું નથી. અમારો વિરોધ મુસ્લિમ પરિવાર સાથે નથી. પરંતુ ૪૬૧ મકાન હિન્દુને ફાળવવામાં આવ્યા છે ત્યારે એક મકાન મુસ્લિમ પરિવારને કેમ ફાળવવામાં આવ્યું ? હિન્દુ રહેણાક વિસ્તારમાં મુસલમાન પરિવારને મકાન ના ફાળવવું જોઈએ. મુસ્લિમ પરિવારને એના એરિયામાં મકાન ફાળવવામાં આવે અને મોટનાંથ રેસીડેન્સીમાં હિન્દુ પરિવારને મકાન ફાળવવામાં આવે એવી અમારી માંગ છે.

### લોકસભાની ચૂંટણી દરમિયાન કરાયેલી અરજીઓ

# અમદાવાદ પો. કમિશનરના જાહેરનામાને પડકારતી અરજીઓ હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

લોકસભાની ચૂંટણી દરમિયાન ગાંધીનગરથી રાજપૂત અગ્રણીએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરના ૧૬ એપ્રિલના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર્યું હતું. તે અરજી સિંગલ જજે ફગાવી દીધી હતી. ત્યારે એડવોકેટ દ્વારા પણ પાર્ટી ઈન પર્સન તરીકે આ જાહેરનામા સામે જાહેર હિતની અરજી કરીને હાઈકોર્ટમાં પડકાર આપ્યો હતો. આજે આ અરજી ઉપર ચીફ જજની બેન્ચ સમક્ષ સુનવણી હતી. જેમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું ૦૭ મે ના રોજ સમાપ્ત થઈ ચૂક્યું છે. સિંગલ જજે રાજપૂત સમાજની અરજી ફગાવી દિધી હતી. ત્યારે હવે આ અરજીનો કોઈ મતલબ રહેતો નથી. આથી હાઈકોર્ટે આજે આ અરજી પણ નકારી નાખી હતી.

અગાઉ કોર્ટે કહ્યું હતું કે Crpc 144 ની બાબતમાં કોર્ટ શા માટે હસ્તક્ષેપ કરે ? અરજદારે જણાવ્યું હતું કે આ બાબતે કોર્ટ સંજ્ઞાન લે કારણ કે આ જાહેરનામું લોકશાહી ઉપર મોટો હુમલો છે. કોર્ટે કહ્યું હતું કે Crpc 144 અંતર્ગતનું જાહેરનામું કોઈની સ્વતંત્રતા છીનવી લેતું નથી. ફકત કાયદો અને વ્યવસ્થા જાળવવા તેનો ઉપયોગ કરાયો છે. આ મેટર બોર્ડ ઉપર આવશે ત્યારે તેને સાંભળવામાં આવશે. અગાઉ એડવોકેટે ચીફ જજની બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ૧૬ એપ્રિલના રોજ Crpc ૧૪૪ અંતર્ગત બહાર પડાયેલ જાહેરનામાને પડકાર્યું છે. આ બાબત લોકશાહી, ચૂંટણી અને વાણી સ્વતંત્રના અધિકારને લગતી છે. આ સંદર્ભે તેમને હાઈકોર્ટમાં ૨૬ એપ્રિલે જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેની ઉપર તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવે. ત્યારે કોર્ટે કહ્યું હતું કે પોલીસ કમિશ્નરના જાહેરનામાંથી લોકોના ફરવાના, વોટ આપવાના કે અન્ય કોઈ હકો છીનવાઈ જતા નથી. કોર્ટમાં ભાષણ આપવું જોઈએ નહીં. કોર્ટે કટાક્ષમાં કહ્યું હતું કે કોર્ટ લોકસભાની ચૂંટણી રોકી શકે નહીં.

રાજપૂત સમાજ વતી હાઈકોર્ટમાં થયેલ અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે અરજદારના બંધારણીય હક્કોનો ભંગ થઈ રહ્યો છે, બંધારણના આર્ટિકલ ૧૯ અને ૨૧નો ભંગ થઈ રહ્યો છે. અરજદારે અમદાવાદ શહેર પોલીસ કમિશનરનાં ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર્યું છે. પોલીસ કમિશનરે વિરોધ કરતા રોકવા, કાળા વાવટા ફરકાવતા, સૂત્રોચ્ચાર રોકવા આચાર સંહિતાના અમલના ઓથા હેઠળ અમદાવાદ શહેર માટે ઝ્રઁઝ્ર ૧૪૪ અંતર્ગત જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ ભેગા મળીને વિરોધ અને બેનર બતાવવા ઉપર પ્રતિબંધ છે. શહેર પોલીસ કમિશનરના જાહેરનામા અનુસાર શાંતિપૂર્વક દેખાવો થઈ શકતા નથી.

# નડિયાદ GIDCમાં ખુલ્લી જગ્યામાં રહેતા ૧૫ કરતાં વધુ મકાન પર તંત્રએ બુલડોઝર ફેરવી દીધું

## GIDCએ વારંવાર નોટિસો આપી છતાં દબાણકર્તાઓ ખાલી ના કરતા આખરે કાર્યવાહી

નડિયાદ, તા.૧૦

નડિયાદ જીઆઈડીસી ફેઝ ૨માં આજે તંત્ર દ્વારા દબાણ હટાવો કામગીરી હાથ ધરી જેસીબી મશીનથી કાચા પાકા દબાણો તોડી પાડ્યા હતા ચોમાસા આગમન ટાણે બેઘર થયેલ ૧૫થી વધુ પરિવાર અને તંત્રના અધિકારીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. નડિયાદ કમળા રોડ પર આવેલ જીઆઈડીસીના ફેઝ ૨માં ૪૦૦૦ ચોરસ મીટર જેટલી ખુલ્લી જમીન પર લોકોએ ગેરકાયદેસર દબાણ કરી કાચા પાકા ઝૂંપડા બનાવી વસવાટ શરૂ કરી દીધો હતો સંબંધિત તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ કર્તાઓને જમીન ખાલી કરવા માટે વારંવાર નોટિસ પાઠવવામાં આવી હતી તેમ છતાં દબાણકર્તાઓ દ્વારા જીઆઈડીસીની જમીન પર કરેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી જેના પગલે સંબંધિત તંત્ર દ્વારા આજે ત્યાં દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નડિયાદ જીઆઈડીસી ફેઝ ૨ ખાતે જેસીબી મશીન લઈ પહોંચી ગયા હતા અને તેઓએ જેસીબી મશીન વડે ત્યાં લોકોએ ગેરકાયદેસર ઊભા કરેલ કાચા પાકા ઝુપડા હટાવવાની કામગીરી હાથ ધરી હતી જેને લઈ દબાણકર્તાઓ અને સંબંધિત તંત્રના અધિકારીઓ વચ્ચે ચકમક જરી હતી. આ વચ્ચે પણ તંત્ર દ્વારા દબાણ હટાવ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આ લોકોએ રોષ પૂર્વક જણાવ્યું હતું કે, હાલમાં ચોમાસું સામે છે. ત્યારે તંત્ર આ રીતે અમોને બેઘર કરવા માંગે છે. છેલ્લા ૧૫ વર્ષથી અમે આજ સ્થળે ઝૂંપડા બનાવી રહેતા હતા ત્યારે તંત્ર દ્વારા દબાણ હટાવવાના નામે અમને બેઘર કર્યા હોય સરકાર દ્વારા અમને તેની અવેજમાં અન્ય સ્થળે મકાન બનાવવા માટે જમીન ફાળવવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે.

### વડોદરાના ફતેપુરા વિસ્તારમાં

# છ માસથી ઊભરાતી ગટરના પ્રશ્ને તંત્ર મૌન રહેતા મહિલાઓ વિફરી : ચક્કાજામ કરતા પોલીસ દોડતી થઈ

## રોડ ઉપર ખુરશીઓ મૂકી તેની પર બેસી વિરોધ કર્યો : મળમૂત્રવાળા દૂષિત પાણી માર્ગો પર ફરી વળતા લોકો નર્કાગારભર્યું જીવન ગુજારવા મજબૂર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીની વાતો કરતા પાલિકા તંત્રની સ્માર્ટ પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે. ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ઉભરાતી ગટરના પ્રશ્ન આજે મહિલાઓ વિફરી હતી. રજૂઆત ધ્યાને નહીં લેવાતા મહિલાઓએ રોડ ઉપર ખુરશી મૂકી તેની પર બેસી ચક્કાજામ કરતાં પોલીસ દોડતી થઈ હતી. શહેરના કેટલાક વિસ્તારોમાં રોડ રસ્તા પાણી ડ્રેનેજની સમસ્યાથી ત્રસ્ત લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. સ્થાનિક વોર્ડ કચેરીમાં અનેક વખત રજૂઆત કરવા છતાં પણ લોકોની રજૂઆત સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના પણ આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. વડોદરા શહેરના ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ગટરો ઉભરાઈ રહી છે. મળ મૂત્ર વાળા દૂષિત પાણી ફરી વળતા લોકો નર્કાગારભર્યું જીવન ગુજારવા મજબૂર બન્યા છે. સ્થાનિક કોર્પોરેટર વોર્ડ કચેરીમાં અનેક વખત રજૂઆત કરવા છતાં પણ આજ દિન સુધી સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવતા વિસ્તારની મહિલાઓનો રોષ ભભૂકી ઉઠ્યો હતો.



**ફતેપુરા પાંજરીગર મહોલ્લા સહિત આસપાસના વિસ્તારમાં ઉભરાતી ગટરના મામલે ત્રાહિમામ્ પોકારી ગયેલી મહિલાઓએ રસ્તા પર ખુરશીઓ નાખી ચક્કાજામ કરી દેતા પોલીસ દોડતી થઈ હતી, તસવીરોમાં રસ્તા પર ખુરશીઓ નાખી બેસી ગયેલી મહિલાઓ તેમજ વિસ્તારમાં ફેલાયેલું ગટરનું ગંદુ પાણી દશ્યમાં થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)**

મહિલાઓએ માર્ગ ઉપર ખુરશી મૂકી તેની પર બેસી જઈ ચક્કાજામ કર્યું હતું. ટ્રાફિકજામ થતા જ પોલીસે દોડતી થઈ હતી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જ્યાં પોલીસ અને સ્થાનિકો વચ્ચે શાબ્દિક ટપાટપીના પણ દશ્યો સર્જાયા હતા. સ્થાનિક મહિલા શાહીન શેખે જણાવ્યું હતું કે, અમારા ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં છેલ્લા છ મહિનાથી ગટરનું પાણી ઉભરાઈ રહ્યું છે સમગ્ર ગલીઓમાં દૂષિત પાણી ફરી વળ્યા છે. મળમૂત્રવાળા આ પાણીમાંથી અમારે પસાર થવું પડે છે. નાના બાળકોને લઈને અમારે અહીંથી જ નીકળવું પડે છે. મોટા વડીલોને નમાઝ પઢવા માટે જવામાં પણ મુશ્કેલી પડે છે. ઘણી વખત તો પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રિત થઈ જાય છે અનેક વખત અમે ફરિયાદ નોંધાવી છે. પણ ખબર નહીં કેવી કામગીરી કરે છે કે, પરિસ્થિતિ પાછી જેવી છે તેવી જ થઈ જાય છે.

### ભચાઉના શિકારપુર ગામે ખેડૂતોની પરવાનગી કે વળતર ચૂકવ્યા વિના

# ઈલેક્ટ્રિક પાવર ગ્રીડ લાઈન નાખવા પોલીસની દાદાગીરી રોકવા ખેડૂતો દ્વારા ડીવાયએસપીને આવેદન



(તસવીર :- જમાલ રાઉમા, સામખિયાળી)

સામખિયાળી, તા.૧૦

ભચાઉના શિકારપુર ગામમાંથી નીકળતી ઈલેક્ટ્રિક પાવર ગ્રીડ લાઈન ખેડૂતોની પરવાનગી કે વળતર ચૂકવ્યા વિના ખાડાઓ ખોદી જબરદસ્તી નાખવામાં આવતા તથા પોલીસની દાદાગીરી રોકવા ખેડૂતો દ્વારા ડીવાયએસપીને રજૂઆત કરવામાં આવી છે.

ખેડૂત અરજદાર ગેલાભાઈ રતાભાઈ સોરઠિયા તથા અન્ય ખેડૂતો દ્વારા ડીવાયએસપીને પાઠવેલા આવેદનપત્રામાં જણાવ્યું છે કે, શિકારપુર તાલુકો ભચાઉ ગામમાંથી નીકળતી પાવર ગ્રીડ હાઈ વૉલ્ટેજ ઈલેક્ટ્રીક લાઈન જે ખેડૂતોની કોઈ જ પરવાનગી કે વળતર ચૂકવ્યા વગર કંપની દાદાગીરી કરીને ખેડૂતોના ખેતરોમાં ઊંડા ખાડાઓ કરીને જબરજસ્તી નાખી રહેલ છે. જેની મદદમાં સામખિયારી પોલીસ કાયદો હાથમાં લઈ કંપની તરફથી ખેડૂતો સાથે ધાકધમકી તથા ખોટી પોલીસ ફરિયાદોની ધમકીઓ આપે છે. ખેડૂતોની વારસાઈ માલિકીની જમીન ઉપર કરાતા આક્રમણને ખેડૂતો બંધારણીય માર્ગે ન્યાયિક રીતે શાંતિપૂર્વક રોકવા પ્રયત્ન કરે છે. જેને પોલીસ રોકાવી અવ્યવસ્થા ઊભી કરે છે. જેને યોગ્ય રીતે કાયદેસર કાર્યવાહી કરવા વિનંતી પોલીસ કાયદો વ્યવસ્થાનો યોગ્ય અમલ કરે એવી વિનંતી. જ્યારે ખેડૂતોએ વિરોધ કરતા એમને એવું કહેવામાં આવ્યું કે, અમે તમને જેલમાં પૂરી દઈશું તેમજ ખેડૂતે જણાવવાનું કે, અમે અમારું આખું ગામ આવીશું. વિરોધ કરવા માટે ત્યારે એવું પણ કહેવામાં આવ્યું કે, તમે ચાર પાંચ ગામો લઈ આવો તો પણ કાંઈ નહીં થાય તાલુકા પંચાયત સદસ્ય રામજીભાઈ ભુંટક સાથે વાતચીત કરતા એમણે જણાવ્યું કે, એક તરફ ખેડૂતોને પોતાના પાકના પણ પૂરતા ભાવ મળી નથી. ત્યારે બીજી તરફ પોતાની જમીનના પણ પૂરતા ભાવ નથી મળી રહ્યા ખેડૂતોની પોતાની બાપદાદાની મિલકત ઉપર કંપનીઓ દ્વારા મન ફાવે તેવી રીતે વીજ પોલો ઊભા કરીને થોડું ઘણું વળતર આપીને વીજ પોલો ઊભા કરવામાં આવી રહ્યા છે એમની પરમિશન વગર કોઈપણ જાતની જાણ કરવામાં નથી. આવી તેમજ નોટિસ પણ આપવામાં નથી આવી એવું ખેડૂતો જણાવી રહ્યા છે. જયારે પત્રકારે ડીવાયએસપીનો સંપર્ક કરતા એમણે ફોન ઉઠાવ્યો ન હતો.

### સાવલી ખાતે સગાઈમાં ગયા બાદ

# મહી નદીમાં ન્હાવા જતા ડૂબી જતા મહિલા સહિત બે જણાનાં મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લામાંથી પસાર થતી મહી અને નર્મદા નદી તેમજ કેટલાક જળાશયોમાં ન્હાવા પર જિલ્લા કલેક્ટરે પ્રતિબંધ ફરમાવ્યો હતો તેની વચ્ચે સાવલી તાલુકાના અમરાપુરા ગામ પાસેથી પસાર થતી મહી નદીમાં બે જણના ડૂબી જવાથી મોત થયા હતાં. સાવલી તાલુકાના ગોઠડા ગામે કાલુભાઈ ચૌહાણના ઘેર સગાઈ પ્રસંગે મહેમાન આવ્યા હતાં. આજે ભારે ગરમી અને ઉકળાટના પગલે અમરાપુરા ગામે આવેલા કેટલાંક મહેમાનો અમરાપુરા ગામે આવેલ મહી નદીમાં નાહવા પડયા હતા જેમાં સુગરાબેન ગરાસીયા અને વિક્રમસિંહ દીપસિંહ ચૌહાણ (રહે.પ્રતાપનગર, વડોદરા) મહી નદીના વહેણમાં તણાયા હતાં. બનાવના પગલે બૂમાબૂમ થતા સ્થાનિક તરવૈયાઓ અને ગ્રામજનો દોડી આવ્યા હતાં. લોકોએ સુગરાબેનને અર્ધ બેભાન અવસ્થામાં નદીમાંથી બહાર કાઢયા બાદ તેમને ખાનગી દવાખાનામાં સારવાર અર્થે લઈ ગયા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરોએ સુગરાબેનને મૃત જાહેર કર્યા હતાં. જયારે વિક્રમસિંહ ચૌહાણનો પત્તો નહી લાગતાં વડોદરાથી એનડીઆરએફની પણ મદદ લેવામાં આવી હતી. જો કે, સ્થાનિક તરવૈયા અને જવાનોએ વિક્રમનો મૃતદેહ શોધી કાઢયો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટર દ્વારા લાંછનપુરા ખાતે મહી નદીમાં નાહવા માટે પ્રતિબંધ ફરમાવ્યો છે જેના પગલે અમરાપુરા ગામે પસાર થતી મહી નદીમાં મહેમાનો નાહવા ગયા હતાં. મૃતક સુગરાબેનના સગા સંબંધીઓએ કોઈપણ કાર્યવાહી કરવાની ના પાડતા તેઓ મૃતદેહ લઈને રવાના થઈ ગયા હતાં.

### વડોદરામાં હિટ એન્ડ રનની ઘટના

# સ્કોર્પિયો કારચાલકે ચાલવા નીકળેલ દંપતીને અડફેટે લેતા પત્નીનું મોત, પતિને ઈજા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ગઈકાલે (નવમી જૂન) મોડી રાત્રે સ્કોર્પિયો કારચાલકે ચાલવા નીકળેલા દંપતીને અડફેટે લીધું હતું. આ ઘટનામાં પત્નીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું. જ્યારે પતિને હાથ, પગ અને પાંસળીઓના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સમા પોલીસ દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. જો કે, સ્કોર્પિયો કાર અકસ્માત બાદ પલટી ગઈ હતી. મળતી માહિતી અનુસાર શહેરના સમા રોડ પર આવેલ ભવિતા પાર્ક સોસાયટીમાં રહેતા બિપીન જેરામભાઈ પ્રજાપતીએ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 'ગતરાત્રે હું મારા ઘરે હાજર હતો, ત્યારે મારા એક મિત્રનો મોબાઈલ ઉપર ફોન આવ્યો હતો કે, તમે તાત્કાલીક પ્રિત પાર્ટી પ્લોટની બાજુમા આવી જાઓ, તમારા સાળા વિપુલભાઇ અને તેમના પત્ની શિલ્પાબેનને અકસ્માત થયો છે, જેથી હું તથા મારી નજીકમાં રહેતા મારા સાઢુ રોહિત સવાણી અમારી ગાડી લઈને પ્રિત પાર્ટી પ્લોટ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં મારા સાળા વિપુલ અને તેમની પત્ની શિલ્પાને સ્કોર્પિયો કારે ટક્કર મારી હતી અને કારચાલક અકસ્માત સર્જીને ત્યાંથી ભાગી ગયા હતા. આ શિલ્પાબેનનું મોત થયું હતું અને તેમના પતિ વિપુલભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા સમા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી કારચાલકની શોધખોળ શરૂ કરી છે. અકસ્માત બાદ સ્થળ પર લોકોના ટોળેટોળે એકત્ર થઈ ગયા હતા. કાર ખૂબ જ પૂરપાટ ઝડપે જઈ રહી હતી, જેથી અકસ્માત બાદ કાર હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ઘૂસી ગઈ હતી.

# આબુના સૌંદર્યમાં વધારો : એક સાથે પાંચ રીંછ દેખાતા સહેલાણીઓ ખુશ

## ભોજન અને પાણીની તંગીના લીધે રીંછની માનવવસ્તીમાં આવવાની ઘટનાઓ વધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

આબુ ખાતે રીંછના વીડિયો-ફોટો અવારનવાર સામે આવતા હોય છે. ત્યારે ફરી એક સાથે પાંચ રીંછ લટાર મારતા નજરે પડયા હતા.

થોડા દિવસો પહેલાં સૌપ્રથમવાર માઉન્ટ આબુ ખાતે એકસાથે ૬ રીંછ લટાર મારતાં જોવા મળ્યાં હતાં, ત્યાર બાદ ફરી એકવાર એકસાથે ૫ રીંછ લટાર મારતાં નજરે પડ્યાં હતાં, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ વિસ્તારમાં બે-ત્રણ દિવસે રીંછ નજરે પડતાં હોય છે. ત્યારે એકસાથે ૫ રીંછ ભાગ્યે જ જોવા મળે છે. માઉન્ટ આબુ અરાવલ્લી પર્વતમાળાની વચ્ચે આવેલું છે. વર્ષે અહી કરોડો સહેલાણીઓ ફરવા આવતા હોય છે, પણ ઘણાં ઓછા લોકોને ખબર હશે કે માઉન્ટ આબુમાં ૩૫૦ કરતાં વધુ રીંછ અભયારણ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. આબુના અલગ અલગ વિસ્તારોમાં રીંછ અભયારણ્યથી માનવ વસતિમાં આવવાની ઘટનાઓ વધવા પામી છે, જેનું મુખ્ય કારણ ભોજન અને પાણીની તંગીના લીધે જંગલી જાનવરો માનવ વસતિમાં આવી રહ્યા છે. માઉન્ટ આબુમાં હરવાફરવા માટે ઘણાં બધાં સ્થળો આવેલાં છે, જેમાં અરાવલી પર્વતમાળાની વચ્ચે પહાડો પાસે પ્રાચીન અને પૌરાણિક મંદિર ગુફાઓની વચ્ચે આવેલું છે. આ પહાડની આસપાસ પણ મોટી સંખ્યામાં રીંછ વસવાટ કરે છે અને અહીં દર્શન કરવા આવતા લોકો ઘણીવાર વીડિયો પણ બનાવતા હોય છે. ત્યારે થોડા સમય પહેલા એકસાથે ૬ રીંછનો વીડિયો સામે આવ્યો હતો. ત્યારે હાલ પણ અર્બુદા દેવી મંદિરે દર્શનાર્થે આવેલા લોકોએ ફરી એકવાર ૫ રીંછનો વીડિયો ઉતાર્યો હતો અને સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો.

### સુરતના પૂર્વ કોર્પોરેટરની રેન્જ આઈ.જી.ને રજૂઆત

# ગૌવંશ સિવાયના પશુઓની હેરાફેરી વખતે ખોટી કનડગત ન થાય તેવી માંગ

સુરત, તા.૧૦

મુસ્લિમ સમાજનાં તહેવાર 'ઈદુ ઉલ અઝહા' નિમિત્તે ગાય કે ગૌવંશ સિવાયનાં પશુઓની હેરાફેરી બાબતે યોગ્ય તકેદારી રાખવાના અસલમ સાયકલવાલાએ પોલીસ મહાનિર્દેશક, સુરત રેન્જના પ્રેમવીર સિંઘજીને લેખિતમાં રજૂઆત કરી હતી. આગામી તા.૧૭/૬/૨૦૨૪નાં રોજ મુસ્લિમ સમાજની આસ્થા સાથે જોડાયેલ મહત્ત્વના 'ઈદુ ઉલ અઝહા' તહેવારની ઉજવણી ગાય કે ગૌવંશ સિવાયનાં પશુઓની કુરબાની તા.૧૭/૬/૨૦૨૪થી ૧૯/૬/૨૦૨૪ સતત ત્રણ દિવસ થવાની છે. આ કુરબાની નિમિત્તે ગુજરાત સહિત રાજસ્થાન રાજ્યમાંથી કુરબાની માટેનાં બકરાઓની હેરાફેરી વધુ થતી હોય છે તેમજ ઘણાં અંશે પાડાની હેરાફેરી પણ થાય છે. આ પશુપાલન સાથે જોડાયેલ વ્યક્તિ સમગ્ર વર્ષ દરમિયાન કુરબાની માટેનાં પશુની પાલન પોષણ અને માવજત કરીને તૈયાર કરે છે અને એ પશુને સુરત સહિત દક્ષિણ ગુજરાત અને મુંબઈ ખાતે 'ઈદ ઉલ અઝહા'નાં તહેવાર અગાઉ વીસ દિવસ પહેલાથી તહેવારનાં એક દિવસ અગાઉ સુધી વેચાણ અર્થે (હેરાફેરી) લઈ જાય છે. જયારે પણ ગાય કે ગૌવંશ સિવાયનાં કુરબાની માટેનાં નિયમ મુજબ પશુઓની નેશનલ હાઈવે સહિત કાર્યક્ષેત્ર સુરત સહિત વલસાડ (ભીલાડ ચેકપોસ્ટ) જિલ્લા સુધીનાં વિસ્તારમાં હેરાફેરી કરનારાઓને કટ્ટરવાદી વિચારધારા ધરાવતા સંગઠનો મારફત કોઈપણ પ્રકારની કનડગત ન થાય એની સુરત રેન્જ આઈ.જી. દ્વારા યોગ્ય દિશાનિર્દેશ કરી તકેદારી રખાવવા અસલમ સાયકલવાલાએ લેખિતમાં રજૂઆત કરી હતી.

### જમીનના કબજા મામલે

# ગોરલ ગામના ડે.સરપંચે દિવ્યાંગ દંપતીને ઢોરમાર માર્યો હોવાની ફરિયાદ

ઈડર, તા.૧૦

ગોરલ ગામના ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચે ગામમાં દાદાગીરી કરી દિવ્યાંગ પતિ-પત્નીને ઢોરમાર માર્યો હોવાની ફરિયાદ કરાઈ છે. બનાવની વિગત એમ છે કે, ભગવાનદાસ લક્ષ્મણભાઈ સોલંકીએ તેમના મકાનની બાજુમાં આવેલ સરકારી જમીન ઉપર ૧૫ વર્ષથી કબ્જો કરેલ છે અને આવા કબજાવાળી જગ્યાની માગણી ગોરલ ગ્રામ પંચાયત તથા કલેકટરમાં કરી હતી. જે અંગેની ધમકી આપવા ગોરલ ગામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ બેચરભાઈ પટેલ તથા હીરાજી ચંપાજી રબારી અને રાણાજી ચંપાજી રબારી, ધનરાજસિંહ ચૌહાણ ઘર આગળ આવેલી દુકાન આગળ આવી ગાળો બોલી હતી અને હીરાજી ચંપાજી રબારી તથા રાણાજી ચંપાજી રબારી કહ્યું કે, આ પ્લોટ ખાલી કરી દે નહીં તો તને જાનથી મારી નાખીશું. ચારેય જણાએ જણાવેલું હતું કે, તું બાંધકામ કરતો નહીં ગામ છોડી જતો રહે નહીં તો તને જાનથી મારી નાખીશું અને આ દિવ્યાંગ પતિ-પત્ની ભગવાનદાસ લક્ષ્મણદાસ સોલંકી અને તેમની પત્ની સુમિત્રાબેનને માર માર્યો હતો. જેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે કડિયાદરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે ચારેય આરોપી વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેમની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી, બાબરામાં ત્રણ ઈંચ વરસાદ

## લાઠીમાં દોઢ જયારે બગસરા, ખાંભા, લીલીયા પંથકમાં અડધો ઈંચ મેઘમહેર

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં ગઈકાલ સાંજથી રાત્રિ દરમિયાન વરસાદ પડયો હતો જેમાં રાત્રિના બાબરામાં ત્રણ ઈંચ લાઠી મા દોઢ ઈંચ, લીલીયા બગસરા ખાંભા સહિતના પંથકમાં અડધા ઈંચ થી વધુ ધોધમાર વરસાદ પડયો હતો જયારે આજે સવારથી સાંજ દરમિયાન પણ જિલ્લામાં રાજુલા ખાંભા સાવરકુંડલા અમરેલી તેમજ બાબરા લાઠી લીલીયા પંથકમાં વરસાદ પડયો હતો વીજપડીમાં જોરદાર પવન સાથે ધોધમાર વરસાદ વરસતા માર્ગો ઉપર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા જયારે રાજુલામાં પણ આજ સવારે ધોધમાર વરસાદ પડયો હતો અને એક પોલ ધરાશાયી થયો હતો જિલ્લાના અનેક તાલુકામાં વીજળી ગુલ થઈ જવા પામી હતી. બાબરા પંથકમાં ધોધમાર વરસાદ ખાપકી પડેલ હતો જેના કારણે બાબરા પંથકની અનેક નદીઓમાં પૂર પણ આવ્યું હતું જયારે ત્રમ્બોડા પંથકમાં એક બોલેરો ગાડી પણ પાણીમાં તણાઈ ગઈ હતી સદનસીબે તેમને તંત્ર દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. બાબરા પંથકમાં ગઈકાલ સાંજથી રાત્રી દરમિયાન ત્રણ ઈંચ વરસાદ ખાબકી ગયેલ હતો જયારે લાઠીમાં પણ દોઢ ઈંચ વરસાદ પડયો હતો. સાંજના સાવરકુંડલા પંથકમાં વીજપડીમાં જોરદાર પવન સાથે ધોધમાર વરસાદ પડયો જેના કારણે માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા તેમજ ખાંભા પંથકના ડેડાણ સહિતના પંથકોમાં પણ વરસાદ પડ્યો હતો.

# ચંદ્રાબાબુ અને નીતિશની નજર લોકસભાના સ્પીકરના પદ પર છે : આ હોદ્દો કેમ મહત્ત્વનો છે ?

## ગૃહમાં સ્પીકરની ભૂમિકા તટસ્થ (બિનપક્ષીય) હોવી જોઈએ અને જ્યારે તે આ પદ પર હોય ત્યારે તે કોઈપણ રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ કરતા નથી



(એજન્સી) તા.૧૦

ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૨૪૦ અને તેના સાથી પક્ષો સાથે ૨૯૩ બેઠકો જીતી છે. ૫૩ સાથી પક્ષોની ૨૮ બેઠકો નીતિશકુમારની આગેવાની હેઠળના જનતા દળ(યુનાઇટેડ) અને ચંદ્રાબાબુ નાયડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ની છે. લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ નાયડુ અને નીતિશ કિંગમેકર તરીકે ઉભરી આવ્યા હતા. નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ, બહુમતીના આંકથી દૂર રહી ગઈ હોવાથી કેન્દ્રમાં સરકાર બનાવવા માટે તેમના સમર્થનની જરૂર છે.

૯ જૂનના રોજ વડાપ્રધાન મોદીએ TDP અને JD(U) સહિત ૭૧ સાંસદો સાથે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં શપથ લીધા હતા. ભાજપને સમજાયું છે કે, તેને પક્ષના સભ્યો અને જોડાણ વચ્ચે સંતુલન જાળવવાની જરૂર છે અને તેને મુખ્યત્વે TDP અને JD(U) સાથે સંબંધો જાળવવા પડશે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, TDP અને JD(U) બંનેની નજર લોકસભાના અધ્યક્ષ પદ પર છે. જો કે, ભાજપના સૂત્રોએ કહ્યું છે કે, તેમનો પક્ષ આ પદ આપવામાં અચકાય છે.

ગત લોકસભામાં સ્પીકર ઓમ બિરલા હતા. ગૃહમાં સ્પીકરની ભૂમિકા બિનપક્ષીય હોવી જોઈએ અને જ્યારે તે આ પદ પર હોય ત્યારે તે રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ કરતા નથી. કોંગ્રેસના દિગ્ગજ નેતા એન. સંજીવ રેડ્ડીએ સ્પીકરનું પદ સંભાળ્યા બાદ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. જો કે, બધા સ્પીકર્સે આવું કર્યું નથી. પી.એ. સંગમા, સોમનાથ ચેટરજી અને મીરાકુમાર જેવા ઘણા લોકો પાર્ટીમાં રહ્યા છે અને લોકસભા સ્પીકર તરીકે કામ કર્યું છે. વાસ્તવમાં ૨૦૦૮માં સોમનાથ ચેટરજીને તેમના કડક વલણ પછી CPI(M)માંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

**લોકસભા અધ્યક્ષ કેવી રીતે ચૂંટાય છે ? :**

લોકસભા અધ્યક્ષની પસંદગી ગૃહના સભ્યો દ્વારા કરવામાં આવે છે. સ્પીકર સાદી બહુમતીથી ચૂંટાય છે. રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત પ્રો-ટર્મ સ્પીકર નવા સાંસદોને પદના શપથની નોંધણી કરાવે છે.

**સ્પીકરનું પદ શા માટે મહત્ત્વનું છે ? :**

છેલ્લા કેટલાક વર્ષોમાં રાજકીય પક્ષોમાં પક્ષપલટાનો દર વધ્યો છે, જેના કારણે પક્ષનું વિભાજન થયું છે અથવા સરકારો પડી રહી છે. આવા કિસ્સાઓમાં પક્ષપલટા વિરોધી કાયદો અમલમાં આવે છે જે સ્પીકરને શક્તિશાળી સ્થિતિમાં મૂકે છે. પક્ષપલટા વિરોધી કાયદા અનુસાર પક્ષપલટાના આધારે સભ્યોને ગેરલાયક ઠેરવવા સંબંધિત કેસોનો નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા ગૃહના અધ્યક્ષ અથવા સ્પીકર પાસે હોય છે.

ભાજપ ધારાસભ્યોના 'હોર્સ ટ્રેડિંગ' માટે કુખ્યાત છે. તાજેતરના ઉદાહરણોમાં મહારાષ્ટ્રમાં શરદ પવાર-એનસીપી અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના વિભાજનનો સમાવેશ થાય છે. હકીકતમાં નીતિશે ભૂતકાળમાં ભગવા પાર્ટી પર બિહારમાં તેમના પક્ષકારો વચ્ચે મતભેદ ઊભા કરવાનો આરોપ લગાવ્યો છે.

# હજયાત્રા માટે રૂા.૧ લાખની સહાય : આંધ્રના મુખ્યમંત્રીના શપથ પહેલાં ચંદ્રાબાબુ નાયડુનું નિવેદન વાયરલ

## નાયડુ આવતીકાલે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

(એજન્સી) તા.૧૦

મુસ્લિમ લોકો હજની તૈયારી કરી રહ્યા છે અને આંધ્રપ્રદેશમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મુખ્યપ્રધાન-ચૂંટાયેલા ચંદ્રાબાબુ નાયડુનું નિવેદન તેમના શપથ ગ્રહણ સમારોહ પહેલા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. આંધ્રપ્રદેશ રાજ્યમાં તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન નાયડુએ મુસ્લિમ લઘુમતીઓના સભાને સંબોધિત કરતી વખતે મક્કાની યાત્રા (હજયાત્રા) માટે જતા મુસ્લિમોને હજ માટે સહાય આપવાનું વચન આપ્યું હતું.



નાયડુને આ વીડિયોમાં કહેતા સાંભળી શકાય છે કે, આંધ્રપ્રદેશમાં NDA સત્તામાં આવ્યા પછી તરત જ, હજયાત્રા પર મક્કાની મુલાકાત લેનારા દરેક મુસ્લિમને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ વર્ષે હજ, શુક્રવાર, જૂન ૧૪થી શરૂ થાય છે, જે એક મૂળભૂત ઈસ્લામિક ફરજ છે જે પાત્રતા અને તેની શક્તિ ધરાવતા તમામ મુસ્લિમો માટે ફરજિયાત છે. લઘુમતીઓને આપેલા વચનો ઉપરાંત નાયડુને તેમની પાર્ટીએ તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન આપેલા 'સુપર સિક્સ'ને પૂર્ણ કરવા માટે અનેક પડકાર સામે આવશે. નાયડુ ૧૨ જૂને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના છે. નાણાકીય પડકારોમાં નાયડુને ૧ જુલાઈ સુધીમાં લગભગ ૬૫ લાખ લાભાર્થીઓને સામાજિક પેન્શનનું વિતરણ કરવા માટે રૂા.૪૫૦૦ કરોડની જરૂર પડશે. નિવૃત્ત વરિષ્ઠ અમલદારે જણાવ્યું હતું કે, નવી TDP સરકારે જુલાઈ માટે નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે રૂા.૧૦,૦૦૦ કરોડથી વધુ રકમ એકત્ર કરવી પડશે. તેમના જણાવ્યા મુજબ રાજ્ય સરકાર પગાર, પેન્શન, લોનની ચૂકવણી અને વ્યાજની જરૂરિયાતોને પહોંચી વળવા વાર્ષિક આશરે રૂા.૧.૩૦ લાખ કરોડનો ખર્ચ કરવા પ્રતિબદ્ધ છે. રિઝર્વ બેંકની વેબસાઈટ અનુસાર આંધ્ર સરકારે ૧૧ જૂને હરાજી દ્વારા રૂા.૨૦૦૦ કરોડની સિક્યોરિટીઝ વેચવાની ઓફર કરી હતી. માત્ર સામાજિક પેન્શન માટે રાજ્યને દર મહિને રૂા.૨૬૦૦ કરોડની જરૂર છે.

તેવી જ રીતે મેનિફેસ્ટોના ભાગરૂપે, તેલુગુ દેશમ પાર્ટીએ સરકાર સંચાલિત બસોમાં મહિલાઓને મફત મુસાફરીનું વચન આપ્યું હતું. આંધ્રપ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, APSRTC ટિકિટની આવક દ્વારા માસિક રૂા.૪૫૦થી રૂા.૫૦૦ કરોડની કમાણી કરે છે અને મહિલા મુસાફરો ૩૫-૪૦ ટકાની રેન્જમાં હોવાની અપેક્ષા છે. તેમણે કહ્યું કે, રાજયમાં અત્યાર સુધી મહિલા પ્રવાસીઓ પર કોઈ અભ્યાસ કરવામાં આવ્યો નથી. તેમના મતે તેલંગાણા આરટીસી જે સમાન યોજનાનો અમલ કરે છે તેનો અંદાજ છે કે, કુલ પ્રવાસીઓમાં મહિલાઓની સંખ્યા લગભગ ૫૦ ટકા છે. આ મફત મુસાફરી યોજના માટે નવી સરકારે APSRTCને વાર્ષિક આશરે રૂા.૨૦૦૦ કરોડની ભરપાઈ કરવી પડશે. 'સુપર સિક્સ' હેઠળ ટીડીપીએ શાળાએ જતા દરેક બાળકને વાર્ષિક રૂા.૧૫,૦૦૦ આપવાનું વચન પણ આપ્યું હતું. YRS કોંગ્રેસ પાર્ટીની સરકારે 'અમ્માવોડી' નામની સમાન યોજના માટે રૂા.૬૫૦૦ કરોડ ફાળવ્યા હતા. નાયડુ દ્વારા લાભાર્થીઓની સંખ્યા પરની મર્યાદા હટાવવાથી આ રકમ નોંધપાત્ર રીતે વધી શકે છે. પક્ષે દરેક પરિવારને દર વર્ષે ત્રણ મફત રસોઈ ગેસ સિલિન્ડર અને દરેક ખેડૂતને રૂા.૨૦,૦૦૦ વાર્ષિક નાણાકીય સહાયનું વચન પણ આપ્યું હતું. સરકારી બજેટ દસ્તાવેજ ૨૦૨૩-૨૪ મુજબ રાજ્ય પર રૂા.૪.૮૩ લાખ કરોડનું જાહેર દેવું છે (GSDPના ૩૩.૩ ટકા), ઉપરાંત રૂા.૧.૩૯ લાખ કરોડની સરકારી ગેરંટી અને કેન્દ્ર તરફથી રૂા.૨૬,૨૯૬ કરોડની લોન બાકી છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં કુલ મહેસૂલ આવકનો અંદાજ રૂા.૨,૦૫,૩૫૨.૧૯ કરોડ છે જ્યારે ખર્ચ રૂા.૨,૩૦,૧૧૦.૪૧ કરોડ આંકવામાં આવ્યો છે.

## નાયડુ ૧૨ જૂને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

# પદનામિત મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુને તેમના 'સુપર સિક્સ' વચનો પૂર્ણ કરવા માટે ભારે પડકારનો સામનો કરવો પડશે

(એજન્સી) અમરાવતી, તા.૧૦

ટીડીપી પક્ષના સુપ્રીમો એન ચંદ્રાબાબુ નાયડુ ટૂંક સમયમાં આંધ્રપ્રદેશમાં સત્તાની લગામ સંભાળશે. તેમની પાર્ટીએ તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણી દરમિયાન તેમની પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં આપેલા 'સુપર સિક્સ' વચનને પૂર્ણ કરવા માટે સરકારી તિજોરીમાંથી ખર્ચ કરવાનું મુશ્કેલ કાર્ય હશે. નાયડુ ૧૨ જૂને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના છે. નાણાકીય પડકારોમાં નાયડુને ૧ જુલાઈ સુધીમાં લગભગ ૬૫ લાખ લાભાર્થીઓને સામાજિક પેન્શનનું વિતરણ કરવા માટે રૂા.૪૫૦૦ કરોડની જરૂર પડશે. તેમના 'સુપર સિક્સ'ના ભાગરૂપે નાયડુએ જુલાઈથી માસિક પેન્શનને હાલના રૂા.૩૦૦૦થી વધારીને રૂા.૪૦૦૦ કરવાની સાથે ત્રણ માહિનાનું બેકલોગ આપવાનું વચન આપ્યું હતું. આ બધુ મળીને જુલાઈમાં ૪૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, ઉપરાંત કર્મચારીઓ અને પેન્શનરોના વેતન પર ૬૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

નિવૃત્ત વરિષ્ઠ અમલદારે જણાવ્યું હતું કે, નવી TDP સરકારે જુલાઈ માટે નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે રૂા.૧૦,૦૦૦ કરોડથી વધુ રકમ એકત્ર કરવી પડશે. તેમના જણાવ્યા મુજબ રાજ્ય સરકાર પગાર, પેન્શન, લોનની ચૂકવણી અને વ્યાજની જરૂરિયાતોને પહોંચી વળવા વાર્ષિક આશરે રૂા.૧.૩૦ લાખ કરોડનો ખર્ચ કરવા પ્રતિબદ્ધ છે. રિઝર્વ બેંકની વેબસાઈટ અનુસાર આંધ્ર સરકારે ૧૧ જૂને હરાજી દ્વારા રૂા.૨૦૦૦ કરોડની સિક્યોરિટીઝ વેચવાની ઓફર કરી હતી. માત્ર સામાજિક પેન્શન માટે રાજ્યને દર મહિને રૂા.૨૬૦૦ કરોડની જરૂર છે. તેવી જ રીતે મેનિફેસ્ટોના ભાગરૂપે, તેલુગુ દેશમ પાર્ટીએ સરકાર સંચાલિત બસોમાં મહિલાઓને મફત મુસાફરીનું વચન આપ્યું હતું. આંધ્રપ્રદેશ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, APSRTC ટિકિટની આવક દ્વારા માસિક રૂા.૪૫૦થી રૂા.૫૦૦ કરોડની કમાણી કરે છે અને મહિલા મુસાફરો ૩૫-૪૦ ટકાની રેન્જમાં હોવાની અપેક્ષા છે. તેમણે કહ્યું કે, રાજયમાં અત્યાર સુધી મહિલા પ્રવાસીઓ પર કોઈ અભ્યાસ કરવામાં આવ્યો નથી. તેમના મતે તેલંગાણા આરટીસી જે સમાન યોજનાનો અમલ કરે છે તેનો અંદાજ છે કે, કુલ પ્રવાસીઓમાં મહિલાઓની સંખ્યા લગભગ ૫૦ ટકા છે. આ મફત મુસાફરી યોજના માટે નવી સરકારે APSRTCને વાર્ષિક આશરે રૂા.૨૦૦૦ કરોડની ભરપાઈ કરવી પડશે.

'સુપર સિક્સ' હેઠળ ટીડીપીએ શાળાએ જતા દરેક બાળકને વાર્ષિક રૂા.૧૫,૦૦૦ આપવાનું વચન પણ આપ્યું હતું. YRS કોંગ્રેસ પાર્ટીની સરકારે 'અમ્માવોડી' નામની સમાન યોજના માટે રૂા.૬૫૦૦ કરોડ ફાળવ્યા હતા. નાયડુ દ્વારા લાભાર્થીઓની સંખ્યા પરની મર્યાદા હટાવવાથી આ રકમ નોંધપાત્ર રીતે વધી શકે છે. પક્ષે દરેક પરિવારને દર વર્ષે ત્રણ મફત રસોઈ ગેસ સિલિન્ડર અને દરેક ખેડૂતને રૂા.૨૦,૦૦૦ વાર્ષિક નાણાકીય સહાયનું વચન પણ આપ્યું હતું. સરકારી બજેટ દસ્તાવેજ ૨૦૨૩-૨૪ મુજબ રાજ્ય પર રૂા.૪.૮૩ લાખ કરોડનું જાહેર દેવું છે (GSDPના ૩૩.૩ ટકા), ઉપરાંત રૂા.૧.૩૯ લાખ કરોડની સરકારી ગેરંટી અને કેન્દ્ર તરફથી રૂા.૨૬,૨૯૬ કરોડની લોન બાકી છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં કુલ મહેસૂલ આવકનો અંદાજ રૂા.૨,૦૫,૩૫૨.૧૯ કરોડ છે જ્યારે ખર્ચ રૂા.૨,૩૦,૧૧૦.૪૧ કરોડ આંકવામાં આવ્યો છે. તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન YSRCPએ મેનિફેસ્ટો લોન્ચ કરતી વખતે મુખ્યપ્રધાન વાય.એસ. જગન મોહન રેડ્ડીએ આક્ષેપ કર્યો હતો કે, TDPના ચૂંટણી વચનો પૂરા કરવા માટે વાર્ષિક રૂા.૧.૨૧ લાખ કરોડનો વધુ ખર્ચ થશે.

# મોદી ૩.૦ : ટ્રિબ્યુનલ્સમાં નિવૃત્તિ પછીની નિમણૂકો બંધ કરીને ન્યાયતંત્રનો વિસ્તાર કરો : પૂર્વ એસ.જી. રણજીતકુમાર

## ટ્રિબ્યુનલોને વર્ષોથી પેન્ડિંગ કેસ અને સભ્યોની નિમણૂકમાં વિલંબ માટે ટીકાનો સામનો કરવો પડ્યો છે

(એજન્સી) તા.૧૦

વરિષ્ઠ એડવોકેટ પૂર્વ એસ.જી. અને ભારતના પૂર્વ સોલિસિટર જનરલ (SG) રણજિતકુમારે મનીકંટ્રોલ સાથે નવી એનડીએ સરકાર માટેના તેમના સૂચનો વિશે વાત કરતા કહ્યું કે, સરકારે ન્યાયતંત્રમાં ખાલી જગ્યાઓ ભરવા માટે નિવૃત્ત હાઈકોર્ટ (HC) અને સુપ્રીમ કોર્ટ (SC)ના ન્યાયાધીશોને ટ્રિબ્યુનલોમાં નિયુક્ત કરવાને બદલે નવા ન્યાયાધીશોની નિમણૂક કરવી જોઈએ.

તેમણે ઉમેર્યું, 'કેસો ટ્રિબ્યુનલને બદલે અદાલતો સમક્ષ હોવા જોઈએ. આ ટ્રિબ્યુનલનો વ્યવસાય વાસ્તવમાં લોકો માટે નિવૃત્તિ પછીનું આશ્રયસ્થાન છે. ટ્રિબ્યુનલ્સ તેઓની અપેક્ષા મુજબના પરિણામો આપવા સક્ષમ નથી. મોટાભાગની ટ્રિબ્યુનલો કામનો સામનો કરી શકતી નથી. આપણે હાઈકોર્ટનું વિસ્તરણ કરવું જોઈએ, કોમર્શિયલ કોડનો વિસ્તાર કરવો જોઈએ, વધુ નિમણૂકો કરવી જોઈએ અને આ ટ્રિબ્યુનલ સંસ્કૃતિમાંથી છૂટકારો મેળવવો જોઈએ.'

ટ્રિબ્યુનલોએ પેન્ડિંગ કેસ અને સભ્યોની નિમણૂકમાં વિલંબ માટે ભારે ટીકાનો સામનો કરવો પડ્યો છે. દાખલા તરીકે ગ્રાહક તકરાર નિવારણ કમિશન, જે ગ્રાહકોને અન્યાયી વેપાર પ્રથાઓ સામે ઝડપી ઉપાય પૂરો પાડવા માટે સ્થાપવામાં આવ્યું હતું, તેમાં સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં પાંચ લાખથી વધુ કેસ પેન્ડિંગ હતા. તેવી જ રીતે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ને પણ ટીકા અને વિલંબનો સામનો કરવો પડ્યો છે.

ઘણી ટ્રિબ્યુનલોનું નેતૃત્વ નિવૃત્ત HC અથવા SC ન્યાયાધીશો દ્વારા કરવામાં આવે છે. દાખલા તરીકે મદ્રાસ હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, એ.પી. સહાય, નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશન (NCDRC)ના અધ્યક્ષ છે. પૂર્વ SC ન્યાયાધીશ અશોક ભૂષણ નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)ના અધ્યક્ષ છે. ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (TDSAT)નું નેતૃત્વ દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.એન. પટેલ કરે છે. વાસ્તવમાં પટેલ હાઈકોર્ટમાંથી નિવૃત્ત થયા તે પહેલાં જ ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા. ટ્રિબ્યુનલના વડા તરીકે નિવૃત્ત ન્યાયાધીશોની નિમણૂક કરવાની આ પ્રથાની લાંબા સમયથી ટીકા થઈ રહી છે. તેમણે સમજાવતા કહ્યું, 'આપણી વસ્તી, આપણી બેરોજગારી, આપણી આકાંક્ષાઓ જુઓ. જ્યારે તમે કોઈ વ્યક્તિને એક્સ્ટેંશન આપો છો, ત્યારે તમે કોઈ બીજાની તકને નકારી રહ્યા છો. હું અમલદારશાહીની વાત નથી કરતો; હું ટ્રિબ્યુનલ્સ વિશે વાત કરૂં છું.' પૂર્વ એસ.જી.એ નોંધ્યું હતું કે, 'સરકાર ન્યાયિક માળખાને વિસ્તૃત કરે અને વધુ ન્યાયાધીશોની નિમણૂક કરે તે મહત્ત્વપૂર્ણ છે. ભારતમાં જજ-થી-વસ્તી ગુણોત્તર જુઓ, આપણું ૧૪૦ કરોડ લોકોનું રાષ્ટ્ર છે. દર મિલિયન લોકો દીઠ માત્ર ૨૧ ન્યાયાધીશો છે.' કાયદા પ્રધાન અર્જુન મેઘવાલ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪માં સંસદીય પ્રતિસાદમાં જણાવાયું હતું કે, દેશે હજુ સુધી ભારતના કાયદા પંચના ૧૯૮૭ના લક્ષ્યાંકને પ્રતિ મિલિયન વસ્તી દીઠ ૫૦ ન્યાયાધીશો હાંસલ કર્યો નથી. કુમારે નોંધ્યું હતું કે, ટ્રિબ્યુનલ્સ જેમ કે ગ્રાહક ફોરમ, ડેટ રિકવરી ટ્રિબ્યુનલ વગેરે ઉમદા હેતુઓ સાથે રજૂ કરવામાં આવ્યા હોવા છતાં તેમની અપેક્ષા મુજબનું કામ કર્યું નથી. તેમણે ઉમેર્યું, 'જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. જો તમારી પાસે વધુ ન્યાયાધીશો છે તો તમારી પાસે વધુ વકીલો કોર્ટમાં હાજર રહેશે.'

**યુસીસી, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બેકસીટ લઈ શકે છે :** તે સ્પષ્ટતા કરતા કે તેમની પાસે કોઈ રાજકીય જોડાણ નથી, કુમારે નોંધ્યું હતું કે, યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના ભાજપનું વચન, તેમની ઘટેલી સંખ્યાને કારણે કદાચ અસર કરી શકે છે. હવે પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂનના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ભાજપની આગેવાની હેઠળના NDAએ ૨૯૦થી વધુ બેઠકો જીતીને બહુમતી મેળવી હતી, ત્યારે ભાજપે ૩૦થી વધુ બેઠકો ગુમાવી હોવાને કારણે પોતાના દમ પર બહુમતી મેળવવાથી દૂર રહી હતી. આ પરિણામો અણધાર્યા હતા કારણ કે, ઘણા એક્ઝિટ પોલ્સે આગાહી કરી હતી કે, ભાજપ મોટા માર્જિન સાથે ફરી સત્તામાં આવશે. ભગવા પાર્ટીએ તેના ઢંઢેરામાં વચન આપ્યું હતુ કે, જો તે સત્તા પર પાછા આવશે તો યુસીસી અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' લાગુ કરશે. લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક જેવા તમામ ભારતીય નાગરિકોના વ્યક્તિગત પાસાઓને સંચાલિત કરવા માટે યુસીસીને એક જ કાયદા તરીકે ગણવામાં આવે છે. જો અમલ કરવામાં આવે તો UCC તમામ નાગરિકોને તેમના ધર્મ, જાતિ અને લિંગને ધ્યાનમાં લીધા વિના સમાનરૂપે લાગુ થશે.

કુમારે સમજાવ્યું, 'કારણ કે તે ગઠબંધન સરકાર છે અને સરકાર જે પણ નિર્ણય લેશે તેમાં દરેકને સાથે લેવું પડશે, ખાસ કરીને એવા સુધારાઓ કે જે સમગ્ર રાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં અસર કરી શકે છે જેમ કે UCC અથવા 'એક રાષ્ટ્ર, એક મતદાન,' હિટ થઈ શકે છે.' પૂર્વ એસ.જી.એ એ પણ નોંધ્યું હતું કે, નવા ફોજદારી કાયદાનો અમલ જે ૧ જુલાઈથી અમલમાં આવવાનો છે, તેને મુલતવી રાખવામાં આવે તેવી શક્યતા નથી. તેમણે ઉમેર્યું, 'મને આ કાયદાઓના અમલીકરણને મુલતવી રાખવાનું કોઈ કારણ દેખાતું નથી. મને એવુ પણ કોઈ કારણ દેખાતું નથી કે જોડાણ ભાગીદાર તે માટે પૂછી શકે, કારણ કે, કોઈ એવું નથી કહેતું કે, આ કાયદાઓ ખરાબ છે.' ગયા શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં ત્રણ નવા ફોજદારી કાયદા પસાર કરવામાં આવ્યા હતા. આ કાયદાઓ ભારતીય ન્યાય (દ્વિતીય) સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા (દ્વિતીય) સંહિતા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય (બીજું) બિલ, ૨૦૨૩, દોઢ સદી જૂના ભારતીય દંડ સંહિતાનું (IPC), ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) અને ભારતીય પુરાવા અધિનિયમનું સ્થાન લેશે. આ કાયદાઓને ૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી અને સરકારે માર્ચમાં સૂચના આપી હતી કે, તેઓ ૧ જુલાઈથી અમલમાં આવશે. ૨૦૧૪માં ભાજપ સરકાર દ્વારા રણજીતકુમારની નિમણૂક એસ.જી. તરીકે કરવામાં આવી હતી જ્યારે પાર્ટી એક દાયકા પછી સત્તામાં પાછી આવી હતી. તેમણે ૨૦૧૭માં રાજીનામું આપતા પહેલા ત્રણ વર્ષથી વધુ સમય માટે દેશના એસ.જી. તરીકે સેવા આપી હતી.



# રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાના લાભથી ૧૪ કરોડ લોકો વંચિત : ૨૦૨૧થી કોઈ વસ્તી ગણતરી નથી : કોંગ્રેસ

(એજન્સી) તા.૧૦

કોંગ્રેસે સોમવારે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને જલ્દી બતાવવું પડશે કે વસ્તીગણતરી કયારે કરાવવામાં આવશે. સાથે જ કોંગ્રેસે માંગ કરી કે બંધારણમાં નિહિત સામાજિક ન્યાયને યોગ્ય અર્થ આપવા માટે ઓબીસી તરીકે વર્ગીકૃત સમુદાયોની વસ્તીના આંકડા પણ ઉપલબ્ધ કરાવવા જોઈએ. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું કે સામાજિક- આર્થિક વિકાસ માટે જરૂરી વ્યાપક વસ્તીગણતરી કેન્દ્ર સરકાર દ્વારા દર ૧૦ વર્ષમાં કરાવવામાં આવે છે. પાછલી વસ્તીગણતરી ૨૦૨૧મા પૂરી થવાની હતી. તેમણે જણાવ્યું કે પરંતુ મોદીએ એવું નથી કર્યું. ૨૦૨૧ની વસ્તી ગણતરી ના કરાવવાનું એક તાત્કાલિક પરિણામ એ છે કે ઓછામાં ઓછા ૧૪ કરોડ ભારતીયોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા ૨૦૧૩ હેઠળ મળનારા લાભોથી વંચિત કરવામાં આવી રહ્યા છે જેને વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજના તરીકે ફરી રજૂ કરવામાં આવી છે. કોંગ્રેસ મહાસિચવે જણાવ્યું કે એક તૃતિયાંશ વડાપ્રધાને જલ્દી જ દેશને બતાવવું પડશે કે અદ્યતન વસ્તીગણતરી ક્યારે કરાવવામાં આવશે. તેમણે જણાવ્યું કે ૧૯૫૧થી દશકીય વસ્તીગણતરીમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તીના આંકડા ઉપલબ્ધ કરાવવામાં આવતા રહે છે. રમેશે જણાવ્યું કે અદ્યતન વસ્તી ગણતરીમાં અન્ય પછાત વર્ગ તરીકે વર્ગીકૃત સમુદાયોની વસ્તી વિશે પણ આંકડા ઉપલબ્ધ કરાવવા જોઈએ.

# ફંડ બહાર પાડીને મોદીએ ખેડૂતો પર કોઈ ખાસ ઉપકાર કર્યો નથી, જે મહિના પહેલાં મળવાનું હતું : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ-કિસાન સન્માનનિધિ ફંડ બહાર પાડીને ખેડૂતો પર કોઈ વિશેષ ઉપકાર કર્યો નથી જે તેમને એક મહિના પહેલા મળતો હતો પરંતુ ચૂંટણી સંહિતાના કારણે વિલંબ થયો હતો તેમ કોંગ્રેસે સોમવારે જણાવ્યું હતું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે ભંડોળના ૧૭મા હપ્તાના વિમોચનને મોદી તેમની નવી સરકારના પ્રથમ નિર્ણય તરીકે ગણાવી રહ્યા છે તે તેમની સરકારની નીતિ અનુસાર ખેડૂતોને મળતો કાયદેસરનો હક છે. જો તેઓ ખેડૂતો માટે ખરેખર ચિંતિત હોય તો વડાપ્રધાને તેમની પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ને કાનૂની દરજ્જો આપવો જોઈએ, કૃષિ લોન માફીની જાહેરાત કરવી જોઈએ અને તેમના બેંક ખાતામાં સીધા જ બાંયધરીકૃત વીમા ચુકવણી પ્રદાન કરવી જોઈએ એમ તેમણે જણાવ્યું હતું. તેમની ત્રીજી મુદતમાં વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળતા મોદીએ સોમવારે પીએમ-કિસાન સન્માન નિધિ ફંડના ૧૭મા હપ્તાને રિલીઝ કરવા માટે અધિકૃત કરતી તેમની પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા જે લગભગ રૂ. ૨૦,૦૦૦ કરોડની રકમ છે જે લગભગ ૯.૩ કરોડ ખેડૂતોને લાભ કરશે. પીએમ મોદીના નિવેદન પર રમેશે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાને પદ સંભાળ્યા પછી તેમની પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કરવાનું ''શાનદાર પ્રદર્શન'' કર્યું, પીએમ-કિસાન સન્માન નિધિ ભંડોળનો ૧૭મો હપ્તો મંજૂર કર્યો. તેમણે એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, ''આપ ઘટનાક્રમ સમજીયે : પીએમ કિસાનનિધિનો ૧૬મો હપ્તો જાન્યુઆરી ૨૦૨૪માં આવવાનો હતો પરંતુ વડાપ્રધાનની ચૂંટણીની ગણતરી માટે એક મહિનાનો વિલંબ થયો હતો. પીએમ કિસાનનિધિનો ૧૭મો હપ્તો એપ્રિલ/મે ૨૦૨૪માં આવવાનો હતો પરંતુ આદર્શ આચાર સંહિતાને કારણે અમલીકરણનો વિલંબ થયો હતો.'' તેમણે કહ્યું કે, ''પ્રધાન મંત્રીએ ત્રીજા ભાગની આ ફાઈલ પર હસ્તાક્ષર કરીને કોઈની મોટો ઉપકાર કર્યો નથી : આ તેમની સરકારની પોતાની નીતિ અનુસાર ખેડૂતોને કારણે કાયદેસરના હક છે. તેમણે નિયમિત વહીવટી નિર્ણયોને કેટલાક મહાન લાભમાં રૂપાંતરિત કરવાની આદત બનાવી છે જે તેઓ આપે છે. સ્પષ્ટપણે તે હજી પણ લોકો પર પોતાને જૈવિક નહીં પરંતુ દૈવી તરીકે માને છે.'' રમેશે કહ્યું કે જો વડા પ્રધાન ખેડૂતોના કલ્યાણ માટે ખરેખર ચિંતિત હોય, તો તેમણે તેમના માટે પાંચ બાબતો કરવી જોઈએ. ''સહી દામ : સ્વામીનાથન કમિશનની ફોર્મ્યુલા અનુસાર MSPને કાનૂની દરજ્જો. દેવા મુક્તિ : કૃષિ લોન માફી હશે, અને તેને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે કાયમી કમિશનની સ્થાપના કરવામાં આવવી જોઈએ.'' ''બેનામી ચુકવણીનું સીધું ટ્રાન્સફર : પાકના નુકસાનના ૩૦ દિવસની અંદર સીધા જ બેંક ખાતામાં વીમાની ચુકવણીની ખાતરી. ઉચિત આયાત-નિકાસ નીતિ : નવી આયાત-નિકાસ નીતિ બનાવવા માટે ખેડૂતોની સલાહ લેવામાં આવે. જીએસટી-મુક્ત ખેતી : ખેતી માટે જરૂરી સાધનો પર વધુ જીએસટી નહીં.''

# PM મોદીએ ત્રીજી ટર્મમા પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા પછી કોંગ્રેસે કહ્યું : 'એક તૃતીયાંશ પ્રધાનમંત્રીએ શાનદાર પ્રદર્શન કર્યું છે'

## કોંગ્રેસના નેતા જયરામ રમેશે X પર એક પોસ્ટ જારી કરીને જણાવ્યું હતું કે, 'એક તૃતીયાંશ વડાપ્રધાનનું હેડલાઈન મેનેજમેન્ટ અને પી.આર. ઝુંબેશ તેમના ત્રીજા કાર્યકાળના પ્રથમ દિવસથી ફરી શરૂ થઈ છે'

(એજન્સી) તા.૧૦

ત્રીજી વખત કાર્યભાર સંભાળ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા જે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ૧૭મા હપ્તાને રજૂ કરવા સંબંધિત છે. અધિકારીઓએ સોમવારે કહ્યું કે, પીએમ મોદી દ્વારા લેવામાં આવેલો પહેલો નિર્ણય ખેડૂતોના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પગલાથી ૯.૩ કરોડ ખેડૂતોને ફાયદો થશે. ૧૭મા હપ્તામાં આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની રકમ ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પીએમ મોદીએ કહ્યું કે, 'તેમની સરકાર કિસાન કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. અમે આવનારા સમયમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે વધુ કામ કરતા રહેવા માંગીએ છીએ.' PM-કિસાન યોજના હેઠળ, પાત્ર ખેડૂત પરિવારોને દર ચાર મહિને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા ત્રણ સમાન હપ્તાઓ (રૂા.૨૦૦૦ દરેક હપ્તામાં) વાર્ષિક રૂા.૬૦૦૦ મળે છે. આ યોજના ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા શરૂ કરવામાં આવી હતી. ડિસેમ્બર-માર્ચ ૨૦૧૮-૧૯માં પ્રથમ હપ્તાના સમયે (ડિસેમ્બર ૨૦૧૮માં ચાર મહિનાનું ચક્ર શરૂ થયું ત્યારથી) લાભાર્થીઓની સંખ્યા ૩.૦૩ કરોડ હતી. પીએમ-કિસાન એ કેન્દ્ર તરફથી ૧૦૦ ટકા ભંડોળ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. ફંડ સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર થાય છે. અત્યાર સુધીમાં ખેડૂતોને PM-કિસાનના ૧૬ હપ્તા જારી કરવામાં આવ્યા છે. આ વર્ષે ૨૯ ફેબ્રુઆરીએ મહારાષ્ટ્રના યવતમાલથી પીએમ મોદીએ ૯.૦૯ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ૧૬મો હપ્તો ટ્રાન્સફર કર્યો હતો. PM-કિસાનનો ૧૬મો હપ્તો મેળવનાર ૯.૦૯ કરોડ ખેડૂતોમાંથી સૌથી વધુ ૨.૦૩ કરોડ ઉત્તરપ્રદેશમાં હતા, ત્યારબાદ મહારાષ્ટ્રના ૮૯.૬૬ લાખ, મધ્યપ્રદેશના ૭૯.૯૩ લાખ, બિહારના ૭૫.૭૯ લાખ અને રાજસ્થાન ૬૨.૬૬ લાખ ખેડૂતોનો સમાવેશ થાય છે. મોદીએ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા પછી કોંગ્રેસના કોમ્યુનિકેશન્સના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે X પર હિન્દીમાં એક પોસ્ટ લખી કે વડાપ્રધાને શાનદાર પ્રદર્શન કર્યું છે. એક તૃતીયાંશ વડાપ્રધાનનું હેડલાઈન મેનેજમેન્ટ અને પી.આર. ઝુંબેશ તેમના ત્રીજા કાર્યકાળના પ્રથમ દિવસથી ફરી શરૂ થઈ છે. એવું માનવામાં આવે છે કે, પદ સંભાળ્યા પછી તેમણે જે પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા તે પીએમ કિસાન નિધિનો ૧૭મો હપ્તો પ્રદાન કરવાની હતી. આપ ઘટનાક્રમ સમજો, PM કિસાન નિધિનો ૧૬મો હપ્તો જાન્યુઆરી ૨૦૨૪માં આવવાનો હતો અને ૧૭મો હપ્તો એપ્રિલ ૨૦૨૪માં આવવાનો હતો પરંતુ આદર્શ આચારસંહિતાના અમલીકરણને કારણે વિલંબ થયો હતો. તેથી એક તૃતીયાંશ વડાપ્રધાને આ ફાઈલ પર હસ્તાક્ષર કરીને કોઈનો મોટો ઉપકાર કર્યો નથીઃ આ તેમની સરકારની પોતાની નીતિ મુજબ ખેડૂતોના કાયદેસરના અધિકારો છે. તેમણે સામાન્ય અને નિયમિત વહીવટી નિર્ણયોનો પ્રચાર કરવાની આદત બનાવી છે. સ્પષ્ટપણે તેઓ હજી પણ પોતાને એક દૈવી શક્તિ માને છે અને પોતાને જૈવિક માનતા નથી. રમેશે એવું પણ સૂચન કર્યું હતું કે, જો તેઓ ખેડૂત કલ્યાણ વિશે ખરેખર ચિંતિત હોય તો PM મોદી પાંચ વસ્તુઓ કરી શકે. તેમાં 'સાચી કિંમત', 'કર્જ મુક્તિ', 'વીમા ભુગતનની સીધી ટ્રાન્સફર', 'ઉચિત આયત-નિર્યાત નીતિ' અને 'GST-મુક્ત ખેતી'નો સમાવેશ થાય છે.

# ભાજપના અમિત માલવિયાએ 'યૌન શોષણ'ના દાવાઓ પર વકીલને કાનૂની નોટિસ મોકલી, કોંગ્રેસે તપાસની માંગ કરી

## નોટિસમાં માલવિયાના વકીલે જણાવ્યું હતું કે, સિન્હાએ ફેસબૂક પર એક પોસ્ટમાં તેમના ક્લાયન્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કેટલાક ખોટા અને બદનક્ષીભર્યા આરોપો લગાવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ભાજપના આઈટી વિભાગના વડા અમિત માલવિયાએ કલકત્તા સ્થિત વકીલને તેમની સામે ખોટા અને બદનક્ષીભર્યા આરોપો કરવા બદલ કાનૂની નોટિસ મોકલી છે અને તે અંગે માફીની માગણી કરી છે. આ દરમિયાન કોંગ્રેસે એક પ્રેસ કોન્ફરન્સમાં માગણી કરી હતી કે, ભાજપે માલવિયાને જાતીય શોષણના આરોપો બાદ જ IT વિભાગના વડા તરીકે બરતરફ કર્યા હતા. વિપક્ષી પાર્ટીએ માલવિયા વિરુદ્ધ સ્વતંત્ર તપાસની માંગ કરી હતી. જ્યારે માલવિયાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે આરોપો પર કોઈ સીધી ટિપ્પણી કરી ન હતી પરંતુ તેમણે આરોપ લગાવનારા સંતનુ સિન્હાને મોકલેલી કાનૂની નોટિસનો ઉલ્લેખ કર્યો હતો. સિન્હાએ કહ્યું, 'મારી ફેસબૂક પોસ્ટ કોઈને લક્ષ્યમાં રાખતી ન હતી. હું રાજ્યના ભાજપના નેતાઓ, જેઓ તેમના પદને જાળવી રાખવા, તેમના દિલ્હીના બોસને ખુશ કરવા માટે શંકાસ્પદ માધ્યમોનો ઉપયોગ કરે છે, તમને પૂછવા માંગતો હતો. મારી ફેસબૂક પોસ્ટનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. મેં જે પણ કહ્યું છે, તેના પર હું મારા સ્ટેન્ડને વળગી રહું છું. મેં ન તો મારી પોસ્ટ પાછી ખેંચી છે અને ન તો હું કોઈપણ ધમકીથી ડરવાનો છું. મેં કાનૂની નોટિસનો જવાબ આપવા માટે સમય માંગ્યો છે. આ દરમિયાન જો તેઓ કોઈ સિવિલ અથવા ફોજદારી કાર્યવાહી શરૂ કરશે તો હું તે મુજબ જવાબ આપીશ.' તેમના વકીલ મારફત મોકલેલી કાનૂની નોટિસમાં માલવિયાએ સિન્હાને જાહેરમાં માફીની માગણી કરી હતી અને તેમણે પોસ્ટ કરેલું બદનક્ષીભર્યું નિવેદન દૂર કરવા કહ્યું હતું.

# શા માટે RBI ૧૦૦ ટન સોનાનો ભંડાર ભારતમાં પરત લાવી ? RBIના ગવર્નર શક્તિકાંત દાસની સ્પષ્ટતા

(એજન્સી) તા.૧૦

RBIએ ભારતના ૧૦૦ ટન સોનાનો ભંડાર દેશમાં પાછો શા માટે ખસેડ્યો ? યુકેમાંથી ભારતમાં આટલી મોટી માત્રામાં સોનું પાછું લાવવાના કેન્દ્રીય બેંકના નિર્ણય વિશે જાણ કરનાર TOI સૌપ્રથમ હતું.

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે હવે દેશમાં ૧૦૦ ટન સોનું પાછું લાવવાના નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું છે. તેમણે કહ્યું છે કે, RBIની ખરીદીને કારણે ભારતની બહાર રાખવામાં આવેલા સોનાની માત્રામાં વધારો થયો હતો અને દેશમાં સ્ટોરેજ ક્ષમતા ઉપલબ્ધ હોવાથી સોનાનો એક હિસ્સો સ્થાનિક રીતે સંગ્રહિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

દાસે જણાવ્યું હતું કે, RBI પાસે સોનાનો જથ્થો લાંબા સમય સુધી યથાવત્ રહ્યો હતો. જો કે, RBIએ તેની અનામત વ્યવસ્થાપન વ્યૂહરચનાના ભાગરૂપે સોનાની ખરીદી કરવાનું ચાલુ રાખ્યું હોવાથી દેશની બહાર સંગ્રહિત સોનાની માત્રામાં વધારો થતો રહ્યો. સ્થાનિક સ્ટોરેજ કેપેસિટીને જોતા સોનાનો એક હિસ્સો ભારતમાં સંગ્રહિત કરવો યોગ્ય લાગ્યું.

દાસે કહ્યું કે, 'RBI પાસે સોનાનો જથ્થો લાંબા સમયથી સ્થિર હતો. ડેટા બતાવે છે તેમ RBI તેના રિઝર્વ મેનેજમેન્ટના ભાગરૂપે સોનું ખરીદી રહી હતી અને બહાર રાખવામાં આવેલ સોનાની માત્રા વધી રહી હતી. અમારી પાસે સ્થાનિક ક્ષમતા છે અને અમને લાગ્યું કે સોનાનો એક ભાગ દેશમાં સંગ્રહિત થવો જોઈએ. આનાથી વિશેષ કોઈ કારણ નથી.' જેમાં ઓછામાં ઓછા ૨૫% સોનાનો ભંડાર વિદેશમાં હોવો જોઈએ તેવું સૂચન હતું તેવી ૧૯૯૩ની રંગરાજન સમિતિની ભલામણ વિશે જ્યારે પૂછવામાં આવ્યુ ત્યારે દાસે ધ્યાન દોર્યું હતું કે ત્યારથી અત્યાર સુધીમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. તેમણે ઉલ્લેખ કર્યો કે આવી બાબતોના સંચાલન માટે હાલમાં ઉચ્ચ સ્તરીય સમિતિ જવાબદાર છે.

દાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, માત્ર એક મીડિયા આઉટલેટે યુકેમાંથી ૧૦૦ ટન સોનું ભારતમાં RBIની તિજોરીઓમાં સ્થાળાંતરિત કરવા અંગે અહેવાલ આપ્યો હતો, જેની જાણ TOI દ્વારા ૩૧ મે, ૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. હવે લગભગ અડધું સોનું દેશની અંદર તિજોરીઓમાં સંગ્રહિત છે.

૧૯૯૧ની શરૂઆતથી અભૂતપૂર્વ પગલામાં RBIએ તેના સ્થાનિક સ્ટોકમાં કિંમતી ધાતુનો નોંધપાત્ર જથ્થો ઉમેર્યો છે. સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું કે, આગામી મહિનાઓમાં લોજિસ્ટિકલ કારણોસર અને વૈવિધ્યસભર સ્ટોરેજ માટે આટલું જ સોનું દેશની અંદર સ્થાળાંતરિત થઈ શકે છે.

RBIના તાજેતરના ડેટા દર્શાવે છે કે, માર્ચના અંત સુધીમાં તેની પાસે ૮૨૨.૧ ટન સોનું હતું, જેમાં ૪૧૩.૮ ટન વિદેશમાં સંગ્રહિત છે. તાજેતરના વર્ષોમાં જેમણે સોનું ખરીદ્યું છે તેમાં મધ્યસ્થ બેંક પણ સામેલ છે, જેમાં ગયા નાણાકીય વર્ષમાં ૨૭.૫ ટનનો ઉમેરો થયો છે. પરંપરાગત રીતે બેંક ઓફ ઈંગ્લેન્ડ એ ભારત સહિત ઘણી કેન્દ્રીય બેંકો માટે ભંડાર છે, જેમાં પીળી ધાતુના કેટલાક સ્ટોક્સ સ્વતંત્રતા પહેલાના દિવસોના છે.

મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, માર્ચના અંતમાં ૧૦૦ ટન સોનાનું ટ્રાન્સફર, જે દેશના સ્ટોકનો લગભગ ચોથો ભાગ હતો, તે એક જટિલ લોજિસ્ટિકલ ઉપક્રમ હતો જેના માટે મહિનાઓનું ઝીણવટભર્યું આયોજન અને અમલીકરણ જરૂરી હતું. તેમાં નાણા મંત્રાલય, RBI અને સ્થાનિક સત્તાવાળાઓ સહિત વિવિધ સરકારી સંસ્થાઓ વચ્ચે ગાઢ સંકલન સામેલ હતું.

શિપમેન્ટની સુવિધા માટે કેન્દ્રએ RBIને આ સાર્વભૌમ સંપત્તિ પર અગાઉની આવકને કસ્ટમ ડ્યુટી મુક્તિ આપી. જો કે, સંકલિત GST, જે રાજ્યો સાથે વહેંચાયેલો છે, તે હજુ પણ આયાત પર વસૂલવામાં આવ્યો હતો.

વ્યાપક સુરક્ષા વ્યવસ્થા સાથે મોટી માત્રામાં સોનાના પરિવહન માટે એક વિશેષ વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પગલાથી RBIને બેંક ઓફ ઈંગ્લેન્ડને ચૂકવવામાં આવતા કેટલાક સ્ટોરેજ ખર્ચમાં બચત કરવામાં મદદ મળવાની અપેક્ષા છે, જો કે રકમ નોંધપાત્ર નથી.

ભારતમાં મુંબઈ અને નાગપુરમાં મિન્ટ રોડ પર RBIની જૂની ઓફિસ બિલ્ડિંગમાં આવેલી તિજોરીઓમાં સોનું સંગ્રહિત છે.

# PM મોદીએ નવાઝ શરીફની અભિનંદન પોસ્ટ પર પ્રતિક્રિયા આપી : 'અમારા લોકોની સુરક્ષાને આગળ વધારવી હંમેશા અમારી પ્રાથમિકતા રહેશે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. હવે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે પણ નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન પાઠવ્યા છે. નવાઝ શરીફ પહેલા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. શાહબાઝે કહ્યું હતું કે, ભારતના વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન. મોદીએ રવિવારે રેકોર્ડ ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. નવાઝ શરીફે તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું, 'મોદીજી (@narendramodi)ને ત્રીજી વખત વડાપ્રધાન બનવા પર મારા હૃદયપૂર્વક અભિનંદન.' તાજેતરની ચૂંટણીઓમાં તમારી પાર્ટીની સફળતા તમારા નેતૃત્વમાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે. ચાલો નફરતને આશાથી બદલીએ અને દક્ષિણ એશિયાના બે અબજ લોકોના ભાગ્યને આકાર આપવાની તકનો લાભ લઈએ.

નવાઝ શરીફના શુભેચ્છા સંદેશનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના લોકો હંમેશા શાંતિ, સુરક્ષા અને પ્રગતિશીલ વિચારોના પક્ષમાં રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, અમારા લોકોની સુરક્ષાને આગળ વધારવી હંમેશા અમારી પ્રાથમિકતા રહેશે. ઉલ્લેખનીય છે કે, આ વખતે ભાજપને બહુમતી મળી નથી. એટલા માટે એનડીએ ગઠબંધનના સાથીઓના સહારે આ વખતે મોદી સરકારની ત્રીજી વખત સત્તામાં વાપસી થઈ છે.

### રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટીનો જોરદાર પ્રારંભ

# વીજળીના કડાકા-ભડાકા અને ભારે પવન સાથે તાપીના ડોલવણમાં ૪ ઈંચ તો બાબરામાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો

**● આગામી ૭ દિવસ રાજ્યમાં અનેક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની સંભાવના ● અમરેલીની સ્થાનિક નદીમાં બોલેરો ગાડી તણાઈ : ચાલકનું મોત ● રાજ્યના ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો**

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં કાળઝાળ ગરમીની માર વચ્ચે પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થતાં અનેક સ્થળોએ ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ગુજરાતના ચારેય ઝોનમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ, ભાવનગર સહિત મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની પણ સમસ્યા સામે આવી હતી. સાથે જ ભારે પવનના પગલે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાની તેમજ વીજપુરવઠો ખોરવાયો હોવાની ઘટના સામે આવી છે.



અમરેલીના બાબરામાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ MM વરસાદ વરસ્યો હતો. જેને પગલે બાબરાના ત્રબોડા ગામની સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. જે દરમિયાન સુખનાથ મંદિર પાસે નદીમાં બોલેરો ગાડી તણાઈ હતી. સ્થાનિકો લોકોએ વહીવટી તંત્રને જાણ કરતા તંત્ર ઘટના સ્થળ પર પહોંચી બોલેરોની શોધખોળ હાથ ધરી હતી. પોલીસ, મામલતદાર અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા મોડીરાત સુધી શોધખોળ હાથ ધરી હતી. ત્યારે બોલેરો ગાડી ચાલકનો મૃતદેહનો ફાયર વિભાગની ટીમને હાથ લાગ્યો હતો. મળતી માહિતી મુજબ બોલેરો ચાલક રાજસ્થાનનો હોવાનું સામે આવ્યું છે. જેમા સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં પોણા ૪ ઈંચ જેટલો વરસાદ (૯૦ એમએમ) નોંધાયો હતો. અમરેલી પંથકમાં ભારે વરસાદ થયો છે. જેમાં બાબરામાં ૩ ઈંચ જ્યારે બાકીમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. ત્યારે હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યુ છે કે, રાજ્યમાં આગામી ૭ દિવસ અનેક સ્થળોએ પવન વરસાદ પડશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં ચોમાસું દસ્તક આપશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકના જણાવ્યા મુજબ મંગળવારે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં છૂટાછવાયા સ્થળો પર હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, ભાવનગર,ગીર સોમનાથમાં વીજળીના ચમકારા સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ત્રીજા અને ચોથા દિવસે છૂટાછવાયા સ્થળો પર સામાન્ય વરસાદ થઈ શકે છે. નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ,નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી તથા જુનાગઢ,અમરેલીમાં વીજળીના ચમકારા સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

પાંચમા દિવસે છૂટાછવાયા સ્થળો પર સામાન્ય વરસાદ થઈ શકે છે. સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી જુનાગઢ, અમરેલી, ભાવનગર,ગીર સોમનાથ, દિવમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, છઠ્ઠા અને સાતમાં દિવસે નવસારી ,વલસાડ ,તાપી ,દમણ ,દાદરાનગર હવેલી, અમરેલી, ,ગીર સોમનાથમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે ગુજરાતમાં ચોમાસા અંગેની આગાહીમાં જણાવ્યુ છે કે, આગામી ૪૮ કલાકમાં નૈઋત્યનું ચોમાસું દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પ્રવેશ કરશે.

૧૧ જૂન સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર, હવેલી, જુનાગઢ, અમરેલી, ભાવનગર ,ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ થશે.

૧૨ જૂન નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ થશે.

૧૩ નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ પડશે.

૧૪ જૂન- સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૫ જૂન નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર, હવેલી, અમરેલી, ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૬ જૂન નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ગીર સોમનાથમાં વરસાદની છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ પડવાની શકયતા.

### અમૂલે ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો

# અમૂલ ડેરીએ દૂધ બાદ હવે દહીંના ભાવમાં પણ વધારો ઝીંકી દીધો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજયભરના નાગરિકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગે તેવો અમૂલે નિર્ણય લીધો છે. અમૂલે તાજેદરમાં જ દૂધના ભાવમાં વધારો કર્યો હતો. ત્યારે હવે અમૂલ દહીના ભાવમાં પણ વધારો કર્યો છે. અમુલ દ્વારા ગુપચુપ અમુલ મસ્તીના દહીંમાં પણ વધારો માટે મોટો ઝટકો સમાન છે. કારણ કે, એક જ મહિનામાં દૂધ બાદ દહીંના ભાવમાં પણ વધારો કરાયો છે. જેથી ગૃહિણીઓનું ઘરનુ બજેટ બગડી શકે છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર પર મોંઘવારીનો વધુ એક માર ઝીંકાયો છે. દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. મોંઘવારી અટકવાનું નામ નથી લઈ રહી. રૂા.૧થી ૧૦ સુધીનો વધારો

**અમૂલ મસ્તી દહીંના ભાવમાં રૂા. ૧થી ૧૦ જેટલો વધારો કર્યો**

ઝીંક્યો દેવામાં આવ્યો છે.

અમૂલે ગુજરાતના ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. આજે અમુલે દૂધ બાદ દહીંના ભાવમાં પણ વધારો ઝીંક્યો છે. દહીના ભાવમાં વધારો ચૂપચાપ રીતે કરાયો છે. ગત ૫ મી જૂનથી ભાવ વધારો અમલમાં આવી ગયો છે. ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે દહીંનો સ્વાદ દુર્લભ બનશે. અમુલ મસ્તી દહીં ૨૦૦ ગ્રામ જૂનો ભાવ ૧૮ નવો ભાવ ૧૯, અમુલ મસ્તી દહીં ૪૦૦ ગ્રામ જૂનો ભાવ ૩૪ નવો ભાવ ૩૫, અમુલ મસ્તી દહીં ૧કિલો જૂનો ભાવ ૭૨ નવો ભાવ ૭૫, અમુલ મસ્તી દહીં ૧ કિલો બકેટ જૂનો ભાવ ૧૦૦ નવો ભાવ ૧૧૦ હશે. દૂધ બાદ દહીના ભાવમાં પણ વધારો એ ગ્રાહકો કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં જ લોકો પર મોંઘવારીનો માર ઝીંકાઈ રહ્યો છે. તાજેરતમાં જ અમૂલ દૂધમાં પ્રતિ લીટર ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. અમૂલ ગોલ્ડ, અમૂલ શક્તિ, અમૂલ ટી સ્પેશિયલ દૂધના ભાવમાં વધારો કરાયો છે. હવે અમૂલ ગોલ્ડ લીટરનો ભાવ ૬૪ રૂપિયાથી વધી ૬૬ રૂપિયા થયા. જ્યારે અમૂલ ટી સ્પેશિયલના પ્રતિ લિટર ભાવ રૂ.૬૨થી વધી ૬૪ અમૂલ શક્તિના પ્રતિ લીટર રૂ.૬૦થી વધી ૬૨ થયા છે. જ્યારે દૂધ સહિત દહીંના ભાવમાં પણ વધારો થયો છે. હવે સવાલ એ છે કે, અમૂલ દૂધના ભાવ વધતા ગુજરાતની અન્ય ડેરીઓ પણ ધીરે ધીરે ભાવ વધારી રહી છે.

### હરણી તળાવ બોટ દુર્ઘટનાનો મામલો

# દસ આરોપીઓને જામીન મળી જતા સરકારે હાઈકોર્ટમાં કરી અપીલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

વડોદરા ખાતે બનેલી હરણી તળાવ બોટ દુર્ઘટનામાં ૧૪ લોકોના મોત નીપજ્યા હતા. જેમાં ૧૮ જેટલા આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. પાછળથી કુલ ૨૦ જેટલા આરોપી થયા હતા. તેમાં ચાર મહિલા આરોપીએ આગાઉ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા તેમને જામીન મળ્યા હતા. જ્યારે ૧૦ પુરૂષ આરોપીઓને વડોદરાની કોર્ટે જામીન આપતા કુલ ૧૪ જેટલા આરોપીઓને જામીન મળ્યા છે. ત્યારે રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં જામીન મળેલા તમામ ૧૦ પુરૂષોના જામીન પડકાર્યા છે. આ આરોપીઓમાં... ગોપાલદાસ પ્રાણલાલ શાહ, બિનિત હિતેશભાઈ કોટિયા, અલ્પેશભાઈ હસમુખભાઈ ભટ્ટ, દિપેન હિતેન્દ્ર શાહ, ધર્મિલ ગીરીશભાઈ શાહ, ધર્મિન ધીરજભાઈ બાથાણી, વેદપ્રકાશ રામપત યાદવ, રશ્મિકાંત ચિમનભાઈ પ્રજાપતિ, ભીમસિંહ કુડિયારામ યાદવ અને જતીનકુમાર હીરાલાલ દોશીનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત આરોપીઓ સામે આજે હાઈકોર્ટમાં જસ્ટિસ ગીતા ગોપીની કોર્ટ સમક્ષ સરકારે જામીન રદ્દ કરવા કરેલી અરજીની કાર્યવાહી હતી. જેમાં કોર્ટે આરોપીઓને નોટિસ પાઠવી છે. આ મુદ્દે વધુ સુનવણી ૨૪ જૂનના રોજ હાથ ધરાશે ઉલ્લેખનીય છે કે મહિલા આરોપીઓ તેજલબેન આશિષભાઈ દોશી, નેહાબેન દિપેનભાઈ દોશી, વૈશાખી શાહ, નૂતનબેન પરેશ રમણને અગાઉ જામીન મળી ચૂકયાં છે. હાઈકોર્ટે અગાઉ હરિણી તળાવ બોટ દુર્ઘટનામાં લવાયેલી સુઓ મોટો પીટીશનમાં તે વખતના મ્યુનિસીપલ કમિશનર સામે ખાતાકીય તપાસના આદેશ પણ આપ્યા છે. હાઈકોર્ટે આ બાબતે ખૂબ ગંભીર શબ્દોમાં વડોદરા મહાનગરપાલિકાની ટીકા કરી હતી અને એકદમ નીચા ભાવે કોટીયા પ્રોજેક્ટ નામની કંપનીને કોન્ટ્રાક્ટ આપી દેવાના પગલાં સામે તપાસ સોંપી હતી.

# કે.જી.થી ધો.૫ના વર્ગો ૨૦ જૂનથી, ધો.૬થી ૧૨ના ૧૭ જૂનથી શરૂ કરવા રજૂઆત

**● રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા વેકેશન લંબાવવા માટે મુખ્યમંત્રી સમક્ષ માંગ ● ગરમી તથા ફાયર મુદ્દે સીલ કરાયેલી સ્કૂલોને પૂર્તતા માટે વેકેશન એક સપ્તાહ લંબાવવા જણાવાયું**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજ્યની સ્કૂલોમાં ૧૩ જૂનથી નવા સત્રના પ્રારંભ કરવાના બદલે સંચાલક મંડળ દ્વારા વેકેશન લંબાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. સંચાલક મંડળે કરેલી ભલામણ અનુસાર ધોરણ-૬થી ૧૨ના વર્ગો ૧૭ જૂનથી અને કે.જી.થી ધોરણ-૫ના વર્ગો ૨૦ જૂનથી શરૂ કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ ઉનાળું વેકેશન લંબાવવા માટે કરેલી રજૂઆત બાદ હવે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાતમાં સર્વપ્રથમ વખત ૪૭ ડિગ્રી તાપમાન અને રોજિંદુ તાપમાન ૪૨ ડિગ્રી અનુભવાયેલ છે. રાજયમાં ૧૩ જૂનથી ગુજરાત બોર્ડની કે.જીથી લઈને ધો.૧૨ સુધીની તમામ શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ શિક્ષણ કાર્ય શરૂ થશે. હાલમાં પણ સમગ્ર રાજ્યમાં સવારે ૯ વાગ્યા પછી ૩૫ ડીગ્રી ઉપરનું તાપમાન જોવા મળે છે.

આ સ્થિતિમાં નાના બાળકોને શાળામાં જવામાં ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડી શકે છે. દિવાળી વેકેશન રાજયમાં ૩ સપ્તાહનું છે, જ્યારે સમગ્ર દેશમાં ૮થી ૧૦ દિવસનું દિવાળી વેકેશન હોય છે. જે માટે પુનઃ વિચારણા થવી જોઈએ તેવી સંચાલક મંડળે રજૂઆત કરી હતી. આ ઉપરાંત રાજકોટ દુર્ઘટનાના આફટરશોકમાં રાજ્યની અંદાજે ૬૦૦થી વધુ શાળાઓને ફાયરસેફટી અથવા BUP કારણોસર સીલ મારવામાં આવેલી છે. જેથી આ સ્કૂલોને પુર્તતા માટે પણ સમયની જરૂર હોવાથી વેકેશન લંબાવવામાં આવે તે જરૂરી છે.

આમ, આ તમામ મુદ્દાઓની રજૂઆત સાથે સંચાલક મંડળના ભાસ્કર પટેલે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી કે, રાજ્યની તમામ સ્કૂલોમાં ૧૩ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે તેના બદલે કે.જી.થી ધોરણ-૫ સુધીના વર્ગો ૨૦ જૂન, ગુરૂવારના રોજથી શરૂ કરવા જોઈએ. જ્યારે ધોરણ-૬થી ૧૨ સુધીના તમામ વર્ગો ૧૭ જૂન, સોમવારથી શરૂ કરવા જોઈએ.

### સનાતન ધર્મ અને સ્વામીનારાયણ સંપ્રદાય વચ્ચેનો ખટરાગનો મામલો ફરી ગરમાય તેવા એંધાણ

# સનાતન ધર્મના દેવી-દેવતાઓ અંગે ટિપ્પણી કરનારા સામે લીગલ એકશન લેવાની ચીમકી

**'સનાતન ધર્મ સેવા સંસ્થાન ટ્રસ્ટ'ની રચના કરાશે : રાજકોટમાં આજે સંમેલનમાં લેવાશે નિર્ણય**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

મહિનાઓ પહેલા રાજયમાં સનાતન ધર્મ અને સ્વામિનારાયણ સંપ્રદાય વચ્ચે ખટરાગ ઉભો થતા એક બીજા સામે આક્ષેપો પ્રતિઆક્ષેપો થકી મામલો ઉગ્ર બન્યો હતો. તે ઘણા પ્રયાસોને અંતે છેલ્લા કેટલાક સમયથી શાંત રહ્યા બાદ હવે આગામી દિવસોમાં આ મામલો ફરી ગરમાય તેમ જણાય છે.

રાજકોટના ત્રંબામાં ૧૧મી જૂને સનાતન ધર્મ સેવા ટ્રસ્ટ દ્વારા સનાતન ધર્મ સંત સંગોષ્ઠિ નામનું મહાસંમેલન યોજાવાનું છે. એને લઈ આજે ચાપરડાના મહંત મુક્તાનંદ બાપુની પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે પરિવારમાં ચાર-પાંચ લોકો રહેતા હોય એમાં દાદા હોય એ દાદા જ રહે, દીકરો હેલિકોપ્ટર લઈને આવે તો એ દીકરો જ રહેવાનો છે. સનાતમ ધર્મનાં દેવી-દેવતાઓ અંગે ટિપ્પણી કરનારા સામે લીગલ પગલાં લેવામાં આવશે તેવી તેમણે ચીમકી પણ ઉચ્ચારી હતી. મુક્તાનંદ બાપુએ જણાવ્યું હતું કે ગુજરાતથી 'સનાતન ધર્મ સેવા સંસ્થાન ટ્રસ્ટ' સંગઠનની રચના



કરાયા બાદ દેશવ્યાપી દરેક રાજ્યમાં આ સંગઠનની રચના થશે. કેટલાક સંપ્રદાયનાં પુસ્તકોમાં દેવી-દેવતાઓને નીચા ચિતરવામાં આવે છે. ત્યારે એની સામે પગલાં લેવાનો નિર્ણય કરવામા આવશે. તેમણે જણાવ્યું હતું કે હિન્દુ ધર્મ સનાતન દેવી-દેવતા સનાતન ધર્મના શાસ્ત્રોના વિષયમાં કોઈપણ વ્યક્તિ પોતાના પ્રવચન કે વક્તવ્યમાં અપમાનજનક ટિપ્પણી કરશે. એના પર કાયદાકીય પગલાં ભરવામાં આવશે. ધર્મપરિવર્તનના વિષયમાં પણ આ ટ્રસ્ટ કાર્યરત થશે. ધર્મને લગતા કોઈપણ પ્રશ્ન સમાજમાં ઊભા થશે ત્યારે સરકાર સાથે સંકલન કરીને રાજસત્તા ધર્મ સત્તા મળીને સમસ્યાનું નિવારણ કરશે. સનાતન અને હિન્દુત્વના કાર્યને લઈ આ ટ્રસ્ટ કાર્ય કરશે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આવનારા સમયમાં આ સનાતન ધર્મ સેવા સંસ્થાન ટ્રસ્ટ તાલુકા, જિલ્લા લેવલે તેમજ સમગ્ર ભારતના દરેક રાજ્યમાં તેની સ્થાપના કરવામાં આવશે. ગાયને માતાને રાષ્ટ્રીય માતા જાહેર કરવા, સંસ્કૃત ભાષા અને સંસ્કૃત પાઠશાળાનો ઉત્કર્ષ કરવો વગેરે ધાર્મિક સમસ્યાનો સાથે મળીને હલ કરવામાં આવશે. સ્વામિનારાયણ સંપ્રદાયના વિવાદના મુદ્દે મુક્તાનંદ બાપુએ કહ્યું હતું કે આવતીકાલે સનાતન ધર્મ સમિતિનું મહાસંમેલન મળશે. આ સંમેલનમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં પુસ્તકોમાંથી દેવી-દેવતાનાં લખાણો દૂર કરવાની માગ કરવામાં આવશે. સ્વામિનારાયણ ગુરુકુળમાં બનેલી ઘટના અંગે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ પગલાં લેવા જોઈએ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બનતી ઘટનાઓ ન બને એની તકેદારી સંપ્રદાયના સંતોએ રાખવી જોઈએ. દ્વારકાના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજ આ સંત સંમેલનના અધ્યક્ષસ્થાને રહેશે. હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓ અને સનાતની સાધુ મહાપુરુષોની ભૂતકાળમાં સ્વામિનારાયણ સંપ્રદાય સહિતના દ્વારા અપમાનજનક ટિપ્પણી સહિતના મુદ્દે કાયદાકીય પગલાં લેવાનો નિર્ણય કરવા જણાવી તેમણે TRP ગેમ ઝોન દુર્ઘટનામાં સંચાલકોની સાથે સરકારને જવાબદાર ગણાવી હતી.

જયારે રામેશ્વર બાપુ હરિયાણીએ જણાવ્યું હતું કે દ્વારકાના જગદગુરુ શંકરાચાર્યના અધ્યક્ષ સ્થાને ત્રંબામાં ભરાડ વિદ્યા મંદિર ખાતે ૧૧મી જૂને સાંજે ૪ વાગ્યાથી યોજાનારા સંત સંમેલનમાં મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા, શેરનાથ બાપુ, નિર્મળાબા સહિતના સાધુ-સંત સમાજ ઉપસ્થિત રહેશે. આ મહાસંમેલનમાં ગુજરાતભરમાંથી સંતો-મહંતો, મહામંડલેશ્વરો અને કથાકારો સહિત ૧,૫૦૦થી ૨,૦૦૦ જેટલા સાધુ-સંતો હાજર રહેશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### સવાર સુધીમાં એકની વિકેટ પાડી દઈશ

# અમદાવાદના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી

**ઈમરાન ખેડાવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત પોલીસ કમિશનરને કરી રજૂઆત**

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. આ મામલે ગાયકવાડ હવેલી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. જમાલપુર વિસ્તારમાં આવેલી ખાંડની શેરી પાસે રહેતા નસીમ ઈકબાલ ખેડાવાલા (ઈમરાન ખેડાવાલાના ભત્રીજી)એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી (રહે. ખાંડની શેરી, જમાલપુર) વિરૂદ્ધ જાનથી મારી

**વિસ્તારના અસામાજિક તત્ત્વ અને તેના મળતિયાઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ**

નાખવાની ધમકીની ફરિયાદ નોંધાવી છે. નસીમ ખેડાવાલા તેમના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. ગઈકાલે નસીમ ખેડાવાલા ઘરે જમી રહ્યા હતા, ત્યારે તેમની પાડોશમાં ઓફિસ ધરાવતો ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગરી જોરજોરથી બૂમો પાડી રહ્યો હતો. બહાર જઈને જોયું તો ઈરફાન તેમના કાકી શમીમ ફિરોઝ ખેડાવાલેને ધમકી આપી રહ્યો હતો. જે બાદ નસીમ ખેડાવાલા કાકી પાસે પહોંચ્યા હતા. આ દરમિયાન ઈરફાને બેફામ ગાળો આપીને ધમકી આપી હતી કે, તમારે આ મકાન બનાવવું હોય તો મારી માતા સાથે વાત કરો, નહીં તો હું મકાન બનાવવા નહીં દઉં. તેણે ધમકી આપતા કહ્યું હતું કે જો મારી વિરૂદ્ધ ફરિયાદ કરી તો સવાર નહીં પડવા દઉં અને સવારમાં કોઈ એકની વિકેટ પાડી દઈશ. તારા કાકા ઈમરાન ખેડાવાલાને પણ જાનથી મારી નાખીશ. ધમકી આપ્યા બાદ ઈરફાન નાગોરી ત્યાંથી નાસી ગયો હતો. જે બાદ નસીમે કાકા ઈમરાન ખેડાવાલાને આ અંગેની જાણ કરી હતી અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ઈરફાન નાગોરી વિરૂદ્ધ ફરિયાદ નોધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઈમરાન ખેડાવાલાના જર્જરિત અને ભયજનક મકાનને ફરીથી બનાવવા મામલે કામગીરી શરૂ કરાતા ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરીએ મકાન બનાવવાનું જણાવી ઈમરાન ખેડાવાલા અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને કુખ્યાત શખ્સ સામે કાર્યવાહી કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, મારી ગેરહાજરીમાં ઈરફાન નાગોરી મારા પરિવારને



ધાક-ધમકી આપે છે. તે સીધી મારી સાથે માથાકૂટ નથી કરી શકતો એટલે મારા પરિવારને ટાર્ગેટ કરે છે. ઈરફાન નાગોરી હત્યાના ગુનામાં સજા કાપી આવેલ છે. તેને પોલીસની કોઈ બીક નથી તેવું વિસ્તારમાં હાઉ ઉભો કરેલ છે.તેઓએ મુખ્યમંત્રીને અપીલ કરતા કહ્યું કે, આ અસમાજિક તત્ત્વ ઈરફાન નાગોરી તથા તેના ભાઈ સાદીક નાગોરી તથા તેના મળતીયા સામે કડક કાર્યવાહી કરવા આવે અને આવા અસમાજિક તત્વો માટે એક દાખલો બેસડવામાં આવે.

# સ્કૂલો દ્વારા પુસ્તકો અને ડ્રેસ સહિતની ખરીદી માટે દબાણ મુદ્દે આક્રમક રજૂઆત

**અમદાવાદ DEO કચેરી ખાતે NSUI દ્વારા સૂત્રોચ્ચાર કરાયા બાદ આવેદન અપાયું**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શાળા દ્વારા પુસ્તકો, સ્કૂલ ડ્રેસ કે અન્ય સામગ્રીનું વેચાણ કરી શકાય નહીં, તેમ છતાં અમદાવાદ શહેરની કેટલીક સ્કૂલો દ્વારા આ રીતનું વેચાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે NSUI દ્વારા DEO કચેરી ખાતે દેખાવો યોજી આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સ્કૂલો દ્વારા પુસ્તકોનું વેચાણ કરવામાં આવતું હોવા ઉપરાંત ચોક્કસ જગ્યાએથી સ્કૂલ ડ્રેસ ખરીદવા તેમજ સ્કૂલ વાહનોનો ઉપયોગ કરવા માટે દબાણ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકાર દ્વારા દેશના ગરીબ બાળકો પણ સારૂ શિક્ષણ મેળવ શકે તે માટે મફત અને ફરજીયાત શિક્ષણ માટે ઈઈ એક્ટ બનાવવામાં આવ્યું હતું. જેના નિયમો અંતર્ગત શાળાની અનિયમિતતાઓ સામે આવતા શાળાને દંડ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં સ્કૂલો દ્વારા બાળકોના પ્રવેશ માટે ઈન્ટરવ્યુ લઈ શકાય નહી. ઉપરાંત ડોનેશન લેવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવેલો છે. આ મુદ્દે NSUI અમદાવાદના પુર્વ પ્રમુખ આસીફ પવારે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે જઈને રજૂઆત કરી હતી. જેમાં સંત કબીર, સેન્ટ ઝેવિયર્સ, સોમ લલીત, માઉન્ટ કાર્મેલ, લીટલ સ્ટાર જેવી કેટલીક સ્કૂલો દ્વારા સરકારના નિયમોનું પાલન કર્યા વગર સ્કૂલમાંથી જ પુસ્તકોની ખરીદી કરવા માટે દબાણ કરતા હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત શાળાએ નક્કી કરેલા વાહનોથી જ બાળકોને શાળામાં આવવા જવાની વ્યવસ્થા કરવી, શાળા દ્વારા નક્કી કરવામાં આવેલી ચોક્કસ જગ્યાએથી જ સ્કૂલ યુનિફોર્મની ખરીદી કરવા માટે પણ દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત કરી છે. સરકારે જાહેર કરેલા જાહેરનામા હેઠળ આવી તમામ શાળાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી NSUI દ્વારા માંગણી કરવામાં આવી છે. જો આવનારા સમયમાં આ બાબતે યોગ્ય પગલા લેવામાં નહી આવે તો જનઆંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.


**જોઈએ છે**

**મુસ્લિમ એજ્યુકેશનલ વેલ્ફેર સોસાયટી સંચાલિત એમ.ઈ.એમ. નૂરાની હાઈસ્કૂલ રાજપારડી**

| ક્રમ | લાયકાત | વિષય | વિભાગ |
|---|---|---|---|
| 1 | M.Com B.Ed | ----- | ધો.11,12 કોમર્સ |
| 2 | B.A./M.A. B.Ed | English | ધો.9 થી 12 |
| 3 | B.A./M.A. B.Ed | Psychology, S.S, Gujarati | ધો.11,12 |
| 4 | B.C.A./M.C.A. | Computer | ધો.5 થી 12 |
| 5 | B.Com/M.Com | ક્લાર્ક (Computer + Telly જાણકારને પ્રથમ પસંદગી) | |

રસ ધરાવતા ઉમેદવારોએ નીચેના સરનામે દિન-૭ સાતમાં અરજી કરવી.
કોન્ટેક્ટ નંબર 99245 60267, 96013 13313, 98792 09569

: અરજી મોકલવાનું સ્થળ :
એમ.ઈ.એમ. નૂરાની હાઈસ્કૂલ, રાજપારડી
ઠે. ફૈઝનગર, તા.ઝઘડિયા, જિ.ભરૂચ



www.gujarattoday.in | facebook.com/gujarattodaydaily | @Gujarat paper | Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS